૧૧ અંગ

૧૨ ઉપાંગ

# આગમ જ્યોત

૧૦ પયન્ના

૬ છેદ સૂત્ર

## ॥ शास्त्रं सर्वत्रगं चक्षुः ॥

૪ મૂળ સૂત્ર

શ્રી નંદી સૂત્ર

અનુયોગ દ્વાર સૂત્ર

વર્ષ ૧૩

• પ્રકાશક •
શ્રી આગમોધ્ધારક ગ્રંથમાળા
કપડવંજ, (ખેડા)

॥ श्री वर्धमान स्वामिने नमः ॥

પરમ પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ. પૂ. આ. શ્રી માણિક્યસાગર-સૂરીશ્વરજી ભગવંતની મંગળ–પ્રેરણાથી ધ્યાનસ્થ સ્વ. પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રી આનંદસાગરસૂરીશ્વરજી ભગવંતના તાત્ત્વિક વ્યાખ્યાનાદિ–સાહિત્ય પીરસતું શ્રી આગમોદ્ધારક ગ્રંથમાળાનું પ્રાણવાન પ્રકાશન.

कत्थ अम्हारिसा पाणी, दूसमादोसदूसिपा ।
हा ! अणाहा ! कहं हुंता, जई ण हुंतो जिणागमो ॥

● ● ●

प्रकाशितं जिनानां यै–र्मतं सर्वनयाश्रितम् ।
चित्ते परिणतं चेदं, येषां तेभ्यो नमोनमः ॥

● ● ●

गीतार्थाय जगज्जन्तु—परमानंददायिने ।
गुरवे भगवद्धर्म—देशकाय नमोनमः ॥

● ● ●

પ્રાકૃત–ગુજરાતી–મરાઠી–સંસ્કૃત–હિંદી–અંગ્રેજી ભાષામાં
પૂ. શ્રી આગમોદ્ધારક આચાર્ય દેવશ્રીની સ્તુતિ 卐

सिद्धद्दौ भाणुदंगे वरसुयभवणा શૈલતાગ્રાગમોના।
સ્થાપ્યા जैनागमाचा निरवधि प्रसरासाठीं केले सुयत्ना ।
पक्षं पक्षं श्रिता ये हिततनुममता आखरीकालमेंभी,
ऐसे श्रीसागरानंद मुनिपति जिन्हें
MOST GAIN ACCLOMATION

● ● ●

सम्यक तत्त्वोपदेष्टारं, शास्त्रैदम्पर्यबोधकम् ।
कान्तं दान्तं सदा शान्तं गच्छेशं प्रणमाम्यहम् ॥

卐 जिनाज्ञा परमो धर्मः 卐

॥ श्री वर्धमानस्वामिने नमः ॥

આગમિક-તલસ્પર્શી-વ્યાખ્યાતા
પ્રૌઢ-પ્રાવચનિક આગમાવતાર
આગમવાચનાદાતા
પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીના
પ્રવચનોના સંગ્રહસ્વરૂપ

# શ્રી
# આગમ જ્યોત

( તત્ત્વજિજ્ઞાસુઓ માટે તાત્ત્વિક-રસસામગ્રીનો સુંદર રસથાળ )

( તેરમું વર્ષ )

आगमो हि त्रिकालावभासि चक्षुः

આગમ આગમધરને હાથે,
વિનયથી કીજે સેવાજી,
શ્રુતધર વિનયથી મોહજ વિઘટે,
પ્રગટે શ્રુતતણી હેવાજી.

મૂલ્ય
ચા...૨...૩...પિ...યા
( સ્થાયી ગ્રાહકો ન હોય તેમના માટે )

॥ પ્રભુ વાણીના સંગ્રહ સ્વરૂપ આ પુસ્તકની આશાતના
ન થાય તેનું ધ્યાન રાખવા વિજ્ઞપ્તિ છે. ॥

પ્રકાશક :
રમણલાલ જેચંદભાઈ
કાર્યવાહક :
શ્રીઆગમોદ્ધારક ગ્રંથમાળા
કાપડબજાર
મુ૦ કપડવંજ (જિ. ખેડા)

પુસ્તક-પ્રાપ્તિસ્થાન :
પં. હરગોવનદાસ એસ. શાહ
શ્રી. ગુ. જૈન ઉપાશ્રય
દલાલવાડો
મુ૦ કપડવંજ
(જિ. ખેડા)

## ન....મ્ર....નિ....વે....દ....ન.....

* આગમજ્યોત: પ્રતિવર્ષ આસો સુદ પૂર્ણિમાએ (ચાર અંક ભેગા) પુસ્તક રૂપે પ્રગટ થાય છે.
* વાર્ષિક-લવાજમની યોજના બંધ કરી પૂ. સાધુ-સાધ્વીજી મહારાજાઓ, જ્ઞાનભંડારો તથા તત્ત્વરુચિ-ગૃહસ્થોને ભેટ અપાય છે.
* સ્થાયી-કોશની યોજના ચાલુ છે, જેમાં ઓછામાં ઓછા રૂા. ૧૦૧) લેવાય છે.
* છૂટક ભેટ યોજનામાં પાંચ રૂપિયા કે તેથી વધુ ગમે તે રકમ સ્વીકારાય છે.

મુદ્રક :
શ્રી શક્તિ પ્રિન્ટરી
ઠક્કર પોપટલાલ ગોકળદાસ
ઘીકાંટા રોડ, અમદાવાદ-૧.

ટાઈટલ પ્રિન્ટીંગ :
દીપક પ્રિન્ટરી
રાયપુર દરવાજા બહાર
અમદાવાદ.

नमः श्री जिनशासनाय

## સં....પા....દ....કે....ત....ર....ફે....થી....

卐

મહામંગલકારી પંચપરમેષ્ઠીઓની સ્વરૂપ-વિચારણા રૂપે ઉપાસના વિના મૂલ્યવાન આરાધક જીવ રત્નત્રયીની આરાધનામાં સહજતાથી આગળ વધી શકતો નથી. અને આ માટે અંતરની વિવેક ચક્ષુ ઉઘડેલી હોવી જરૂરી છે.

**"પ્રવચન અંજન સદ્‌ગુરુ જો કરે"** એ ઉક્તિ પ્રમાણે આગમિક-તત્વોની વિચારણા ગુરુમુખે કરવાથી વિવેક-ચક્ષુનું ઉદ્‌ઘાટન સરળતાથી થાય છે.

વર્તમાન કાલે આવા આગમધર-મહાપુરુષોની વિરલતા થવા પામી છે, તેથી આગમજ્ઞ-ધુરંધર મહાપુરુષોની દેશના દરમિયાન થયેલ તાત્ત્વિક-વિવેચનાને શબ્દશઃ અવધારી તેના શબ્દ-દેહનું ઘડતર કર્યું હોય તો અનેક બાળજીવોને તાત્ત્વિક-દૃષ્ટિની કેળવણી શક્ય બને.

આ ઉદાત્ત આશયથી મુદ્રણ યુગના અને આગમિક સાહિત્યના મુદ્રણના અનેક ભયંકર દૂષણો અને વિકૃતિઓ છતાં અધિકારી બાલ જીવોને માર્ગદર્શન મળી રહે તે વાત **કૂપ ખનન** દૃષ્ટાંતના પરમાર્થને ધ્યાનમાં રાખી પૂ. આગમોદ્ધારકશ્રીના આગમિક પદાર્થોના નક્કર લખાણને પ્રકાશિત કરવાનું એક રીતે દુઃસાહસ સાપેક્ષ રીતે મંગલકારી સમજીને શરૂ કરેલ.

તે કાર્ય પૂ. સ્વ. **ગચ્છાધિપતિશ્રીના** મંગલ આશીર્વાદ અને ઉદાત્ત પ્રેરણાબળે વિ. સં. ૨૦૨૨ના પૂ. **આગમોદ્ધારકશ્રીની** દીક્ષાતીથિ-મહા સુદ પના મંગળ દિવસથી "આગમજ્યોત" નામે આગમિક પદાર્થોની છણાવટવાળા ત્રૈમાસિકનું સંપાદન કરવા રૂપે

મહામેરુના ભાર ઉપાડવાની શક્તિ નહિં છતાં ભક્તિ-બળે શરૂ કર્યું હતું.

દેવ-ગુરુની અચિંત્ય કૃપાથી આજે તેનું તેરમું વાર્ષિક પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે.

આગમિક ગહનતમ તાત્ત્વિક પદાર્થોને ખૂબ સરળ શૈલીમાં છણાવટ પૂર્વક સમજાવનાર આ આગમજ્યોત ચતુર્વિધ શ્રી સંઘને તત્ત્વદૃષ્ટિ કેળવવામાં ખૂબ જ ઉપયોગી બનશે. એવી મારી ઊંડી શ્રદ્ધા છે.

આવા મહાતાત્ત્વિક અર્થ-ગંભીર મહાગ્રંથના સંપાદનનું સૌભાગ્ય આ સેવકને પાત્રતા નહીં છતાં પરમકરુણાલુ પૂ. સ્વ. **ગચ્છાધિપતિશ્રીની** મંગલદૃષ્ટિ અને અસીમ વરદ આશિષ બળે સાંપડ્યું છે.

યથાશક્તિ, યથામતિ ખૂબ જ સાવધાની રાખી સ્વ-પરહિતની દૃષ્ટિએ આ મહાગ્રંથનું સંપાદન સફળ રૂપે થવા પામ્યું છે, તે બદલ સ્વ. પૂ. **આગમ-જ્યોતિર્ધર મહાપુરુષની** મંગળ કૃપાને પરમશ્રેષ્ઠ હેતુ રૂપે અનુભવથી માની **પૂ. આગમોદ્ધારકશ્રીના** ચરણે ભાવભરી વંદના પાઠવું છું.

વર્તમાન કાળે શ્રમણ-સંઘમાં ગ્રહણશિક્ષાની વિકૃતિ તથા **આસેવન-શિક્ષાની** મંદતાને લઈને તાત્ત્વિક અભ્યાસી કે આગમિક પદાર્થોના અભ્યાસી કે વિચારકોની સંખ્યા આંગળીના વેઢે ગણાય તેટલી જણાય છે.

આજના દીક્ષિત થનારા શક્તિસંપન્ન પૂ. સાધુ-સાધ્વીઓ મોટે ભાગે પરકલ્યાણ અને શાસન-પ્રભાવનાના ક્ષણિક વ્યામોહમાં ભૌતિકવાદી ખેંચાણથી ક્ષણજીવી-લાભોની પાછળ શક્તિનો અપવ્યય કરી રહ્યાનું જોવા મળે છે.

તેઓના વડીલો આગમાભ્યાસ કે સંયમી-જીવનના પાયા

સમી તાત્ત્વિક-દૃષ્ટિની કેળવણી તરફ ગમે તે અજ્ઞાત કારણે યોગ્ય વળાંક આપી શકતા નથી.

શ્રમણસંઘની વર્તમાન-પરિસ્થિતિનું આ એક શોચનીય ચિત્ર છે.

આ દુઃખદ પરિસ્થિતિમાંથી ઉગારી ગુજરાતી ભાષાના માધ્યમથી આગમિક ગહન વાતોને સમજાવી શ્રમણ-સંઘની પુનઃ તાત્ત્વિક-પ્રતિષ્ઠા પ્રાપ્ત કરાવી શકે, તેવા આગમધર-મહાપુરુષનાં રહસ્ય-ભરપૂર વ્યાખ્યાનો આદિના સંગ્રહ રૂપ "આગમજ્યોત"નું વાંચન, મનન, પરિશીલન આદિ ખૂબ જ ઉપયોગી ધારી અનેકવિધ વિષમતાઓ વચ્ચે પણ આનું સંપાદન કરવાનો પ્રયત્ન ચાલુ રાખેલ છે.

એકવાર ગુરુગમથી યોગ્ય રીતે આનું વાંચન કરવાથી યોગ્ય અધિકારી-જિજ્ઞાસુઓને તો બાકીનું બધું ખાટી છાશ જેવું સાર-હીન લાગશે, ઉપરાંત આગમો વાંચી ન શકનારા, અલ્પ-બુદ્ધિવાળા શ્રમણો અને શ્રમણીઓ આ વાંચન દ્વારા આગમિક રસાસ્વાદ માણી શકશે.

સંપાદકની આ અનુભવસત્ય વિગતનો લાભ લેવા સહુને નમ્ર વિનંતિ છે.

આવા પરમોચ્ચ-સ્વાધ્યાય-કક્ષાના આ ગ્રંથનું સંપાદન એટલે બે બાહુના બળે દરિયો તરવાની જેમ મારા માટે અશકય કામ છતાં મારા આરાધક-જીવનના ઘડવૈયા, કરુણાનિધાન વાત્સલ્ય સિંધુ પૂ. સ્વ. ગચ્છાધિપતિશ્રીની નિષ્કારણ-કરુણાનો જ એ વરદ પ્રતાપ અનુભવાય છે કે-આગમિક ક્ષેત્રમાં વર્ણમાળાના ચૌદમા અક્ષર જેવા મારા હસ્તક 'આગમજ્યોત' જેવા ગંભીર-આગમિક પદાર્થોથી ભરપૂર આગમિક ઉત્કૃષ્ટ સ્વાધ્યાય ગ્રંથનું તેરમું સંકલન દેવ-ગુરુકૃપાએ થવા પામેલ છે.

જો કે આ સંપાદનમાં વડીલોની કૃપા, સહયોગીઓનો પવિત્ર સહકાર, અને વિવિધ મળી આવતા યોગ્ય સહકારી નિમિત્ત કારણોએ પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

તેમ છતાં પૂ. આગમજ્યોતિર્ધર **આગમોદ્ધારકશ્રી** તથા **પૂ. સ્વ. ગચ્છાધિપતિશ્રી**ની વરદ કૃપાભર્યા આશીર્વાદ તો મુખ્ય **છે જ! એ નિઃશંક બીના છે!!!**

આ ઉપરાંત મારા જીવનને અથ થી ઇતિ સુધી ઘડવામાં અજબનો ફાળો આપનાર મારા તારકવર્ય, પૂ. પરમારાધ્ય, પરોપકારી સ્વ. ગુરુદેવશ્રી ઉપાધ્યાય ભગવંતની કરુણાનો વિશિષ્ટ સ્મરણીય ફાળો છે કે-જેના પ્રતાપે યત્કિંચિત્ પણ સર્વતોમુખી જીવન-શક્તિઓની સફળતાની કક્ષાએ જાતને લઈ જઈ શકયો છું.

આ ઉપરાંત પ્રસ્તુત સંપાદનની સફળતામાં નીચેના મહાનુભાવોના કરુણાભર્યા ધર્મસહયોગની નોંધ નમ્રાતિનમ્ર ભાવે કૃતજ્ઞતાપૂર્વક લઉં છું.

પરમ પૂજ્ય શાસન પ્રભાવક પૂ **આ. શ્રીહેમસાગર સૂરીશ્વરજી મ.** જેઓએ નિર્વ્યાજ-ધર્મસ્નેહ અને અંતરની લાગણી સાથે પૂ. **આગમોધ્ધારકશ્રીની શ્રી તત્ત્વાર્થસૂત્રની** વાચનાની આખી પ્રેસ કોપી સાદર મને આપી, તે ઉપરાંત બીજી પણ ઘણી મહત્વની સૂચનાઓ દ્વારા યોગ્ય સહકાર આપ્યો છે.

પૂ. **આગમોદ્ધારક**—આચાર્યદેવશ્રીના ઉપસંપદા પ્રાપ્ત શિષ્યરત્ન વિદ્વદ્વર્ય પ-પૂ-પં. શ્રી **કંચનસાગરજી મ.**

પૂ. આગમોદ્ધારક—આચાર્યદેવશ્રીના લઘુશિષ્યરત્ન કર્મગ્રંથાદિ-વિચાર ચતુર, સહૃદયી પ. પૂ. પં. **શ્રી સૂર્યોદય સાગરજી મ.**

પરમપૂજ્ય ગુણગરિષ્ઠ, ધર્મસ્નેહી મુનિરત્નશ્રી **ગુણસાગરજી મ.**

આ ઉપરાંત આ સંપાદનમાં આજ્ઞા થતાંની સાથે નાની મોટી દરેક જાતની કામગીરી કરી વિનીતભાવ દર્શાવનાર ધર્મસ્નેહી મુનિશ્રી નિરૂપમ સાગરજી મ. મુનિશ્રી હેમચંદ્રસાગરજી મ. મુનિશ્રી રવીંદ્રસાગરજી મ. આદિ અનેક મહાનુભાવોના સહયોગના ફળ રૂપે આ સંપાદન વ્યવસ્થિત થઈ શક્યું છે.

છેલ્લે નિવેદન એ છે કે—યથાયોગ્ય જાગૃતિ રાખી પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીના આશય વિરુદ્ધ કંઈ ન થાય તેની તકેદારી રાખવા છતાં છદ્મસ્થતાના કારણે જિનાજ્ઞા કે શાસનની પરંપરા વિરુદ્ધ કંઈ થવા પામ્યું હોય તો તે બદલ ચતુર્વિધ શ્રી સંઘ સમક્ષ હાર્દિક મિથ્યા દુષ્કૃત્ય દેવા સાથે પુણ્યવાન તત્ત્વરૂચિવાળા જિજ્ઞાસુ મહાનુભાવો આ પ્રકાશનને જ્ઞાનીગીતાર્થ ગુરૂભગવંતની નિશ્રાએ વાંચી-વિચારી અંતરંગ તત્ત્વદૃષ્ટિની સફળ કેળવણી કરી સંપાદકના અનુભવની જેમ પોતે પણ જિનશાસનની વિશ્વાસપૂર્વક સફળ આરાધનાનો લાભ મેળવવા ભાગ્યશાળી બને. એ મંગલ અભિલાષા.

વીર નિ. સં. ૨૫૦૪
વિ.સં. ૨૦૩૪
ભાદરવા વદ ૧૧ ગુરુવાર
તા. ૨૮-૯-૭૮
જૈન ઉપાશ્રય,
ખજુરીની પોળ, ઉંઝા

નિવેદક
શ્રમણ સંઘ સેવક
પૂ. સ્વ. ઉપા. ગુરુદેવશ્રી
**ધર્મસાગરજી** મ. ચરણ સેવક
**અભયસાગર**

" શ્રી વર્ધમાનસ્વામિને નમઃ "

# પ્રકાશક તરફથી.....

☆

દેવગુરુ-કૃપાએ આત્મ-કલ્યાણ માટે પરમાધાર-સ્વરૂપ જિનાગમોનું સારતત્ત્વ સમજવા કે જાણવાનો સત્ પ્રયત્ન પરમ ભાગ્યશાલીતાનું ચિન્હ ગણાય.

અનંતોપકારી શ્રી તીર્થંકર ભગવંતોની ગેરહાજરીમાં મોક્ષ માર્ગની પ્રતિપાદના જિનાગમોના આધારે જ્ઞાની મહાપુરુષો ફરમાવી રહ્યા છે. તેથી આગમો શ્રી તીર્થંકર ભગવંતોનું સાક્ષાત્ શબ્દ સ્વરૂપ હોઈ પુણ્યાત્માઓને સતત આધ્યાત્મિક દિશામાં પ્રેરક બને છે.

આવા આગમોના રહસ્યને કાળ પ્રભાવે ઓગણીસમી સદીમાં સમજનાર કે સમજાવનાર વિરલ થઈ ગયેલ, તે કાલમાં પૂર્વજન્મની આરાધના બળે એકલે હાથે ભડવીર યોદ્ધાની જેમ મોહના સંસ્કારોને સફળ લડત આપી લગભગ ખોવાઈ ગયેલ આગમિક-જ્ઞાનના વારસાને જિનશાસનની પદ્ધતિ પ્રમાણે વાચના આદિ દ્વારા સુવ્યવસ્થિત કરનાર આગમૈદંપર્યજ્ઞાતા, પ્રવર-પ્રાવચનિક, આગમ તત્ત્વવેત્તા, આગમ-સમ્રાટ્, ગીતાર્થ મૂર્ધન્ય, ધ્યાનસ્થસ્વર્ગત પૂ. **આગમોદ્ધારક આચાર્ય દેવશ્રી**ના નામથી પવિત્ર બનેલ અમારી સંસ્થાના જન્મ કાળથી આજ સુધી પૂ. **આગમોદ્ધારક** આચાર્યદેવશ્રીના સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતી સાહિત્યને વિદ્વજ્જનો સમક્ષ રજૂ કરવા પ્રયત્ન-શીલ રહી છે.

અમારાં સઘળાં પ્રકાશનોમાં "**આગમજ્યોત**" નું પ્રકાશન તત્ત્વરુચિ-જિજ્ઞાસુ વાચકોની દૃષ્ટિએ સાપેક્ષ રીતે સર્વોત્કૃષ્ટ રહેવા પામ્યું છે.

તેની પાછળ પૂ. **આગમોદ્ધારક** આચાર્યદેવ ભગવંતનાં વ્યાખ્યાનો, નિબંધો, પ્રશ્નોત્તરી અને વિવિધ સંસ્કૃત-ગુજરાતી પદ્યકૃતિઓના મધુર સંગ્રહની આગવી શ્રેષ્ઠતા ઉપરાંત તેની વ્યવસ્થિત સંકલના, સુંદર સંપાદન તથા ગોઠવણીની આદર્શ શૈલી આદિ કારણભૂત હોય એમ અમને લાગે છે.

અમે અમારી જાતને ધન્ય માનીએ છીએ કે પૂ. **આગમોદ્ધારક** આચાર્યદેવશ્રીના પટ્ટધર, શાસ્ત્રૈદંપર્યબોધક વાત્સલ્ય સિંધુ સ્વ. પૂ. **આ. માણેકસાગરસૂરીશ્વરજી** ભગવંતના મંગલ આશીર્વાદ તેમજ તેઓશ્રીની પુનિત પ્રેરણાનું બળ અમોને આદિથી અંત સુધી મળેલ છે.

આજે પણ તેમની અદૃશ્ય વરદ-કૃપાના બળે આજની વિષમ પરિસ્થિતિમાં પણ અમે આ જાતનું પ્રકાશન કરી રહ્યા છીએ એ અમારૂં ઉદાત્ત સૌભાગ્ય છે.

અમારી ગ્રંથમાલાના મુખ્ય પ્રેરક પૂ. **આગમોદ્ધારક** આચાર્યદેવશ્રીના લઘુતમ બાળશિષ્ય, કર્મગ્રન્થાદિ સૂક્ષ્મ-તત્ત્વના માર્મિક જ્ઞાતા **પૂ. પં. શ્રી સૂર્યોદયસાગરજી મ.** ગણિવરશ્રીની બહુમુખી પ્રેરણાના બળેજ અમારી ગ્રંથમાળા ધીમાં પણ મક્કમ પગલાં ભરી રહી છે.

અમે પૂ. સ્વ. **ગચ્છાધિપતિશ્રી**ની અદૃશ્ય વરદ-કૃપાની જેમ **પૂ. પં. સૂર્યોદયસાગરજી મ.**ની પુનિત કૃપાદૃષ્ટિના પણ ખરેખર ઋણી છીએ.

શ્રી દેવ-ગુરુની અસીમ મંગલકૃપાએ પૂ. સ્વ. **ગચ્છાધિપતિશ્રી**ની મંગલ-નિશ્રામાં નક્કી થયેલ આ પ્રકાશનનું આજે ૧૩મું વાર્ષિક-પુસ્તક પ્રગટ થઈ રહ્યું છે.

આના પ્રકાશનમાં પૂ સ્વ. **ગચ્છાધિપતિશ્રી**ની અસીમ વરદ-કૃપાના બળની સાથે સાથે સાગર-સમુદાયના પૂ. સાધુ-સાધ્વીજી

ભગવંતોના ઉપદેશ, પ્રેરણા તેમજ તત્ત્વરુચિવાળા જૈન શ્રીસંઘો તથા ગુણાનુરાગી, ધર્મપ્રેમી ગૃહસ્થોનો મંગળ સહકાર અમોને સાંપડયો છે, તે બદલ અમે અમારી જાતને ધન્ય કૃતાર્થ માનીએ છીએ.

પ્રસ્તુત પ્રકાશનમાં પરોક્ષ અને અપરોક્ષ રીતે સહાય આપનારા સહુની ગુણાનુરાગભરી અનુમોદના કરવા સાથે વિશેષમાં જણાવવાનું કે આ પ્રકાશનના આર્થિક ક્ષેત્રને સુસમૃદ્ધ બનાવવા ખંતભર્યો શ્રમ ઉઠાવનાર **પૂ. પં. સૂર્યોદયસાગરજી મ. શ્રી**ના **ધર્મપ્રેમ**ની બહુમાન ભરી અનુમોદના.

વળી પ્રસ્તુત પ્રકાશનના સંપાદનની જવાબદારી સ્વીકારી સર્વાંગ સુંદર બનાવવા પ્રયત્નશીલ પ. પૂ પરમ તપસ્વી શાસન સંરક્ષક સ્વ. **ઉપાધ્યાય ભગવંત શ્રી ધર્મસાગરજી મ. શ્રી**ના શિષ્યરત્ન **પૂ. પં. શ્રી અભયસાગરજી મ. શ્રી**ને અત્યંત ભાવભરી વંદનાંજલિ.

આ સિવાય પ્રકાશનને પગભર બનાવવા માટે ઉપદેશ પ્રેરણા આપનાર પૂ સાધુ–સાધ્વીજી ભગવંતો તથા શ્રી જૈન સંઘ અને સદ્‌ગૃહસ્થો આદિની શ્રુત–ભક્તિની હાર્દિક સદ્‌ભાવનાભરી અનુમોદના.

તેમાં ખાસ કરીને પૂ. **આ. દેવશ્રી હેમસાગરસૂરીશ્વરજી મ**, પૂ. આ. દેવશ્રી **દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી** મ. પૂ. પં. **શ્રી કંચનસાગરજી મ.**, પૂ. પં. શ્રી **દોલતસાગરજી મ.**, **પૂ. પં. શ્રી યશોભદ્રસાગરજી મ., પૂ. પં. શ્રી સૌભાગ્યસાગરજી મ., પૂ. મુનિશ્રી ગુણસાગરજી મ., પૂ. મુનિશ્રી અભ્યુદયસાગરજી. મ., શ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી જ્ઞાનમંદિર** ઉજ્જૈનના કાર્યવાહક **શ્રી કુંદનમલજી મારૂ** આદિ **અનેક** પુણ્યવાન–ગૃહસ્થો આદિ ચતુર્વિધ **શ્રીસંઘ**ના **ધર્મપ્રેમ**ભર્યા સહયોગની કૃતજ્ઞતાભાવે સાદર નોંધ લઈએ છીએ.

વધુમાં આ પ્રકાશન અને–વ્યવસ્થા તંત્રમાં નિઃસ્વાર્થભાવે

સેવા આપનાર શિક્ષક શ્રી **હરગોવનદાસભાઈ** (પ્રધાનાધ્યાપક શ્રી **અભયદેવસૂરિ જ્ઞાનમંદિર કપડવંજ**) તથા **બાબુલાલ કેશવલાલ શાહ ચાણસ્માવાળા** (૧૧ નગરશેઠ માર્કેટ, રતનપોળ અમદાવાદ) તેમજ સંપાદન–પ્રકાશન અંગેની ઝીણવટભરી ખંતપૂર્વક તપાસ અને પ્રુફરીડિંગ આદિની મૂકસેવા આપનાર પં. **શ્રી રતિલાલ ચી. દોશી** (અધ્યાપક શ્રી **હેમચંદ્રાચાર્ય જૈન પાઠશાળા** અમદાવાદ) પ્રુફ મેટર વિગેરે સંબંધી હાર્દિક સેવા આપનાર **આશિષકુમાર માણેકલાલ શાહ** (સાતભાઈની હવેલી ઝવેરીવાડ અમદાવાદ) **કુમારપાલ જયંતિલાલ શાહ** (ગગનવિહાર ફ્લેટ A/૨૯, ચોથે માળે, શાહપુર, અમદાવાદ) તથા પ્રેસ કોપી વિગેરેની ખંતભરી સેવા આપનાર શ્રી **અશ્વિનકુમાર એસ. દવે** (પાલીતાણા) તથા **સ્વામીજી શ્રી સ્વરૂપાનંદજી** (સાલવીવાડો પાટણ) પં. શ્રી **ચીનુભાઈ ત્રિકમલાલ શાહ** (જૈન પાઠશાળા ઊંઝા, ઉ. ગુ.) તથા **પોપટલાલ ગોકળદાસ ઠક્કર** (શક્તિ પ્રીન્ટરીના માલિક) તથા ટાઈટલ પેજનું સુંદર સ્વચ્છ કામ કરી આપનાર **દીપક પ્રીન્ટરીના** કાર્યવાહકો આદિ સઘળા સહયોગી મહાનુભાવોની કૃતજ્ઞતા પૂર્વક સ્મરણાંજલિ.

છેલ્લે આ પ્રકાશનમાં છદ્મસ્થતાના કારણે જે કંઈ ક્ષતિઓ રહેવા પામી હોય તે બદલ ક્ષમા–યાચના સાથે પુસ્તક–પ્રકાશનનો સદુપયોગ કરી પુણ્યવાન–વિવેકી આત્માઓ જીવનને તત્ત્વદૃષ્ટિ સંપન્ન બનાવે એ જ મંગલ કામના.

નિવેદક

**રમણલાલ જેચંદભાઈ શાહ**
મુખ્ય કાર્યવાહક
**શ્રી આગમોદ્ધારક ગ્રંથમાળા**
કપડવંજ (જિ. ખેડા)

વીર નિ. સં. ૨૫૦૪
વિ. સં. ૨૦૩૪
ભા. વદ ૧૧ શનિવાર
તા. ૧–૧૦–૭૮

શ્રી

# આ.....ગ.....મ.....જ્યો.....ત

વર્ષ–૧૩

પુસ્તક ૧-૨-૩-૪

## વિ....ષ.....ય.....દ.....ર્શ.....ન


પૃષ્ઠ

પ્રકાશકીય...........૩

સંપાદકીય............૬

અનુક્રમણિકા............૯

પૃષ્ઠ

પુસ્તક-૧.. .........૧ થી ૪૪

પુસ્તક-૨...........૧ થી ૪૪

પુસ્તક-૩...........૧ થી ૫૬

પુસ્તક-૪...........૧ થી ૨૪


## પુસ્તક–૧

પૃષ્ઠ ૧ થી ૪૪


તીર્થંકરો લોકોત્તર કેમ? પૃ. ૧ થી ૬


### તીર્થયાત્રા સંઘયાત્રા


શીર્ષક–પરિચય... ...૭

વિશિષ્ટ–પરિચય... ...૮

નિબંધ– ૯ થી ૪૨

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ૦ પૂજાદિ માટે ખર્ચાતા પૈસાને ધૂમાડો કહેનારાઓની સ્થિતિ કેવી? | ૯ |
| ૦ તીર્થંકર પ્રભુની મૂર્ત્તિ–મંદિરના નિર્માણ અંગે યોગશાસ્ત્રનો મૂળ પાઠ | ૧૦ થી ૧૩ |
| ૦ યોગશાસ્ત્રના મૂળ પાઠનો ગૂર્જર ભાવાર્થ | ૧૪ થી ૧૯ |
| ૦ અન્ય આચાર્યો અન્યગ્રંથોમાં મૂર્તિ ક્ષેત્ર માટે શું ફરમાવે છે? | ૧૯ |
| ૦ શ્રાદ્ધ દિન કૃત્યકાર શું જણાવે છે | ૨૧ |

○ ગૃહચૈત્યમાં શ્રાવકને ઉચિતવિધિની રીતિ ૨૧
○ જયણાપૂર્વક પ્રવૃત્તિ થવી જોઈએ ૨૨
○ પૂજા સમયે કેવાં વસ્ત્ર પહેરવાં જોઈએ ૨૨
○ વસ્ત્રના યુગ્મમાં અષ્ટપડ થાય તેવું ઉત્તરાસંગ હોવું જોઈએ ૨૩
○ ઉત્તરાસણ બાંધવાનું કારણ શું? ૨૪
○ ગૃહચૈત્યમાં પ્રથમ પ્રતિમાજીનું પૂંજણીથી પ્રમાર્જન કરવું જોઈએ ૨૫
○ જયણા એજ ધર્મ ૨૬
○ દૃષ્ટાંતની ઉપનય તરીકે યોજના ૨૬
○ શક્રસ્તવની રીતિ કેવી? ૨૯
○ ચૈત્યસ્તવમાં લક્ષ્યમાં રાખવા જેવી બીનાઓ ૩૦
○ કાયોત્સર્ગ સમયે ધ્યાન રાખવા લાયક ૩૧
○ લોકવિરૂદ્ધ કાર્યોની યાદી ૩૨
○ ગૃહચૈત્ય પૂજા વિધિનો ઉપસંહાર ૩૩
○ ગ્રામ ચૈત્યો અને ગુરુવંદનાર્થે જતાં ઠાઠમાઠ કેવો હોવો જોઈએ? ૩૪
○ ઋદ્ધિમંતો ઘેરથી સામાયિક લઈને વંદનાર્થે કેમ ન જાય? ૩૫
○ દેશવિરતિ કરતાં ઠાઠમાઠથી વંદન કરવા જવાનો મોટો મહિમા ૩૬
○ વંદન માટે અધિકાર પ્રવૃત્તિ ૩૬
○ દર્શાણભદ્ર રાજાનું અભિમાન શા માટે? ૩૮
○ સર્વોત્કૃષ્ટ સ્થાન મેળવવા સર્વવિરતિનું ગ્રહણ ૩૯
○ કુટુંબ-મિત્રાદિ સાથે હોવા જોઈએ ૪૦
○ ઇંદ્રની આજ્ઞાને માનવાવાળો દેવ-દેવીઓનો મોટો ભાગ ૪૦
○ દ્રવ્ય પણ ઉત્તમોત્તમ વાપરવાં જોઈએ ૪૧
○ ઉપયોગમાં પ્રથમ જળ હોવા છતાં પુષ્પાદિ પૂજા કેમ? ૪૨


પુસ્તક-૨

પૃ. ૧ થી ૪૪


શ્રેયાંસ કુમારના દાનનું રહસ્ય પૃ. ૧ થી ૮
तत्त्वार्थाधिगम સૂત્રનું હૃદયગ્રાહી વિવેચન પૃ. ૯ થી ૪૪

## પુસ્તક-૩

પૃ. ૧ થી ૫૬

વિનય ધર્મનું મૂળ છે. પૃ. ૧ થી ૫

## દીવાદાંડીના અજવાળાં

પૃ. ૬ થી ૫૬

વિભાગ પરિચય પૃ. ૬

## શ્રી સિદ્ધચક્રનો મહિમા


- મુમુક્ષુ-ક્યાં ...
- શ્રી નમસ્કાર મહામંત્રનો એક અક્ષર પામનાર કેટલાં કર્મ ખપાવે? ૧૮
- અરિહંત ભગવંત અને ચાર નિક્ષેપા ૨૦
- णमो अरिहंताणं માં સ્થાપના ૨૩
- દ્રવ્ય નિક્ષેપ ૨૫
- ભાવ નિક્ષેપ ૨૭
- સિદ્ધચક્ર યંત્ર શાનું બનેલ છે? ૨૯



પામનાર કેટલાં ... ભવ્ય સ્વભાવની
- અરિહંત ભગવંત અને ચાર નિક્ષેપા ૨૦
- णमो अरिहंताणं માં સ્થાપના ૨૩
- દ્રવ્ય નિક્ષેપ ૨૫
- ભાવ નિક્ષેપ ૨૭
- સિદ્ધચક્ર યંત્ર શાનું બનેલ છે? ૨૯


## ૨ જીવના ભવ્ય સ્વભાવની ઓળખાણ

પૃ. ૩૦ થી ૪૩


- અંકુરનું મુખ્ય કારણ કોણ? બીજ ૩૧
- મોક્ષનું બીજ તે જ ભવ્યત્વ ૩૨

o અંકુર પરથી બીજની પરીક્ષા ૩૨
o મનુષ્યની પરાધીનતા ૩૩
o ભવ્યપણું પારખે કોણ ? ૩૫
o કેવલી શી રીતે થયા ? ૩૫
o તમારૂં ભવ્યપણું તમે જાણી શકો ? ૩૬
o જે મોક્ષ ઈચ્છે છે તે ભવ્ય ૩૬
o ચરમ પુદ્‌ગલ પરાવર્ત્ત એટલે શું ? ૩૭
o પતિત અને પ્રત્યનિક ૩૮
o આઠ ભવમાં જ મોક્ષ ૩૯
o ચારિત્રના ભેદ ૪૦
o મનમાં મોતીના ચોક પૂરો તો પણ સાચા થાય છે. ૪૧
o મોક્ષની શંકા પણ મોક્ષ માટે છે. ૪૧


## ૩ દિગંબરનો પ્રવર્તનકાળ
### પૃ. ૪૪ થી ૫૪


o દિગમ્બરોની ઉત્પત્તિની સાલનો સ્ફોટ ૪૪
o દિગમ્બરોની ઉત્પતિનું સ્થાન ૪૫
o વલ્લભીપુરમાં શ્વેતામ્બરોની ઉત્પત્તિ કહેવી તે અસત્ય કેમ ? ૪૬
o દિગમ્બરોએ શ્વેતામ્બર મત પ્રવર્ત્તકનું નામ કેમ ન જણાવ્યું ? ૪૭
o દિગમ્બરોને શ્વેતામ્બરોની ઉચિત ઉત્પતિ કેમ કહેવી પડી ? ૪૭
o દિગમ્બરોની પરંપરા ચલાવનાર ૪૭
o કલ્પનાથી શ્વેતામ્બરોને નવા કેમ કહેવા પડયા ? ૪૮
o ઉપધિ–ઉપકરણનો નિષેધ કરનાર કુંદકુંદ ૪૮
o દિગમ્બરોએ જણાવેલ કારણની કલ્પિતતા ૪૮
o દિગમ્બરની શાસન–બાહ્યતા જણાવનાર શ્વેતામ્બર શાસ્ત્રોનો સમૂહ અને તેની એક વાકયતા ૪૯
o દિગમ્બર મતને ઉત્પન્ન થયાનું કહેનાર મધ્યસ્થ. તે સત્ય કેમ ? ૫૦
o શિવભૂતિ ઉપર રથવીરપુર રાજાનો રાગ ૫૧
o રથવીરપુર રાજાનું જૈન ધર્મ પ્રત્યે અજ્ઞાન ૫૧
o રત્નકંબલ ઉપર શિવભૂતિની મૂર્ચ્છા ૫૨
o શિવભૂતિની મમતાનું સ્થાન રત્નકંબલ ને તેનો નાશ ૫૨
o શિવભૂતિને પ્રગટેલો ક્રોધનો દાવાનલ ૫૩
o જિનકલ્પના વર્ણનનો પ્રસંગ મળ્યો ૫૪

## આચાર્યની પ્રતિમા દ્વારા આરાધના કેમ નહિં.

પૃ. ૫૫-૫૬

## પુસ્તક-૪

પૃષ્ઠ ૧ થી ૨૪

o તીર્થોનું સ્થાન આર્યભૂમિમાં કે અનાર્ય ક્ષેત્રમાં ? ૧ થી ૬
વિચારવા જેવું !! ૬

## હૈયાનો ઝંકાર

o श्री वर्त्तमान तीर्थ स्तवः ૧૨

## ગુરુ ચરણમાંથી મળેલું

પૃષ્ઠ ૧૩ થી ૧૯

o વિભાગ પરિચય ૧૩
o શ્રીનમસ્કાર મહામંત્ર અંગે પૂ. આગમોદ્ધારકશ્રીના ચિંતનાત્મક ખુલાસાઓ (પ્રશ્નોત્તર રૂપે) ૧૪ થી ૧૯
તાત્વિક પ્રશ્નોત્તરાણિ-પ્રશ્ન ૯૮ થી ૧૦૨ ૨૦ થી ૨૩
o ક્ષમાપના ૨૪

પૃષ્ઠ ૧૩ થી ૧૯

o વિભાગ પરિચય ૧૩
o શ્રીનમસ્કાર મહામંત્ર અંગે પૂ. આગમોદ્ધારકશ્રીના ચિંતનાત્મક ખુલાસાઓ (પ્રશ્નોત્તર રૂપે) ૧૪ થી ૧૯
તાત્વિક પ્રશ્નોત્તરાણિ-પ્રશ્ન ૯૮ થી ૧૦૨ ૨૦ થી ૨૩
o ક્ષમાપના ૨૪

શ્રી વર્ધમાન સ્વામિને નમઃ

# આગમ જ્યોત


વીર નિ. સં. ૨૫૦૪ * વિ. સં. ૨૦૩૪

વર્ષ ૧૩ ★ પુસ્તક ૧


लोगुत्तमे हि तित्थयरे

તીર્થંકરો લોકોત્તર કેમ?

શ્રીપાર્શ્વનાથ-પ્રભુની મહત્તા કેમ?

## શ્રી જૈનદર્શન અને ભગવાન પાર્શ્વનાથ

જૈનદર્શનમાં ભગવાન્ જિનેશ્વરપણું એટલે પરમેશ્વરપણું મેળવવાનું કાર્ય એક ભવથી પુરૂં થતું જ નથી.

ગુરૂપણું, શ્રાવકપણું (સમકિતીપણું અને દેશવિરતિપણું) સાધુપણું-ઉપાધ્યાયપણું-આચાર્યપણું યાવત્ કેવલીપણું એકભવથી આદ્યન્તવાળું થઈ શકે છે, પરન્તુ જિનેશ્વરપણું એકભવથી આદ્યન્તપણે થઈ શકતું નથી.

જિનેશ્વરપણું મેળવનારને સામાન્ય રીતે અન્તઃકોટાકોટિ સાગરોપમથી જિનેશ્વરપણાની સાધના કરવી પડે છે, એટલે અન્તઃકોટા-કોટિ-સાગરોપમ કાલ સુધીમાં મિથ્યાત્વદશાની પ્રાપ્ત થાય તે અસંભવિત નથી.

કેમકે સમ્યકત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ સંસારની અપેક્ષાએ છાસઠ

સાગરોપમથી કંઈક અધિક માત્રજ છે, એટલે અંતઃકોટાકોટિ-સાગરોપમ સુધી પ્રાપ્ત થયેલ સમ્યક્ત્વ સંસાર–અવસ્થામાં ટકે નહિં એ નિશ્ચિત વસ્તુ છે, તેથી સમ્યક્ત્વ પામીને જિનેશ્વરપણું સાધવાની શરૂઆત કરવા તરીકે તીર્થંકર–નામકર્મ બાંધ્યા પછી મિથ્યાત્વ અનેક વખત પ્રાપ્ત થઈ જાય તેમાં આશ્ચર્ય નથી, પરન્તુ જે વખતે તે જિનેશ્વરપણું મેળવવાના કારણભૂત જિનનામકર્મવાળો જીવ સમ્યક્ત્વદશામાં હોય ત્યારે પરોપકાર વિગેરે ગુણોમાં લીન હોવાથી સમ્યક્ત્વના પ્રભાવે જિન–નામકર્મના પુદ્ગલોનો ઉપચય કરી શકે છે,

પરન્તુ પ્રાપ્ત થયેલા ઔપશમિક અગર ક્ષાયોપશમિક સમ્યક્ત્વને વમીને તે જિનનામકર્મને બાંધનારો ભવિષ્યમાં તીર્થંકર થવાવાળો જીવ હોય તો પણ જ્યારે મિથ્યાત્વદશામાં જાય છે, ત્યારે કેટલાક કમલપ્રભાચાર્ય જેવા જીવો તો તે બાંધેલા તીર્થંકર–નામકર્મને પણ ઉડાડી મૂકે છે, અર્થાત્ તેવા મિથ્યાત્વી આત્માઓએ પૂર્વે બાંધેલું જિનનામકર્મ ટકી શકતું નથી અને તેથી તેવા જિનનામકર્મ બાંધીને પછી મિથ્યાત્વ પામતાં જિનનામકર્મ ઉડાડી દે એટલે તેઓને પરોપકારિતા આદિ ગુણો ન હોય તે સ્વાભાવિક છે.

એટલે જેટલાઓ તીર્થંકરનામકર્મ બાંધે તેટલા બધા તીર્થંકર નામકર્મ બાંધ્યા પછી પણ પરોપકારવાળા જ હોય એવો નિયમ રહેતો નથી અને તીર્થંકર–નામકર્મ બાંધનારા તીર્થંકર થાયજ ? એવો પણ નિયમ નથી, પરન્તુ કેટલાક જીવો એવા પણ હોય છે કે જેઓ પરોપકારિતા આદિ ગુણોને લીધે તીર્થંકર નામકર્મ બાંધે અને તે વખતે જરૂર સમ્યક્ત્વવાળા છતાં કર્મની કુટિલતાને લીધે કથંચિત્ આવેલું સમ્યક્ત્વ મિથ્યાત્વ–મોહનીય આદિના ઉદયને લીધે ચાલ્યું જાય, તો પણ તે સમ્યક્ત્વ–દશામાં સમગ્ર–જગત્‌ના ઉદ્ધાર કરવા રૂપી પરોપકારિત્વ આદિ ગુણોને લીધે બાંધેલું તીર્થંકર નામગોત્ર ક્ષય પામતું નથી, પરન્તુ તે તીર્થંકર–નામગોત્ર સત્તામાં રહી શકે છે.

આ કારણથી શાસ્ત્રકારો મિથ્યાત્વવાળી દશામાં પણ જિનનામકર્મની સત્તાને માન્ય રાખે છે.

એટલી વાત જરૂર છે કે મિથ્યાત્વદશામાં આહારક નામકર્મ અને તીર્થંકરનામકર્મ એ બન્નેની સત્તા નથી હોતી, પરન્તુ એકલા જિનનામકર્મની સત્તા આત્મામાં મિથ્યાત્વદશા હોય તો પણ શાસ્ત્રકારોએ માન્ય કરેલી છે, પરંતુ તેવી મિથ્યાત્વદશામાં જગત્ ઉદ્ધારકપણા આદિ પરોપકાર-દૃષ્ટિ નહિ રહેવાને લીધે તીર્થંકર નામકર્મનો બંધ તો કોઈપણ પ્રકારે શાસ્ત્રકારોએ માન્યો નથી અને માની શકાય તેમ પણ નથી.

તીર્થંકર-નામકર્મના-સામાન્ય બંધને અંગે આવી રીતે અંતઃકોટાકોટી સાગરોપમનો કાળ તીર્થંકરપણું પરિપકવ કરવા માટે ગણાય અને તેથી ક્રોડો જન્મોથીજ તીર્થંકરપણું સિદ્ધ થાય એમ કહી શકાય, પરંતુ વિશેષથી વિચારીએ તો **ત્રણ જન્મ શિવાય તો તીર્થંકરપણું સાધ્ય થઈ શકે જ નહિં.**

કોઈ પણ કાળે કોઈ પણ જીવ જે ભવમાં તીર્થંકર થવાના હોય તેજ ભવમાં તીર્થંકર નામકર્મ નિકાચિત કરી બાંધે અને તીર્થંકર થાય તેવું બન્યું નથી, બનતું નથી અને બનશે પણ નહિં. તીર્થંકર થવાવાળા જીવને ઓછામાં ઓછા તીર્થંકર થવાના પહેલાંના ત્રીજા ભવે તો જરૂર તીર્થંકર-નામકર્મ વીસસ્થાનકના આરાધન-દ્વારા નિકાચિત કરવું પડે છે, તેવી રીતે પ્હેલાના ત્રીજા ભવદ્વારા વીસસ્થાનકના આરાધન શિવાય કોઈ પણ કાળે તીર્થંકર-નામકર્મ નિકાચિત કરી શકતો નથી.

એક વાત એ પણ ધ્યાનમાં રાખવાની છે કે કેટલાંક કર્મો સામાન્યરીતે બદ્ધ, સ્પૃષ્ટ અને નિધત્તદશામાં હોય છે. તે કર્મોનો ભોગવટો તે ભવમાં કે અન્ય ભવમાં થઇ જાય છે, પરંતુ જિનેશ્વરપણાને મેળવી આપનાર એવું જિનનામ કર્મ સામાન્યબંધથી ભલે અંતઃકોટા-કોટી સાગરોપમની સ્થિતિવાળું છે અને તેટલાકાળ સુધી તે કર્મ આત્મામાં રહે છે, છતાં તે જિનનામ કર્મ એવાજ વિચિત્ર સ્વભાવાળું છે કે તીર્થંકર થવાના ભવથી પ્હેલાના ત્રીજા ભવે નિકાચિત કર્યા

સિવાય કોઈ પણ જીવ તીર્થંકર પણે આવે નહિ. અર્થાત્ તીર્થંકરપણામાં આવનારા જીવને પરોપકારિતા આદિ ગુણના પ્રભાવથી થયેલ જિન-નામકર્મ અંતઃકોટાકોટી સાગરોપમથી સત્તામાં ભલે કહ્યું હોય, તો પણ તે તીર્થંકરના ભવથી પ્હેલાના ત્રીજા ભવે વીસસ્થાનક આરાધન-રૂપ પરોપકારના સાધનદ્વારા તીર્થંકર–નામકર્મ નિકાચિત કરવુંજ પડે છે.

એ રીતે પ્હેલાના ત્રીજા ભવે તીર્થંકર નામકર્મને નિકાચિત કરનારાઓ તીર્થંકર બની શકે છે.

એટલે આ ઉપરથી સ્પષ્ટ થયું કે ભગવાન્ જિનેશ્વરપણું એટલે પરમેશ્વરપણું જૈનશાસનની દૃષ્ટિએ અનેક ભવથીજ સાધ્ય છે, પરન્તુ શ્રાવકપણા આદિ બીજા ગુણોની માફક એક જન્મથી કોઈ દિવસ સાધ્ય નથી,

આ રીતે તીર્થંકર થવાના ભવથી પ્હેલાના ત્રીજા ભવે તીર્થંકર નામકર્મ નિકાચિત કરીને તીર્થંકરપણે ઉત્પન્ન થનારા જીવો દરેક ઉત્સર્પિણી–અવસર્પિણીમાં ચોવીસની સંખ્યાવાળાજ હોય છે.

કોઈ પણ કાળે કોઈ પણ ક્ષેત્રમાં ચોવીસ–જીવોથી અધિક જીવો ઉત્સર્પિણીમાં કે અવસર્પિણીમાં તીર્થંકરપણું મેળવનારા હોતા નથી, જો કે સામાન્ય–દૃષ્ટિથી અન્ય–લોકોએ પણ ચોવીસની સંખ્યા અવતારાદિ દ્વારા અપનાવી લીધી છે, પરન્તુ તે અનુકરણ કરનારાઓ ચોવીસ અવતારોમાં જળચર–સ્થળચર–મનુષ્ય વિગેરે અવતારો લે છે, તેવું અહિ છે નહિં, અને માની પણ શકાય નહિં. જૈનદૃષ્ટિ પ્રમાણે તો દરેક ઉત્સર્પિણી અને અવસર્પિણીમાં તીર્થંકર ભગવાનને ઉત્પન્ન થવાને લાયકના ગ્રહયોગોજ ચોવીસ વખતના હોય છે.

યાદ રાખવું કે ચક્રવર્તી જેવા સાર્વભૌમના જન્મને અંગે પણ છ ગ્રહનીજ ઉચ્ચતા હોય છે, પરન્તુ ભગવાન્ જિનેશ્વર

મહારાજના જન્મને અંગે તો સાતે ગ્રહોની ઉચ્ચ-દશા આવશ્યક હોય છે અને તેવી સાત ગ્રહોની ઉચ્ચદશા ઉત્સર્પિણી કે અવસર્પિણીમાં ચોવીસ વખતથી વધારે વખત હોય નહિં, તેમજ ચોવીસ વખત તેવી ઉચ્ચતા દરેક ઉત્સર્પિણી કે અવસર્પિણીમાં આવ્યા વિના પણ રહેજ નહિં, તેથી દરેક ઉત્સર્પિણી અને અવસર્પિણીમાં ચોવીસ વખત થતા સાતે ગ્રહોના ઉચ્ચપણાને લીધે ચોવીસજ તીર્થંકરો દરેક ઉત્સર્પિણી અને અવસર્પિણીમાં થાય.

એટલે ન તો પચીસ તીર્થંકરો થાય, ન તો ત્રેવીસ તીર્થંકરો થાય !

આ રીતે સાતે ગ્રહની ઉચ્ચતાને લીધે થનારા તીર્થંકરો જગતના ઉદ્ધારને માટે બાંધેલા તીર્થંકર નામકર્મના ફળ તરીકે દ્વાદશાંગીરૂપી અને ચતુર્વિધ સંઘરૂપી તીર્થને પ્રવર્તાવનારા હોય.

કોઈપણ તીર્થંકર પોતાના છેલ્લા ભવમાં દ્વાદશાંગીરૂપ કે ચતુર્વિધ શ્રીસંઘરૂપી તીર્થને પ્રવર્ત્તાવવા શિવાયના હોયજ નહિં.

આ વસ્તુ વિચારનારો મનુષ્ય સ્હેજે સમજી શકશે કે પ્હેલાના પ્રવર્ત્તતા તીર્થો વ્યુચ્છેદ થયા પછી નહિં, પરન્તુ ચાલુ છતાં પણ ભગવાન્ તીર્થંકરોની તીર્થ પ્રવૃત્તિ થાય તેની પ્હેલાં થોડો કે ઘણો વખત મુક્તિપ્રાપ્તિનો વ્યુચ્છેદ તો થયેલો હોય છે અને આ કારણથી શાસ્ત્રોમાં સ્થાને સ્થાને ભગવાન્ જિનેશ્વર મહારાજાઓની પર્યાય અને પરંપરાની અપેક્ષાએ **અન્તકૃત્ ભૂમિ** એટલે મોક્ષ ગમનની સ્થિતિનો વિચાર કરવામાં આવે છે.

પરમ પવિત્ર પર્યુષણા પર્વમાં શ્રીપર્યુષણા-કલ્પસૂત્રને સાંભળનાર મહાશયોથી ઉપર જણાવેલી બે પ્રકારની અન્તકૃત ભૂમિ તો જાણ બહાર ન જ હોય ? એટલે મોક્ષમાર્ગ બંધ થયેલો હોય અને તેને તીર્થંકરોથીજ નવેસરથી શરૂ થવાનું થાય એ હકીકત સ્હેજે સમજાય તેવી છે.

આ રીતે દરેક ઉત્સર્પિણી અને અવસર્પિણીમાં ચોવીસે તીર્થંકરો ચાલુ છતાં અગર નવીનપણે તીર્થને પ્રવર્ત્તાવનારા થાય છે અને તેવીજ રીતે આ અવસર્પિણીમાં પણ ભગવાન્ **ઋષભદેવજી** વિગેરે ચોવીસ તીર્થંકરો થયા છે અને તે સર્વ-તીર્થંકરોને એક સરખી રીતે સમ્યગ્દૃષ્ટિ જીવો સાધુ, સાધ્વી, શ્રાવક કે શ્રાવિકા માને છે અને માનવાની જરૂર પણ પડે છે, છતાં ભગવાન્ **પાર્શ્વનાથજી** મહારાજ કે જેઓના જન્મકલ્યાણકને અંગે પોષ વદિ દસમ (ગુજરાતી માગસર વદિ દસમ) નો દિવસ સર્વ દેશોમાં આરાધાય છે જેટલી આરાધનાની પ્રસિદ્ધિ ભગવાન્ **પાર્શ્વનાથજીના** જન્મકલ્યાણકની પોષ વદ દસમની તિથિને અંગે છે, તેવી કોઈપણ તીર્થંકર મહારાજને અંગે જન્મ કલ્યાણકના તિથિની આરાધનાની પ્રસિદ્ધિ નથી. ભગવાન્ **ઋષભદેવજીના** જન્મ કલ્યાણકની તિથિ જે ચૈત્ર વદિ (ગુજરાતી ફાગણ વદિ) આઠમની છે, પરન્તુ તે તિથિને અંગે આરાધના ફક્ત ભગવાન્ **ઋષભદેવજીના** તીર્થોમાંજ વિશેષે કરીને હોય છે, પરન્તુ ભગવાન્ **પાર્શ્વનાથજીના** જન્મ કલ્યાણકની તિથિ જે પોષ વદિ દસમ છે તેની આરાધના તો ભગવાન્ **પાર્શ્વનાથજીના** તીર્થો હોય ત્યાં તો સર્વત્ર હોય છે, પરન્તુ જ્યાં ભગવાન **પાર્શ્વનાથનાં તીર્થો** નથી હોતાં તે સ્થાને તે પોષદશમીની મહત્તા હોય છે એટલું નહિં, પરન્તુ જૈનપણાના સંસ્કારોને વિશેષપણે ધારણ કરનારા દરેક ક્ષેત્રોમાં ભગવાન્ **પાર્શ્વનાથજીના** જન્મ કલ્યાણકની તિથિ જે પોષ-વદિ દસમ છે તેની આરાધના હોય છે તેનું મુખ્ય કારણ હોય તો ભગવાન્ **પાર્શ્વનાથજીનું** તીર્થંકર નામકર્મની સાથે આદેય નામકર્મ છે અને તેથી ભગવાન્ **પાર્શ્વનાથજીને** પુરૂષાદાની તરીકે જૈનશાસ્ત્રકારો સ્થાને સ્થાને ઓળખાવે છે.

તારે તે તીર્થ




વિષય-કષાય અને અજ્ઞાન-વાસનાના
અગાધ સમુદ્રથી તારનારા
તીર્થોની યાત્રા
માટે
ઉપયોગી હિતકારિણી બાબતોને નિર્દેશતી

# તીર્થયાત્રા-સંઘયાત્રા




તીર્થયાત્રામાં જરૂરી શું ? છ-રીનું પાલન

श्री वर्धमान-स्वामिनै नमः

**મુમુક્ષુ આરાધક તત્ત્વરૂચિ પુણ્યાત્માઓ માટે**
**અત્યંત ઉપયોગી**

## 卐 તાત્ત્વિક-ભોજન 卐

[ આગમિક પદાર્થોના તલસ્પર્શી જ્ઞાતા, વિવેચક અને વ્યાખ્યાતા, આગમવાચનાદાતા આગમસમ્રાટ્, ધ્યાનસ્થ-સ્વર્ગત પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રી શાસનોપયોગી અનેક પ્રવૃત્તિઓમાં ગૂંથાયેલા છતાં શાસનાનુરાગી બાળજીવોના હિતાર્થે પોતાની દેખરેખ તળે પ્રગટ થતા "**શ્રી સિદ્ધચક્ર**" માં અનેક પ્રકારના ધાર્મિક પ્રકાશનોના રહસ્યને સમજાવનારા નાના મોટા નિબંધો ટૂંકા લેખો માર્મિક પ્રશ્નોત્તરી વગેરે આગમિક રહસ્ય ભરપૂર વ્યાખ્યાનોની સાથે આપતા હતા. તેમાં **શ્રી સિદ્ધચક્ર**ના છઠ્ઠા વર્ષના ચોમાસાથી "**તીર્થયાત્રા અને સંઘયાત્રા**" શીર્ષકથી મોટી લેખમાળા ચાલુ કરેલ-

જેમાં તીર્થની મહત્તા કેમ? આરાધક જીવો તેનો લાભ શી રીતે લઈ શકે? તીર્થયાત્રાનું શાસ્ત્રીય સ્વરૂપ, તે અંગે સંઘયાત્રાની માહિતીપૂર્ણ મહત્તા, વગેરે અનેક તાત્ત્વિક વ્યવહારિક પદાર્થો અનેક આગમો-શાસ્ત્રોના પાઠ સાથે છણાવટપૂર્વક રજૂ થયેલ, તે લેખમાળા જિજ્ઞાસુ અધિકારી મહાનુભાવોની સમક્ષ સળંગ રજૂ કરવાના ઈરાદાથી "**આગમજ્યોત**"નાં પ્રારંભકાળથી રજૂ થયેલ "**આગમ રહસ્ય**"ની તાત્ત્વિક લેખમાળાની જેમ આ લેખમાળા "**આગમજ્યોત**"ના નવમા પર્વથી શરૂ કરી છે.

તેનો ચોથો હપ્તો આ વર્ષના પ્રથમ પુસ્તકથી શરૂ થાય છે.

જિજ્ઞાસુ વાચકો આ લેખમાળાને યોગ્ય જ્ઞાની ગીતાર્થ ગુરૂ ભગવંતની નિશ્રાએ વાંચી વિચારી તીર્થયાત્રા અને સંઘયાત્રામાં તે અંગે ગાડરીયા પ્રવાહથી કેટલીક આવી પડેલી વિકૃત બાબતોને સદંતર વર્જવા. ઉપયોગશીલ બને. સં૦]

આગમિક રહસ્યસ્પર્શી આગમિક પ્રૌઢ વ્યાખ્યાતા
આગમવાચનાદાતા ધ્યાનસ્થ સ્વર્ગત
પૂ૦ આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ
તીર્થયાત્રા-સંઘયાત્રાના રહસ્યના જિજ્ઞાસુ
તત્ત્વરૂચિ ભાવિકોના
આત્મહિતાર્થે લખેલ
તીર્થ-સંઘયાત્રાના અનેક નિગૂઢ તાત્ત્વિક રહસ્યોને
સૂચવતો મહાનિબંધ

# તીર્થયાત્રા સંઘયાત્રા

[આગમતત્ત્વ રહસ્યોના અનન્ય સાધારણ જ્ઞાતા, ગીતાર્થ મૂર્ધન્ય, શાસનપ્રત્યનિકવાદીવિજેતા, વાત્સલ્ય-વારિધિ, ધ્યાનસ્થ સ્વર્ગત પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ જામનગર (સૌરાષ્ટ્ર) થી દાનવીર શેઠશ્રી પોપટલાલ ધારશીભાઈ તરફથી નીકળેલ શ્રી સિદ્ધાચળ મહાતીર્થના છરી' પાળતા-શ્રી સંઘના પ્રસંગે તીર્થયાત્રિકોના કર્તવ્યનો નિર્દેશ કરનાર આ મહાનિબંધ લખી "શ્રી સિદ્ધચક્ર" (સં૦ ૧૯૯૩ વર્ષ ૬ થી ૪) માં ઘણા સમય સુધી પ્રસિદ્ધ કરાવેલ.

અત્યંત ઉપયોગી આ મહાનિબંધ નવમા વર્ષના પ્રથમ પુસ્તકથી પ્રકાશિત થઈ રહ્યો છે.

ગત વર્ષના પ્રથમ પુસ્તક (પા. ૩૧)થી હવે આગળ ચાલે છે. સં૦]

## પૂજાઆદિ માટે ખર્ચાતા પૈસાને ધુમાડો કહેનારાઓની સ્થિતિ કેવી?

આ બધી હકીકતને સમજનારો શ્રાવક સારી પેઠે સમજી શકશે કે-

જિનેશ્વર ભગવાનના પૂજનઆદિમાં અબજો સોનૈયા ખરચે તો પણ તેમાં આશ્ચર્ય નથી!

આ ઉપરથી **મંત્રીશ્વર વિમલ શાહે અને શ્રી વસ્તુપાલ તેજપાલે** કરોડો રૂપિયા ખરચીને તીર્થનાં ચૈત્યો કેમ બંધાવ્યાં? તેનો ખુલાસો થઈ શકશે.

આ વાત જ્યારે ખરેખર સમજાશે ત્યારે જ ભગવાન જિનેશ્વર મહારાજના ચૈત્યો મૂર્તિઓ-પ્રતિષ્ઠાઓ અને ઓચ્છવો માટે ધર્મિષ્ઠો જે પૈસો ખરચે છે તે વ્યાજબી લાગશે. વ્યાજબી લાગશે એટલું જ નહિ પરંતુ જેઓ તેવી રીતે ખર્ચાતા પૈસાનો ધૂમાડો કર્યા જેવું કહેનારા છે તેઓને ભવાંતરમાં જીભ મળવી પણ મુશ્કેલ પડશે અને અનન્ત કાળ સુધી ભગવાન જિનેશ્વર-મહારાજના ધર્મની પ્રાપ્તિથી બે-નસીબ રહેશે તે સ્હેજે સમજાશે.

ભગવાન જિનેશ્વર મહારાજની મૂર્તિ અને મંદિરને માટે કલિકાળ-સર્વજ્ઞ પૂ. આ. **શ્રી હેમચંદ્ર સુરિજી મ.** શું કહે છે તે જુઓ-

जिनबिम्बस्य तावद् विशिष्टलक्षणलक्षितस्य प्रसादनीयस्य वज्रेन्द्र—नीलाञ्जन—चन्द्रकान्त—सूर्यकान्त—रिष्टा — ङ्क — कर्केतन — विद्रुम—सुवर्ण—रूप्य — चन्दनो—पल—मृदादिभिः सारद्रव्यैर्विधापनम् ।

यदाह—

सन्मृत्तिका ऽमलशिलातल-रूप्य-दारु-<br>
सौवर्ण—रत्न—मणि—चन्दन-चारुबिम्बम् ।<br>
कुर्वन्ति जैनमिह ये स्व—धनानुरूपं;<br>
ते प्राप्नुवन्ति नृ-सुरेषु महासुखानि ॥१॥

तथाहि—

" पासाईआ पडिमा, लक्खणजुत्ता समत्तलङ्करणा ।<br>
जह पल्हाएइ मणं, तह णिज्जरमो विआणाहि " ॥

तथा निर्मितस्य जिनबिम्बस्य शास्त्रोक्तविधिना प्रतिष्ठापनम्, अष्टभिश्च प्रकारैरभ्यर्चनम, यात्राविधानम्, विशिष्टाभरणभूषणम्, विचित्र वस्त्रैः परिधापनमिति जिनबिम्बे धनवपनम् ।

यदाह—

गन्धैर्माल्यैर्विनिर्यद्बहलपरिमलैरक्षतैर्धूपदीपैः,
सान्नाय्यैः प्राज्यभेदैश्चरुभिरुपहृतैः पाकपूतैः फलैश्च ।
अम्भःसम्पूर्णपात्रैरिति हि जिनपतेरर्चनामष्टभेदां;
कुर्वाणा वेश्ममाप्जः परमपदसुखस्तोममाराल्लभन्ते ॥

ननु जिनबिम्बानां पूजादिकरणे न कश्चिदुपयोगः ? नहि पूजादिभिस्तानि तृप्यन्ति तुष्यन्ति वा ? न चाऽतृप्ताऽतुष्टाभ्यो देवताभ्यः फलमाप्यते !

नैवम् ! चिन्तामण्यादिभ्य इवाऽतृप्ताऽतुष्टेभ्योऽपि फलप्राप्त्यवि-रोधात् ।

यदुक्तं वीतरागस्तोत्रेऽस्माभिः—

"अप्रसन्नात् कथं प्राप्यं, फलमेतदसंगतम् ।
चिन्तामण्यादय किंन, फलन्त्यपि वि-चेतनाः ? ॥१॥

तथा—

"उवगाराभावम्मि वि, पुज्जाणं पूयगस्स उवगारो ।
मन्ताइसरण-जलणादि-सेवणे जह तहेहं पि ॥१॥"

एष तावत् स्व-कारितानां बिम्बानां पूजादिविधिरुक्तः,
अन्यकारितानामपि अ-कारितानां च शाश्वतप्रतिमानां यथार्हं पूजन-वर्धना (वन्दना)दिविधिरनुष्ठेयः ।

त्रिविधा हि जिन प्रतिमाः,

भक्तिकारिताःस्वयं परेण वा चैत्येषु कारिताः, या इदानीमपि मनुष्यादिभिर्विधाप्यन्ते ।

मांगल्यकारिताः=या गृहेषु द्वारपत्रे(शाखा) षु मंगलाय कार्यन्ते,

शाश्वत्यः= तु अ-कारिताः एव अधस्तिर्यगूर्द्वलोकावस्थितेषु चैत्येषु वर्त्तन्त इति ।

"न हि लोकत्रयेऽपि तत्स्थानमस्ति, यत् न पारमेश्वरीभिः प्रतिमाभिः पवित्रितमिति" ।

जिनप्रतिमानाञ्च वीतराग-स्वरूपाध्यारोपेण पूजादिविधिरुचित इति ।

**जिनभवनक्षेत्रे स्व-धन-वपनं यथा—**

शल्यादिरहितभूमौ स्वयंसिद्धस्योपल-काष्ठादि-दलस्य ग्रहणेन सूत्रकारादि-भृतकानतिसन्धानेन भृत्यामनाधिकमूल्यवितरणेन षड्जीवनिकाय-रक्षा-यतना-पूर्वकं जिनभवनस्य विधापनम् ।

सति विभवे भरतादिवद् रत्नशिलाभिर्बद्धचामीकर–कुट्टिमस्य मणिमय–स्तम्भ–सोपानस्य रत्नमय–तोरणशता–लङ्कारकृतस्य विशाल–शालाबलानकस्य शालभञ्जिका –भङ्गीभूषित–स्तम्भादिप्रदेशस्य दह्यमान–कर्पूर–कस्तूरिका-गुरुप्रभृतिधूपस–मुच्छलद्–धूमपटल–जात–जलदशङ्का–नृत्यत्कलकण्ठकुल–कोलाहलस्य चतुर्विधा–ऽऽतोद्य–नान्दीनिनाद–नादित–रोदसीकस्य देवाङ्गप्रभृति–विचित्र–वस्त्रोल्लोचखचित-मुक्तावचूला–लङ्कृतस्य उत्पतन्निपतन्नृत्यद्वल्गत्सिंहनादित–वत्सुर–समूह–महिमानु-मोदमानजनस्य–विचित्रचित्रीयित–सकललोकस्य चामर–ध्वज–च्छत्राद्यलङ्कार–विभूषितस्य मूर्धारोपित–विजय–वैजयन्ती–निबद्ध–किङ्किणी–रणत्कारमुखरितदिगन्तस्य कौतुकाक्षिप्तसुरासुर–किन्नरीनिवहा–हमहमिका–प्रारब्धसङ्गीतस्य गन्धर्वगीतध्वनितिर–स्कृततुम्बुरूमहिम्नो निरन्तर–तालरस–रासक–हल्लीसक–प्रमुखप्रबन्ध-नानाभिनयन–व्यग्रकुलाङ्गना–चमत्कारितभव्यलोकस्य अभिनीयमान–नाटक–कोटि–रसाक्षिप्त–रसिकजनस्य जिनभवनस्य तुङ्गगिरिशृङ्गे-

जिनानां जन्म-दीक्षा-ज्ञाननिर्वाण-स्थानेषु

सम्प्रतिराजवच्च प्रतिपुरं प्रतिग्रामं पदे पदे विधापनम्, असति विभवे तृणकुट्यादिरूपस्यापि, यदाह—

"यस्तृणमयीमपि कुटीं, कुर्याद्दद्यात्तथैव पुष्पमपि ।
भक्त्या परमगुरूभ्यः पुण्योन्मानं कुतस्तस्य ? ॥ १ ॥

किं पुनरुपचित दृढघन-शिलासमुद्घातघटितजिनभवनम् ।
ये कारयन्ति शुभमति–विमानिनस्ते महाधन्याः" ॥२॥

राजादेस्तु विधापयितुः प्रचुरतरभाण्डागार-ग्राम-नगर-मण्डलगोकुलादिप्रदानं जिनभवनक्षेत्रे वपनम्,

नष्टभ्रष्टानां समुद्धरणं चेति ।

ननु निरवद्य–जिनधर्म्मसमाचरण–चतुराणां जिनभवन-बिम्ब–पूजादिकरण-मनुचितमिव प्रतिभासते, षड्जीवनिकाय-विराधनाहेतुत्वात्तस्य, भूमिखनन–दलपाटका–नयन–गर्त्तापूरणेष्टकाचयन–जलप्लावन–वनस्पति–त्रसकायविराधनामन्तरेण न हि तद् भवति,

उच्यते, य आरम्भ–परिग्रहप्रसक्तः कुटुम्ब-परिपालननिमित्तं धनोपार्जनं करोति तस्य धनोपार्जनं विफलं मा भूदिति जिनभवनादौ धनव्ययः श्रेयानेव,

न च धर्मार्थं धनोपार्जनं युक्तम्, यतः–

"धर्मार्थं यस्य वित्तेहा, तस्यानीहा गरीयसी ।
प्रक्षालनाद्धि पङ्कस्य, दूरादस्पर्शनं वरम् ॥१॥ इत्युक्तमेव ।

न च-वापी-कूप-तडागादिखननवद शुभोदर्कं जिन-भवनादीरणम्, अपि तु सद्गुसमागम-धर्मदेशना-करणव्रतप्रतिपत्त्यादिकरणेन शुभोदर्कमेव ।

षड्जीवनिकायविराधना च यतनाकारिणामगारिणां कृपापरत्वेन सूक्ष्मानपि जन्तून् रक्षयतामविराधनैव,

यदाहुः—

"जा जयमाणस्स भवे, विराहणा सुत्तविहिसमग्गस्स ।
सा होइ णिज्जरफला, अज्झत्थविसोहिजुत्तस्स ॥१॥
परमरहस्समिसीणं, समत्तगणिपिडगझरिअसाराणं ।
परिणामिअं पमाणं णिच्छयमवलम्बमाणाणं ॥२॥

यस्तु निजकुटुम्बार्थमपि नारम्भं करोति प्रतिमाप्रतिपन्नादिः, तस्य मा भूज्जिनबिम्बादिविधापनमपि,

यदाहुः—

देहाइणिमित्तंपि हु, जे कायवहम्मि इह पयट्टन्ति ।
जिणपूआकायवहम्मि तेसिमपवत्तणं मोहो ॥१॥

इत्यलं प्रसंगेन

**ભાવાર્થ—પ્રથમ જિનમૂર્તિ નામના ક્ષેત્રમાં ભક્તિથી કેમ વાપરવું એને માટે જણાવે છે કે—**

**જિનેશ્વરમહારાજનું બિંબ પ્રથમ તો સારાસારા લક્ષણોવાળું બનાવવું જોઈએ, તેના મુખકમલ-વિગેરેની પ્રસન્નતા અવ્યાહતપણે રહેવી જોઈએ, અને વજ્ર (હીરા) ઇંદ્રનીલ, અંજન-ચન્દ્રકાંત-સૂર્યકાન્ત-અરિષ્ઠ-અંક-કર્કેતન-પરવાલ-સોનું-રૂપું-ચંદન-પત્થર અને માટી વિગેરે સારા-સારા દ્રવ્યોથી તે પ્રતિમા બનાવવી જોઈએ.**

જે માટે શાસ્ત્રકાર મહારાજા કહે છે કે "સારી માટી, નિર્મલશિલા, રૂપું, કાષ્ઠ-સોનું-રત્ન-મણિ અને ચન્દને કરીને જે ભાગ્યશાળીઓ પોતાના ધનની અપેક્ષાએ જિનેશ્વરમહારાજનું બિંબ સ્થાપન કરે છે અથવા બનાવે છે તે મનુષ્યો દેવતા અને મનુષ્યની ગતિમાં મ્હોટાં સુખોને પામે છે."

વળી બીજું પણ શાસ્ત્રકારોએ જણાવ્યું છે કે "ભગવાનની પ્રતિમા જો પ્રસન્નતાવાળી હોય, સારા લક્ષણવાળી હોય અને સર્વ અંગોપાંગના અલંકારોએ કરીને સહિત હોય તો જેમ જેમ દર્શન

કરનારના મનની વધારે વધારે પ્રસન્નતા થાય તેમ તેમ વધારે નિર્જરા તે બનાવનારને થાય છે. એ નક્કી સમજવું."

આવી જ રીતે નવી પ્રતિમાજીઓ ભરાવવાનું ફળ જણાવી હવે કહે છે કે-પહેલાં બનાવાયેલી શ્રીજિનેશ્વરની પ્રતિમાઓની શાસ્ત્રમાં કહેલી વિધિએ પ્રતિષ્ઠા કરાવવી અને આઠ પ્રકારે તેનું પૂજન કરવું, યાત્રાઓ કરવી, અનેક પ્રકારનાં સારા-સારા આભૂષણોથી શોભાવવી. અને અનેક પ્રકારનાં વસ્ત્રોથી પરિધાપન કરવું.

આવી રીતે કરવાથી જિનમૂર્તિ નામના ક્ષેત્રમાં ધનનું વાવવું થયું કહેવાય છે,

મૂર્તિ બનાવવાને અંગે જેમ કલિકાળસર્વજ્ઞ શ્રીહેમચંદ્રસૂરિજીએ સાક્ષી આપી એવી રીતે પૂજાને અંગે સાક્ષી આપે છે.

"નિકળતી છે ઘણી સુગન્ધિ જેમાંથી એવા ગન્ધ અને માલ્યે કરીને તેમજ ખંડિત નહિ અને નિર્મળ એવા અક્ષતોએ કરીને, તેમ જ ધૂપ અને દીવે કરીને સારાં ઘીવાળા અનેક પ્રકારનાં નૈવેદ્ય કરીને, અને બરોબર પાકેલાં એવાં ફલો ચઢાવવા વડે કરીને, ઉત્તમ પાણીએ કરીને ભરેલા પાત્ર એટલે કળશોએ કરીને, જે મહાનુભાવો આઠ પ્રકારની પૂજાઓ કરે છે તે મહાનુભાવો પરમપદના સુખના સમૂહને પ્રાપ્ત કરે છે."

એમ શંકા નહિ કરવી કે, "જિનેશ્વર ભગવાનની પ્રતિમા વિગેરેની પૂજા કરવામાં ફાયદો નથી. કારણ કે તે જિનેશ્વર મહારાજની મૂર્તિઓ પૂજન-વંદનાદિથી તૃપ્ત થતી નથી, એટલે તૃપ્ત નહિ થયેલ અર્થાત્ સંતોષ નહિ પામેલા દેવતાઓથી ફળ મળી શકે નહિ"

આવી શંકા નહિં કરવાનું કારણ એ છે કે-જેમ ચિન્તામણિ કલ્પવૃક્ષ આદિ પદાર્થો જે પોતે તૃપ્ત થતા નથી અને સંતુષ્ટ પણ થતા નથી, છતાં તેનાથી રાજ્ય-ઋદ્ધિ આદિ અનેક પ્રકારનાં ફળ પામવામાં અડચણ આવતી નથી

ભગવાન્ હેમચંદ્રસૂરિજી કહે છે કે-આજ વાત મેં વીતરાગ-સ્તોત્રમાં કહી છે તે બતાવે છે. "અપ્રસન્ન એવા પદાર્થથી ફલની

પ્રાપ્તિ કેમ થાય ? આવી શંકાના સમાધાનમાં જણાવે છે કે આ શંકાનું કથન તે અયોગ્ય છે, કેમકે તેવાં ચેતના-વગરનાં એટલે તૃપ્ત અને હૃષ્ટ થવાની શક્તિ વગરનાં એવાં ચિન્તામણિરત્ન વિગેરે શું ફળો આપતાં નથી ?

આવી રીતે પૂર્વાચાર્યોએ પણ કહ્યું છે કે-જેમ મન્ત્ર આદિને યાદ કરવાથી અને અગ્નિઆદિની સેવા કરવાથી ઈષ્ટસિદ્ધિ અને શીતાદિના નાશ વિગેરે રૂપ ફળ થાય છે, તેવી રીતે અહિં પણ ભગવાનની પ્રતિમાની પૂજાથી કોઈ પણ જાતનો ફાયદો ભગવાનને ન હોય અને તેથી તે તૃપ્ત કે સંતુષ્ટ થયેલ ન ગણાય, તો પણ તેમની પ્રતિમાની પૂજાથી તેના પૂજકોને તો જરૂર ફાયદો થાય છે.

આવી રીતે પોતાના અને શાસ્ત્રકાર-મહારાજાના વચનથી મૂર્ત્તિનામના ક્ષેત્રને અંગે પોતે કરાવેલા બિંબોના માટે વિધિ જણાવ્યો છે, અને એવી જ રીતે બીજાઓએ કરાવેલા તેમજ નહિં કરાવેલા શાશ્વત જિનબિંબો હોય તેની પણ યથાયોગ્ય પૂજન આદિ વિધિ જરૂર કરવી જોઈએ.

કેમકે જિનેશ્વર ભગવાનની પ્રતિમાજી ત્રણ પ્રકારે હોય છે. એક તો પોતે અથવા બીજાએ ભક્તિ કરીને દહેરામાં સ્થાપન કરેલી, જે અત્યારે પણ મનુષ્ય વિગેરેથી બનાવાય છે. બીજી મંગળને માટે કરાવેલી કે જે ઘરની શાખમાં મંગળને માટે કરાવાય છે, તે મંગળની પ્રતિમા કહેવાય છે. શાશ્વતી પ્રતિમા તો તે કહેવાય કે અધોલોક, તિર્છાલોક અને ઊર્ધ્વલોકમાં રહેલા જિન-ભવનોમાં છે, ત્રણ લોકમાં એવું કોઈ પણ સ્થાન નથી કે જે સ્થાન ભગવાન જિનેશ્વર મહારાજની પ્રતિમાજીએ કરીને પવિત્ર થયેલું ન હોય. જિનેશ્વર ભગવાનની પ્રતિમાજીની પૂજાદિક ક્રિયા વીતરાગપણાનું આરોપણ કરીને કરવી ઉચિત છે.

બીજા એવા જિનભુવન ક્ષેત્રમાં પોતાનું ધન વાપરવાનું એવી રીતે છે કે-શલ્ય વિગેરેએ કરીને રહિત એવી ભૂમિમાં

જિનેશ્વરમહારાજનું મન્દિર બનાવવું. કારીગરોએ પોતાની મેળે બનાવેલ લાકડાં અને કાષ્ઠ વિગેરે દળીયાં લેવાં, અને સુથાર વિગેરે નોકરોને ઠગવા નહિં, ચાકરી કરનારાઓને અધિક પગાર આપવો, છ જીવનિકાયની રક્ષા અને યતનાપૂર્વક વર્ત્તવું

વૈભવ પ્રાપ્ત થયો હોય તો ભરતાદિકની માફક રત્નની શિલાઓથી જિનમન્દિર બનાવવાં, સોનાથી તળીયું બંધાવવું, મણિના થાંભલા–પગથીઆં કરવાં, સેંકડો રત્નમય તોરણોથી શોભાવવું, મ્હોટી વ્યાખ્યાનશાળાઓ અને મ્હોટા મ્હોટા ઝરૂખાઓ કરવા, પુતળીઓની રચનાથી સ્તંભ વિગેરેના ભાવો શોભાવવા, કપુર, કસ્તુરી, અગર વિગેરેના બનેલા ધૂપોને બાળતાં ઉત્પન્ન થતો જે ધૂમાડાનો સમુદાય તેને દેખીને મોરનાં ટોળાં મેઘની શંકાથી જ્યાં કોલાહળ કરી રહ્યાં હોય એવી રીતે ધૂપ જ્યાં ઉખેવાતો હોય, ચારે પ્રકારનાં તત આદિ વાજીંત્રો અને બારે પ્રકારનાં નંદી–વાજીંત્રોના શબ્દથી આકાશ અને પાતાળ શબ્દમય થઈ ગયું હોય, દેવાડુગ વિગેરે અનેકપ્રકારના વસ્ત્રોના ચંદરવાઓ હોય અને તેમાં મોતીના ઝુમખાઓ ટાંગેલા હોય, ઉછળતા–પડતા –ગાતા–નાચતા અને કુદતા એવા સિંહ વિગેરેના શબ્દોની માફક દેવતાના સમુદાયે કરાતા મહિમાની અનુમોદનાથી હર્ષવાળા મનુષ્યો જ્યાં થયા હોય, અનેક પ્રકારના આશ્ચર્યથી લોકો ચકિત થયા હોય ચામર–ધ્વજ–છત્ર વિગેરે અલંકારોથી શોભિત હોય, શિખરે વિજયવૈજયન્તીને બાંધેલી ઘુંઘરીઓના ઝણકારથી સકળદિશાઓના ભાગો વ્યાપ્ત થયા હોય, કૌતુકથી કે આવેલા સુર–અસુર અને કિન્નરગણે હરિફાઈથી જ્યાં ગીત શરૂ કર્યાં હોય અને ગાયન કરનારાના ગીતધ્વનિથી દેવતાઈ ગાયન કરનારાઓનો મહિમા પણ ઝાંખો થયો હોય, લાગલાગટ તાલારસ-રાસડા–હલ્લીસક વિગેરે પ્રબન્ધોના અનેક પ્રકારે અભિનયનમાં વ્યગ્ર થયેલી કુલાંગનાઓને દેખીને ભવ્યલોકો જેમાં ચમત્કાર પામતા હોય, અનેક પ્રકારે કરાતા નાટકોના રસે કરીને રસિકલોકોનું મન ખેંચાઈ ગયું હોય, એવા જિનભવનોનું બનાવવું તે જિનભવનક્ષેત્ર કહેવાય

એ જિનભવન મ્હોટા પર્વતોના શિખરો ઉપર કરાય, જિનેશ્વર ભગવાનના જન્મ-દીક્ષા-કેવળજ્ઞાન-અને મોક્ષ એ ચાર સ્થાનમાં કરાય, યાવત્ સંપ્રતિમહારાજની પેઠે દરેક શહેરે અને દરેક ગ્રામે, તથા સ્થાને સ્થાને કરાય. એવો વૈભવ કદાચ ન હોય તો ઘાસની ઝુંપડી આદિથી પણ જિનભવન કરવું જોઈએ.

શાસ્ત્રકાર મહારાજા ફરમાવે છે કે પરમગુરૂ એવા તીર્થંકર ભગવાનને ઉદ્દેશીને જેઓ ઘાસની પણ ઝુંપડી કરે અને તેમાં એક પુષ્પ પણ ચઢાવે તે મનુષ્યના પુણ્યનું પ્રમાણ ક્યાંથી થઈ શકે ? તો પછી જેઓ મ્હોટી દૃઢ અને સજ્જડ એવી શિલાઓના સમુદાયથી ઘડાયેલા જિનભવનને શુભમતિથી બનાવે તે મહાભાગ્યશાળીઓ વૈમાનિકદેવપણે ઉત્પન્ન થાય તેમાં આશ્ચર્ય શું ?

જો જિનભવનને કરાવનાર રાજા વિગેરે હોય તો તેને ઘણા ભંડારો-નગરો-મંડળો અને ગોકુળ વિગેરે આપીને જિનભવનક્ષેત્રમાં ધન વાપરવું જોઈએ. જેવી રીતે નવા જિનભવનો બનાવીને ચૈત્યક્ષેત્રમાં ધન વપરાય છે, તેવી જ રીતે જીર્ણ અને શીર્ણ એવાં ચૈત્યોને સમારવાં નષ્ટ ભ્રષ્ટ એવા ચૈત્યોનો ઉદ્ધાર કરવો તે પણ ચૈત્યક્ષેત્રજ કહેવાય છે.

આ સ્થાને શંકા કરે છે કે નિષ્પાપ એવા જૈનધર્મને આચરવામાં અતિનિપુણ એવા લોકોને જિનભવન અને બિંબનાં પૂજાદિક કરવા તે અનુચિત જેવા જ લાગે છે, કારણ કે તે છએ જીવકાયની વિરાધનાનું કારણ છે, કેમકે તેમાં ભૂમી ખોદવી પડે, કાષ્ઠ, ઇંટો વિગેરે લાવવું પડે, ખાડા ખોદવા પડે, ઇંટો ચણવી પડે, પાણીના ધોધ ચાલે, વનસ્પતિ અને ત્રસકાયની પણ વિરાધના વિના તે થતા નથી.

આવી શંકાના સમાધાનમાં જણાવે છે કે-જે મનુષ્ય સર્વવિરતિરૂપ સંયમને ન લઈ શકવાથી આરંભ-પરિગ્રહમાં રહેલ છે અને કુટુમ્બના પરિપાલન માટે ધનનું ઉપાર્જન કરે છે, તેનો ધન ઉપાર્જન કરવાનો પ્રયત્ન નિષ્ફળ ન જાય, માટે જિનભવન વિગેરેમાં

ધન ખર્ચવુંજ જોઈએ, અને એ કલ્યાણકારી છે, એવી રીતે ધનનો સદુપયોગ કલ્યાણકારી છતાં પણ ધર્મને માટે ધન ઉપાર્જન કરવું તે તો ઉપયોગી નથી, કારણ કે આવું કહેવામાં આવ્યું છે કે જેમ કચરાથી ખરડીને અંગોપાંગને ધોવાં તેના કરતાં છેટે રહીને કચરાનો સ્પર્શ ન કરવો તે સારૂં છે, તેવી રીતે ધર્મને માટે જેને પૈસાની ઈચ્છા રાખવી હોય તેને તો ઈચ્છા ન કરવી તે જ શ્રેષ્ઠ છે.

કદાચ કહેવામાં આવે કે-જેમ વાવડી, કૂવા, તળાવ વિગેરે ખોદાવવાથી વર્ત્તમાનમાં કીર્ત્તિ-જશ વિગેરે થાય તો પણ તે ભવિષ્યમાં અશુભને બંધાવનાર છે, એવી રીતે જિનભવનાદિકનુ કરવું તે પણ ભવિષ્યમાં અશુભ-અનુબંધવાળું હશે. એમ નહિ કહેવું. કારણ કે જિનભવન તો સમગ્ર-ગુણનું ધામ એવા સંઘનો સમાગમ થવાનું કારણ છે. ધર્મદેશના પણ તેમાં બની શકે છે, ધર્મરત્ન અંગીકાર કરવાનું બની શકે છે, માટે આ જિનભવન વિગેરે તો નક્કી ભવિષ્યના શુભના ઉદયને કરનાર જ છે.

જો કે એમાં છ કાયની દ્રવ્ય થકી વિરાધના દેખાય છે, પરન્તુ યતનાથી પ્રવર્ત્તવાવાળા ગૃહસ્થોને તે વિરાધના હોતી નથી, દયાને આધીન થયેલા તે ગૃહસ્થો સૂક્ષ્મ એવા પણ જીવોની રક્ષા કરનારા હોય છે એટલે તેમને વિરાધના લાગે નહિ. શાસ્ત્રકારોએ પણ કહ્યું છે કે-સૂત્રની વિધિએ કરીને સંયુક્ત અને યતનાથી પ્રવર્તવાવાળાને જે વિરાધના થાય છે તે વિરાધના નથી, પણ પરિણામે નિર્જરાને આપનાર છે,

એક વાત તો ચોકખી છે કે-યતનાથી પ્રવર્ત્તનારને પણ સૂત્રની વિધિથી પ્રવર્ત્તવા સાથે મનની શુદ્ધિ પણ હોવી જોઈએ, સંપૂર્ણ ગણિપિટકના સારને ધારણ કરનારા ઋષિઓનું પરમરહસ્ય એજ છે કે કરનારાના પરિણામને પ્રમાણભૂત ગણવા, કેમકે તેઓ નિશ્ચયનુંજ અવલંબન કરવાવાળા હોય છે

આવી રીતે જિનપૂજાનું સ્થાપન કર્યા છતાં અપવાદે જણાવે

છે કે જે કોઈ પ્રતિમાપ્રતિપન્ન હોવાને લીધે પોતાના કુટુમ્બને માટે પણ આરંભ ન કરે. તેવા ભાગ્યશાળીને જિનબિંબાદિની પૂજાદિનું પણ વિધાન ન હોય.

કહેલું છે કે-જે પુરૂષો શરીરાદિકને માટે છ-કાયની હિંસામાં પ્રવર્તે છે, તે પુરૂષો જિનેશ્વરમહારાજની પૂજામાં છ-કાયના જીવનો વધ થાય છે, એમ સમજીને ન પ્રવર્તે તો ખરેખર અભિનિવેશ-મોહનીયનો ઉદય છે એમ સમજવું.

કલિકાળસર્વજ્ઞ **શ્રીહેમચંદ્રસૂરિજી** મહારાજ ફરમાવે છે કે આ ક્ષેત્રની બાબતમાં વિસ્તારથી સર્યું, અર્થાત્ ઘણો વિસ્તાર થઈ શકે તેમ છે પરન્તુ ગ્રન્થના વિસ્તારના ભયથી આ વિષયનો વિસ્તાર કરતા નથી.

**અન્ય આચાર્યો અન્ય ગ્રન્થોમાં-મૂર્તિ ક્ષેત્ર માટે શું ફરમાવે છે?**

ઉપર જણાવ્યા પ્રમાણે **શ્રીરાયપસેણી, જંબૂદ્વીપ-પ્રજ્ઞપ્તિ, જીવાભિગમ** અને **શ્રીજ્ઞાતાસૂત્ર** વિગેરે મૂળ આગમોને અનુસારે ચૈત્યોની એટલે ભગવાન્ તીર્થંકર મહારાજની મૂર્તિ અને તેઓના મંદિરની અનાદિકાળથી હયાતી અને તેની પૂજ્યતા જણાવવામાં આવી છે, અને તે મૂર્તિ અને મંદિરરૂપી ક્ષેત્રની સાતક્ષેત્રમાં ક્ષેત્ર તરીકેની ઉપયોગિતા જણાવવા માટે કલિકાળસર્વજ્ઞ પૂ. પા. **શ્રી હેમચંદ્રસૂરિજીએ** રચેલા શ્રીયોગશાસ્ત્રની સાક્ષી આપીને તે ક્ષેત્રતરીકે તેની બનાવવાની સામાન્યસ્થિતિ જણાવી છે. અને જેવી રીતે કલિકાલસર્વજ્ઞ પૂ. પા. **શ્રીહેમચંદ્રસૂરિજી** તે મંદિર અને મૂર્તિ બનાવવાને માટે જણાવેલું છે, તેવી જ રીતે **મૂળશુદ્ધિગ્રન્થમાં** આચાર્ય મહારાજ **શ્રીપ્રદ્યુમ્નસૂરિજી, શ્રીશ્રાદ્ધવિધિમાં આચાર્ય મહારાજશ્રીરત્નશેખરસૂરિજી** તથા **શ્રીધર્મસંગ્રહમાં** ન્યાયાચાર્ય મહોપાધ્યાયજી **શ્રીયશોવિજયજી** તથા ઉપાધ્યાય **શ્રીમાન વિજયજીએ** તેને અનુસરતું મંદિર અને મૂર્તિના ક્ષેત્રની ઉત્પત્તિને માટે મુખ્યતાએ વિવેચન કરેલું છે.

જેવી રીતે મન્દિર અને મૂર્તિની ઉત્પત્તિ માટે તે ક્ષેત્રોનું આરાધન કરનારાને વિવેચન જાણવાની જરૂર રહે છે. તેવી જ રીતે તે ક્ષેત્રોની આરાધનાની રીતિ અને ઉદ્ધરવાની રીતિ પણ જાણવા માટે દરેક ધર્મિષ્ઠ તત્પર રહે એ સ્વાભાવિક છે. તેથી તેમની જિજ્ઞાસાને તૃપ્ત કરવા તે મૂર્તિ અને મન્દિરના ક્ષેત્ર સંબંધી તપાગચ્છનાયક **શ્રી દેવેન્દ્રસૂરિજીએ શ્રીશ્રાદ્ધદિનકૃત્યજીની** અંદર કરેલું વિવેચન વિસ્તૃત છતાં પણ ઉપયોગી હોવાથી આ સ્થળે સામાન્ય રીતે જણાવવું યોગ્ય ગણાય છે.

જો કે ચાલુ અધિકાર આગમરૂપી ક્ષેત્રનો છે, પરન્તુ આગમશાસ્ત્રોની પ્રામાણિકતા ત્યારેજ માની ગણાય કે જ્યારે તે આગમોના ફરમાવ્યા મુજબ આત્માની માન્યતા થાય અને વર્તવાનું થાય.

જો આગમશાસ્ત્રોને કેવળ માનવામાંજ આવે, પરન્તુ તે તે આગમ–શાસ્ત્રોના કથન મુજબ વર્તન નહિ કરતાં તેનાથી વિરુદ્ધ વર્તન કરવામાં આવે તો તેવા વિરૂદ્ધ વર્તન કરનારાઓને શાસ્ત્રકારો આગમથી વિપરીત કરનારા અને આગમના દ્વેષી ગણે છે. પૂ. આ૦શ્રી **હરિભદ્રસૂરિજીમહારાજ** ફરમાવે છે કે

तत्कारी स्यात् स नियमात् तद्द्वेषे चेति यो जडः।
आगमार्थे तमुल्लंघ्य तदनुक्ते प्रवर्त्तते ॥ १ ॥

અર્થાત્ જે મનુષ્ય આગમ–શાસ્ત્રોમાં કહેલા માર્ગથી વિરુદ્ધ પ્રવર્તવાવાળો હોય છે અને આગમ–શાસ્ત્રોમાં કહેલા કથનને ઓળંગીને આગમશાસ્ત્રમાં નહિ કહેલા કથનમાં પ્રવર્તવાવાળો હોય છે તે મનુષ્ય શાસ્ત્રની અવજ્ઞા કરનારો છે, શાસ્ત્રનો દ્વેષી છે, અને તેવો મનુષ્ય જડ–મનુષ્યની કોટિમાં ગણાય છે.

આવી રીતનું શાસ્ત્રકારે સ્પષ્ટ કથન કરેલું હોવાથી આગમશાસ્ત્રની માન્યતાની પુષ્ટિ કર્યા પછી તે ચૈત્ય અને મૂર્તિના ક્ષેત્રને આગમશાસ્ત્રને આધારે પોષણ આપવાની વધારે જરૂર ગણી છે.

**શ્રાદ્ધદિનકૃત્યકાર શું જણાવે છે?**

ચૈત્ય અને મૂર્તિના ક્ષેત્રને આરાધવા માટે કેવી રીતે પ્રયત્ન ભવ્યજીવોએ કરવો જોઈએ તેને માટે ઉપર સૂચવેલો **શ્રીશ્રાદ્ધદિન-કૃત્ય(મૂલ)નો** વિસ્તૃતપાઠ વાચક સમક્ષ રજુ કરાય છે.

तसाइजीवरहिए, भूमिभागे विसुद्धए ।
फासुएणं तु णीरेणं, इयरेणं गलिएणं उ ॥ २३ ॥
काऊणं विहिणा ण्हाणं, सेयवत्थणियंसणो ।
मुहकोसं तु काऊणं, गिहबिंबाणि पमज्जए ॥ २४ ॥

વાચકોને યાદ હશે કે પૂ. આ. **શ્રીહરિભદ્રસૂરિજી** માત્ર **સો સોનૈયા જેટલી મુડી જે શ્રાવકને હોય તે શ્રાવકે જરૂર ઘર-દહેરાસર કરવું જોઈએ.** એમ જણાવે છે એજ વાતને અનુસરીને અન્ય આચાર્ય મહારાજશ્રી શું જણાવે છે?

**ગૃહચૈત્યમાં શ્રાવકને ઉચિત-વિધિની રીતિ.**

આચાર્ય **શ્રી દેવેન્દ્રસૂરિજી** મંદિર અને મૂર્તિક્ષેત્રની આરાધનાની રીતિમાં પ્રથમ ગૃહચૈત્યના બિંબોને અંગે વિધિ જણાવે છે.

મુખ્યતાએ શ્રાવકવર્ગે ગૃહચૈત્યમાં ભગવાન્ જિનેશ્વરનું પ્રભાતે પૂજન કરતાં પ્રથમ સ્નાન કરવાની જરૂર છે, પરન્તુ સ્નાન કરવાનું સ્થાન પ્રથમ શુદ્ધ હોવું જોઈએ.

સ્નાન કરવાનું સ્થાન તેજ શુદ્ધ ગણાય કે જ્યાં કીડીયોના દરો ન હોય, લીલફુલ વિગેરેના જીવોથી યુક્ત ન હોય, વળી જે સ્થાનમાં ટેકરા-ખાડા ન હોય, છિદ્રો પણ ન હોય, તેવા સ્થાનને શાસ્ત્રકારો શુદ્ધ ગણે છે, અને તેવી જ જગોપર સ્નાન કરવું તે શાસ્ત્રાજ્ઞા માનનારાઓને માટે હિતકારી છે.

વર્તમાનકાળમાં પૂજાને માટે સ્નાન કરનારાઓ પણ સ્નાનની જગાની શુદ્ધિનો ઉપયોગ ન રાખતાં લીલફુલની જમાવટ, કીડીયોના દરો અને બીજા પણ અનર્થ જીવવિરાધનાનાં સ્થાનોએ સ્નાન કરતા

હોય કે કરવા ટેવાયેલા હોય તેઓએ આ શાસ્ત્રકારે જણાવેલી શુદ્ધ-ભૂમિની વાત ધ્યાનમાં રાખવાની છે.

ઉપર જણાવેલી શુદ્ધ-જગ્યામાં સ્નાન કરનારે મુખ્યતઃ અચિત્ત જલથી સ્નાન કરવું એમ શાસ્ત્રકારો ફરમાવે છે. સ્નાન કરનારા શ્રાવક-વર્ગે શાસ્ત્રકારે ફરમાવેલા અચિત્ત–જલના ઉપયોગ ઉપર ધ્યાન રાખવાની જરૂર છે. કેમકે જ્યારે સ્નાન કરવાનું અચિત્ત–જલે જણાવ્યું છે, તો પછી તળાવ–સરોવર–નદી વિગેરેમાં સ્નાન કરવાનું ગૃહબિંબની પૂજાને માટે કોઈપ્રકારે ઉચિત ન હોય તે સ્વાભાવિક છે,

વળી શાસ્ત્રકાર સ્નાનના પાણીને અંગે અપવાદ પણ જણાવે છે કે–જો કદાચિત્ અચિત્ત–જલની સગવડ હોય નહિં, અગર કરી શકે નહિ, અને કદાચિત્ સચિત્ત–જલથી સ્નાન કરવાનોજ પ્રસંગ આવે તો પણ તે સ્નાન કરવાનું પાણી ગળેલું તો હોવું જ જોઈએ.

આ વાત જેઓ ધ્યાનમાં રાખશે તેઓ બંબા છોડીને પાણીનો ઘાણ વાળવાનું કદી પણ શીખશે નહિ.

## જયણાપૂર્વક પ્રવૃત્તિ થવી જોઈએ.

શુદ્ધ એવા વિભાગમાં અને અચિત્ત કે ગળેલા જળથી સ્નાન કરનારે પણ યતનાથી જ કરવું, એ જણાવવા માટે પૂ. આ૦શ્રી **દેવેન્દ્રસૂરિજી** કહે છે કે પ્રમાણુસર પાણી હોય અને જ્યાં સંપાતિમ જીવો કે જે મચ્છર, ડાંસ વિગેરે હોય છે તેની ઉત્પત્તિના કારણરૂપ ન બને તેવી રીતે યતના પૂર્વક શ્રાવકે સ્નાન કરવું જોઈએ.

## પૂજા સમયે કેવાં વસ્ત્ર પહેરવા જોઈએ.

ભૂમિ, પાણી અને સ્નાનનો વિધિ જણાવ્યા પછી શાસ્ત્રકાર પરિધાનને અંગે જણાવે છે કે પૂજા કરવા તૈયાર થયેલા મહાનુભાવે શ્વેત વસ્ત્ર પહેરેલાં હોવાં જોઈએ. પૂજાની વિધિમાં જો કે **ષોડશક-વૃત્તિ** વિગેરે ગ્રન્થોમાં સિત એટલે સફેદની સાથે શુભ એવું વિશેષણ હોવાથી અર્થાત્ આ૦શ્રી હરિભદ્રસૂરિજીએ " सितशुभवस्त्रेण " એમ

કહેલું હોવાથી અન્ય રંગોના વસ્ત્રોનું પણ વિધાન જણાવેલું છે, પરન્તુ શ્રી દેવેન્દ્રસૂરિજી મહારાજ શ્વેતવસ્ત્રનું જ વિધાન કરે છે અને ઉદાયીરાજાની પટરાણી **શ્રી પ્રભાવતી** દેવીનો જે અધિકાર **નિશીથસૂત્ર** વિગેરેમાં આવે છે તેમાં પણ સફેદ શિવાયના રંગવાળા વસ્ત્રોનું પૂજામાં સર્વથા અનુસૂચિતપણું જણાવવામાં આવ્યું છે.

આજ અપેક્ષાએ શ્રી દેવેન્દ્રસૂરિજી મહારાજ પૂજાના વસ્ત્રોનું વિધાન કરતાં પણ સફેદ વસ્ત્ર હોવાનું જણાવે છે. અને **શ્રાદ્ધદિન-કૃત્યગ્રંથના** મૂલસૂત્રને કરનારા પૂર્વાચાર્ય પણ सेयवत्थणियंसणो એમ કહીને શ્વેતવસ્ત્ર પહેરવાનું સ્પષ્ટપણે જણાવે છે. શ્રીદેવેન્દ્રસૂરિજીના અને શ્રી શ્રાદ્ધદિનકૃત્યના મૂળકાર આચાર્યના મુદ્દા પ્રમાણે सितशुभवस्त्रेण એ જગોપર શુભશબ્દ માત્ર સફેદ વસ્ત્રની પવિત્રતા માટે જણાવવામાં આવેલો હોય એમ ગણવામાં આવ્યું હશે. આ વાતને વિચારવાનું વાચકો ઉપર છોડીને આગળ આવતાં ગ્રન્થકાર શું કહે છે તે વિચારીએ

## વસ્ત્રના યુગ્મમાં અષ્ટપટ થાય તેવું ઉત્તરાસણ હોવું જોઇએ.

વર્તમાનકાળમાં કેટલેક સ્થાને પહેરવાના અને ઓઢવાના એ બે વસ્ત્રો કરતાં મુખકોશ બાંધવા માટે ત્રીજું વસ્ત્ર રાખવામાં આવે છે, પરન્તુ **દેવેન્દ્રસૂરિજી** મહારાજ ચોકખા શબ્દોમાં જણાવે છે કે પવિત્ર અને સફેદ એવા વસ્ત્રનું યુગ્મ એટલે જોડલુંજ માત્ર જોઈએ. અને તે ઓઢેલા વસ્ત્રના છેડાથી આઠપડો મુખકોશ કરવો જોઇએ.

યાદ રાખવું કે પ્રાચીનકાળમાં ઉત્તરાસણનાં વસ્ત્રો મોટા પ્રમાણમાં રાખતા હતા, અને તેથી તેના છેડે આઠપડો મુખકોશ કરવા જેટલી અનુકુળતા બરોબર રહી શકતી હતી. તેવી રીતે તે મુખકોશનો ભાગ ચૈત્યવન્દન કરતી વખતે અને ભૂમિપ્રમાર્જન માટે કામ લાગતો હતો. કેમકે જેવીરીતે પૂજન કરતી વખતે આઠપડા મુખકોશની જરૂર ગણવામાં આવી છે, તેવી રીતે અગર તેથી પણ અધિકપણે ચૈત્યવન્દનરૂપી ભાવપૂજા કરતી વખતે ચૈત્યવંદનની જગો

પુંજવાનું જરૂરી ગણવામાં આવ્યું છે. આ વાત જ્યારે ઉત્તરાસણનું વસ્ત્ર લાંબુ હોય તો ઘટી શકે. વળી એવું લાંબુ ઉત્તરાસણનું વસ્ત્ર હોય તો ચૈત્યવંદન આદિ કરતી વખતે મુખ આગળ પણ તે ઉત્તરાસણનો છેડો રાખતાં ઉત્તરાસણની વિધિનો ભંગ ન થાય. ટુંકા ઉત્તરાસણોમાં મુખકોશ માટે જુદું વસ્ત્ર રાખવું પડે અને ચૈત્યવંદન કરતી વખતે ભૂમિનું પ્રમાર્જન ન થાય, તેમજ ચૈત્યવંદનનાં સૂત્રો કે સ્તોત્રો બોલતી વખતે જયણાની પણ ખામી રહે

આ બધી વસ્તુ ધ્યાનમાં રાખીને **શ્રી દેવેન્દ્રસૂરિજી મહારાજ ઉત્તરાસણના** છેડાથી મુખકોશ બાંધવાનું કહી લાંબુ ઉત્તરાસણ રાખવાનું સૂચવે છે,

## ઉત્તરાસણ બાંધવાનું કારણ શું ?

**શ્રીદેવેન્દ્રસૂરિજી મહારાજ** જણાવે છે કે ઉત્તરાસણ બાંધવાનું કારણ નાસિકાના શ્વાસને ભગવાન ઉપર જતો રોકવા માટે છે.

જો કે આચાર્ય મહારાજ મુખકોશનું નિયમિતપણું જણાવી પૂજા કરવાનું કહે છે, પરન્તુ પૂ૦આ૦ **શ્રી હરિભદ્રસૂરિજી શ્રીપંચાશક નામના** શાસ્ત્રમાં મુખકોશ બાંધવા માટે યથાસમાધિ એમ કહીને નાસિકાબંધનનું અનિયમિતપણું જણાવે, છે. એટલે મુખના શ્વાસને રોકવા માટે તો મુખકોશ બન્નેના મતે નિયમિત છેજ ! પરન્તુ તેવા કેટલાક મનુષ્યો હોય છે કે જેઓ નાકના શ્વાસનું રૂંધન ખમી શકે નહિં તેવાઓને માટે નાકના શ્વાસને રોકવામાં વૈકલ્પિકપણું ભગવાન્ શ્રી હરિભદ્રસૂરિજીએ રાખ્યું હોય તો નવાઈ નથી !

કદાચ કહેવામાં આવે કે કાયોત્સર્ગ જેવા અનુષ્ઠાનમાં પણ શ્વાસની છુટ રાખવામાં આવે છે અને તેને માટે अण्णत्थ उससिएणं વિગેરે પાઠ કહેવામાં આવે છે. અને વ્યાખ્યાકારો પણ સાફ શબ્દોમાં જણાવે છે કે શ્વાસનું રુંધન કરવું કોઈપણ પ્રકારે વ્યાજબી નથી, માટે ઉશ્વાસ અને નિશ્વાસનો આગાર રાખવામાં આવ્યો છે, આવી રીતે જ્યારે શાસ્ત્રકારો શ્વાસ રોકવાની મનાઈ કરે છે. ભગ–

વાન્ હરિભદ્રસૂરિજી શ્વાસના રોધને માટે યથાસમાધિ લખે છે, તો પછી આચાર્ય મહારાજ શ્રી દેવેન્દ્રસૂરિજી નાકનો શ્વાસ રોકવા માટે નિશ્ચય કેમ બતાવે છે?

આવી રીતે કથન કરનારે ધ્યાનમાં રાખવું જોઈએ-કે અષ્ટપટનો મુખકોશ બાંધવાથી માત્ર ભગવાન્‌ની પ્રતિમા ઉપર સીધા શ્વાસનું જવુંજ રોકાય છે, પરન્તુ મુખકોશની અંદર શ્વાસની ગતિ રૂંધાતી નથી, તેથી મુખકોશ બાધવાનું પ્રયોજન નાસિકાના શ્વાસના નિરોધને માટે જણાવ્યું છે, તે ભગવાન્‌ની પ્રતિમાજી ઉપર જતા શ્વાસની અપેક્ષાએ છે, અને એવી રીતે તો મુખકોશની માફક નાસિકાના શ્વાસનું રોકાણ ભગવાન્ ગૌતમસ્વામીજીએ મૃગાપુત્રને દેખવાની વખતે કર્યું છે, એમ શ્રીવિપાકસૂત્રમાં સ્પષ્ટ કથન છે.

## ગૃહચૈત્યમાં પ્રથમ પ્રતિમાજીનું *પૂંજણીથી પ્રમાર્જન થવું જોઈએ.*

સ્નાન કરી શ્વેતવસ્ત્ર પહેરી આઠપડો મુખકોશ કરીને ગૃહચૈત્યના બિંબોને પૂંજણીથી પ્રમાર્જન કરે.

પૂજા કરનારા દરેકે ધ્યાન રાખવાની જરૂર છે કે તીર્ચ્છા લોકમાં તો વિકલેન્દ્રિય વિગેરે જીવોની ઉત્પત્તિ પણ છે અને તે ત્રસ-જીવોના આરંભના ત્યાગને માટે મોરપીંછીથી ભગવાનની પ્રતિમાજીનું પ્રમાર્જન કરવાની જરૂર છે. પરન્તુ દેવલોકમાં કુંથુઆ વિગેરે વિકલેન્દ્રિય-જીવોની ઉત્પત્તિ નથી.

વળી દેવતાઓ ત્રસ-જીવના સંકલ્પવાળા વધથી વિરમેલા પણ હોતા નથી, છતાં ફક્ત આચારની દૃષ્ટિએ જ દેવતાઓ પણ દેવલોકમાં ભગવાનની પ્રતિમાઓનું અર્ચન કરવા પહેલાં મોરપીંછીથી પ્રમાર્જન કરે છે.

આ દેવલોકની સ્થિતિને વિચારવાવાળો કોઈપણ સુજ્ઞ મનુષ્ય જિનેશ્વર ભગવાનની પ્રતિમાના અભિષેકાદિકને કરવા પહેલાં પ્રમાર્જનની આવશ્યકતા ગણ્યા સિવાય રહેશે નહિ.

## જયણા એજ ધર્મ

ઉપલી વસ્તુસ્થિતિ સમજનારો મનુષ્ય સ્હેજે સમજી શકશે કે પૂજા કરનારાના ભાવ યતનામાં ઓતપ્રોત થયેલા હોય છે, અને તેથી સ્નાનની ભૂમિમાં પણ જયણા અને સ્નાનના પાણીમાં પણ જયણા, સ્નાન કરવામાં પણ જયણા, યાવત્ ગૃહચૈત્યના બિંબોને પૂજવાથી પહેલાં પણ જયણાના પરિણામ આગળ પડતાજ રહે છે,

આવી રીતે જયણાના પરિણામવાળા શ્રાવકોને ઉદ્દેશીને શાસ્ત્રકારો કહે છે કે–જો ભગવાન્ જિનેશ્વરની પ્રતિમાના પૂજનરૂપી દ્રવ્યસ્તવમાં છએ કાયાની વિરાધના વિગેરે દેખાય છે તો પણ કૂવાના દૃષ્ટાન્તે કરીને શ્રાવકોને દ્રવ્યસ્તવ કરવા–લાયક જ છે,

શાસ્ત્રને સમજનારો મનુષ્ય સ્હેજે સમજી શકશે કે યતના કરનારાથી થતી વિરાધના કોઈપણ પ્રકારે બંધના ફળને દેનારી નથી. તેવી રીતે અહિં પણ યતના **સાથે ભક્તિના પરિણામવાળાને વિરાધનાના અશુભ–ફળનો નાશ થઈ શુભ–ફળની પ્રાપ્તિ થાય છે.**

જો કે કુવાનું દૃષ્ટાન્ત આવશ્યકાદિ શાસ્ત્રોમાં દ્રવ્યસ્તવને માટે સ્થાને સ્થાને કહેવામાં આવે છે, પરન્તુ આચાર્ય મહારાજશ્રી **દેવેન્દ્રસૂરિજીએ** તો એ દૃષ્ટાન્તને જ્ઞાતતરીકે ઉપનયમાં ઉતારેલું છે. તે ઉપનય આવી રીતે છે.

## દૃષ્ટાન્તની ઉપનય તરીકે યોજના

દૃષ્ટાન્તમાં જેમ કોઈ પુરુષ જણાવ્યો હતો તેમ અહિં ભવ્યજીવ લેવો,

શ્રેષ્ઠમાર્ગમાંથી ચ્યવીને તેનું જંગલનું ભટકવું જણાવ્યું હતું તે રીતે અહિં સમ્યગ્દર્શનાદિમાર્ગથી ચ્યવેલો એવો ભવ–અટવીમાં ભટકતો જીવ સમજવો,

દૃષ્ટાન્તમાં તૃષ્ણા, તાપ, અને મેલ વગેરેથી તે પુરૂષની

હેરાનગતિ જણાવી હતી, તેવીરીતે અહિં લોભ, તૃષ્ણા અને પાપે કરીને આ જીવની હેરાનગતિ સમજાવી,

દૃષ્ટાન્તમાં જેમ નીચી ધરતીમાં કુવો ખોદવાની વાત હતી, તેવીરીતે અહિં વિવેકરૂપી ભૂમિમાં દ્રવ્યસ્તવરૂપી કુવો ખોદવાનું સમજવું.

દૃષ્ટાન્તમાં જેમ કુવો ખોદવાથી પાણી મળ્યું અને તૃષાનો નાશ થયો, તેવીરીતે જબરદસ્ત હર્ષને હૃદયસ્થલમાં ધારણ કરનારો ભગવાન્‌ના ગુણોની ભાવનાને ધારણ કરતો જીવ વિષય સંબંધી તીવ્ર તૃષ્ણાનો નાશ કરે છે,

વળી દૃષ્ટાન્તમાં જણાવેલા કુવાના પાણીથી જેમ બીજાઓની પણ તૃષ્ણાનું હરણ થવાનું જણાવ્યું છે, તેવી રીતે અહિં પણ દ્રવ્યસ્તવની અનુમોદના કરીને ભગવાન્‌ના ગુણોમાં લીન થનારા અન્ય-મહાનુભાવોની પણ વિષય-તૃષ્ણારૂપી તૃષા નાશ પામે તેમાં આશ્ચર્ય નથી,

વળી તે શ્રાવકે કરેલા દ્રવ્યસ્તવવાળી ભગવાન્‌ની મૂર્તિના દર્શન કરવાને આવેલા મુનિમહારાજાઓના દર્શનથી ભવ્યો કષાયરૂપી અગ્નિના તાપની શાન્તિને પામે, તેમજ તેમની દેશનારૂપી અમૃત-ધારાથી પણ કષાય-અગ્નિના તાપની શાન્તિ થાય એ સ્વાભાવિક હોવાથી તૃષા અને તાપ બન્નેની શાંતિ થઈ એમ ગણાય.

ભવ્ય-જીવોને જિનેશ્વરભગવાન્‌ના માર્ગની મુનિમહારાજે કરેલી દેશના પરિણમે અને તેથી તે ભવ્યજીવ દાન વિગેરે સુકૃતને કરે તેમાં નવાઈ નથી અને તે સુકૃતથી પહેલાંના બાંધેલા પાપરૂપી મળોનો સર્વથા ક્ષય થાય.

એટલે તૃષ્ણા, તાપ અને મલના ક્ષયની માફક વિષય-તૃષ્ણા, કષાય-તાપ અને પાપ-મલનો દ્રવ્યસ્તવના પ્રભાવે ક્ષય થાય છે. એ કથન વિચારકોને માટે ખરેખર વ્યાજબી છે,

આ કારણથી વિષય-તૃષ્ણાદિથી ઘેરાએલા શ્રાવકને

**દ્રવ્યસ્તવ કરવો યોગ્યજ છે.** એમ આચાર્ય મહારાજશ્રી **દેવેન્દ્રસૂરિજી** જણાવે છે,

પૂર્વે જણાવ્યા પ્રમાણે સ્નાનાદિકનો વિધિ કહ્યા પછી ગ્રન્થકાર મહારાજ પૂજાનો વિધિ આવી રીતે કહે છે—

ભગવાન્ જિનેશ્વરમહારાજની પ્રતિમાનું મોરપીંછીથી પ્રમાર્જન કર્યા પછી નાસિકા તૃપ્ત કરે એવા ચન્દનાદિક મિશ્ર-જલથી ભગવાન જિનેશ્વરમહારાજની મૂર્ત્તિનું પ્રક્ષાલન કરવું અને ગોશીર્ષચંદન, કપુર વિગેરેથી ભગવાનને વિલેપન કરી તાજા અને સુગન્ધી ફુલો, ચૂર્ણો અને અગરૂઆદિના ધૂપોથી તેમજ દીપ, શાલિ આદિ તંદુલ અને બીજોરા વિગેરે ફળોથી ભગવાન્નું પૂજન કરવું.

શ્રી દેવેન્દ્રસૂરિજી મહારાજ જણાવે છે કે-ઘૃતથી પૂજા કરવાનું કહ્યું છે તે ઉપલક્ષણરૂપ છે, માટે સર્વ પ્રકારના નૈવેદ્યોથી કરીને અને નિર્મલપાણીથી ભરેલા શંખાદિકભાજનોથી કરીને શ્રાવકોએ હંમેશાં પૂજન કરવું જોઈએ.

આવી રીતે પૂજનનો વિધિ જણાવીને પૂજાના ફળના દૃષ્ટાન્તો જણાવતાં **શ્રી દેવેન્દ્રસૂરિજી** મહારાજ કહે છે કે-

શ્રી જૈનશાસનમાં પૂજાના પ્રભાવે દેવપણું, રાજાપણું તેમજ તીર્થંકરપણું પ્રાપ્ત થાય છે એમ કહ્યું છે, માટે ભવ્યજીવોએ ભગવાન્ તીર્થંકર ભગવાનોની પૂજા કરવી જોઈએ.

વિધિવાદ તરીકે પૂજાનું ફલ જણાવી ચરિતાનુવાદ તરીકે પૂજાનાં ફળો જણાવતાં કહે છે કે-નીચે જણાવેલા જીવો પૂજાથી પોતાની સદ્ગતિને સાધી શકયા છે.

**૧ સ્થાવરા** (વૃદ્ધ ડોસી) **૨ કુરૂનરેન્દ્ર ૩ સુવ્રતશેઠ**
**૪ જિનશેખર ૫ સત્યકી ૬ વાસુદેવ**
**૭ મહાયશસ્વી એવા નારદ.**

આ જીવોએ ભગવાન્‌ની પૂજા કરી કલ્યાણને સાધ્યું છે. વિશેષથી જાણવાની ઇચ્છાવાળાએ તેમની કથાઓ **શ્રાદ્ધદિન કૃત્યમાંથી** જોઈ લેવી,

આવી રીતે દ્રવ્યપૂજાનો અધિકાર જણાવી ભાવપૂજાનો અધિકાર જણાવતાં આચાર્ય મહારાજ કહે છે કે–

આઠ પ્રકારના દ્રવ્યોએ કરીને જગતના બંધુ એવા જિનેશ્વર ભગવાનનું પૂજન કરી મુદ્રાદિકની વિધિ પૂર્વક જિનેશ્વરમહારાજનું સ્તુતિ-સ્તોત્રાદિથી વન્દન કરવું જોઈએ.

**શ્રાદ્ધદિનકૃત્યની** ટીકામાં આ સ્થાને મુદ્રાઓનું સ્વરૂપ અને વિષય સમજાવવા સાથે ચૈત્ય-વંદનના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ભેદો જણાવી ઈરિયાવહી વિગેરે સૂત્રોની વ્યાખ્યા કરવામાં આવી છે, તે તેના અર્થીઓએ ત્યાંથીજ જોઈ લેવી.

## શક્રસ્તવની રીતિ કેવી?

ચૈત્યવંદન કરનારાને ચૈત્યવંદનો જુદાં જુદાં બોલવાનાં હોય છે, પરન્તુ શક્રસ્તવરૂપી દંડક તો બધાને એક સરખું બોલવાનું હોય છે, તેથી તે **નમુત્થુ ણંનો** વિધિ બતાવે છે.

મસ્તકને ત્રણ વખત જમીન ઉપર લગાવી, ડાબો ઢીંચણ કંઈક ઉંચો કરી, ઉત્તરાસનના છેડાથી મુખને ઢાંકીને યોગ-મુદ્રાપૂર્વક ભક્તિથી રૂડી રીતે શક્રસ્તવને કહેવું જોઈએ, એમ ભગવાન **દેવેન્દ્રસૂરિજી** જણાવે છે.

**શક્રસ્તવની** વ્યાખ્યા જાણવાની ઇચ્છાવાળાઓએ **શ્રાદ્ધદિન કૃત્યની વૃત્તિ** જોઈ લેવી.

**શક્રસ્તવની** વ્યાખ્યામાંજ **મેઘકુમારની** કથા તથા દ્રવ્ય તીર્થંકરના વંદનમાં **મરીચિની** કથા કહેલી છે. તે ટીકા ઉપરથી સમજવી.

## ચૈત્યસ્તવમાં લક્ષ્ય રાખવા જેવી બીનાઓ.

णमुत्थु णंथी શ્રીભાવજિન અને દ્રવ્યજિનનું વંદન કર્યા પછી સ્થાપનાજિનના વંદનને માટે ચૈત્યસ્તવ કહેવાને અંગે જણાવાયું છે કે સ્પષ્ટ અક્ષરો–પદો અને સંપદાઓ બોલવાપૂર્વક દરેક પદે અને અભ્યુપગમઆદિ અર્થને વિચારતો જિનેશ્વર ભગવાનની પ્રતિમામાં જ માત્ર જેણે દૃષ્ટિ સ્થાપન કરી છે એવો અને નિદાનાદિ દોષોથી રહિત મનવાળો શ્રાવક શ્રીજિનેશ્વર મહારાજની વંદન–પૂજા આદિના ફલને માટે કાઉસગ્ગ કરે

अरिहंत चेइयाणं करेमि काउसग्गं અને ठामि काउसग्गं એ અભ્યુપગમ કહેવાય.

વંદણવત્તિઆએ વિગેરે નિમિત્તો કહેવાય.

નિરૂવસગ્ગવત્તિઆએ વિગેરે હેતુઓ કહેવાય.

ઊસસિએણં વિગેરે એકવચનવાળા આગારો કહેવાય.

સુહુમેહિં વિગેરે બહુવચનવાળા અગારો કહેવાય.

આઠ વિગરે શ્વાસોશ્વાસ કાઉસગ્ગનું પ્રમાણ કહેવાય.

આ છ વસ્તુઓ ઉપર આ કાઉસગ્ગ કરનારે ધ્યાન રાખવું જોઈએ.

આ ચૈત્યસ્તવના કાયોત્સર્ગમાં વન્દણવત્તિઆએ વિગેરેમાં પૂજન અને સત્કાર–સન્માનને માટે જે કાયોત્સર્ગ કરવામાં આવે છે, તેમાં સાધુઓને પણ કરાવવાનું અને અનુમોદવાનું હોય છે, માટે તે અયોગ્ય નથી.

શ્રાવક જો કે પૂજનાદિક પ્રતિદિન નિયમિત કરનારો હોય છે જ, પરન્તુ તે પૂજનાદિકથી સંતોષ નહિ માનતાં પૂજનાદિકનું અપરિમિતપણું ગણી તેની પ્રાર્થના માટે જે કાયોત્સર્ગ કરે તે પણ વાસ્તવિક છે.

ભગવાન જિનેશ્વર મહારાજની પોતાની રીતે કરાતી ભક્તિને પૂર્ણરૂપ ગણનારો મનુષ્ય કેટલો બધો માર્ગથી અને સમ્યગ્દર્શનથી ચૂકે છે તે જણાવવા માટે ટીકાકાર મહારાજે **"કોઈએ ન વાંદ્યા હોય તેવી રીતે હું વાંદુ"** એવો વિચાર ધરાવનાર **દશાર્ણ-ભદ્ર** જ્યારે થયા ત્યારે ઇંદ્ર મહારાજને અદ્વિતીય-આડંબરથી ભગવાનનું વંદન કરી દેખાડવું પડયું તે જણાવ્યું છે.

આ વસ્તુ યથાર્થ રીતે સમજવામાં આવે તો ભગવાનના પૂજનમાં થતા પ્રયત્નની હંમેશાં અપૂર્ણતાજ હોય અને પૂર્ણ પ્રયત્ન-વાળા પૂજનાદિકની પ્રાપ્તિને માટે સમ્યગ્દષ્ટિને નિયમિત અભિલાષા રહે અને તે માટે **પૂઅણવત્તિઆએ** વિગેરે કહી કાયોત્સર્ગ કરે તેમાં આશ્ચર્ય નથી.

## કાયોત્સર્ગ સમયે ધ્યાન રાખવા લાયક

કાયોત્સર્ગ કરનારને માટે सद्धाए આદિ સૂત્રોદ્વારા જણાવવામાં આવ્યું છે કે-

પ્રતિક્ષણ વધતા એવા પોતાના અભિલાષથી, છાંડવા લાયક અને આદરવા લાયકના જ્ઞાનથી, તેમજ મનના સ્વાસ્થ્યથી, તેમજ અરિહંત મહારાજના ગુણોનું વારંવાર ચિંતવન કરવાથી કાયોત્સર્ગની સફળતા વધુ છે.

કાયોત્સર્ગનો અધિકાર લીધા પછી ટીકાકારમહારાજે કાઉ-ગ્ગના ઓગણીસ દોષો જણાવવા સાથે લોગસ્સનો અર્થ, ભગવાન્ તીર્થંકરના નામોનો સામાન્ય-વિશેષ અર્થ સાથે જણાવ્યો છે.

ભાવસમાધિમાં જિનદાસ શેઠ કે જેને જીરણશેઠ કહેવામાં આવે છે તેમનું ઉદાહરણ દેવામાં આવ્યું છે.

સર્વલોકના અરિહંત ચૈત્યોની ગણતરી કરતાં અધોલોકમાં સાત ક્રોડ બહોતેર લાખ, તીર્ચ્છાલોકમાં અસંખ્ય અને ઊર્ધ્વલોકમાં ચોરાશીલાખ સત્તાણું હજાર અને ત્રેનીસચૈત્યોની સંખ્યા જણાવવામાં આવી છે.

સર્વલોકના સ્થાપના જિનનો-પાંચમો અધિકાર અને ત્રીજો દંડક જણાવ્યા પછી સર્વ તીર્થંકરો અને શ્રુતજ્ઞાનને વંદન જણાવી પ્રમાદ-ત્યાગ કરવા ઉપર અ-શકટાપિતાનું દ્રષ્ટાંત જણાવવામાં આવે છે. અન્તમાં ચારિત્ર ધર્મરૂપી ધર્મની હંમેશા વૃદ્ધિ થાય તેવી પ્રાર્થના કરવાનું જણાવવા સાથે શ્રુતજ્ઞાનની આરાધનાનો કાયોત્સર્ગ જણાવ્યો છે.)

એવી રીતે ચોથા દંડકની વ્યાખ્યા સર્વ ક્રિયાના ફળરૂપ એવા સિદ્ધભગવાનોને નમસ્કાર કરવા માટે કહેવાતા **સિદ્ધસ્તવની** અને ભગવાન્ **મહાવીરમહારાજ, શ્રીગિરનારજી** તીર્થ **તથા અષ્ટાપદજી** તીર્થ વંદનાનો નવમો, દસમો અને અગિયારમો અધિકાર જણાવવામાં આવ્યો છે. **શ્રીગિરનારજીના** અધિકારમાં બોટિકો (બોડિયા) ની સાથે **ગિરનારજી** સંબંધનો થયેલ વિવાદ જણાવવામાં આવ્યો છે.

વળી **શ્રીઅષ્ટાપદજીને** અંગે **ગૌતમસ્વામીજી** વિગેરેનો અધિકાર જણાવવામાં આવ્યો છે. છેવટે બારમાઅધિકારમાં વૈયાવચ્ચનો કાઉસગ્ગ જણાવી પ્રાર્થનારૂપી પ્રણિધાનસૂત્રની વ્યાખ્યા જણાવવામાં આવી છે. પ્રણિધાનસૂત્રની વ્યાખ્યા કરતાં જે લોકો પોતાના મનને માનીતું અને શાસ્ત્રવિરૂદ્ધ કાર્ય કરાવવા માટે અગર શાસનને અનુસરીને થતા ત્યાગ-વૈરાગ્યનાં કાર્યોને લોકવિરૂદ્ધ તરીકે ગણવા તૈયાર થાય છે. તેઓને માટે શ્રી પંચાશકજીશાસ્ત્રની ગાથાથી નીચે પ્રમાણે લોકવિરૂદ્ધ કાર્યો જણાવેલાં છે તે સુજ્ઞોએ સમજવાની જરૂર છે.

## લોકવિરૂદ્ધ કાર્યોની યાદી

૧ સર્વની પણ નિંદા, તેમાં વિશેષે કરીને ગુણે કરીને સમૃદ્ધ એવા પુરૂષોની નિંદા ૨ ઋજુ-સરળ પુરૂષોની ધર્મકરણીની હાંસી ૩ લોકોમાં પૂજાયેલા મહાપુરૂષોની અવજ્ઞા. ૪ બહુમનુષ્યોથી વિરોધ વાળા મનુષ્યોનો સંગ કરવો ૫ દેશાદિકને લાયકના આચારનું ઉલ્લંઘન કરવું ૬ પોતાને વય-વિભવ અને શક્તિથી શોભે તેના

કરતાં ઉદ્ભટવેશ પહેરવો ૭ કેટલાકનું કહેવું છે કે દીધેલા દાનાદિકનું પ્રગટ કરવું તે પણ લોકવિરૂદ્ધ છે. ૮ સત્પુરૂષોની આપત્તિમાં સંતોષ માનવો. ૯ શક્તિ છતાં સત્પુરૂષોને આવેલી આપત્તિ ટાળવામાં મદદગાર ન થવું,

એ વિગેરે જે કાર્યો થાય તે શાસ્ત્રની અપેક્ષાએ લોકવિરૂદ્ધ જાણવાં.

આ ઉપરથી સમજી શકાશે કે ત્યાગ-વૈરાગ્ય કે ધર્મકાર્યને લોકવિરૂદ્ધને નામે નિંદનારા શાસનથી દૂર છે.

પ્રાર્થના-પ્રણિધાનસૂત્રની અંદર નીચે જણાવેલા વર્ત્તનની પ્રાર્થના છે, તે પણ ધ્યાનમાં રાખવા જેવી છે.

૧. ચારે ગતિરૂપ સંસારથી વૈરાગ્યવાળી ભાવના

૨. ખોટા પદાર્થનું ગ્રહણ છોડી દઈને સાચા પદાર્થનો અંગીકાર.

૩. આ લોકના જે પદાર્થ મળવાથી ચિત્તની સ્વસ્થતા થઈ આર્ત્ત-રૌદ્ર ધ્યાન મટે એવા પદાર્થોની પ્રાપ્તિ.

૪. સર્વજનની નિંદા વિગેરે લોકવિરૂદ્ધનો ત્યાગ ૫. માતાપિતાદિકની ભક્તિ ૬. જીવલોકની અંદર સારભૂત અને શક્તિ તથા ઉદ્યમના ફળરૂપ એવું પરહિતનું કરવું ૭. વિશિષ્ટ ચારિત્ર યુક્ત એવા આચાર્યનો સંસર્ગ ૮. વિશિષ્ટ જ્ઞાન અને ચારિત્ર સહિત એવા સદ્ગુરૂના ઉપદેશને અમલમાં મુકવો ( કોઈ દિવસ પણ આવા ગુરૂ અહિતનો માર્ગ કહે નહિ.)

## ગૃહચૈત્ય-પૂજાવિધિનો ઉપસંહાર

ઉપર જણાવેલા વર્ત્તનો ભગવાનની પાસે તેમના પ્રભાવથી થાય એમ માંગી લેવામાં આવે છે, તેથી તે સૂત્રને **પ્રણિધાનસૂત્ર** કહેવામાં આવે છે.

ઉપર જણાવેલી વિધિપૂર્વક શ્રાવક હંમેશાં સ્તુતિ અને સ્તોત્રોએ કરીને ગૃહચૈત્યમાં રહેલા ભગવાન્‌ના બિંબોને વંદન કરે, એટલું જ નહિ પરન્તુ ભગવાન્ જિનેશ્વરરૂપી દેવની સાક્ષીએ શ્રાવક નવકારસી આદિ પચ્ચક્ખાણ ગ્રહણ કરે,

આવી રીતે ગૃહચૈત્યના અધિકારનું વર્ણન કર્યા પછી ગ્રામ-ચૈત્યને અંગે શ્રાવકજને કેવી રીતે શાસનની પ્રભાવના અને આત્મ-ઉદ્ધાર માટે વર્તવાનું છે તે જણાવતાં ભગવાન્ શ્રાદ્ધદિનકૃત્યકાર નીચે પ્રમાણે જણાવે છે.

## ગ્રામચૈત્યે અને ગુરૂવંદનાર્થે જતાં ઠાઠમાઠ કેવો હોવો જોઈએ ?

ગૃહચૈત્યના બિંબોની પૂર્વે જણાવ્યા પ્રમાણે દ્રવ્ય અને ભાવ બન્ને પ્રકારે પૂજા કર્યા પછી શ્રાવક ગ્રામચૈત્યમાં દર્શન-પૂજન કરવાને જાય.

તેનો વિધિ જણાવતાં શાસ્ત્રકાર કહે છે કે—

શ્રાવકવર્ગે ગ્રામચૈત્યમાં જતાં હાથી, ઘોડા, સીપાઈ, પાલખી, અને રથ વિગેરેના આડંબરથી જવું જોઈએ.

જો કે ગુરૂ પાસે સામાયિક કરવા જવાને માટે પણ શાસ્ત્રકારો ઋદ્ધિમાનોને માટે આવી વિધિ જણાવે છે, અર્થાત્ ઋદ્ધિમંતોએ ઘેરથી સામાયિક કરીને જવાનું હોતું નથી, પરન્તુ ઋદ્ધિમન્તોએ ઉપાશ્રય જઈ ને સામાયિક કરવાનું હોય છે. ઘેરથી સામાયિક કરીને ઉપાશ્રયે જવાનું વિધાન તો ઋદ્ધિમન્તો ન હોય તેને માટે છે.

આ ઉપરથી સુજ્ઞમનુષ્યો સમજી શકશે કે સામાયિકનું ફલ દિવસે દિવસે લાખ સોનૈયા દેવા જેવું અર્થાત્ સોનાનો ઢગલો દેવા જેવું શાસ્ત્રકારોએ જે જણાવેલું છે, તે સર્વવિરતિરૂપી સામાયિકની અપેક્ષાએ સંગત જણાય છે. દેશવિરતિવાળાને સામાયિકને માટે તો સામાયિક કરતાં પણ શાસનની પ્રભાવના અને ભક્તિનું કાર્ય વિશેષે કરવા યોગ્ય છે, અને તેથી ઋદ્ધિમન્તોને માટે ઘેરથી સામાયિક

કરીને ઉપાશ્રયે જવાનું ન રાખતાં ઉપાશ્રયે જઈને સામાયિક કરવાનું શાસ્ત્રકારોએ રાખેલું છે, અને રાખવામાં શાસ્ત્રકારોએ સ્પષ્ટપણે કારણ જણાવેલું છે કે ઋદ્ધિમંતોએ આચાર્યભગવંતોની પાસે અશ્વ, હસ્તી આદિ આડંબર સાથે જવું જોઈએ, કે જેથી જગત્‌માં જૈન-શાસનની અને તેના ધુરંધરો જે આચાર્યભગવંતો તેઓશ્રીની છાયા પડે અને તેથી ઘણા લોકો ધર્મસન્મુખ થાય.

**ઋદ્ધિમંતો ઘેરથી સામાયિક લઈને વંદનાર્થે કેમ ન જાય?**

આ હકીકતને વિચારતાં સ્પષ્ટપણે માલમ પડશે કે **ઋદ્ધિમંત શ્રાવકોએ હાથી, રથ, ઘોડા વિગેરે આડંબરથી ગુરૂને વંદન કરવા જવું જોઈએ,**

પ્રતિમા-લોપકોએ માનેલા બત્રીસ સૂત્રોમાં કે યથાર્થ પરંપરાએ ચાલ્યા આવેલા પીસ્તાલીસ આગમોને માનનારા શ્વેતામ્બર શાસ્ત્રનો એવો પાઠ કોઈપણ દેખાડી શકે તેમ નથી કે અમુક શ્રેષ્ઠી, સેનાપતિ ઈશ્વર વગેરેમાંથી કોઈએ પણ ઘેરથી સામાયિક લઈને ગુરૂવંદન કરવા જવાનું કર્યું હોય.

શાસ્ત્રને જાણનારા અને મનન કરનારા પુરૂષો તો બરોબર સમજે છે કે તીર્થંકર મહારાજ, ગણધરમહારાજ કે આચાર્ય મહા-રાજાઓને વંદનક રવા ગયેલા તેઓનું જ્યાં જ્યાં સૂત્રોમાં વર્ણન આવે છે, ત્યાં ત્યાં મહારાજા કોણિકની સમૃદ્ધિની ભલામણ કરવામાં આવે છે,

વળી ત્યાં ત્યાં **આનંદશ્રાવક** કે જેણે તીર્થંકર ભગવંત વિગેરેને વંદન કરવા માટેનો રથ પણ જુદો રાખ્યો હતો એને **ધર્મયાન** કહેવામાં આવ્યું હતું, અને જેમાં બેસીને **આનંદશ્રાવકે** ભગવાન્ **મહાવીર** મહારાજાને વંદન કરવા ગમન કર્યું હતું.

અર્થાત્ કોઈ રાજા કે મહારાજા માટે કે શ્રેષ્ઠી યા સેનાપતિ માટે ઘેરથી સામાયિક લઈને તીર્થંકર ભગવંત વિગેરેને વંદન કરવા જવા માટેનો અધિકાર નથી.

## દેશવિરતિ કરતાં ઠાઠમાઠથી વંદન કરવા જવાનો અનેરો મહિમા

આ હકીકત બારીકબુદ્ધિથી તપાસતાં સ્પષ્ટ થશે કે-

ઋદ્ધિમંતો દેશવિરતિ સામાયિક કરવા દ્વારા જે ફળ પ્રાપ્ત કરી શકે તેના કરતાં શાસનની ઉન્નતિ કરવા માટે હસ્તી-ઘોડા આદિના આડંબર દ્વારા તીર્થંકર-ભગવંત આદિના વંદનથી થતા ફલની ઘણી મહત્તા છે.

જો કે ભગવાન્ તીર્થંકર મહારાજની પ્રતિમા અને તેની પૂજાના વિરોધીઓને આ કથન અનુકૂલ લાગશે નહિં, પરન્તુ તેઓએ પોતાની કલ્પેલી અનુકૂલતા કે પ્રતિકૂલતાને ન જોતાં શાસ્ત્રમાંથી એવો એક પણ પાઠ દેખાડવો જોઈએ કે અમુક રાજા-મહારાજા આદિ ઋદ્ધિમંત પુરૂષોએ ભગવાન્ તીર્થંકર વિગેરેને આડંબરથી વંદન ન કરતાં ઘેરથી સામાયિક લઈને ગામ-બહાર જઈને વંદન કર્યું છે,

જો કે શંખ (પુષ્કલી) સરખા શ્રાવક કે જેઓએ વંદન કરવાના પહેલે દિવસે પૌષધ કરેલો છો, તેઓએ બીજે દિવસે પૌષધમાં વન્દન કરવાનું આચર્યું છે, પરન્તુ તીર્થંકરમહારાજાદિને વંદન કરવાને નિકળતાં નિરારંભપણા માટે કે અધિકરણથી બચવા માટે કોઈ પણ રાજા-મહારાજા કે શ્રેષ્ઠી સેનાપતિએ ઘેરથી સામાયિક લઈને વંદન કરવા જવાનું રાખ્યું નથી.

## વંદન માટે અધિકારપ્રવૃત્તિ

આવી રીતે શાસ્ત્રમાં જણાવેલી વસ્તુસ્થિતિને સમજનારો સુજ્ઞ મનુષ્ય કોઈ દિવસ પણ શાસનની પ્રભાવના કરતાં શ્રાવકોને અંગે અધિકરણના ત્યાગને ઉંચો નંબર આપી શકે નહિં.

વ્યાખ્યાકારો પણ સ્પષ્ટ શબ્દોમાં એ જણાવે છે કે-

ઋદ્ધિમંતોએ ઘેર સામાયિક કરીને તીર્થંકર અને આચાર્ય ભગવંતો આદિની પાસે નહિ આવવાનું કારણ એ છે કે-

સામાયિક લીધા પછી હાથી, રથ, ઘોડા આદિનું અધિકરણ કલ્પે નહિ, અર્થાત્ ઋદ્ધિમંતોએ જરૂર ઘોડા-રથ આદિના આડંબરદ્વારા તીર્થંકર ભગવંતો અને આચાર્યભગવંત આદિને વંદન કરવા જવું જોઈએ, તેવા આડંબર માટે એટલે તેવું અધિકરણ પ્રવર્ત્તાવવા માટે કદાપિ સામાયિક-સહિતપણે ઘેરથી ન જવાય, એટલે દેશવિરતિ સામાયિકનો ભોગ આપવો પડે તો તે પણ ઉચિત છે.

પરન્તુ તે કોઈપણ પ્રકારે અનુચિત નથી.

ઉપર જણાવ્યા પ્રમાણે જ્યારે આચાર્યાદિભગવંતો પાસે ખુદ સામાયિકાદિ કરવા જવું હોય છતાં પણ શાસનની ઉન્નતિ, તીર્થંકરઆદિકની ભક્તિ, અન્ય-જીવોને શાસનની અનુમોદના તથા શાસનથી બહાર રહેલા જીવોને પણ બોધિબીજ અને સમ્યક્ત્વાદિની પ્રાપ્તિના કારણભૂત તરીકે હાથી-ઘોડાદિનો આડંબર જરૂરી તરીકે ગણવામાં આવ્યો, તો પછી સામાન્યરીતે ગ્રામચૈત્યના દર્શનને માટે જતો બુદ્ધિમાન્ શ્રાવક હાથી, ઘોડા, સીપાઈ, પાલખી અને રથ વિગેરેના આડંબરથી શાસનની પ્રભાવના વિગેરે માટે ગ્રામચૈત્યનું વંદન-પૂજન કરવા જાય તે ખરેખર યોગ્ય છે.

ધ્યાન રાખવા લાયક એ હકીકત છે કે-ઋદ્ધિમંતરાજા-મહારાજા અને શ્રેષ્ઠી-સેનાપતિ આડંબરથી ગુરૂમહારાજ પાસે આવી સર્વ-અધિકરણ અને અલંકારો છોડીને સામાયિક કરવાની વાત ઉપરથી ધર્મથી દૂર ખસેલાઓની ગુરૂ પાસે સામાયિક ન કરવાની વાત તો અંશે પણ સાંભળવા લાયક નથી, **આડંબર વિના વંદને જતા ઋદ્ધિમંતની ઋદ્ધિ વ્યર્થજ ગણાય.**

જેમ લોકોક્તિએ દશેરાના ખાસ દિવસે ઘોડો દોડે નહિ તો એનું બલ-સામર્થ્ય વિગેરે સર્વ વ્યર્થ ગણાય, તેવી રીતે જિનેશ્વર મહારાજના શાસનમાં જે જે ઋદ્ધિમંત રાજા મહારાજા કે શ્રેષ્ઠી સેનાપતિ હોય, તેઓ જો તીર્થંકરભગવંત કે આચાર્યમહારાજના વંદન વખતે પોતાની ઋદ્ધિનો આડબર ન કરે તો ખરી રીતિએ

તેની હસ્તીઆદિ ઋદ્ધિ શાસન અને ધર્મની અપેક્ષાએ વ્યર્થ ગણાય.

આ વાત જ્યારે લક્ષ્યમાં લેવામાં આવશે ત્યારે મહારાજા **કોણિક, ઉદાયન, જિતશત્રુ** અને **અદીનશત્રુ** વિગેરે અનેક રાજાઓએ ભગવંત તીર્થંકર મહારાજના વંદનને અંગે આખા ગામને શણગારવા અને સમસ્ત ઋદ્ધિ યુક્ત થઈને વંદન કરવાના પ્રયત્નો કર્યાનું કથન સૂત્રકારોએ સ્થાને સ્થાને કેમ કર્યું છે? તેનો ખુલાસો સ્વયં થઈ જશે.

## દશાર્ણભદ્રજીનું અભિમાન શા માટે?

આ વાત ખૂબ જ લક્ષ્યપૂર્વક વિચારતાં સમજાશે કે- રાજા **દશાર્ણભદ્રજીને** અભિમાન કરવાનું કોઈપણ અન્ય સ્થાન ન રહ્યું, પરન્તુ ભગવંત જિનેશ્વર મહારાજને વંદન કરવામાં એવા ઠાઠમાઠથી હું વંદન કરૂં કે જેવું વંદન બીજા કોઈપણ રાજા-મહારાજા કે શ્રેષ્ઠી-સેનાપતિએ કરેલું હોય નહિ. એમ અભિમાન થયું.

ધ્યાન રાખવું કે કોઈપણ રાજા મહારાજા કે શ્રેષ્ઠી-સેનાપતિએ દેશવિરતિ સામાયિકને અંગે એવું વિચાર્યું નથી કે કોઈપણ રાજા મહારાજા કે શ્રેષ્ઠી-સેનાપતિએ સામાયિક ન કર્યું હોય તેવા રૂપે હું સામાયિક કરૂં, કારણ કે સામાયિકમાં આડંબરને અવકાશ હોતો નથી, પરન્તુ ભગવંત જિનેશ્વર તીર્થંકરમહારાજા વિગેરેના વંદનમાં દરેક રાજા-મહારાજાઓની પ્રવૃત્તિ હતી અને તેથી તે વંદનના આડંબરમાં સર્વોત્કૃષ્ટ સ્થાન મેળવવાનું મહારાજા **દશાર્ણભદ્રજીને** મન થયું.

આવી રીતે જ્યારે, દશાર્ણભદ્રજીનું ભગવાન તીર્થંકરમહારાજને વંદન કરવાના આડંબરમાં જ્યારે સર્વોત્કૃષ્ટ સ્થાન મેળવવાનું નિશ્ચલ મન થયું ત્યારે તે મહારાજ **દશાર્ણભદ્રજીના** આડંબરમાં સર્વોત્કૃષ્ટપણું સાધારણ ચીજ નથી, પરંતુ તીર્થંકરના વંદનના આડંબરમાં તો સર્વોત્કૃષ્ટપણું કંઈ ઓરજ ચીજ છે એ જણાવવા માટે **સૌધર્મેન્દ્ર** મહારાજને વચનાતીત એવા દેવતાઈ આડંબરથી

ભગવાન **મહાવીર**મહારાજને વંદન કરવાનો પ્રયત્ન કરવો પડ્યો.

આ રીતની શાસ્ત્રકારે જણાવેલી હકીકતને ભગવાન તીર્થંકરના વિષે થતા આડંબરની બરોબર કિંમત સમજનારાઓ યથાર્થપણે સમજી શકશે.

## સર્વોત્કૃષ્ટસ્થાન મેળવવા સર્વવિરતિનું ગ્રહણ

વળી **સૌધર્મેન્દ્ર**મહારાજ કરતાં વંદનના આડંબરમાં અધિક વધવાની શક્તિ મહારાજા **દશાર્ણભદ્રમાં** હાથી આદિના આડંબરદ્વારા તો ન્હોતી, એટલું જ નહિ પરન્તુ **દશાર્ણભદ્રજી** દેશવિરતિ સામાયિક લઈ પણ લે તો પણ સૌધર્મેન્દ્રના ભક્તિના આડંબરથી વધી શકે તેમ ન્હોતું, એટલે મહારાજા **દશાર્ણભદ્રજીને સૌધર્મેન્દ્ર** મહારાજના આડંબરની ઉત્કૃષ્ટતાને દબાવવાનું એકજ સાધન હાથમાં હતું અને તે એજ કે સર્વવિરતિ–સામાયિકનું અંગીકાર કરવું.

આ કારણથી **મહારાજા દશાર્ણભદ્રે** તે પોતાની સર્વોત્તમતાની પ્રતિજ્ઞા જાળવવાને માટે જેમ અન્ય હસ્તીઆદિક બાહ્ય–આડંબર દ્વારા પ્રયત્ન કર્યો નથી, તેમજ દેશવિરતિસામાયિક કે પૌષધદ્વારા પણ તે જાળવવાનો પ્રયત્ન કર્યો નથી, કિન્તુ સર્વવિરતિ સામાયિક લેવા દ્વારા ઉત્કૃષ્ટ થવાની નિશ્ચલતા સાચવી છે.

એ ઉપરથી સ્પષ્ટ સમજાશે કે–

દેશવિરતિસામાયિક અને પૌષધ ભગવાન–જિનેશ્વરમહારાજના શાસનની પ્રભાવના અને તેઓની ભક્તિની આગળ ઉત્કૃષ્ટતા ધારણ કરી શકે તેમ નથી, અને આજ વાત ઋદ્ધિમંતોના સામાયિકને અંગે શાસ્ત્રકારોએ ચોક્ખા શબ્દોમાં જણાવી છે.

એવી જ શાસનપ્રભાવનાની વાત આચાર્ય મહારાજશ્રી **દેવેન્દ્રસૂરિજી મહારાજ** પોતાના ગૃહચૈત્યમાં રહેલા ભગવાનના બિંબોનું પૂજન કર્યા પછી ગ્રામચૈત્યમાં રહેલા બિંબોનું પૂજન કરવા માટે જવામાં ઋદ્ધિમંત ગૃહસ્થોને આડંબરની જરૂરીયાત દ્વારા જણાવે છે.

## કુટુંબ-મિત્રાદિ સાથે હોવા જોઈએ

વળી જેવી રીતે શ્રાવકવર્ગે ગ્રામચૈત્યમાં, હાથી, ઘોડા, સીપાઈ પાલખી અને રથના આડંબરે જવાનું છે, તેવી જ રીતે શ્રાવકવર્ગ જ્યારે ગૃહચૈત્યના બિંબનું પૂજન કરી ગ્રામચૈત્યમાં જાય ત્યારે પોતાના સર્વકુટુંબી અને સર્વમિત્રોને સાથે લઈને ગ્રામચૈત્યમાં જાય.

આવી રીતે કુટુમ્બ અને મિત્રોની સાથે ગ્રામચૈત્યે જવાનો નિયમ જણાવતાં પૂજ્યશ્રી **શ્રાદ્ધદિનકૃત્યસૂત્રકાર** સ્પષ્ટપણે જણાવે છે કે-

ધર્મનાં કાર્યોમાં કોઈપણ સુજ્ઞ મનુષ્યે-ગંધીલા થવું જોઈએ નહિં, કિન્તુ જિનેશ્વર મહારાજની ગ્રામચૈત્યમાં પૂજા કરવા જવાની વખતે પોતાના સમગ્ર-કુટુમ્બીજનોને સાથે લેવા જોઈએ.

જૈનશાસ્ત્રને સાંભળનાર અને સમજનાર મનુષ્ય સારી રીતે સમજી શકે છે કે—

સૌધર્મઆદિ ઇંદ્રો જે જે વખતે ભગવાન્ તીર્થંકર-મહારાજના જન્માભિષેકઆદિને માટે તીર્છા લોકમાં મેરૂપર્વત વિગેરે સ્થાનમાં આવે છે, ત્યારે તેઓ પોતાના સર્વ દેવ-દેવીના પરિવારને સાથે લાવવા માટે **હરિણૈગમેષી** દેવતાદ્વારા **સુઘોષાનામની** ઘંટા કે જે ઘંટાના વાગવાથી **સૌધર્મદેવલોકમાં** બત્રીશ લાખ વિમાનોમાં ઘંટાનો અવાજ થાય છે, અને **ઈશાનાદિક** દેવલોકોમાં તેવી ઘંટાઓ વાગવાથી અઠ્ઠાવીસ લાખ આદિ વિમાનોમાં ઘંટાનો અવાજ ઉત્પન્ન થાય છે, અને તેવી રીતે ઘંટા વગાડી ક્રીડામાં આસક્ત અને વિષયમાં ડુબેલા એવાઓને તે ક્રીડા અને વિષયથી પરાઙ્મુખ કરી જિનેશ્વરમહારાજના જન્માભિષેક આદિ માટે પોતે **મેરૂપર્વત** ઉપર જાય છે. એમ જણાવવા સાથે સર્વ દેવ અને દેવીઓને પણ ત્યાં જન્માભિષેક આદિમાં હાજર થવાનો હુકમ કરવામાં આવે છે.

## ઇંદ્રની આજ્ઞાને માનવાવાળો દેવ-દેવીઓનો મ્હોટો ભાગ

આ કારણથી દેવતા અને દેવીઓના આવાગમનમાં શાસ્ત્રકારો ઇંદ્રની આજ્ઞાને કારણ તરીકે સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે.

જો કે કેટલાક દેવ-દેવીઓ જિનેશ્વરમહારાજની ભક્તિથી આવે છે, કેટલાક અન્યની પ્રેરણાથી આવે છે, પરન્તુ દેવ-દેવીઓનો મોટો ભાગ તે જન્માભિષેકાદિની અંદર આવે છે. માટે શાસ્ત્રકારો 'बहवे' એવું વિશેષણ વાપરે છે, જો કે 'बहवे' એવા વિશેષણથી ઇંદ્રમહારાજ જન્માભિષેકમાં હાજર થવાનો જે હુકમ, તે તેના ભંગને અંગે શિક્ષાના પાત્ર તરીકે તો ન્હોતો જ. એમ 'बहवे'થી સ્પષ્ટ થાય છે, પરન્તુ દેવ-દેવીઓનો મ્હોટો ભાગ ઇંદ્રમહારાજના હુકમને અનુસર-વા વાળો હતો, અને તેથી ભગવાન્ જિનેશ્વર મહારાજના જન્માભિષેક આદિમાં ભક્તિનો અતિશય લાભ તે મેળવતો હતો તે નિશ્ચય છે.

આ રીતે ઋદ્ધિમાન-શ્રાવકોએ પણ પોત-પોતાના કુટુંબી અને મિત્રજનોને ભક્તિ, અનુવૃત્તિ, પ્રેરણા, અને યાવત્ હુકમદ્વારા પણ ગ્રામચૈત્યના ગમનરૂપી પ્રભાવ નાના મહોત્સવમાં દોરવા જોઈએ.

**દ્રવ્યો પણ ઉત્તમોત્તમ વાપરવાં જોઈએ.**

જેવી રીતે સૂત્રકાર-મહારાજા ગ્રામચૈત્યમાં જતી વખતે કુટુંબીજનો અને મિત્રોને સાથે લેવાનું જણાવે છે, તેવી જ રીતે એ વાત પણ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે-

પૂજામાં ઉપયોગી થતું જે પુષ્પ વિગેરે દ્રવ્ય લેવું જોઈએ તે બધું ઉત્તમોત્તમ દ્રવ્ય શ્રાવકે કુટુંબ અને મિત્રસહિત જતાં ઘેરથી સાથે લેવું જોઇએ.

ભગવાન્ જિનેશ્વર મહારાજના જન્માભિષેક વખતે જેમ ઇંદ્ર-મહારાજના અભિષેકો છે તેવી રીતે ઇંદ્રાણી-લોકપાલ-સામાનિક ત્રાયસ્ત્રિંશત્-સૈન્યાધિપતિ વિગેરેના પણ અભિષેકો હોય છે, એટલે સ્પષ્ટ થયું કે એકલા માલિકે જ અભિષેકની સામગ્રી એકઠી કરવાની નથી, પરન્તુ માલિકે જેવીરીતે અભિષેકની સામગ્રીનો ઉપયોગ કરવો, તેવી જ રીતે તેની આજ્ઞામાં રહેનારા બીજાઓએ પણ ભગવાન જિનેશ્વર મહારાજની ભક્તિ માટે સામગ્રી ધારણ કરવી જોઇએ.

આ હેતુથી ઋદ્ધિમાન શ્રાવકની સાથે જે એનો કુટુંબવર્ગ

અને મિત્રવર્ગ ગ્રામચૈત્યે જવાના આડંબરમાં જોડાયેલો હોય તે સર્વેએ કલશ, ધૂપ, દીપ, પુષ્પ, ફલ, નૈવેદ્ય વિગેરે સર્વ પૂજાની સામગ્રી સાથે લેવી જોઇએ.

ઉપર જણાવેલ અધિકારમાં એક વસ્તુ ખરેખર ધ્યાન ખેંચે એવી છે અને તે એ કે ભગવાન જિનેશ્વર મહારાજની પૂજા સ્નાન અને વિલેપનથી શરૂ થાય છે, અને તેથી જળ અને સુગન્ધિદ્રવ્યની જરૂર જણાવવી જોઇએ, છતાં શાસ્ત્રકાર પુષ્પાદિદ્રવ્યોને પૂજાના સાધન તરીકે જે જણાવે છે તેનું કારણ ગંભીરપણે વિચારવાની જરૂર છે.

**ઉપયોગમાં પ્રથમ જલ હોવા છતાં પુષ્પાદિ પૂજા કેમ!**

જૈન જનતાને એ વાત તો ધ્યાનબહાર નથી કે–

જેવી રીતે સુવર્ણ, રત્ન, રૂપું વિગેરે ઉત્તમ ધાતુઓની મૂર્તિઓ જેમ થાય છે, તેમ અનેક પ્રકારના ઉત્તમપાષાણની મૂર્તિઓ પણ કરવામાં આવે છે, આ મૂર્તિઓ જેવી રીતે શાસ્ત્રવચનોને અનુસરીને કરવામાં આવેલી મનાય છે, એવી જ રીતે માટીની મૂર્તિ પણ બનાવવાનું શાસ્ત્રોમાં અનેક સ્થાને સૂચન છે, અને તે મૂર્તિઓ બનાવેલાના પણ લેખો શાસ્ત્રોમાં ઘણે ઠેકાણે છે.

તો તેવી માટીની મૂર્તિ ઉપર, અભિષેક–વિલેપનાદિ ન હોય, અને પુષ્પાદિકથી જ પૂજન કરવાનું હોય, તેથી પૂજામાં પુષ્પની વ્યાપકતા ગણીને શાસ્ત્રકારોએ ઘણે સ્થાને પુષ્પાદિપૂજા જણાવી હોય તો તે યોગ્ય છે.

વળી કેટલાકોના કહેવા પ્રમાણે વિલેપનાદિકની પૂજાઓ પોત-પોતાને સ્થાનેજ માત્ર પ્રવર્તેલી હોય છે, પરન્તુ પુષ્પનો ઉપયોગ તો કુસુમાંજલી, પુષ્પપ્રકર, પુષ્પપૂજા, આંગીરચન, પુષ્પગૃહ વિગેરે અનેકસ્થાનોમાં હોય છે અને તેથી દ્રવ્યપૂજામાં પુષ્પ પ્રાધાન્યતા ભોગવે છે.

☐

## સમ્યક્ત્વના ત્રણ પગથિયાં

卐

### સમ્યકત્વના ત્રણુ પગથિયાં કયાં?

इणमेव निग्गंथे पावयणे- अट्ठे, परमट्ठे, सेसे अणट्ठे,

સમ્યકત્વ પામનારો પહેલાં કયા વિચારમાં આવે? હજી સમ્યક્ત્વ પામ્યો નથી. હજી માત્ર ધર્મીના સંસર્ગમાં આવ્યો જેથી તેને ધર્મનું કાર્ય કરવાનો વિચાર થાય, એને એમ થાય કે દુનિયા માટે આટલું કરૂં છું તો આટલું આમાં પણ કરૂં. આવી સ્થિતિ થાય પહેલું અટ્ઠે નું પગથીયું આવ્યું ગણાય.

નિર્ગ્રંથ-પ્રવચનને અર્થ ગણે ત્યાં સુધી તો હજી પહેલું પગથીયું સમજવું. પણ હજી એ સોનું તથા પિત્તલ સરખા ભાવે લે છે તેનું શું? અલબત્ત સોનું ન લે તેના કરતાં એ સારો પણ બુદ્ધિમાનની અપેક્ષાએ એ કેવો ગણાય?

દુનિયાના પદાર્થો પ્રત્યે જેટલો રાગ, તેટલો દેવાદિ પ્રત્યે રાગ હોય તો હજી '**ટકે શેર ભાજી, ટકે શેર ખાજાં**,' વાળો ન્યાય ત્યાં રહ્યો, તે છતાં '**ન મામાથી કે'ણો મામો સારો**' પણ તેય કયાં છે? પાંચ રૂપિયા ગયેલા મળે તેમાં અને અવિરતિમાંથી વિરતિ મળી તેમાં આ બેના આનંદમાં કેટલો ફરક પડે છે?

હજી ત્યાં સરખો આનંદ નથી એટલે સમજાશે કે આ જીવ હજી પહેલા પગથીયે પણ આવ્યો નથી.

સમ્યકત્વના ત્રણ પગથિયામાં બીજુ પગથીયું परमट्ठे છે. શ્રી જિનેશ્વર દેવે પ્રરૂપેલ ત્યાગમય પ્રવચન **પરમાર્થ** છે. એવું મંતવ્ય તે બીજુ પગથીયું છે. બીજા પગથિયાવાળો દુનિયાને (દુન્યવી પદાર્થોને) કાચના હીરા તુલ્ય માને જયારે ધર્મને સાચો હીરો માને છે.

ઝવેરીનો છોકરો સાચા મોતી કે સાચા હીરાને સમજવા

(પારખવા) લાગ્યો કે તરત જ કલ્ચર મોતી કે કાચના નંગને ફેંકી દે છે. સાચા હીરાની કણી આગળ ખોટા હીરાની પેટીની પણ કિંમત નથી.

જીંદગી વહેતા પાણી જેવી છે.

આવી જ રીતે આયુષ્યની ઘટના પણ વહેતા પાણીની સાથે કરવી, કેમ કે આપણું આયુષ્ય પણ વહેતા પાણીની માફક વહી રહ્યું છે.

ચાહે તો ધર્મમાં જોડો અગર ન જોડો તો પણ એ તો વહેવાનું છે. ક્ષણે ક્ષણે જીંદગી ઘટવાની છે. ધર્મ કરો કે ન કરો તેથી જીંદગી વધવા-ઘટવાની નથી. જીવ, પુણ્ય, પાપ, સ્વર્ગ, નરક મોક્ષાદિ તત્ત્વોની માન્યતામાં જુદા જુદા મતો છે, એમાં મતભેદ છે. પણ મોત છે એમ માનવામાં જગત્ ભરમાં બે મત નથી.

મરણ નહીં માનનારો એવો કોઇ નાસ્તિક નથી. જીંદગી ફના થવાની છે. એ તો સૌ (બધા) એક સરખી રીતે કબુલે છે. જેમ ઘાટનું પાણી સદુપયોગમાં લ્યો અગર ન લ્યો તો પણ ખારા પાણીમાં ભળીને ખારૂં થવાનું જ. તેમ જીંદગી સાચવીએ તો પણ ફના થવાની છે. આ વાત જાણવા છતાં જીવન પ્રત્યે જેટલો પ્યાર થાય છે તેટલો ધર્મ પ્રત્યે થતો નથી.

કારણકે હજી આ જીવ પરમહેના બીજે પગથિયે આવ્યો નથી. શરીર, કુટુંબ, સિદ્ધિ, વિગેરે જીવને છોડે કે જીવ એ તમામને છોડે? વસ્તુતઃ છૂટવાનું છે. એમાં ફરક નથી. આયુષ્ય ક્રમે ક્રમે ક્ષય પામે છે. મરવું કોઈને ગમતું નથી. જીવ માત્ર જીવવાની આશા રાખે છે. પણ એમ આશા રાખવાથી જીવન મળી જતું નથી.

આટલે આવ્યા પછી સમકિત આવ્યું? ના! હજી સુધી મિત્રોને મિત્રો ગણ્યા પણ શત્રુને શત્રુ સમજ્યા નહિ, શત્રુને મિત્રની કોટીમાં (પંક્તિમાં) બેસાડયા (ગણ્યા) માટે ધર્મને અર્થ તથા પરમાર્થ ગણવા છતાંયે સમ્યક્ત્વ છેટું (દૂર) છે. નિર્ગ્રંથ પ્રવચન સિવાય દુનિયાના પદાર્થ માત્ર અનર્થ રૂપ છે, નિરર્થક છે, એટલું જ માત્ર નહિં પણ અનર્થકર છે, અનર્થ રૂપ છે આ ત્રીજું પગથીયું!!!

"આનંદ ઝરણાં" (ભા-૧)માંથી

શ્રી વર્ધમાન સ્વામિને નમઃ

# આગમજ્યોત

વીર નિ. સં. ૨૫૦૪
વિ. સં. ૨૦૩૪
વર્ષ ૧૩
પુસ્તક ૨

दाणधम्मो हि सासणमूलं

## શ્રીશ્રેયાંસકુમારના દાનનું રહસ્ય

આ અવસર્પિણીમાં પ્રથમ સુપાત્રદાનના પ્રસંગમાં આપણે જાણીયે છીયે કે—

ગ્રામાધીશ, દેશાધિપ, ખંડાધિપ કે સાર્વભૌમસત્તાધીશો બોલાવ્યા કે અણુબોલાવ્યા કોઈપણ પ્રજાજનને ત્યાં પધારે છે, ત્યારે કોઈપણ પ્રજાજન તે ગ્રામાધિપ આદિને અભ્યંતરપણે ઈષ્ટ હોય તો પણ અશન-પાનાદિને દેવાનું કે તેની વિજ્ઞપ્તિ કરવાનું યોગ્ય ગણતો નથી. તો પછી અખંડ અને આદ્ય-અધિપતિપણાને કરનાર અને જગતની સર્વસૃષ્ટિની ઉત્પત્તિ જેઓના બુદ્ધિ-પ્રાબલ્ય આદિનેજ આભારી હતી, તેવા મહાપુરૂષ કોટવાલ તરીકે, માન્યતમ ગુરૂવર્ગ તરીકે, સમાન સ્થિતિમાં રાખેલા હોઈ રાજન્ય તરીકે અને છેવટે ત્રણે વર્ગમાં પણ જેઓને ચઢાવી શકાયા કે ચઢી શકયા નહિ તેવા ક્ષત્રિયો પ્રજાવર્ગ તરીકે લાખો પૂર્વો અને ક્રોડો વર્ષો સુધી રહેલા અને રાખેલા એવા મનુષ્યો પાસે પોતાની રાજ્યઋદ્ધિની અને મુકુટાદિસહિતની દશાને સર્વથા વોસિરાવવા સાથે રાજ્યના કટકા-બુકલા કરી પોતાના ફરજંદોને

આપી દઈ પોતે એકલા નીકળી પડેલા તે આરક્ષક આદિને ઘેરે પગલાં કરે તે વખતે તે તે આરક્ષકાદિ શું શું આપવા નિમંત્રણ કરે? એ સ્હેજે કલ્પી શકાય તેવી હકીકત છે.

વળી તેમાં પણ જે ભગવાન્ **ઋષભદેવજી**એ લાગલાગટ એક વર્ષ સુધી અખંડપણે અને દેવતાની હાજરીમાં ક્રોડો સોનેયા અને હાથી-ઘોડા વગેરેનાંજ દાન દીધાં છે, તથા અશન-પાનાદિનું દાન અન્ય, તીર્થંકરોના વખતમાં તેમના કુટુંબ તરફથી બન્યાં છે, છતાં ભગવાન્ **ઋષભદેવજી**ના સાંવત્સરિક દાન પ્રસંગે તેવાં મહાનસઆદિ ખોલાવી અશનાદિનું દાન નથી બન્યું, તેથી પણ અશનાદિની માત્ર દરકાર રાખવાવાળા આદ્ય-ભિક્ષાચર એવા ભગવાન્ **શ્રીઋષભદેવજી**ને અશનાદિની નિમંત્રણા કોઈપણ ન કરે તે તેમને માટે અસ્વાભાવિક ન્હોતું, તેમજ હાથી-અશ્વ આદિ કે જેનો પોતે પ્રથમ રાજ્યાધિકારમાં અત્યંત આદરથી સંગ્રહ કર્યો હતો, તેનુંજ નિમંત્રણ થાય તે સ્વાભાવિક હતું.

આવી સ્થિતિમાં ભગવાન્ **શ્રીઋષભદેવજી**ને પોતે અશનાદિના દાનનું પાત્ર છે, એમ જણાવવું કેવું અસંભવિત થઈ પડે? તે કલ્પના બ્હાર નથી. અને આવી દશામાં એ કલ્પનાને પણ હવે સ્થાન નહિ મળે કે ભગવાન્ **શ્રીઋષભદેવજી**એ સાથે પ્રવ્રજ્યામાં દાખલ થયેલા અને ભગવાનને ભરોસે જ કુટુંબ-કબીલા અને ઘરબાર છોડનારાઓની દીક્ષા ટકાવવા જેવા મહા-ભગીરથ પરોપકારી કાર્યમાં કેમ પ્રવૃત્તિ નહિ કરી હોય? એવા જગતની સૃષ્ટિને સર્જનારને આવી દશામાં થવું એ અસંભવિત છે, તેમ અકલ્પનીય પણ છે.

સામાન્ય મનુષ્યની ઔચિત્ય પ્રવૃત્તિ ન્હાય તેવી હોય, પણ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની ઔચિત્ય પ્રવૃત્તિ અનોખું સ્થાન લે, તે અયોગ્ય નથી,

આ ઉપરથી એ પણ સમજી શકાશે કે ભગવાને દીક્ષા ગ્રહણ કર્યા પછી ચાર હજાર સહચારીઓના શ્રમણભાવને ટકાવવા માટે

પણ સુપાત્રદાનનો ઉપદેશ કેમ નહિં આપ્યો હોય ? અર્થાત્ કેટલીક બાબતમાં ત્રિલોકનાથની ઔચિત્યવૃત્તિ અલૌકિક હોય છે. એ વાત બરોબર ધ્યાનમાં લેવા જેવી એટલા માટે છે કે ભગવાન્ **ધર્મઘોષ-સૂરિજીએ** ભગવાન્ **શ્રીઋષભદેવજી** આગળ સાધુઓને કેવી ભિક્ષા કલ્પે વગેરે જણાવ્યું છે છતાં તેજ ભગવાન્ આ વખતે ચાર હજાર સહચરોના સાધુપણાના રક્ષણ માટે તેટલો રીતિનો પણ ઉપદેશ કે ઈસારો કરતા નથી.

આ ઘટનાના મૂલમાં એમ વિચારવું અસ્થાને નહિં ગણાય કે આદ્ય પ્રવૃત્તિ જણાવનારને પ્રવૃત્તિની કર્તવ્યતા જણાવતાં તેનું અનંતર અને પરંપર ફળ જણાવવું તે આવશ્યક થાય, તેમજ દાનના પાત્રનું પણ સરસ રીતે વિવેચન કરવું પડે, એટલે કહો કે શાસનની સ્થાપના સર્વજ્ઞપણું પ્રકટ થયા સિવાય કરવાનો પ્રસંગ આવી પડે, માટે મૌન રહેવું અને સર્વ સહન કરવું એજ પ્રભુએ લીધેલો માર્ગ યોગ્ય હતો-એમ બુદ્ધિશાળિઓને માનવું પડશે.

એક વાત ચાલુ અધિકાર-વિશેષે વિચારવા જેવી છે ને તે એ છે કે **શ્રીશ્રેયાંસકુમારને** ફળ દેનાર તરીકે સાચું સ્વપ્ન આવ્યું, તે સ્વપ્ન **મેરૂનું** કેમ ? **સોમયશા મહારાજાને** સુભટ અને તેની હારજીત સંબંધી તથા નગરશેઠને સૂર્યનાં કિરણોનું ખરી જવું અને **શ્રેયાંસકુમારદ્વારા** જોડાવું દેખાયું, પણ ખુદ્દ **શ્રેયાંસકુમારે** મેરૂનું શ્યામ થવું અને અભિષેકથી ઉજળા થવું કેમ દેખ્યું ? તે વિચારવાની આવશ્યકતા છે.

આ સ્થાને આ વાત જણાવવાની જરૂરી છે કે-કોઈપણ બાળક પછી રાજાનો કુમાર હો કે રંકનો છોકરો હો. ? પણ પ્રત્યક્ષ દેખાતી સુંદરરૂપની વાતો કરતાં અદૃશ્ય અને આશ્ચર્યકારી વાતો તરફ વધારે લક્ષ્ય ધરાવનારો હોય છેઃ વળી તે વખતની સ્થિતિની અપેક્ષાએ આ-બાલ-ગોપાંગનામાં મેરૂની કીર્તિ ઘણી જ જાહેર રીતે ગવાઈ હતી. ભગવાન્ જિનેશ્વરમહારાજના અભિષેકને અંગે જાહેર થયેલ પર્વત

એજ છે કે જે મેરૂના નામે જાહેર હતો. ભગવાન્ ઋષભદેવજી મહારાજ અને બીજા પણ મહારાજાઓની મહત્તાનું માપ એજ મેરૂની ઉપમાથી જ લેવાતું. સંસારિ-લોકોને દ્રવ્યની જે અભિલાષા હોય છે તેમાં ચિરસ્થાયી કહેવાય નહિ, અને બહુમૂલ્ય, એવા જો કોઈપણ દ્રવ્યનો હિસ્સો ગણાયો હોય તો બીજો કોઈ નહિ પણ માત્ર સુવર્ણનો જ હિસ્સો તેવો ગણાયો છે.

જો કે રત્નાદિ વસ્તુઓ પદાર્થો તરીકે સ્થાન-સ્થાનપર વખણાય છે. પણ કાન્તિના પ્રાગ્ભારને માટે ચાંદી અને સોનાને સ્થાન વિશેષે મળે છે અને કાંતિના સ્થાનમાં સોનાને રાખી સોનું અને સુંગધ એવું દૃષ્ટાંત ઉભયની યોગ્યતા માટે વપરાય છે.

આ બધી વાતની સાથે જ્યારે એમ જાહેર રીતે સિદ્ધ થયું હોય કે મેરૂ સોનાનો છે તો પછી કાંતિમાન્ પદાર્થોની પરમકોટિ મેરૂને વરે તેમાં કાંઈ આશ્ચર્ય નથી. અને જ્યારે મેરૂ તે સ્થિતિમાં જાહેર હોય તો પછી તે સંબંધનું સ્વપ્ન સામાન્યરીતિએ કુમારને આવે અને તેમાં વર્ત્તમાનની અધમતા જણાવવા સાથે અતિ-ઉત્તમતા જણાવવી હોય તો તેની શ્યામતા અને છેવટે તેના અભિષેકથી તે સુવર્ણમય મેરૂની અધિક કાંતિમત્તા દેખાય તેમાં આશ્ચર્ય નથી.

સામાન્ય રીતે જો કે અનુભવેલી, સાંભળેલી અને દેખેલી વિગેરે વસ્તુઓ સ્વપ્નાનો વિષય બને છે. પણ ચિન્તના એ એવી અપૂર્વ વસ્તુ છે કે તેનો પ્રભાવ સ્વપ્નદશા ઉપર જબરદસ્ત પડે છે. જો કે ચિન્તાના પ્રાબલ્યપણાને લીધે આવતું સ્વપ્ન ફલ દેનાર તરીકે ગણાતું નથી, અને તેથી ચિન્તાની શ્રેણિથી આવતાં સ્વપ્નોને નિરર્થક ગણવામાં આવે છે, પણ અનુભવ વગેરે ભેદો જુદા પાડેલ હોવાથી ચિંતાના સ્વરૂપને યથાર્થ રીતે સમજવાની જરૂર છે. કેમકે જો વિચારમાત્રને ચિંતા સ્વરૂપે ગણવાનો હોત તો અનુભવાદિ સર્વ જે સ્વપ્નાના હેતુઓ ગણાવેલા છે તે વિચારથી બહાર તો નથી. માટે સ્મૃતિ અને સમન્વાહારને ચિંતા સ્વરૂપ ગણવાં. પણ માત્ર બોધને અથવા

સામાન્ય અધ્યવસાયને ચિંતાસ્વરૂપે ગણવા વ્યાજબી નથી, અને તેવી મેરૂની રાજ્યવર્ણન, ભૂપતિ-સ્તુતિ, સ્થિરતા, સુવર્ણમયતા, અતિશય-પ્રભાસહિતતા આદિગુણોને અંગે અદ્વિતીય છાયા **શ્રેયાંસકુમારના** મગજમાં પડે એ અસ્વાભાવિક નથી, અને તેથી તે સંબંધી નઠારી અને સારી દશા જે સંભવ છે તે સંબંધી સ્વપ્ન આવે તે સ્વાભાવિકજ છે અને તેથી જેમ **સોમમહારાજાને** જીતનું, નગરશેઠ સાહેબને સૂર્યનું સ્વપ્ન જોવું યોગ્ય હતું, તેવી જ રીતે **શ્રેયાંસકુમારને** અંગે મેરૂની શ્યામતા અને અમૃત અભિષેકે થયેલી ઉજ્જવલતા દેખાય તે સ્વાભાવિક છે.

જો કે સુવર્ણની શ્યામતા ટાળવા માટે વહ્નિ કે ક્ષાર જેવા પદાર્થની જરૂર દુનિયામાં જણાઈ છે, પણ સર્વસાધારણ રીતે જગતમાં અમૃતરસ સર્વરસમય અને સર્વકાર્ય કરનારો ગણાતો હોઈ તે અમૃતના અભિષેકથી સુવર્ણમય મેરૂની શ્યામતા નષ્ટ થાય એમ દેખાય અને સુવર્ણમય **મેરૂ** સ્વાભાવિક સુવર્ણથી જે શોભા પામે તેના કરતાં અમૃતના અભિષેકથી વિશેષ શોભા પામતો દેખાય તેમાં આશ્ચર્ય નથી.

પ્રથમના બે સ્વપ્નોથી જેમ યુદ્ધવીર અને દાનધર્મની જાજ્વલ્યમાનતા ધ્વનિત કરાઈ, તેવી રીતે જ અહીં ધર્મવીરપણું ધ્વનિત કરાયું છે, એમ માનનામાં અયોગ્ય થાય છે, એમ કહી શકાય નહિ.

સુવર્ણની સ્વાભાવિક કાંતિ માફક આત્માના સદ્દર્શનાદિરૂપ ધર્મ સ્વાભાવિક ગણાય અને આવિર્ભાવદશામાં વધારે શોભે અને તેનો દેખાવ જ શ્રીશ્રેયાંસકુમારના સ્વપ્નામાં આવે અને આત્માના સ્વાભાવિક અને અવ્યાબાધ સ્વરૂપને પ્રકટ કરનાર ધર્મના અસાધારણ કારણ તરીકે સુપાત્રદાન છે, એમ સ્વપ્ન દ્વારા કુદરત જણાવે છે.

ઉપરના અધિકારને આપણે વર્ષોવર્ષ સાંભળીએ છીએ પણ રહસ્યને વિચારવા તરફ જ લક્ષ્ય ઓછું ગયું હશે તો પછી તેની

તાત્વિક સમીક્ષા તો આપણે કરી હોય એવો સંભવ નથી એમ કહેવામાં ભાગ્યે જ ભૂલ થતી ગણાય.

આપણે શું એટલી ખાતરી દાનધર્મને માટે રાખીએ છીએ કે કિરણ વિનાના સૂર્યની જે દશા ગણી શકીયે તે દશા દાન વિનાના શાસન કે ધર્મસૂર્યની છે કે ગણાય ? જો શાસનસૂર્યને માટે દાનધર્મ મૂલરૂપે સહસ્રકિરણને સ્થાને છે, એમ ગણી શકીએ તો તે સુપાત્ર-દાનની પ્રવૃત્તિ, વૃદ્ધિ અને અતિશયિતા તરફ આપણું કેવું લક્ષ્ય હોવું જોઈએ તે સ્હેજે સમજાશે.

અને જ્યારે સુપાત્રની તે સ્થિતિ સમજાશે ત્યારે જ શીલ, તપ અને ભાવ એ ત્રણ ભેદો જરૂરી છતાં શિક્ષાવ્રત તરીકે અને તેમાં પણ છેવટે વ્રતના છેડા તરીકે હોઈ કલશ તરીકે સુપાત્રદાનને કેમ સ્થાન મળ્યું છે ? તે સમજવાની સુગમતા થશે.

વળી એ બીના ઉપર પણ ખાસ ધ્યાન આપવા જેવું છે કે અન્ય સર્વવ્રતોમાં તે તે વૃત્તિપાલનનોજ ઉપદેશ અને તે પાલનને અંગે જ ફલ આવે છે, જ્યારે આ દાનને અંગે તો જાહેર થયેલ અને આચરાતા વ્રતને અંગે તો દાન દેવાનું ન મળે તો પણ તેનું ફલ લેવા માટે વિચારની શ્રેણી ગોઠવવા નિર્દેશ કરેલો છે અને તેવી ગોઠવણીથી વિચારમાત્રથી પણ વ્રતપાલન થઈ ગયું, એમ વ્રતધારીએ માની લેવું યોગ્ય છે એમ શાસ્ત્રકાર જણાવે છે અને આપણે માનીએ છીએ. અર્થાત્ ભાવનામાત્રથી હજાર કિરણોનું જોડાવું માનવું એ દાનધર્મને જ વરે છે.

આ હકીકતને બરોબર વિચારવાથી સમજાશે કે બીજાં બધાં વ્રતો કરતાં આ દાનનું જ વ્રત એવું છે કે કે જેને ન પાલનારો અર્થાત્ દાનને ન દેનારો હોય છતાં માત્ર થતા વ્રતનું એટલે કરાતા દાનનું અનુમોદન કરવાથી પણ અનેક ભવ્યાત્માઓએ ફલ મેળવ્યાં છે અને એ હકીકત સૂત્ર, સિદ્ધાન્ત, પંચાંગી અને ગ્રંથોથી સેંકડે સ્થાને સિદ્ધ થયેલી છે.

શરીર વિના મોક્ષ નથી, આહાર વિના શરીર નથી, અને દાનધર્મની પ્રવૃત્તિ થયા વિના આહારની પ્રાપ્તિ થતી નથી એ વાતને સમજનારો મનુષ્ય આહારાદિદાનને તીર્થરૂપ માનવા તરફ દોરાય તેમાં નવાઈ શી ?

મહાશયો ! શું આપણે આપણા આત્માને એવી અવસ્થામાં મૂકી શકયા છીએ કે મુકી શકીએ ? કે આપણા સ્વપ્નના ફલની સંકલના પણ શાસનના સરવાળા સાથે હોય. નગરશેઠ જેવા અગ્રગણ્ય પુરૂષો **શ્રેયાંસને** લાભદાયી સ્વપ્ન દેખે અને **શ્રેયાંસકુમારને** તે સ્વપ્નસૃષ્ટિની સફલતા શાસનસૌધની શ્રેયસ્કરતામાં જ મેળવે છે એ સર્વ ભાગ્ય-ચક્રની ચઢતીની ચેષ્ટા છે.

મહાશયો ! આ વાત તો તમારી ધ્યાન બહાર નહિજ હોય કે સ્વપ્નદશા જો કે સર્વથા જાગૃતદશા નથી. તેમ સર્વથા નિદ્રિત-દશા પણ નથી, કિંતુ કંઈક જાગૃતદશા અને કંઈક નિદ્રિતદશા હોય છે ત્યારે જ સ્વપ્નદશા હોય છે. આવી દશામાં સંકલ્પ–વિકલ્પોની જાલ ટકી શકતી નથી અને તેમાં પોતાની ધારણા પ્રમાણે સ્વપ્નસૃષ્ટિ બનાવી શકાતી નથી. અર્થાત્ ખરી રીતે સ્વપ્નસૃષ્ટિની સર્જનહાર સંકલ્પદશા નથી, પણ આત્માની સંસ્કારદશાની પરિપકવતા છે.

આ વાત ધ્યાનમાં લેવાથી સ્પષ્ટ રીતે સમજી શકાશે કે સંસ્કારની પરિપકવદશા પોતાને અંગે હોય તો તે સ્વપ્નસૃષ્ટિના ફલને પોતેજ મેળવે. આ અપેક્ષાએ ભગવાન્ તીર્થંકરઆદિની માતાઓ ચૌદ વગેરે સંખ્યાનાં સ્વપ્નાં જુએ અને પરને અંગે હોય તો પરજન મેળવે અને ઉભયજન હોય તો ઉભયજન મેળવે છે અને તેના ફળ તરીકે થનારા જીવોનું તીર્થંકરપણાઆદિપણું હોય છે, એ રીતે ગર્ભધારણ કરવાવાળી માતાના દોહલા પણ સ્વ–સંકલ્પના માત્ર પરિણામ રૂપ નથી, પણ ગર્ભમાં આવેલા જીવોના સંસર્ગથી પરિપકવ થયેલ સંસ્કારને અંગે હોય છે, અને તેથી તે સ્વપ્ન અને દોહલાઓને ગર્ભમાં આવનારા જીવની અપેક્ષાએ ઉદ્ભવતા ગણીને શાસ્ત્રકારોએ

जं रयणिं वक्कमइ कुच्छिंसि महायसो अरहा એ વગેરે સ્પષ્ટ વાક્યો જણાવ્યાં છે.

આ બધી વાત સમજતાં એ પણ સાથે જ સમજવાનું છે કે પરના સંબંધને અંગે થયેલ સંસ્કારના પરિપક્વપણાને લીધે પણ પરાશ્રય ફલવાળાં સ્વપ્ન વગેરે આવે છે, છતાં અન્યને અંગે દેખવાથી ફલ મેળવનારને ફળ તો મળે, પણ તે ફળને સાધનાર સ્વપ્નો સ્વપ્નો મેળવનારની દશા ઉપર પણ ઘણો આધાર રાખે છે.

આ વાત ધ્યાનમાં લેવાથી એકજ સુપાત્રના ફલને સૂચવવામાં મહારાજા **સોમયશા** સુભટની જીતમાં મદદગાર તરીકે **શ્રેયાંસને** ઉત્તમ ફલ સામગ્રી પ્રાપ્ત થવાની જણાવે છે, ત્યારે શ્રીમાન્ નગરશેઠસાહેબ સૂર્યના કિરણો ખરી પડેલ દેખી તે હજારો કિરણો સૂર્યમાં જોડવા દ્વારાએ **શ્રેયાંસકુમારને** ઉત્તમફલ–પ્રાપ્તિની પ્રવીણતા જણાવે છે.

કહેવું જોઈએ કે મહારાજાના રાજ્યધર્મની લાયકાત પ્રમાણે સુભટનું પરાક્રમ, તેની હાર અને તેમાં **શ્રી શ્રેયાંસકુમારની** મદદથી જીત મેળવવાનું દેખવું થયું અને શ્રીમાન્ નગરશેઠે સાહજિક લોકોપયોગી કાર્યની એક નિષ્ઠા હોય અને તેથી તે પદ્ધતિએ સૂર્યના કિરણોનું ખરી જવું થઈ લોકોપકારની પ્રવૃત્તિ બંધ થઈ અને ત્યાં **શ્રેયાંસકુમારે** ભાગ્યશાલિપણાની યારીથી તે હજાર કિરણો પાછાં સૂર્યમાં મેળવ્યાં, એમ **શ્રેયાંસને** ફલવાવાળું પણ સ્વપ્ન મહારાજાએ મહારાજપણાના હિસાબે અને શ્રીમાન નગરશેઠ સાહેબે શ્રીનગરશેઠપણાને હિસાબે સ્વપ્ન જોયાં છે. જ્યારે આમ રાજા અને શેઠ સાહેબને અંગે રાજ્ય અને લોકોપયોગના સંસ્કારથી સ્વપ્નાં અને તેનું ફલ ગણવામાં આવ્યું, તો હવે ખુદ **શ્રેયાંસકુમારે** મેરૂને અંગે જોયેલી [illegible] વિચારીએ કે જેથી તેની દિશા ઓળખી શકાય.

श्री वर्धमान-स्वामिने नमः

# શ્રી તત્ત્વાર્થાધિગમ-સૂત્રનું ❀

# હૃદયગ્રાહી વિવેચન

✿ વિવેચનકાર ✿

❀ પૂ:-આગમોદ્ધારક આચાર્યશ્રી ❀ ❀

પ્રૌઢ પ્રાવચનિક, પરમ ગીતાર્થ, આગમિક વ્યાખ્યાતા શિરોમણિ, આગમિક તલસ્પર્શી વ્યાખ્યાતા, ધ્યાનસ્થ સ્વર્ગત પૂ૦ આગમોદ્ધારક આચાર્યદેવશ્રી વિ. સં. ૧૯૯૮ના પાલીતાણાના પન્નાલાલ બાબુની ધર્મશાળા-ચાતુર્માસમાં સુજ્ઞ તત્ત્વપ્રેમી જિજ્ઞાસુઓના લાભાર્થે શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રની સુક્ષ્મ તાત્ત્વિક વિવેચનાવાળી વાંચના બપોરના સમયે આપતા.

જેની નોંધ તે વખતે પૂ. આ. શ્રી **વિજયધર્મસૂરીશ્વરજી** મ.શ્રી એ ટુંકમાં પણ વ્યવસ્થિત કરેલ. તેના ઉપરથી પૂ. આ. શ્રી **હેમસાગરસૂરીશ્વરશ્રી**એ પોતાની નોંધના આધારે વ્યવસ્થિત સુધારા વધારા કરી વ્યવસ્થિત પ્રેસ કોપી રૂપે આખી વાંચના સળંગ લખાણરૂપે તૈયાર કરેલ.

પૂ. આચાર્યદેવશ્રી પાસેથી આ પ્રેસ કોપી મલી, એથી આગમજ્યોતમાં પ્રકટ કરવાથી અનેક તત્ત્વરૂચિ જીજ્ઞાસુઓનું આત્મ-હિત થશે એમ ધારી ભાષાકીય રીતે વ્યવસ્થિત રીતે સુધારીને. વર્ષ-૯ પુસ્તક-૨થી આગમજ્યોતમાં આપવાની શરૂઆત કરેલ.

ચાર હપ્તે પ્રથમ અધ્યાયના ચોથા સૂત્ર સુધી લખાણ પ્રકટ થયું. પણ તેની આગળનું મેટર ભાવીયોગે આડુંઅવળું થવાથી આગળનું લખાણ આપી શકાયું નથી. પણ પાંચમાં અધ્યાય પરની વાંચનાનું લખાણ થોડું જડી આવ્યું છે. તેથી તે લખાણ આ વખતે વ્યવસ્થિતરૂપે હવે રજુ કરાય છે. વિવેકી સુજ્ઞ વાચકોએ અર્થ-ગંભિર નય-સાપેક્ષ આ વિવેચનના પરમાર્થને સમજવા માટે યોગ્ય જ્ઞાની ગુરૂ ભગવંતોના ચરણોમાં બેસી યોગ્યતા મુમુક્ષુતાનો વિકાસ કરવો જરૂરી છે.

## પૂ. આગમોદ્ધારક આચાર્યશ્રીએ વાચનારૂપે ફરમાવેલ
# શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રનું તાત્ત્વિક-વિવેચન
(વર્ષ ૧૨ પુ. ૨ પા. ૩૮ થી ચાલુ)

નિર્દેશ, સ્વામિત્વ વિગેરે વ્યાખ્યાના દ્વારો વડે ઉપલક્ષણ અને ભેદોવાળા જીવોને એકથી ચાર અધ્યાય સુધી કહીને પ્રથમ અધ્યાયના ચોથા 'जीवाऽजीवाऽऽश्रवबन्ध-संवर-निर्जरा-मोक्षास्तत्त्वम्' એ ઉદ્દેશસૂત્રમાં જીવ પછી અનંતર કહેલા અજીવોને કહેવાની ઈચ્છાવાળા ભાષ્યકાર ભગવાન એકથી ચાર અને પાંચમા અધ્યાયનો શું સંબંધ છે તે જણાવવાના અભિપ્રાયથી કહે છે.

भाष्य-उक्ता जीवाः अजीवान् वक्ष्यामः ।

**ભાષ્યનો અર્થ**—એકથી ચાર અધ્યાય સુધીમાં જીવો કહ્યા. હવે આ પાંચમા અધ્યાયમાં અજીવો કહીશું.

**ટીકા**-યથાસંભવ દ્રવ્ય પ્રાણ અને ભાવપ્રાણોના સમૂહ વડે યુક્ત એવા જીવો દેવ, તિર્યંચ, મનુષ્ય અને નારકીના ભેદથી તેમજ સાકાર અને નિરાકારરૂપ બન્ને ઉપયોગના ચિન્હ વડે અખંડ ચૈતન્યશક્તિસ્વરૂપ લક્ષણ વડે વર્ણવ્યા.

હવે લક્ષણ અને ભેદ વડે અજીવસ્વરૂપ ધર્માસ્તિકાયાદિક ચાર અને પાંચમું કાળદ્રવ્ય તેને કહીશું.

એ પ્રમાણે વાચકોમાં મુખ્ય એવા શ્રીમત્ ઉમાસ્વાતિ મહારાજે 'अजीवान् वक्ष्यामः' એ પદથી પ્રતિજ્ઞા કરી. એ કારણથી એ પ્રતિજ્ઞાનું રહસ્ય પ્રગટ કરવાની ઈચ્છા વડે (અજીવદ્રવ્યોનું પ્રતિપાદન કરનારું સૂત્ર) કહે છે.

**सूत्रम्-अजीवकाया-धर्माधर्माकाश-पुद्गलाः**

१ निर्देशस्वामित्व-साधनाधिकरण स्थिति-विधानतः (१-७) सत्संख्याक्षेत्रस्पर्श-कालान्तर-भावाल्पबहुत्वैश्च એ સૂત્રોમાં કહેલા વ્યાખ્યાના અંગો

વડે જીવોની વ્યાખ્યા કરી એ વ્યાખ્યાના અંગો વડે કોઈપણ દ્રવ્યની વ્યાખ્યા કરી શકાય છે.

'उपयोगो लक्षणं' એ સૂત્રમાં જીવનું જે ઉપયોગ રૂપ લક્ષણ કહ્યું છે, તે લક્ષણ યુક્ત જે હોય તે જીવો કહેવાય. અને તેવા લક્ષણવાળા જે નથી તે અજીવો છે, એટલે કે દ્રવ્ય-ભાવપ્રાણનો સંબંધ ન હોવાથી જે દ્રવ્યોએ ચૈતન્ય શક્તિ ગ્રહણ કરી નથી તેવા જે દ્રવ્યો તે અજીવ દ્રવ્યો કહેવાય છે.

न जीवा अजीवाः એ વિગ્રહમાં પૂર્વ જણાવેલ ઉપયોગ રૂપ વિશેષણને આશ્રીને અહિં 'न' નો પ્રતિષેધરૂપ અર્થ સમજવાનો છે, પરંતુ જીવમાં ઉપયોગ લક્ષણ સાથે સત્ત્વ, જ્ઞેયત્વ, પ્રમેયત્વાદિ જે ધર્મો કહેલા છે તે દરેક ધર્મોના નિષેધ અર્થમાં ન લેવાનો નથી.

કારણકે "नञ्युक्तमिवयुक्तं च = નઞ્‌વડે જે યુક્ત હોય અને इव વડે જે યુક્ત હોય તે અન્ય વસ્તુને જણાવનારા છે." એ ન્યાયથી અહિં પણ ઉપયોગ રૂપ ધર્મના નિષેધ સાથે સત્ત્વ, જ્ઞેયત્વ, પ્રમેયત્વાદિ ધર્મોની સત્તા અવશ્ય સ્વીકારવી પડશે. એમ ન થાય તો અજીવ દ્રવ્યો આકાશકુસુમવત્ થશે.

એટલે કે જીવદ્રવ્યોથી ઉપયોગરૂપ લક્ષણની અપેક્ષાએ વિપરીત અજીવ દ્રવ્યો ગણવાના છે. અહિંયાં અજીવોમાં દ્રવ્યપણાનો અને સત્તાપણાનો વિપર્યાસ ગણવાનો નથી. કારણકે 'द्रव्याणि जीवाश्च' એ આગળ સૂત્રમાં શાસ્ત્રકાર પોતે જ અજીવોમાં દ્રવ્યત્વ ધર્મનું પ્રતિપાદન કરવાના છે. અને સત્તાનો વિપર્યાસ ગણીએ તો પૂર્વોક્ત રીતિએ આકાશ કુસુમવત્ જ આ જીવો થશે. એથી એટલે કે દ્રવ્ય ગુણ અને સત્તા એ ત્રણમાંથી દ્રવ્યત્વ અને સત્તાત્વનો વિપર્યય ઈષ્ટ નથી ત્યારે બાકી રહેલા ચૈતન્યગુણનો વિપર્યય અહિં સમજવો એ યોગ્ય છે. અને તે વિપર્યય વિપર્યાસ રૂપ છે. ન શબ્દનો જે પ્રતિષેધ રૂપે અર્થ કરીને પૂર્વોક્તરીતિએ જે વ્યાખ્યા કરેલ છે, તેમાં કારણ એ છે કે પ્રતિષેધ બે પ્રકારનો છે **પ્રસજ્ય પ્રતિષેધ** અને **પર્યુદાસ પ્રતિષેધ**-તેનું લક્ષણ.

प्रतिषेधोऽर्थनिर्दिष्ट एकवाक्यंविधेः परः
तद्वानस्त्व पदोक्तश्च पर्युदासोऽन्यथेतरः ॥ १ ॥

એટલે તાત્પર્ય એ થયું કે–ઉપયોગ લક્ષણની અપેક્ષાએ જીવથી જુદો અને દ્રવ્યત્વ, સત્તાત્વ, જ્ઞેયત્વ વિગેરે ધર્મો વડે જીવ સરખો તે અજીવ કહેવાય. કારણ કે વિદ્યમાન વસ્તુ માટે જ પર્યુદાસ પ્રતિષેધ સ્વીકારેલ છે- એથી અસ્તિત્વાદિ ભાવોની અપેક્ષાએ સદૃશ-પણું છતાં ચૈતન્ય ગુણના નિષેધ દ્વારા ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોમાં અજીવપણાનો સ્વીકાર કરવાનો છે.

વ્યવહાર નયની અપેક્ષાએ जीव प्राणधारणे દ્રવ્યપ્રાણને ધારણ કરે તે જીવ કહેવાય એવી માન્યતાવાળા છે, તેઓ કહે છે કે અજીવોમાં જીવનામકર્મનોજ પ્રતિષેધ ગણવાનો છે તે જીવનામકર્મ જીવવાથી કહી શકાય છે. એથી જેઓમાં ચૈતન્ય નથી અને ચૈતન્યના ભોગવટારૂપ કર્મો નથી એવા ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોમાં જીવદ્રવ્યની અપેક્ષાએ અસ્તિત્વ તુલ્ય હોતે છતે અજીવપણું છે.

આ મંતવ્ય ઉપર સિદ્ધાંતકાર દોષ પ્રગટ કરવા સાથે ખંડન કરે છે કે–પૂર્વોક્ત માન્યતામાં બે દોષ આવે છે. એક તો કોઈ વખતે કર્મગ્રંથાદિ મહાશાસ્ત્રોમાં કયાંઈ નહિ સાંભળેલ जीवनामकर्मनो ઉચ્ચાર કરવો એ વચન જ યુક્તિથી અસંગત છે. આગમમાં કયાંઈ જીવનામકર્મ પ્રસિદ્ધ છે નહિ. આયુષ્યને જો જીવનામકર્મ કહેતા હોય તો તે આયુષ્ય છે. પરંતુ નામકર્મ નથી.

વળી કર્મ રહિત દ્રવ્યોમાં અજીવપણું કહેતા હો તો સિદ્ધોના જીવો કર્મથી રહિત હોવાથી તેમને પણ અજીવ કહેવાનો પ્રસંગ આવશે અને તેથી धर्माधर्माकाशसिद्धपुद्गलाः એમ નવીનતા કરીને છ અસ્તિકાયોની પ્રાપ્તિનો પ્રસંગ આવશે.

સિદ્ધના જીવોમાં આવતી અતિવ્યાપ્તિને દૂર કરવા માટે કદાચ એમ કહો કે–જે દ્રવ્યોમાં ચૈતન્ય અને કર્મો નથી તેને અમારે અજીવ કહેવા છે, તો પ્રત્યુત્તર કહેવાય છે જે એનો પ્રતિષેધ કરતાં

કરતાં એક ચૈતન્યનો પ્રતિષેધ કરવો એ જ યોગ્ય છે જીવન (કર્મનો) પ્રતિષેધ કરવાને શું વિશેષ છે.

હવે પ્રસજ્ય પ્રતિષેધની અપેક્ષાએ જીવ જે ન હોય તે અજીવ કહેવાય તેને **પ્રસજ્ય પ્રતિષેધ** કહેવાય, અને તે પ્રાયઃ કરીને પ્રસંગની આપત્તિ (પ્રાપ્તિ) પૂર્વક હોય છે, અહિંઆં ચૈતન્ય ધર્મનો પ્રસંગ છે, નહિ માટે તે (પ્રસજ્ય પ્રતિષેધ)ની ઉપેક્ષા કરીએ છીએ.

એ પ્રમાણે '**અજીવ**' શબ્દની વ્યાખ્યા કરીને તેની સાથે રહેલા **કાય** શબ્દનો સંબંધ બતાવવાપૂર્વક કાય શબ્દનો અર્થ કરે છે.

**અજીવોનો જે સમૂહ તે અજીવકાય કહેવાય,** शिला पुत्रकस्य शरीरम् એની માફક અભેદ અર્થમા પણ ષષ્ઠી સમાસ થાય છે. सुवर्णास्याङ्गुलीयकम् એ બીજું ઉદાહરણ અપાય છે. એટલે કે શિલા-પુત્રક અને તેનું શરીર એ બન્ને વસ્તુ અભિન્ન છે. સુવર્ણ અને વીંટી એ પણ બંને અભિન્ન છે. છતાં જેમ અભેદાર્થમાં ષષ્ઠી તત્પુરૂષ સમાસ થાય છે. તે પ્રમાણે અહિં પણ અજીવદ્રવ્યો અને તેનો સમૂહ એ બન્ને અભિન્ન છતાં ષષ્ઠી સમાસ કરવામાં કાંઇ હરકત નથી. એમ છતાં (राजपुरुषः) ઇત્યાદિ ષષ્ઠી સમાસોમાં રાજા અને પુરૂષ બન્ને જેમ ભિન્ન છે તેમ અહિં ષષ્ઠી સમાસ કરવા જતાં અજીવ અને કાય એ બન્ને ભિન્ન છે. એવી શંકા થતી હોય તો તે શંકા દૂર કરવા માટે કર્મધારય સમાસ अजीवाश्च ते कायाश्चेत्यजीवकायाः કરવો એટલે અન્યત્વની શંકા રહેશે જ નહિં, કારણકે કર્મધારય સમાજ અભેદ અર્થમાં જ થાય છે. अजीवकायाः એમાં **કાય** શબ્દ ઉપસમાધાન વાચક છે, ઉપસમાધાન એટલે પ્રદેશો તેમજ અવયવોનું સમીપપણા સાથે એક બીજામાં અભેદપણે સમ્યગ્ મર્યાદાપણે રહેવું તે **ઉપસમાધાન** કહેવાય.

धर्माधर्माकाशपुद्गलाः એમાં દ્વંદ્વ સમાસ છે, રૂપી એવો પરમાણુ જેમ દ્વયણુકાદિ કાર્યથીજ અનુમેય (અનુમાન પ્રમાણથી જાણવા લાયક)

છે. તે પ્રમાણે અરૂપી એવો આ ધર્માસ્તિકાય ( गतिस्थित्युपग्रहो धर्माधर्मयोरुपकारः એ આગળ કહેવાતા સૂત્ર પ્રમાણે ગતિપરિણામે પરિણમેલા જીવ અને પુદ્‌ગલોને) ગતિમાં ઉપકાર કરવા સંબંધી કાર્યથી અનુમાન કરવા લાયક છે.

એજ પ્રમાણે સ્થિતિ પરિણામે પરિણમેલા જીવ અને પુદ્‌ગલોને સ્થિતિમાં ઉપકાર કરવા સંબંધી કાર્યથી અધર્માસ્તિકાય અનુમાન કરવા લાયક છે.

ધર્મ અને અધર્મ શબ્દથી નૈયાયિકમતની અપેક્ષાએ અદૃષ્ટ-વાચક શુભાશુભ ફલદાયી ધર્માધર્મ કેમ ગ્રહણ કરતા નથી ? એમ જો કહેતા હો તો કહીએ છીએ કે-અહિં દ્રવ્યોના વર્ણનનો પ્રસંગ ચાલે છે, જ્યારે અદૃષ્ટવાચક ધર્માધર્મ એ ગુણ છે તેથી તેનું ગ્રહણ કરવું એ વ્યાજબી નથી.

વળી જૈન દૃષ્ટિએ શુભાશુભ ફળદાયી જે ધર્માધર્મ છે તે (પુણ્ય-પાપ સ્વરૂપ હોવાથી) રૂપી અને પુદ્‌ગલાત્મક છે અને તેથી પુદ્‌ગલ નામનું જુદું જે દ્રવ્ય ગ્રહણ કરેલ છે તેમાં તેનો અંતર્ભાવ થાય છે. એ સંબંધી જરા પણ શંકા કરવાની જરૂર નથી.

અવગાહ સંબંધી ઉપકાર વડે આકાશ (દ્રવ્ય) અનુમાન કરવા યોગ્ય છે. '**અવગાહ સંબંધી જે ઉપકાર કરે તે આકાશ**' એવો અર્થ ગ્રહણ કરીને કોઈ અલોકાકાશમાં અવ્યાપ્તિનો પ્રસંગ લાવવા ઇચ્છતા હોય તો તેને માટે અમો કહીએ છીએ જે જીવ અને પુદ્‌ગલોને ગતિ-સ્થિતિમાં સહકારી કારણભૂત ધર્માડધર્માસ્તિકાય જો અલોકાકાશમાં હોત તો જરૂર અવગાહરૂપ ઉપકાર કરત, ધર્માસ્તિકાય ત્યાં છે નહિં. તેથી અવગાહ ગુણ અલોકાકાશમાં વિદ્યમાન છતાં તેનો આવિર્ભાવ જણાતો નથી.

હવે पुद्गल શબ્દની વ્યુત્પત્તિ કરે છે: **પ્રદેશોના મળવાથી જે પૂરાય-પુષ્ટ થાય અને પ્રદેશોના અપચયથી જે ગળે-હાનિ**

પામે તે **પુદ્ગલ** કહેવાય. એમાં પુદ્ગલોની સંહતિ-સમાગમ અને વિસંહતિ-અપચય એ કારણ છે. અથવા पुरुषं वा गिलन्ति पुरुषेण वा गीर्यंते इति पुद्गलाः એટલે પુરૂષને જે ગળે અથવા પુરૂષ વડે જે ગ્રહણ કરાય તે પુદ્ગલો કહેવાય. અહિં પુરૂષ શબ્દથી સકર્મક આત્મા ગ્રહણ કરવાનો છે, અર્થાત્ મિથ્યાદર્શનાદિ હેતુઓમાં ઔદયિક ભાવે વિદ્યમાન એવો જે આત્મા-પુરૂષ તેને જે બાંધે, અથવા કષાય અને યોગ વડે યુક્ત પુરૂષ-આત્મા વડે જે ગ્રહણ કરાય તે **પુદ્ગલો** કહેવાય. પહેલા અર્થમાં गृ ધાતુનો અર્થ બાંધવું કરવો અને બીજા અર્થમાં 'ગ્રહણ કરવું' કરવો.

अजीवकाया धर्माधर्माकाश पुद्गलाः એ સૂત્રમાં કાળ અજીવ છતાં કેમ ગ્રહણ કર્યો ? એ શંકાના સમાધાનમાં જણાવે છે કે કાળ એક આચાર્યોના મત પ્રમાણે જ દ્રવ્યની ગણતરીમાં છે (જે આગળ દ્રવ્ય લક્ષણના પ્રસંગે કહેવાશે. વળી અહિંઆં અસ્તિકાય દ્રવ્યોની જ વ્યાખ્યા ચાલે છે. કાળ એક સામયિક હોવાથી અસ્તિકાય નથી, માટે તેની ગણુના પૂર્વ સૂત્રમાં કરવામાં આવેલ નથી.

भाष्यम्-धर्माऽस्तिकायः अधर्मास्तिकायः आकाशास्तिकायः पुद्गला स्तिकाय इत्यजीवकायाः । तान् लक्षणतः परस्तात् वक्ष्यामः । काय ग्रहणं प्रदेशाऽवयवबहुत्वार्थ-मद्धासमयप्रतिषेधार्थं च ।

**ભાષ્યાર્થ**-ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય આકાશાસ્તિકાય પુદ્ગલાસ્તિકાય એ અજીવ કાય છે તેઓનું લક્ષણ આગળ કહીશું.

अजीवकायाः धर्माऽधर्माऽऽकाशपुद्गलाः એ સૂત્રમાં કાય ગ્રહણ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આકાશાસ્તિકાયમાં પ્રદેશોના અને પુદ્ગલાસ્તિકાયમાં અવયવોના બહુત્વ માટે તેમજ કાલદ્રવ્યમાં સમયોના બહુત્વ સંબંધી નિષેધ માટે.

**ટીકાર્થ**-સૂત્રમાં धर्मादयः અને कायः ગ્રહણ એ સાક્ષાત્ કરેલ છે. અને તે કાયગ્રહણ પણ अजीवकायाः અજીવપદની સાથે સંબંધવાળું

છતાં સામાન્યાધિકરણના નિર્દેશથી ધર્માદિ દરેકની સાથે સંબંધવાળું છે અને તેથી ધર્માસ્તિકાય વિગેરે પદો બરાબર થઈ શકે છે.

અહિં શિષ્ય શંકા કરે છે કે-સૂત્રમાં કાયશબ્દ અને धर्माधर्माकाशपुद्गलाः એટલા શબ્દો હોવાથી धर्मकायः अधर्मकायः વિગેરે થવું જોઈએ. પરંતુ ધર્મ અને કાય શબ્દ વચ્ચે અણુચિંતવ્યો अस्ति શબ્દ ક્યાંથી આવ્યો ? ઉત્તરમાં જણાવાય છે-જે સ્વભાવ અને આપત્તિ એ બંને જ્ઞાન અને શબ્દનું કારણ છે એમ અર્થને જાણવાવાળા પુરૂષો (ન્યાય-વિશારદો) કહે છે (એટલે કે કોઈ પણ શબ્દ અથવા તે શબ્દથી ઉત્પન્ન થતા જ્ઞાનનું કારણ તે શબ્દના વાચ્યમાં અથવા જ્ઞાનના જ્ઞેયમાં રહેલ સ્વભાવ અર્થાત્ ધ્રૌવ્ય અને આપત્તિ એટલે કે આવિર્ભાવ-તિરોભાવ છે.

જેમ એક પુરૂષે ઘટ શબ્દનો ઉચ્ચાર કર્યો એ ઘટ શબ્દના ઉચ્ચારની સાથે એ ઘટ શબ્દથી વાચ્ય જે પદાર્થ છે તે પદાર્થનું જેને જ્ઞાન હોય તે વ્યક્તિને તે ઘટ શબ્દનું શ્રવણ થતાની સાથે જ ઘટમાં રહેલ મૂર્તપણાનો અને ઘટ પર્યાયરૂપે ઉત્પત્તિ અને મૃત્તિકા (માટી) પર્યાયરૂપે વિનાશનો બોધ થાય છે. **એથી સ્વભાવ અને આપત્તિ એ ઉભય શબ્દ અને જ્ઞાનનું કારણ છે.**

તેમાં સર્વ વિશેષણથી રહિત એવો જે સ્વભાવ જે અંશ વડે સર્વત્ર અવિકારી છે (તે અંશ વડે) તે **ધ્રૌવ્ય** પદના વ્યપદેશને ભોગવે છે

જેમ સહજ એવો આત્માનો ચૈતન્યગુણ ચૈતન્ય એ ઉપયોગ સ્વરૂપ હોવાથી જ્યારે જ્યારે જે જે ઉપયોગ પ્રવર્તમાન હશે તે પ્રત્યેક ઉપયોગ વિશિષ્ટ ઉપયોગ એટલે જે જ્ઞેયમાં ઉપયોગ ચાલુ હશે તે જ્ઞેયના વિશેષણથી વિશિષ્ટ ઉપયોગ હોવાથી અને તે ઉપયોગવાળા આત્માનો ચૈતન્યગુણ લેવાનો હોવાથી અને તે વિશિષ્ટ ઉપયોગ વિશેષણ યુક્ત હોવા સાથે પરાવર્તમાન હોવાથી આવિર્ભાવ તિરોભાવ-યુક્ત હોઈ ચૈતન્ય (ઉપયોગ)માં જે ધ્રૌવ્યપણું સાબીત કરવું છે,

તેમાં ઘણી જ શંકા-સમાધાનનો પ્રસંગ આવતો હોવાથી તે સહજ આત્માના ચૈતન્ય ગુણના દ્રષ્ટાંતને છોડી દઈને પુદ્ગલ દ્રવ્યમાં મૂર્તપણાનું તુર્ત સમજી શકાય તેવું દ્રષ્ટાંત આપે છે.

मूर्तत्वं वा पुद्गलद्रव्यस्य એટલે પુદ્ગલદ્રવ્યમાં રહેલ મૂર્તપણું જેમ સ્વભાવરૂપ ધ્રુવ) છે. અથવા તો ધર્માસ્તિકાય વિગેરેમાં રહેલું અમૂર્તપણું, સકલ લોકાકાશમાં વ્યાપ્ત થઈને રહેવાપણું, ગતિ-સ્થિતિ વિગેરેમાં સહાયકપણું જેમ સ્વભાવરૂપ ધ્રુવ છે. **આપાત્ત** એટલે આવિર્ભાવ-તિરોભાવ વસ્તુ, વસ્તુની ઉત્પત્તિ અને વિનાશ.

આ જ વસ્તુ દ્રષ્ટાંત આપી સમજાવે છે. માટી મૂર્તપણું વિગેરે પોતાના સ્વભાવને નહિં છોડતી ઘટ-કપાલ (ઠીબ) ઠીંકરા વિગેરે આકારમાં પરિણામ પામે છે. તેમાં ઘટ વિગેરે આકારની ઉત્પત્તિ, મૂર્તપણાની ધ્રુવતા એ સ્પષ્ટ સમજાય તેમ છે.

વ્યવહાર દ્રષ્ટિએ એક વ્યક્તિ પાસે ઘટ પડેલ છે. અન્ય વ્યક્તિને માટીની જરૂર પડતાં તે વ્યક્તિ પાસે માટી માંગશે તો તાત્વિક દૃષ્ટિથી ઘટ મૃત્તિકારૂપ છતાં તે ઘટ જેની પાસે છે તે વ્યક્તિ ઘટમાંથી માટી આપી શકશે નહિં એ કારણથી બીજું દૃષ્ટાંત સમજાવે છે.

સુંદર પવનના વેગ-જન્ય પ્રયાસથી મોટા સરોવરમાં મહાન્ તરંગનો સમૂહ ઉત્પન્ન થાય છે. અને તે જળમય છે. પ્રથમાવ-વસ્થામાં જે જળ હતું તેજ જળ અહિં પણ કલ્લોલરૂપે પરિણમવા છતાં બન્ને અવસ્થામાં એક સરખું ઉપયોગમાં આવી શકે છે. એ પ્રમાણે ઘટ વિગેરેમાં પણ સમજવું.

વળી ઘટ વિગેરે આકારનો પ્રલય તેને વિનાશ કહેવાય છે. અને તે વિનાશ કારણની અપેક્ષાવાળો છે. विनाशे नास्ति कारणम् એ બૌદ્ધની માન્યતા માફક આપણી માન્યતા નથી, પરંતુ વિનાશ એ કારણની અપેક્ષા રાખે છે. એજ પ્રમાણે વાયુના પ્રબળ વેગનો સંબંધ દૂર થવાથી મોટા મોજાઓની સંતતિનું જેમ સ્થિરપાણીપણે રહેવાનું થાય છે. એ પ્રમાણે પ્રવચનમાં જિનેશ્વર ભગવંતના સિદ્ધાંતમાં

ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપ **અસ્તિ** શબ્દનો અર્થ સિદ્ધ થયેલ છે. એમણે અવસ્થા જણાવવા માટેની ઇચ્છાથી સમગ્ર ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોમાં રહેલ ધ્રુવપણાનું પ્રતિપાદન કરવા માટે અવ્યય-સંજ્ઞક **અસ્તિ** શબ્દ કહ્યો.

काय શબ્દ તો સૂત્રમાં જ ગ્રહણ કરેલ છે. જેનો આવિર્ભાવ તિરોભાવ અર્થ થાય છે જ્યારે આવિર્ભાવ-તિરોભાવ વાચક **કાય** શબ્દ સૂત્રમાં ગ્રહણ કર્યો છે. તો એ પ્રમાણે अस्ति શબ્દનું પણ સુત્રમાં ગ્રહણ કરવું યોગ્ય છે. કારણકે **કાય** શબ્દની માફક વિશિષ્ટ અર્થનો પ્રતિપાદક છે. અથવા તો જેમ **અસ્તિ** શબ્દનું ગ્રહણ કર્યું નથી, તે પ્રમાણે **કાય** શબ્દનું પણ ગ્રહણ ન કરવું જોઈએ. એ પ્રમાણે શિષ્યની શંકાના સમાધાનમાં જણાવે છે કે-

બેમાંથી એકનું ગ્રહણ કરવાથી બાકી રહેલ એકનો સંબંધ જરૂર આવી જાય છે એમ આચાર્ય મહારાજનો અભિપ્રાય છે. એજ વસ્તુની સાબિતી માટે કહે છે કે संसर्ग વિગેરે આગળ કહેવાતા કારણો અધ્યાહારાર્થ શબ્દને વાળવામાં જ તેમજ દૂર કરવામાં કારણ થાય છે તે સંસર્ગ વિગેરે કારણો આ પ્રમાણે.

संसर्गो विप्रयोगश्च साहचर्यं विरोधिता ।
अर्थः प्रकरणं लिंगं शब्दस्यान्यस्य सन्निधिः ॥१॥
सामर्थ्यमौचितीदेशः कालो व्यक्तः स्वरादयः ।
शब्दस्यार्थव्यवच्छेदे विशेषस्मृतिहेतवः ॥२॥

(काव्यानुशासनम् पृ. ३९)

સંસર્ગ, વિપ્રયોગ, સાહચર્ય, વિરોધીપણું, અર્થ પ્રકરણ અને લિંગ એ અન્ય અધ્યાહાર્યને મળતાં શબ્દનું સામીપ્ય અર્થના વિશેષ જ્ઞાનમાં કારણરૂપ છે. જેમ કે राम-लक्ष्मणौ એ પદમાં लक्ष्मण ના સંસર્ગથી **દાશરથિ રામ** લેવાશે પણ, પરશુરામનું ગ્રહણ નહિં થાય. એમ દરેક ઉદાહરણો સ્વ-બુદ્ધિથી વિચારવા.

એ મુજબ સામર્થ્ય, ઉચિતતા, દેશ, કામ, વ્યક્તિ સ્વર વિગેરે શબ્દનો જે અર્થ છે તેના નિશ્ચયમાં કારણ થાય છે.

એ પૂર્વે કહેલા संसर्गादि કારણો પૈકી અહિં संसर्गग्रहण કરવાનો છે.

એટલે કે સંસર્ગ (કારણ)નો સ્વીકાર કરીને અહિં ધ્રૌવ્ય સંબંધી અર્થની પ્રતિપત્તિ માટે अस्ति શબ્દનો પ્રક્ષેપ કરેલ છે. ઉત્પત્તિ અને વિનાશ એ બન્ને ધ્રૌવ્ય સિવાય હોઈ શકવાના જ નથી, એથી ધ્રૌવ્યમાં આવ્યું ત્યાં ઉત્પાદ-વિનાશ આવી ગયેલા છે. જો એમ નહિં હોય તો ધ્રૌવ્યના અભાવમાં વસ્તુ સત્તાના અભાવે નહિં થવા યોગ્ય એવા ઉત્પાદ-વિનાશ નિર્મૂલ થશે અને એથી જ તે ઉત્પાદ-વિનાશ થશે જ નહિં.

વળી ધ્રુવતા એ પણ આવિર્ભાવ, તિરોભાવ (ઉત્પાદ-વિનાશ)થી રહિત નથી. તેથી બુદ્ધિથી જેની વહેંચણી કરવી યોગ્ય છે એવા એ ત્રણ ધર્મવાળા દ્રવ્યો જિનેશ્વરના મતાનુયાયીઓને **નરસિંહ** શબ્દની માફક, પ્રતિપાદન કરવા યોગ્ય છે. એથી काय શબ્દ વડે આપત્તિ (આવિર્ભાવ-તિરોભાવ) ગ્રહણ કરવાને ઈચ્છતા એવા આચાર્ય મહારાજે अस्ति શબ્દ ધ્રૌવ્યાર્થને સિદ્ધ કરવા માટે સ્વીકારેલો છે.

શિષ્ય શંકા કરે છે કે-**કાય** શબ્દના ગ્રહણથી ઉત્પાદ-વિનાશ સ્વરૂપ આપત્તિનું ગ્રહણ કેમ થઈ શકે!

ઉત્તર-એકઠા થવું તેનું નામ **કાય-સમુદાય**, એ કયારે થાય કે વિભાગ હોય તો. ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોના પ્રદેશો **વિભક્ત** છે જે આકાશપ્રદેશમાં એક ધર્માસ્તિકાયનો પ્રદેશ છે ત્યાં બીજો પ્રદેશ નથી. તે વિભક્ત પ્રદેશોનો પરસ્પર અંતર-રહિતપણારૂપી જે સંયોગ તે સમુદાય અને એ પ્રમાણે જે હોય તે અવશ્ય **સમુદાય** શબ્દથી જ બોલાવાય.

પૂર્વોક્ત વર્ણનથી એ સાબીત થયું જે વસ્તુ પ્રથમ વિભક્ત અવસ્થામાં હતી તે એકત્ર થઈ એટલે તેને સમુદાય કહેવાય.

હવે એ વર્ણન ઉપરથી પુનઃ શિષ્ય શંકા ઉઠાવે છે કે-જો એ હોય તો ધર્માસ્તિકાય વિગેરે (અનાદિ) દ્રવ્યોમાં પણ આદિપણાની

સિદ્ધિ થશે. કારણ કે જેમ પ્રથમ છુટા છુટા તંતુઓ જ્યારે એકત્ર થયા ત્યારે ધર્માસ્તિકાય (સમુદાય)ની ઉત્પત્તિ થઈ.

ઉત્તરમાં જણાવાય છે જે એ પ્રમાણે વિભક્ત પ્રદેશોના સમુદાય થવા છતાં પણ ધર્માસ્તિકાયાદિની આદિ થઈ શકતી નથી કારણ કે પુદ્ગલ દ્રવ્યની અનેક પ્રકારની શક્તિ છે અને તે શક્તિ શક્તિમાન્ (દ્રવ્ય)થી અમુક અપેક્ષાએ ભેદાભેદવાળી છે. તેનું વર્ણન અમે गुणपर्यायवद्द्रव्यम् વિગેરે ત્રણ સૂત્રોમાં કરવાના છીએ.

હવે પૂર્વોક્ત રીતિએ સમુદાયની ઉત્પત્તિ સિદ્ધ થયા બાદ આગળ વધતાં જણાવે છે **જ્યાં ઉત્પાદ છે ત્યાં વિનાશ અવશ્ય હોવો જોઈએ.** કારણ કે વિનાશ એ ઉત્પાદનો સહચારી છે અને તે વિનાશ એટલે पूर्वावस्था प्रच्युतिलक्षणः પૂર્વાવસ્થાનું ચ્યવન છે અને તે સમુદાયથી જ પ્રાપ્ત થઈ શકે છે. એટલે કે સમુદાયરૂપ પૂર્વાવસ્થાનો નાશ તે જ વિનાશ.

અથવા હમણાં ગતિપરિણામે પરિણમેલ ચૈત્ર (નામની વ્યક્તિ) ને ધર્માસ્તિકાય દ્રવ્ય ગતિ-સહાયકપણે ઉપકાર કરે છે. પ્રથમ ગતિ પરિણામે નહિ પરિણમેલ ચૈત્રને ધર્માસ્તિકાય દ્રવ્ય ગતિ સહાયકપણે ઉપકારક ન હતું. પરંતુ જ્યારે ચૈત્ર ગતિપરિણત થયો તે કાળમાં કોઈ એવો અતિશય વિશેષ ઉત્પન્ન થયો કે જેથી ધર્મા. દ્રવ્ય કોઈપણ વિકારક અવસ્થા સાથે ઉપકારક થયું. એ અપેક્ષાએ તે ચૈત્રને ઉપકારક સ્વરૂપે ધર્માસ્તિકાયની ઉત્પત્તિ થઈ. ચૈત્રનો ગતિ-વ્યાપાર જ્યારે શાંત થયો તે અવસરે ચૈત્રને ગતિસહાયરૂપ ઉપકાર નાશ થવાથી ધર્માસ્તિકાયનો તે સ્વરૂપે નાશ થયો.

આ પ્રમાણે અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય દ્રવ્યના ઉત્પાદ અને વિનાશ માટે સ્થિતિ સહાયક અને અવગાહદાયક ગુણની અપેક્ષાએ સ્વયં વિચારી લેવું.

આ ઉપરથી એ સિદ્ધ થયું કે કાય શબ્દનાગ્રહણથી આપત્તિ ગ્રહણ કરીને તે આપત્તિનો જે આવિર્ભાવ-તિરોભાવ સ્વરૂપ

જે અર્થ કર્યો છે તે સુગમ છે. અર્થાત્ બરાબર છે. એ પ્રમાણે अस्ति અને काय શબ્દનો કર્મધારય સમાસ કરી ઉત્પત્તિ, વિનાશ અને ધ્રૌવ્ય એમ ત્રણે અવસ્થા ધર્માસ્તિકાયાદિ પ્રત્યેક દ્રવ્યમાં અવશ્ય હોવાનું નિર્ણીત થાય છે.

હવે ભાષ્યની પંક્તિઓથી અર્થ કરે છે— એ પ્રમાણે એ ચારે ધર્મ. અધર્મા. આકાશા. પુદ્‌ગલા. દ્રવ્યોને સૂત્રથી ગણીને આગળ વધે છે કે तान् लक्षणतः परस्तात् वक्ष्यामः (ભાષ્ય) તે ધર્માસ્તિ-કાયાદિ દ્રવ્યોના લક્ષણો गतिस्थित्युपग्रहौ धर्माधर्मयोरूपकारः વિગેરે સૂત્રોથી આગળ કહીશું.

એટલે કે ધર્માસ્તિકાયનું ગતિસહાયક, અધર્માસ્તિકાયનું સ્થિતિસહાયક, આકાશાસ્તિકાયનું અવગાહદાયક, પુદ્‌ગલાસ્તિકાયનું શરીરાદિ વિગેરે જે લક્ષણો છે, તે બધું આગળ જુદા જુદા સૂત્રોથી વર્ણવીશું.

ભાષ્યની પંક્તિની વ્યાખ્યા કરવાના આધારે પ્રશ્ન

કાયગ્રહણ શા માટે કર્યું ? ઉત્તર कायग्रहणं प्रदेशावयव–बहुत्त्वाद्यर्थं मद्धासमयप्रतिषेधार्थं च (એટલે કે) કાય શબ્દનું ગ્રહણ-પ્રયોજન આપત્તિ અવિર્ભાવ-તિરોભાવ માટે છે.

એ અત્યાર સુધી તમોએ વર્ણવ્યું છે, તો વળી ફરીથી ઉપરની પંક્તિ લખવાની શી જરૂર ?

ઉત્તર : સત્ય વાત છે, અમો એ કાયશબ્દ ગ્રહણનું પ્રયોજન પૂર્વે ઘણું વર્ણવ્યું છે અને હવે તે ભાષ્યના અક્ષરોના આધારે વર્ણવાશે. આમ કરવાનું કારણ વ્યાખ્યાના અનેક દ્વારો છે અર્થાત્ અનેક રીતે વ્યાખ્યા થઈ શકે એ છે.

સૂત્રમાં अजीव શબ્દ પડેલો હોવાથી કાય શબ્દ વિના પણ ધર્માદિ દ્રવ્યોની અજીવત્વ સિદ્ધિ તો થઈ શકે છે. તેથી કાય શબ્દનું જે ગ્રહણ છે તે ધર્માધર્માકાશાદિ દ્રવ્યોના પ્રદેશોના બહુત્ત્વ માટે છે.

છેલ્લામાં છેલ્લો દેશ તે પ્રદેશ, એટલે તેના હવે વિભાગ થઈ શકે નહિ તેવો નિર્વિભાગ ખંડ કે જેનો કોઈપણ વખતે નાશ થવાનો નથી અને અનાદિકાળથી તેવા પ્રકારનો જ (અનપાયી) પરિણામ જેને પ્રાપ્ત થયેલો છે. એવા પ્રકારના પ્રદેશોનું જે બહુત્વ એટલે ધર્મા૦ અધર્મા૦ કાયનું અસંખ્ય પ્રદેશપણું આકાશાસ્તિકાયનું અનંતપ્રદેશીપણું તે બહુત્વ કહેવાય. અર્થાત્ અસંખ્ય પ્રદેશના સમુદાયરૂપે ધર્માસ્તિકાય છે, તે જ પ્રમાણે અધર્માસ્તિકાય છે. લોક પ્રમાણ આકાશપણ તે જ પ્રમાણે છે અને સમગ્ર આકાશ અનંત પ્રદેશના સમુદાયરૂપે છો એ પ્રમાણે બહુત્વ હોવાથી ગતિસહાયક, સ્થિતિ સહાયક વિગેરે ઉપકારથી પૂર્વોક્ત રીતિ પ્રમાણે ઉત્પાદ અને વિનાશ દ્વારા आपत्ति સ્પષ્ટ છે. આ રીતે પુદ્ગલદ્રવ્યને આશ્રીને અવયવનું બહુત્વ કહ્યું છે.

હવે વ્યુત્પત્તિ દ્વારા તેમાં આવિર્ભાવ, તિરોભાવ સાબિત કરે છે- अवयूयन्त इत्यवयवाः परमाणु-द्व्यणुकादयः યુ ધાતુ મિશ્રણાર્થક છે. એટલે કે **જે મિશ્ર થાય, એકઠા થાય તે અવયવો** પરમાણુ-દ્વ્યણુક વિગેરે પરમાણુઓ સમુદાય-પરિણામને અનુભવી (એટલે સ્કંધમાં રહીને) ફેર પાછા છુટા પરમાણુ રૂપે થાય છે. અને તે છુટા થતાં થતાં છેવટ એકેક પણ (પરમાણુ રૂપે) થાય છે, ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોમા એ પ્રમાણે કદી પણ સંઘાત-ભેદ થતો નથી. અને તેથી જ તે અવયવો કહેવાતા નથી. એ કારણથી પ્રદેશ અને અવયવ એમ જુદા જુદા બે શબ્દો ગ્રહણ કર્યા છે, પુદ્ગલદ્રવ્ય ઘણા અવયવવાળું છે સંખ્ય પ્રદેશી, અસંખ્ય પ્રદેશી, અનંત પ્રદેશી, અનંતાનંત પ્રદેશી સ્કંધો વિગેરે સર્વ પુદ્ગલના આકાર છે.

શંકાઃ-કાય શબ્દનો અર્થ જ્યારે અવયવ-બહુત્વ કરી (પુદ્ગલાસ્તિકાય પણ ઘણા અવયવોવાળું દ્રવ્ય છે એમ સિદ્ધ કરો છો તો પરમાણુ એ પણ પુદ્ગલાસ્તિકાય દ્રવ્ય છતાં અવયવથી રહિત છે. તો તેમાં પૂર્વોક્ત અર્થથી વિરોધ (અવ્યાપ્તિ) આવશે તેમાં તમો શું કહો છો ?

ઉત્તર—અરે ! એ તો ચોક્કસ છે કે-પ્રત્યેક પરમાણુમાં એક વર્ણ એક ગંધ એક રસ અને બે સ્પર્શ અવશ્ય હોય છે એથી પરમાણુ ભાવાવયવોથી અવયવ સહિત છે. દ્રવ્યાવયવથી અવયવ રહિત છે. આગમનું પ્રમાણ આપી એજ વસ્તુને પુષ્ટ કરે છે. कइविहे णं भंते भावपरमाणू पण्णत्ते ? गोयमा ! चउविहे भावपरमाणू पण्णत्ते, तं जहा-वण्णमंते रसमंते गंधमंते फासमंते इति ( भग० सू० ६७० ) वण्णमंते ઈત્યાદિમાં મતુપ્ પ્રત્યય સંસર્ગ અર્થમાં છે, અથવા દ્રવ્ય-પરમાણુની અપેક્ષાવાળો છે, એથી વર્ણાદિભાવાવયવો વડે પરમાણુનું બહુત્વ છે જે ભાવાવયવો પોતાની મેળે જ એવા પ્રકારના પ્રયત્નવાળા થાય છે કે પરમાણુથી છુટા પડે છે. અને ભેગા પણ થાય છે અહિં પણ આપત્તિ (આવિર્ભાવ-તિરોભાવ) સ્પષ્ટ છે.

પ્રદેશ અને અવયવોના બહુત્વ માટે જેમ કાય શબ્દ ગ્રહણનું પ્રયોજન છે, તે પ્રમાણે કાય શબ્દના ગ્રહણમાં બીજું પ્રયોજન અદ્ધારૂપ સમય કાય (સમુદાય) નથી એ જણાવવા માટે છે अध्धा चासौ समयश्च अध्धासमयः અધ્ધા રૂપ સમય ( કર્મધારય સમાસ છે) તે સમય રૂપ કાળ અઢી દ્વીપ વર્તી એક સમયાત્મક પરમસૂક્ષ્મ જેના એકથી બે વિભાગ ન થઈ શકે તેવો હોવાથી તેને कायता (સમુદાયપણું નથી) અને કાય શબ્દ સમુદાય વાંચી છે.

દ્રવ્ય વિવરણના પ્રસંગમાં કાળ એ અમુક આચાર્યોના મતથી જ દ્રવ્યની ગણુતરીમાં છે એ આગળ કહેવાશે. **દ્રવ્ય જે હોય તે પ્રદેશોના સમૂહવાળું અથવા અવયવોના સમૂહવાળું** હોય છે. એ આશંકા સાથે જ કાળ રૂપ સમયના સમુદાયપણા સંબંધી કાય ગ્રહણથી જ નિષેધ કરેલ છે એટલે જે દ્રવ્ય હોય **તે પ્રદેશો અથવા અવયવોના સમુદાયવાળું** છે કાળ એ સમય રૂપ હોવાથી તેમાં અવયવો અથવા પ્રદેશોના સમૂહના અભાવે દ્રવ્યની ગણુતરીમાં નથી, સમય રૂપ કાળમાં પ્રદેશોનો તેમ જ અવયવોનો અભાવ છે. એ કાળ શબ્દની સાથે કાય શબ્દનો સંબંધ નથી એથી જ સિદ્ધ થાય છે.

પ્રશ્ન:-ઉપર કહ્યા પ્રમાણે સમુદાયવાચી કાય શબ્દનો સંબંધ કાળની સાથે નહિં હોવાથી કાળ એ ઉત્પાદ અને વિનાશ વિનાનો થશે, કારણ કે સમુદાય હોય ત્યાં જ આવિર્ભાવ-તિરોભાવ અથવા ઉત્પાદ-વિનાશ થાય છે જે ઉપર જણાવવામાં આવેલ છે. અને પ્રથમ સિદ્ધ કરવા મુજબ ઉત્પાદ-વિનાશના અભાવે ધ્રૌવ્ય પણ રહેશે નહિં, એથી કાળ દ્રવ્ય સંબંધી આ ચાલતું સમગ્ર વર્ણન દેડકાની જટાના સમૂહને કેશનો અલંકાર કરવા જેવું, વન્ધ્યાપુત્ર સરખું અથવા આકાશ પુષ્પની માળા સરખું વસ્તુ વિનાનું નિરાલંબન થશે. કારણ કે આગળ જ કહેવાના છે કે उत्पाद-व्यय-ध्रौव्य-युक्तं सत् ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય યુક્ત જે હોય તે જ સત્ છે એ ત્રણ જેમાં નથી તેવું જગતમાં કોઈ સત્ દ્રવ્ય છે જ નહિં.

ઉત્તર:-સમુદાયવાચી કાય શબ્દથી જે આક્ષિપ્ત હોય તે જ દ્રવ્ય ઉત્પાદ-વિનાશવાળું હોય એવો કોઈ નિયમ નથી, કારણ કે દ્રવ્યમાં સ્વભાવ સિદ્ધ ઉત્પાદ-વિનાશને કાય શબ્દ પ્રગટ કરે છે પરંતુ દ્રવ્યમાં ઉત્પાદ વિનાશ હતા જ નહિં અને કાય શબ્દના સામીપ્યથી ઉત્પાદ-વિનાશ નવીન ઉત્પન્ન થયા તેવું કાંઈ નથી. માટે જ્યાં કાય શબ્દનું ગ્રહણ નથી ત્યાં (તે દ્રવ્યમાં) પણ ઉત્પાદ વિનાશ સહજ સિદ્ધ છે. અને ધ્રૌવ્ય એ ઉત્પાદ વિનાશનું સહચારી હોવાથી ધ્રુવપણું પણ અવશ્ય છે. એ બધું અમે દ્રવ્ય વર્ણનના પ્રસંગમાં કહીશું.

कायग्रहण એ ભાષ્યની પંક્તિમાં જે च શબ્દનું ગ્રહણ કર્યું છે તે કારણના સમુચ્ચય માટે છે એટલે કાયગ્રહણ અવયવ અને પ્રદેશોના બહુત્વ માટે તેમજ અદ્ધાસમયમાં સમુદાયના પ્રતિષેધ માટે ગ્રહણ કરેલ છે. એ બન્ને કારણના સમુદાય માટે च શબ્દનું ગ્રહણ કર્યું.

પ્રશ્ન:-પ્રથમ ધર્માસ્તિકાય પછી અધર્માસ્તિકાય ત્યાર બાદ આકાશાસ્તિકાય એમ ક્રમ રાખવાનું શું પ્રયોજન છે?

ઉત્તર-ગ્રંથના પ્રારંભ વિગેરે મંગળ કરવા યોગ્ય સ્થાનોમાં

અર્થથી મંગળ નિર્દેશ થાય છે તેમજ કોઈ સ્થાને શબ્દથી પણ મંગળ નિર્દેશ થાય છે. અહિંયા ધર્મ એ પ્રશસ્ત નામ (શબ્દ) હોવાથી ધર્માસ્તિકાય પ્રથમ રાખ્યું. પંચાસ્તિકાયમય લોક છે અર્થાત્ લોકની વ્યવસ્થા (મર્યાદા) માં પંચાસ્તિકાય કારણ હોવાથી (ગુણની) અપેક્ષાએ) ધર્માસ્તિકાયથી વિપરીત હોવાથી ધર્માસ્તિકાયની માફક અધર્મ પણ એક દ્રવ્ય હોવાથી ધર્માસ્તિકાય પછી અધર્મનું ગ્રહણ કર્યું. ધર્મા. અધર્મા. કાયથી જાણવા લાયક (યુક્ત) આકાશ તે લોકાકાશ હોવાથી (તેમજ તે સિવાયનું અલોકાકાશ હોવાથી) તથા અરૂપીપણાની સાથે સમાનતાથી તે પછી આકાશાસ્તિકાયનું ગ્રહણ કર્યું. અને સર્વ પુદ્ગળો તેમાં અવગાહીને રહેલા હોવાથી ત્યારબાદ પુદ્ગલાસ્તિકાયનું ગ્રહણ કરેલું છે એ પ્રમાણે ધર્માસ્તિકાયાદિનો જે વિશેષ ક્રમ છે તેમાં પૂર્વોક્ત હેતુઓ જાણવા યોગ્ય છે.

**અવતરણ**-પૂર્વસૂત્રમાં ધર્માધર્માદિદ્રવ્યો અજીવ હોય છે, એ જણાવ્યું, પરંતુ દ્રવ્યની માફક ગુણ અને પર્યાયપણ અજીવ હોય છે, તો જ્યાં સુધી સૂત્ર દ્વારા ધર્માસ્તિ. વિગેરે દ્રવ્ય છે? ગુણ છે? કેપર્યાય છે? તે સંબંધી ઉપદેશ ન થાય ત્યાં સુધી તે ધર્માસ્તિ. વિગેરેના દ્રવ્યત્વ વિગેરે માટે સન્દેહ અવશ્ય રહે, તે સન્દેહને દૂર કરવા માટે સૂત્રકાર મહર્ષિ આગળનું સૂત્ર જણાવે છે—

सूत्रम्–द्रव्याणि जीवाश्च ।।५–२।।

**સૂત્રાર્થ**-પૂર્વ કહેલ ધર્માસ્તિ. વિગેરે દ્રવ્યો છે, અને ચાર અધ્યાયમાં વર્ણવેલા જીવો પણ દ્રવ્ય છે.

**ટીકાર્થ**-गुण पर्यायवद् द्रव्यम् એ સૂત્ર દ્વારા દ્રવ્યનું લક્ષણ આગળ કહેવામાં આવશે.

સો પુરૂષોમાં પુરૂષપણું જેમ સામાન્ય છે અને તે પુરૂષોના જે દેવદત્તાદિકનામો છે તે વિશેષ સંજ્ઞા છે તે પ્રમાણે ધર્માસ્તિ વિગેરે દ્રવ્ય એવું જે નામ તે સામાન્ય ( અર્થાત્ દરેકમાં રહેલું )

નામ છે, અને ધર્માસ્તિકાય, અધર્માતિકાય વિગેરે વિશેષ નામો છે, એથી ધર્માસ્તિકાય વિગેરે દ્રવ્યો સામાન્ય અને વિશેષ સંજ્ઞાવાળા છે.

શબ્દનો અર્થ જાતિ, વ્યક્તિ અને આકાર એ ત્રણે પ્રકારમાં થાય છે. જેમ એક ઘટના સાંનિધ્યથી **આ ઘટ** છે એવું જ્ઞાન થયા બાદ તેવી આકૃતિવાળા જે ઘટથી જ્ઞાન થયું છે, તે સિવાયના બીજા સેંકડો ઘટ–ઘડાઓ દૃષ્ટિમાં આવતાં **આ ઘટ** છે એવું જ્ઞાન થાય તેમ ઘટ શબ્દનો અર્થ જાતિ છે. એક છિદ્ર ઘટને દેખતા ઘટમાં જળ વિગેરે રહેવાની યોગ્યતાનો અભાવ છતાં હજુ આકાર ઘટ સરખો હોવાથી તે છિદ્ર ઘટને પણ ઘટ કહેવાશે. તેમાં શબ્દનો અર્થ આકાર છે જ્યારે સ્નાન વિગેરે ક્રિયામાં ઉપયોગી મંગળઘટને દેખતાં તેને પણ ઘટ કહેવાશે, તેમાં ઘટ શબ્દનો અર્થ વ્યક્તિ છે.

એ પ્રમાણે અહિં પણ દ્રવ્યા–સ્તિક નયના અભિપ્રાયથી ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોમાં દ્રવ્યસંજ્ઞા દ્રવ્યત્વનિમિત્તક છે અને ધર્માસ્તિકાયને પણ જે દ્રવ્ય કહેવાય છે તેમાં દ્રવ્ય શબ્દનો અર્થ જાતિ છે

પરમાર્થથી વિચાર કરતાં તે દ્રવ્યત્વ દ્રવ્યની સાથે ભેદાભેદસંબંધવાળું છે, દ્રવ્યથી એકાંતે દ્રવ્યત્વ ભિન્ન નથી, તેમજ ધર્માસ્તિકાય વિગેરે વ્યકિતથી પણ દ્રવ્યત્વ ભિન્ન નથી, એટલે ઘટમાં જે વખતે ઘટત્વધર્મની વિવક્ષા કરીએ તે વખતે દ્રવ્યત્વ અનર્પિત છે. અને ઘટત્વ અર્પિત છે. અને દ્રવ્યત્વની વિવક્ષા કરીએ તે વખતે દ્રવ્યત્વ અર્પિત છે. અને ઘટત્વ અનર્પિત છે. વિગેરે अर्पितानर्पितसिद्धेः ઇત્યાદિ ત્રણ સૂત્રોમાં કહીશું.

આથી તાત્પર્ય શું આવ્યું ? કે જેમ મોરલીના ઇંડાનો રસ ચિત્ર વિચિત્ર સર્વવર્ણ સંબંધી ભેદ–પ્રભેદોના કારણોથી યુકત હોવા સાથે જુદા જુદા સ્થાન અને કાળના અનુક્રમ વડે વર્ણો પ્રગટ થવાની યોગ્યતાવાળો હોવા છતાં વર્તમાનમાં એક સમાન પરિણામમાં તે રસ જણાય છે, તેમ ધર્માસ્તિ વિગેરે દ્રવ્યો ભૂતકાળમાં થઈ ગયેલા, ભવિષ્યમાં થવાવાળા અને વર્તનમાનમાં થતા સર્વ જે ગુણ અને

પર્યાયો તેના કારણો હોવાથી જે વખતે ભેદની વિચારણા કરીએ તે વખત અભિન્ન છતાં ભિન્નની માફક ભાસે છે !

**હવે વ્યાકરણના નિયમથી દ્રવ્ય શબ્દની સિદ્ધિ કરે છે.** द्रव्यं च भव्ये એ સૂત્રથી ભાવ અને કર્તા અર્થમાં નિપાતથી **દ્રવ્ય** શબ્દ સિદ્ધ થાય છે.

અહીં **ભાવ** અર્થમાં ગ્રહણ કરવાનો છે, એટલે **દ્રવ્ય** શબ્દનો અર્થ થવું (જુદારૂપે પરિણમવું) થાય છે.

જેમ એક જ પુરૂષ સુવું, બેસવું, ઊભા થવું વિગેરે ક્રિયાની અપેક્ષાએ સુતેલો, બેઠેલો, ઉભો થયેલો કહેવાય છે તે પ્રમાણે ગુણ અને પર્યાયની અપેક્ષાએ અન્યઅવસ્થામાં પરિણમેલ વ્યકિત રૂપે અમુક ઉત્પન્ન થયું છે, અન્યરૂપે પરિણમે છે. વધે છે, ક્ષય પામે છે, નાશ પામે છે વિગેરે કહી શકાય છે.

द्रव्यं च भव्ये એ વ્યાકરણના નિયમથી જયારે દ્રવ્ય શબ્દનો અર્થ **ભાવ** અર્થમાં **ભવનવૃત્તિ=**થવું વિગેરે થાય છે તો થવાવાળા કોણ ? તો ઉભેલ, બેઠેલ, ઉભડક બેઠેલ, અને સૂતેલ પુરૂષની માફક ગુણ અને પર્યાયો ભવનવૃત્તિ થવાના આકારવાળા છે અને તેજ અવસ્થાન્તર વ્યક્તિરૂપ વડે થાય છે, વિપરિણામ પામે છે, વધે છે. ઘટે છે. એમ કહેવાય છે.

એટલે એક જ પુરૂષ સુતેલ હોય તો સુતેલ કહેવાય, તેનો તે બેઠેલ હોય તો બેઠેલ કહેવાય, ઉભેલ હોય તો ઉભેલ કહેવાય, તે પ્રમાણે જોકે થવાના આકારવાળા ગુણ–પર્યાયો જ છે, તો પણ તે ગુણ–પર્યાય સંબંધી અન્ય અવસ્થાની અપેક્ષાએ દ્રવ્ય થયું છે. વિકાર પામે છે, વધે છે, ઘટે છે, નાશ પામે છે. વિગેરે વ્યપદેશ કરી શકાય છે.

**હવે એ થાય છે, છે, વિકાર પામે છે. વિગેરે પ્રત્યેક દ્રષ્ટાંત પૂર્વક સમજાવે છે–**પિંડ સિવાયની અન્ય સંબંધની અવસ્થાના અપ્રગટપણામાં પિંડ ઉત્પન્ન થાય છે. એમ કહેવાય છે,

જો કે અહિં કોઈ પ્રત્યક્ષ ક્રિયા દેખાતી નથી, તો પણ વ્યાપારવાળી ક્રિયાની માફક ભવનવૃત્તિ અહીં ગ્રહણ કરવાની છે, અસ્તિ 'છે' એ વડે **વ્યાપાર રહિત સ્વ સત્તા** પ્રગટ થાય છે, અહિં **ભવનવૃત્તિ** (થવું) એ ઉદાસીન છે, જ્યારે अस्ति એ ક્રિયા છે તો તદનુકૂળ વ્યાપાર પણ અવશ્ય થવો જોઈએ.

તો કહે છે કે अस्ति શબ્દ નિપાતન અર્થમાં છે, विपरिणमते વિકાર પામે છે, એ વડે પણ જે અવિનાશીપણે સાથે રહેવાવાળું છે, એવું જે ઢંકાએલું પોતાનું સ્વરૂપ તેનું રૂપાંતરપણે થવું એટલે કે જેમ દૂધ દહીંપણે પરિણમે છે, અન્ય વિકારપણે થાય છે, અહિં ગોરસપણારૂપી જે પોતાનું સ્વરૂપ તે તો દૂધ અને દહિં બન્નેમાં છે, પણ દહિંપણું જે દૂધમાં તિરોભૂત હતું, તે પ્રગટ થયું, એ અપેક્ષાએ અહિં **ભવન વૃત્તિનો** અર્થ '**વિકાર થાય છે**' એમ લેવાનો છે.

वर्धते વધે છે એ વડે તે પરિણામ પુષ્ટિરૂપે પ્રવર્તે છે પુષ્ટ થાય છે, જેમ અંકુર વધે છે. અહિં વધવાવાળો જે પરિણામ તે વડે ભવન વૃત્તિ પ્રગટ થાય છે.

अपक्षीयते હાનિ પામે છે એ ક્રિયા વડે તે જ પરિણામની હાનિ કહેવામાં આવે છે, દુર્બલ થતાં પુરૂષની માફક અહિં હાનિ થવા રૂપ **ભવન વૃત્તિ** છે.

विनश्यति નાશ પામે છે, એ વડે પ્રગટ થયેલ **ભવન વૃત્તિનો** તિરોભાવ જણાવાય છે, જેમ ઘડો જ્યારે નાશ પામ્યો, ત્યારે અમુક આકારમાં રહેવા સંબંધી જે **ભવન વૃત્તિ** હતી, તે અદશ્ય થઈ, પણ સ્વભાવપણાનો જ (માટીનો જ) અભાવ થયો એમ નથી માટી તો જે ઘટસ્વરૂપ આકાર ઉત્પન્ન થયો હતો, ઘડો ફુટયો ત્યારે તે આકાર અદશ્ય થયો, પરંતુ માટી તો હજુ પણ છે, કપાલ-કપાલિકા ઠીબ, નાની ઠીબ, ઠીંકરી, ભૂકો વિગેરે આગળ આગળ થવાવાળી અન્ય

અવસ્થાઓના ક્રમથી જાણવા યોગ્યપણું હોવાથી દરેક અવસ્થામાં માટી પિંડ તો છે જ.

એ પ્રમાણે जायते, अस्ति ઉત્પન્ન થાય છે. વિગેરે આકારો વડે દ્રવ્યો ભવન વૃત્તિ અર્થાત્ થવાવાળા છે.

કેટલાક આચાર્યો द्रव्याणि जीवाश्च એ પૂર્વોક્ત સૂત્રમાં યોગ વિભાગ કરીને द्रव्याणि, जीवाश्च એમ બે સૂત્ર બનાવે છે. પરંતુ એ અયોગ્ય છે. કારણકે યોગવિભાગ કરીને તમે જીવોમાં અસ્તિપણું અને દ્રવ્યપણું પ્રતિપાદન કરવા ઇચ્છતા હો તો સૂત્રમાં ગ્રહણ કરેલ च શબ્દના સામર્થ્યની તે બન્ને ધર્મો આવી જાય છે, તો પછી નિષ્કારણ યોગ વિભાગ કરવામાં શું કારણ ? અર્થાત્ પ્રયોજન નથી.

હવે ભાષ્યના અનુસારે વ્યાખ્યા કરે છે.

भाष्यम्–एते धर्मादयश्चत्त्वारो जीवाश्च पंच द्रव्याणि च भवन्ति इति । उक्तं च हिं 'मति-श्रुतयो र्निबंधः सर्वद्रव्येष्वसर्वपर्यायेषु " सर्वद्रव्य-पर्यायेषु केवलस्य"

अ १. सू. २७-३०

**ભાષ્યનો અર્થ**–એ પૂર્વ કહેલા ધર્માસ્તિકાય વિગેરે ચાર અને (પાંચમા) જીવો એ પાંચે દ્રવ્યો અને च શબ્દથી અસ્તિકાય છે ( या या संज्ञा, सा फलवती के ) જે જે સંજ્ઞાઓ હોય તે સફળ હોય છે. તો અહિં દ્રવ્ય સંજ્ઞાનું ફળ શું ? તો પ્રથમ અધ્યાયમાં જે કહ્યું છે કે અસર્વ (સર્વ નહિં) પર્યાયવાળા દ્રવ્યો એ મતિ અને શ્રુતનો વિષય છે. અને કેવળજ્ઞાન સર્વપર્યાયવાળા સર્વ દ્રવ્યોના વિષયવાળું છે, એમાં આવતો જે **દ્રવ્ય** શબ્દ તે જણાવવા માટે **દ્રવ્યસંજ્ઞા** કરેલી છે.

**ટીકાનો અર્થ**:....धर्माधर्माकाश पुद्गलाः એ પ્રથમ સૂત્રમાં કહેલા ધર્માસ્તિકાય અધર્મા૦ આકાશા૦ પુદ્ગલા૦ એ ચાર તેમ જ જીવો અસ્તિકાય અને દ્રવ્યો કહેવાય છે.

અહીં શંકા થાય કે–જીવમાં અસ્તિપણુનો સંબંધ ક્યાંથી આવ્યો ? કારણ કે द्रव्याणि जीवाश्च એ સૂત્રમાં જીવોને માટે द्रव्यत्वनुं જ ફક્ત વિધાન છે.

સમાધાનમાં જણાવે છે કે જે जीवाश्च એમાં જે च પદ છે તેના સામર્થ્યથી અસ્તિકાયત્વ અને દ્રવ્યત્વ અને બન્નેનો સંબંધ થાય છે.

ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોની દ્રવ્યતા સ્વનિમિત્તથી અને પર નિમિત્તથી જાણવા લાયક છે. તેમાં स्वमेव निमित्तं स्वनिमित्तं પોતે જ નિમિત્ત એટલે ધર્માસ્તિકાયનો સ્વધર્મ ધર્મત્વ તેની વ્યાપ્તિ એટલે જ્યાં જ્યાં ધર્મત્વ છે ત્યાં ત્યાં ધર્માસ્તિકાય છે. જે વ્યાપ્તિ વડે તેવા પ્રકારનું ગ્રહણ થાય છે કે સ્વધર્મ વ્યાપ્તિ વડે આ દ્રવ્ય છે એમ ભાન થાય છે, એથી તે ધર્મ જેનામાં નથી તેનો પ્રતિષેધ થાય છે તેનું ગ્રહણ થાય છે, તે ધર્મ જેનામાં છે એટલે જે વસ્તુ જે પ્રમાણે છે તે પ્રમાણે જ્ઞાન થાય છે, સ્વધર્મની પ્રાપ્તિ એ વ્યાપ્તિ સ્વરૂપ છે એટલે કે તે સ્વરૂપે રહેવું તેનું નામ જ વ્યાપ્તિ છે, જ્યાં જ્યાં ધર્મત્વ છે ત્યાં ત્યાં ધર્માસ્તિકાય છે. એટલે તાત્પર્ય શું થયું કે-'स्वभावावस्थानमेवद्रव्यलक्षणम्" પોતાના ધર્મમાં (સ્વભાવમાં) રહેવું તે જ દ્રવ્યનું લક્ષણ છે-એ પ્રમાણે સ્વનિમિત્ત દ્રવ્યતા' કહી.

હવે પર નિમિત્ત દ્રવ્યતા જણાવે છે પર એટલે સ્વથી અન્ય જેમાં નિમિત્ત છે, તે પરનિમિત્ત કહેવાય. એટલે કે જેમાં ચક્ષુ વડે રૂપ ગ્રહણ કરવા લાયક છે વિગેરેમાં જોડવું, એટલે કે રૂપ વિગેરે પણાવડે અથવા તો ગતિ સહાયક વિગેરે પણાવડે વિશેષણની અપેક્ષાએ દ્રવ્ય જ તેવા પ્રકારનું કહેવાય છે, એકનો એક જ દેવદત્ત પુત્રની અપેક્ષાએ પિતા, ભાઈની અપેક્ષાએ ભાઈ, મામાની અપેક્ષાએ ભાણેજ, ભાણેજની અપેક્ષાએ મામો જેમ કહેવાય છે, તે પ્રમાણે (એટલે કે પુદ્ગલ ધર્મા-સ્તિકાય વિગેરે દ્રવ્યોમાં રૂપ રસ, ગતિ સહાયકપણું વિગેરે સ્વધર્મ નથી પરંતુ તે દ્રવ્યોમાં ઉત્પન્ન થયેલ તે તે પ્રકારનું જે રૂપ અને ગતિ પરિણામે પરિણામેલા જીવ અને પુદ્ગલોને આશ્રીને ધર્માસ્તિકાયમાં ઉત્પન્ન થયેલ ગતિસહાયકપણું વિગેરે કારણો દ્રવ્યથી પર હોવાથી દ્રવ્યત્વની સિદ્ધિમાં પર નિમિત્ત છે.

પર નિમિત્ત અને સ્વનિમિત્ત લક્ષણ જણાવવાના ઈરાદાથી કહે છે કે उक्तं हि ઈત્યાદિ ભાષ્ય

એટલે પહેલા અધ્યાયમાં જણાવી ગયા છીએ કે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનું ધર્માદિ સર્વ દ્રવ્યોમાં ગ્રહણપણું (જાણવાપણું) છે, પરંતુ સર્વપર્યાયોમા જાણવાપણું નથી એટલે કે ચક્ષુ વિગેરે ઈન્દ્રિયો વડે તે ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો જણાય છે.

શંકા–ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો અરૂપી છે તો ચક્ષુ વડે તે શી રીતે ગ્રહણ થઈ શકે.

ઉત્તર–જીવ અને પુદ્‌ગલની ગતિ ચક્ષુ વડે જોઈ શકાય છે, એ ગમન કરતા જીવ અને પુદ્‌ગલોમાં સહકારી કારણ કોણ છે ? તે સંબંધી શાસ્ત્રીય વિચાર પ્રમાણે મન વડે વિચારતાં અથવા વિશિષ્ટ જ્ઞાની પુરૂષે કહેલી વસ્તુ મનમાં ધારેલી હોવાથી તે પ્રમાણે વિચાર કરતાં ધર્માદિ દ્રવ્યોનું ગ્રહણ થઈ શકે છે–અર્થાત્ મનવડે તેનું ગ્રહણ થાય છે. અને મનનો અ–ચક્ષુમાં સમાવેશ છે. માટે ચક્ષુ વિગેરેથી ધર્માદિનું ગ્રહણ થવામાં કાંઈ બાધકપણું નથી.

એ પ્રમાણે શ્રુતજ્ઞાન વડે પણ ધર્માદિદ્રવ્યોનું ગ્રહણ (જ્ઞાન) થાય છે. પણ સર્વપર્યાયોનું ગ્રહણ થતું નથી, મતિશ્રુત વડે જે દ્રવ્યાદિનું ગ્રહણ થાય છે તે પર નિમિત્ત હોવાથી અવિશુદ્ધ ગ્રહણ છે. વિશુદ્ધ ગ્રહણ તો સર્વ દ્રવ્ય અને સર્વપર્યાયોનું કેવળ જ્ઞાન વડે જ થાય છે.

એથી સમગ્ર વિશેષણો જેમાંથી દૂર થયા છે એવા કેવળજ્ઞાન વડે જ દ્રવ્યોનુ યથાર્થ સ્વ–નિમિત્ત ગ્રહણ થાય છે. એથી સ્વ–નિમિત્ત અને પર–નિમિત્ત વડે જણાતાં ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો દ્રવ્યાસ્તિકનયના અભિપ્રાયથી સ્વીકાર કરવા યોગ્ય છે. *

* દ્રવ્યનું લક્ષણ સ્વનિમિત્તક ઉપર જણાવ્યા પ્રમાણે હોય છે, રૂપત્વથી રૂપની જે સિદ્ધિ કરવી તે સ્વનિમિત્ત લક્ષણથી સિદ્ધિ છે, જ્યારે ચક્ષુથી ગ્રાહ્ય છે, માટે રૂપ છે એ પ્રમાણે જે રૂપની સિદ્ધિ કરવી તે પર નિમિત્ત છે, તેમ અહિં પણ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોમાં દ્રવ્યત્વથી દ્રવ્યની સિદ્ધિ કરવી તે સ્વનિમિત્તક છે અને "मतिश्रुतयोर्निबंधः सर्व द्रव्येष्वसर्व पर्यायेषु" એ દ્વારા જે દ્રવ્યોની સિદ્ધિ કરવી તે પર નિમિત્તિક છે.

અહી ભાષ્યકાર મહારાજાએ પણ પર–નિમિત્તથી ધર્માદિ દ્રવ્યોમાં દ્રવ્યત્વની સિદ્ધિ કરી છે.

**ટીકામાં** द्रव्यास्तिकनयाभिप्रायेण એમ નથી પરંતુ द्रव्यास्तिकाया भिप्रायेण એમ લખેલ છે, તેમાં આશય એ જણાય છે કે-ઋજુસૂત્રનય સ્કંધ, દેશ વિગેરેને તે જોતો જ નથી, એ તો પ્રદેશ અને પરમાણુમાં જ દ્રવ્યપણું માને છે, તો अस्तिकाय શબ્દ આપવાથી પ્રદેશ અને પરમાણુઓના સમુદાયમાં દ્રવ્યપણાની સત્તા પ્રગટ થાય છે.

**અતરણ**—એમાં એ દ્રવ્યો શું કોઈ વખતે પોતપોતાના સ્વભાવમાંથી ખસે છે? દ્રવ્યની જે પંચ સંખ્યા છે, તે સંખ્યામાં વ્યભિચાર એટલે કોઈ વખતે ન્યૂનાધિકપણું થાય છે? અને એ પાંચે દ્રવ્યો રૂપી છે કે અરૂપી છે? એ ત્રણે પ્રશ્નો ઉપસ્થિત થાય છે. એ શંકા દૂર કરવા માટે સૂત્રકાર કહે છે.

सूत्र—नित्यावस्थितान्यरुपाणि च ॥ ५ ॥

**સૂત્રાર્થ**-ધર્માસ્તિકાયાદિ પાંચે દ્રવ્યો નિત્ય છે, પાંચની સંખ્યામાં ન્યુનાધિકપણું ન થતું હોવાથી અવસ્થિત છે અને અરૂપી પુદ્ગલદ્રવ્યોના રૂપીપણા માટે આગળ "रूपिणः पुद्गलाः" એ અપવાદ કહેવાના છે.

**ટીકાર્થ**-અવતરણમાં પૂછાએલા ત્રણ પ્રશ્નનો ઉત્તર અનુક્રમે આ સૂત્ર વડે અપાય છે, સૂત્રમાં नित्य શબ્દનું જે ગ્રહણ કરેલ છે, તેથી ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોનું સ્વભાવથી નહિં ખસવાપણું જણાવાય છે, એટલે ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોનું ત્રણે કાળમાં સ્વ-સ્વભાવથી પ્રચ્યવન થતું જ નથી. જે કાંઈ પ્રચ્યવન થાય છે અર્થાત્ દેખાય છે, પર્યાયની અપેક્ષાએ થાય છે એથી દ્રવ્યાસ્તિક નયની અપેક્ષાએ સર્વ દ્રવ્યોનિત્ય છે, એટલે કે સ્વભાવથી ખસવાવાળા નથી. અવસ્થિત શબ્દના ગ્રહણથી અન્યુનાધિકપણું જણાવાય છે

એટલે દ્રવ્યની જે પંચત્વ સંખ્યા છે તે સંખ્યામાં કોઈ કાળે ન્યૂનપણું અથવા અધિકપણું થતું નથી, અનાદિ અનંત તેમજ મર્યાદા વડે સ્વભાવ સ્વતત્ત્વ બદલાતું જ નથી અર્થાત્ જે અવસ્થિતપણું છે તે અનાદિ નિધન છે

વૈશેષિક શંકા ઉઠાવે છે કે पृथिव्यप्तेजोवाय्वाकाशकालदिगात्ममनांसि એ પ્રમાણે પૃથ્વી વિગેરે નવ દ્રવ્યો છે તો તમે પાંચની સંખ્યામાં ન્યૂનાધિકપણું થતું નથી તેમ કેમ કહો છો ?

સમાધાન આપે છે—

પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને મન તો રૂપીપણા અને ક્રિયાપણા વડે પુદ્‌ગલ દ્રવ્ય જ છે અથવા જીવોએ ગ્રહણ કરીને સ્વરૂપે પરિણમાવેલા પૃથ્વી વિગેરેના પુદ્‌ગલો પણ મનુષ્યોની માફક જીવો જ છે કાળ અમુક આચાર્યોના મત પ્રમાણે જ દ્રવ્ય છે. જે આગળ કહેવાશે ઉમાસ્વાતિ મહારાજ કે જે વાચકોમાં મુખ્ય છે તેમના મત પ્રમાણે તો પાંચ દ્રવ્ય છે.

આકાશ નામના દ્રવ્યથી દિશા નામનું દ્રવ્ય જુદું નથી કારણ કે આકાશ દ્રવ્યના અમુક અમુક વિભાગોને જ સૂર્યોદય વિગેરેની અપેક્ષાએ આ પૂર્વ દિશા, આ પશ્ચિમ દિશા વિગેરે વ્યપદેશ કરાય છે બીજું

क ख ग घ<br>
० ० ० ० એમાં ख થી क પૂર્વદિશામાં છે ग પશ્ચિમ દિશામાં છે. પરંતુ ख પોતે કઈ દીશામાં છે ? काल खात्मदिशां सर्वगतत्व

૧. અહિં નૈયાયિક મત પ્રમાણે प्रागभावयो सगित्त्वं नित्त्वं ध्वंसप्रतियोगित्त्वं वानित्यत्त्वं અથવા अप्रच्युतानुत्पन्नस्थिरैकस्वभावत्त्वं नित्यत्वं इत्यादि સર્વ જે લક્ષણો છે તે કરતાં આ પાંચમાં અધ્યાયમાં જ तद्भावाऽव्ययं नित्यम् એ જે સૂત્ર કહેવાનું છે તે અનુસારે અહિં स्वभावादच्युतिं એવો જે અર્થ કરેલ છે તે વિચાર કરતાં યોગ્ય લાગે છે.

૨. અમુક દ્રવ્યથી અમુક દ્રવ્ય ભિન્ન છે એ કયારે કહેવાય કે લક્ષણનો ભેદ હોય તો, પરંતુ જે દ્રવ્યો પરિણામાન્તરને પ્રાપ્ત થવાના છે તે દ્રવ્યોમાં તે તે જુદા દ્રવ્યને આશ્રીને દ્રવ્યની સંખ્યામાં વધારો કરવો તે યોગ્ય નથી. કારણ કે વર્તમાનમાં સાયન્ટીફીક પદ્ધતિથી ઓકસીજન અને નાઈટ્રોજન દ્વારા પાણીનું વાયુરૂપમાં અને વાયુનું પાણીના રૂપમાં પરિણમન થતું જોવાય છે તો જે પાણીનું લક્ષણ કર્યું હોય તે લક્ષણનો પાણી-વાયુના-હવાના રૂપમાં પરિણમતાં નાશ થાય છે.

'परमं महत्' એ વાક્યથી ख ના સ્થાનમાં કોઈ પણ દિશા નથી એમ તો કહી શકાશે જ નહિ કારણ કે પૂર્વવાક્યના અનુસારે દિશાનું સર્વવ્યાપક પણું તો સિદ્ધ જ છે.

કદાચ એમ કહેશો કે ख ની અપેક્ષાએ क જેમ પૂર્વ દિશામાં છે તેમ ग ની અપેક્ષાએ ख પૂર્વ દિશામાં છે અને क ની અપેક્ષાએ પશ્ચિમ દિશામાં છે, તો જ્યાં અપેક્ષાથી વ્યવહાર છે ત્યાં દ્રવ્ય પણું સિદ્ધ થઈ શકતું નથી, એ તો સામાન્ય વાત છે; માટે દિશા દ્રવ્ય આકાશ દ્રવ્યથી જુદું નથી બીજું જ્યારે કોઈ પ્રશ્ન કરશે કે પૂર્વદિશા કઈ? તે વખતે હર કોઈ એમ જ કહેશે કે જ્યા સૂર્યોદય થાય તે પૂર્વ દિશા, અસ્ત થાય તે પશ્ચિમ દિશા વિગેરે, તો દિશાનું ગ્રાહ્યપણું સૂર્યોદયથી જણાય છે, પરંતુ દિશા દ્રવ્યનું પોતાનું ગ્રાહ્યપણું તો છે જ નહિ, જ્યારે સૂર્યોદયના વ્યવહારથી દિશાનું અસ્તિત્વ સ્વીકારવું પડે છે તે અપેક્ષાએ જે આકાશ દેશમાં

---

જ્યારે લક્ષણ એવું હોવું જોઈએ કે—ગમે તે અવસ્થામાં દ્રવ્યનું પરિણામાન્તર થાય તો પણ તે અન્ય પરિણામાપન્ન દ્રવ્યમાં પૂર્વનું લક્ષણ તો કાયમ રહેવું જોઈએ. અર્થાત્ જે દ્રવ્યો પરિણામી ધર્મવાળા છે એટલે અવસ્થામાંથી તદ્દન અવસ્થા બદલાઈ જાય તેવા છે જેમ કે પાર્થિવ લાકડું અગ્નિના સ્વરૂપમાં જળહવાના સ્વરૂપમાં અથવા તો અંકુરને પાયેલ જળ વનસ્પતિના સ્વરૂપમાં એવા અવસ્થાન્તર થવાવાળા પૃથ્વી વિગેરે દ્રવ્યોમાં જુદા જુદા દ્રવ્યની કલ્પના કરવી એ યોગ્ય નથી.

જ્યારે ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો પદ્યપિપર્યાયની અપેક્ષાએ અન્યપર્યાય ઘટાકાશ મઠાકાશ વિગેરે પામે છે તો પણ તેમાં ધર્માસ્તિકાયત્વાદિ સ્વનિમિત્ત લક્ષણો તો કાયમ જ હોય છે. જ્યારે પાર્થિવ લાકડાનું અગ્નિરૂપે પરિણામન થતાં તે લાકડામાં હવે પાર્થિવપણું નથી પરંતુ અગ્નિપણું છે માટે પૃથ્વી આદિ દ્રવ્યોની પૃથક્ કલ્પના કરવી એ યોગ્ય નથી, પરંતુ તે પૃથ્વી વિગેરે પૂર્વે જણાયેલા પાંચેનો પુદ્ગલ દ્રવ્યમાં સમાવેશ થાય છે. એટલે કે લાકડું અગ્નિરૂપે થશે તો લાકડામાં જે પુદ્ગલત્વ છે તે અગ્નિમાં પણ કાયમ રહેવાનું છે.

સૂર્યોદય થાય તે પૂર્વ દિશા ઈત્યાદિ વ્યવહાર માની આકાશ દ્રવ્યથી દિશા દ્રવ્યની જુદી કલ્પના ન કરવી, એજ યોગ્ય છે. આકાશ પ્રદેશો વિશિષ્ટ આકારમાં ગોઠવાયા પછી પૂર્વ દિશા વગેરે વ્યપદેશને પામે છે. આકાશ સિવાય દિશાઓની તત્સ્વરૂપે (દિશા સ્વરૂપે) પ્રાપ્તિ થઈ શકતી જ નથી.

એ પ્રમાણે 'नित्य अवस्थित' એ બેનો અર્થ કર્યો પછી હવે अरूपाणि નો અર્થ કરે છે. अरूपाणि એ શબ્દના ગ્રહણથી ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને જીવમાં અમૂર્તપણું જણાવાય છે અર્થાત્ એ ચારે દ્રવ્યો અરૂપી છે.

હવે અમૂર્ત્તપણું એટલે શું ? તો જણાવાય છે કે રૂપ-રસ-ગંધ-અને સ્પર્શના જે પરિણામો તે પરિણામો પૂર્વોક્ત ચારે દ્રવ્યોમાં ન હોવાથી એ ચારે દ્રવ્યનું અમૂર્તપણું છે.

કેટલાક नित्यावस्थितानि એ પદનો અર્થ કરે છે-ધર્માસ્તિકાયાદિ પાંચે દ્રવ્યો નિત્ય છે અને અવસ્થિત છે ત્યાર પછી अरूपाणि એટલે પૂર્વે જણાવેલા ધર્માદિ દ્રવ્યો રૂપ રસ વિગેરે સિવાયના હોવાથી અરૂપી છે. જુદા વાકયો કરવાથી તાત્પર્ય શું ? જણાવ્યું કે નિત્ય-પણું અને અવસ્થિતપણું તો પાંચે દ્રવ્યોમાં છે જ્યારે અરૂપીપણું તો ચાર દ્રવ્યોમાં જ છે.

હવે ટીકાકાર પોતાનો આશય જણાવે છે. કે, પૂર્વોક્ત અર્થ તો એક યોગથી એટલે વાકય તરીકે વિભાગ ન કરવાથી પણ થઈ શકે છે, કારણ કે અરૂપ પદના ગ્રહણથી જ્યાં સંભવ હશે ત્યાં તે પદનો સંબંધ થશે, અથવા તો अरूपाणि એ પદથી પાંચેમાં અરૂપીપણાનું નિવારણ કરવા માટે આગળ જ અપવાદ કહેવાનો છે. એટલે ઉત્સર્ગથી અપવાદ બલવત્તર હોવાથી તે પહેલાં લાગશે. વાકય જુદું કરવાથી આ અર્થ આવી શકશે નહિ. માટે વાકય વિભાગ કરવાની વાંછા ફોગટ છે. અર્થાત્ અખંડ સૂત્ર રાખવું એજ ઈષ્ટ છે.

બીજા આચાર્યો જણાવે છે જે नित्यावस्थितान्यरूपाणि એ એક યોગ જ છે. એટલે બે વાક્ય કરવાની જરૂર નથી. એમાં પ્રથમના બે પદનો સમસ્ત (સમાયુક્ત) પાઠ છે અને अरूपाणि એટલે એ સમસ્તપદ નથી એટલે પ્રથમના બે પદોની સાથે તેનો સમાસ નથી એથી બે વિભક્તિનું શ્રવણ થાય છે એથી એ અર્થ નીકળી શકે કે-नित्यावस्थितानि એ ધર્માધર્માદિ બધા દ્રવ્યોનું વિશેષણ છે, અને अरुपाणि એ એકલું પદ પુદ્ગલાસ્તિકાય દ્રવ્યને જુદુ પાડવા સાથે ધર્માધર્માદિ ચારનું વિશેષણ છે.

એ વિષયમાં કેટલાક અન્ય આચાર્યો કહે છે કે બે વાક્ય હોવાથી ઉપર પ્રમાણે અર્થ વ્યકત કરવો એ વજુદ વગરનું છે नित्याव स्थितान्यरूपाणि એ પ્રમાણે સમસ્ત પાઠ હોય તો પણ ઉપર પ્રમાણે ઈષ્ટ અર્થ પ્રાપ્ત થાય છે કારણ કે रूपिणः पुद्गलाः એ આગળનું અપવાદસૂત્ર ગ્રહણ કરેલું છે માટે ત્રણ પદો સમસ્ત કહેવા તે યોગ્ય છે.

આ પક્ષમાં આચાર્ય મહારાજે રચેલ સૂત્રની રચનાનો ભંગ થાય છે. પરંતુ પ્રક્રિયામાં દોષ આવતો નથી.

વળી બીજા કેટલાક આચાર્યો નિત્ય ગ્રહણને જુદું વિધાન ન રાખતાં અવસ્થિતનું વિશેષણ રાખીને નિત્યાવસ્થિતાનિ એ પદનો અર્થ સદાકાળ અવસ્થિત એવો કરે છે.

અહિં સમાસ શી રીતે થયો તો કહે છે કે सह सुवा-सुबन्तं सुबन्तेन सहसमस्यते સુબંતનો સુબન્ત સાથે સમાસ થાય છે, એ અધિકાર સૂત્રથી नित्य अवस्थित વિગેરે શબ્દોની માફક સમાસ થાય છે.

આ અર્થમાં ભાષ્યકાર મહારાજાએ જે પ્રમાણે અર્થ કર્યો છે તે અર્થનો સંબંધ થતો નથી. કારણ કે ભાષ્યકાર મહારાજાએ નિત્ય ને અવસ્થિતનું વિશેષણ ન રાખતાં નિત્ય-અવસ્થિત-અરૂપ એ ત્રણે વિધાનો જુદા કરેલા છે. તો પછી ભાષ્યના અર્થથી વિરૂદ્ધ નિત્યને અવસ્થિતનું વિશેષણ શી રીતે કરી શકાય?

વળી બીજા આચાર્યોનો એવો અભિપ્રાય છે કે સૂત્રકાર મહર્ષિ

સૂત્ર આ પ્રમાણે કહેલું છે नित्यावस्थितान्यरूपीणि એટલે કે अरूपाणि બદલે अरूपीणि સમજવું.

અહિં વ્યાકરણનો નિયમ છે કે જે તત્પુરૂષ સાથે મત્વર્થીય તથા બહુવ્રીહિનો પ્રસંગ આવ્યો હોય તો બહુ૦ સમાસ કરવો પણ મત્વર્થીય પ્રત્યય ન કરવો–એ નિયમને અનુસારે બહુવ્રીહિ સમાસ કરવો પણ મત્વર્થીય ન કરવો. જો એમ કહેશો–તે નિયમનું બાહુલ્ય હોવાથી બહુ વ્રીહિનો બાધ કરીને કોઈ ઠેકાણે મત્વર્થીય પણ થાય છે. તે આ પ્રમાણે–इङ्–धार्योः शत्रकृच्छ्रिणि (पा–अ–३.पा–२ सू–२३०) अनरवन्ति चक्राणि, नअरं अनरं, अनरं अस्ति येषामित्यनरवन्ति चक्राणि એમાં જેમ તત્પુરૂષથી મતુપ્ પ્રત્યય કરેલો છે અથવા सर्वधनी વિગેરે શબ્દો જેમ સર્વધનાદિ ગણમાં કહેલા છે તે પ્રમાણે અહિં પણ સમજવું

अविद्यमानं रूपं येषां तानि अरूपीणि (बहुव्रीहि) न रूपं अरूपं (नञ्तत्पुरुष) अरूपं अस्ति येषां तानि अरूपीणि (मत्वर्थीय इनि प्रत्ययः)

અહિં બીજા વાદીઓ શંકા કરે છે કે—

ભલે! મત્વર્થીય લાયક પ્રત્યય થાઓ પરંતુ મતુ પ્રત્યય થવો જોઈએ. કારણ કે રસાદિગણમાં તે શબ્દ પઠિત છે માટે ઈનિ ન થવો જોઈએ.

એના ઉત્તરમાં જણાવે છે–જે ત્યાં સમુચ્ચય માટે अन्यतरस्यां ગ્રહણ કરેલું હોવાથી ઈનિ પણ થઈ શકે છે. અર્થાત્ अरूपीणि એ બરાબર છે (આ પક્ષ ટીકાકારને ઈષ્ટ છે)

भाष्यम्–एतानि द्रव्याणि **नित्यानि** भवन्ति। (तद्भावाऽव्ययनित्यं) इति च वक्ष्यते **अवस्थितानि च** नहि कदाचित् पञ्चत्वं भूतार्थत्वं व्यभिचरन्ति **अरूपाणि च** नैषांरूप–मस्तीति। रूपं मूर्तिः मूर्त्याश्रयाश्च स्पर्शादय इति ॥ ३ ॥

**ભાષ્યનો અર્થ**–એ પૂર્વે કહેલા દ્રવ્યો નિત્ય છે. તત્સ્વરૂપ નાશનો અભાવ તેને નિત્ય કહેવાય–જે આગળ કહેવાશે વળી એ દ્રવ્યો અવસ્થિત છે, એટલે કોઈ દિવસ પાંચથી ન્યૂનાધિક

થતા નથી, તેમાં સ્વ-સત્તામાંથી ખસતા નથી. વળી એ દ્રવ્યો અરૂપી છે અર્થાત્ તે દ્રવ્યોમાં રૂપ નથી રૂપ એટલે મૂર્તિ-આકાર અને એને આધારે રહેલા સ્પર્શ વિગેરે છે ાા૩ાા

ટીકાર્થ-પૂર્વે જણાવેલા ધર્માધર્મ વિગેરે પાંચે દ્રવ્યો નિત્ય છે, એટલે દ્રવ્યાસ્તિકનયના અભિપ્રાયથી દ્રવ્યો નિત્ય છે, પરંતુ પર્યાયાસ્તિક નયના અભિપ્રાયથી નહિ, કારણ કે દ્રવ્યાસ્તિકનય એ ધ્રૌવ્યનેજ (નિત્યપણાનેજ) ઈચ્છે છે પરંતુ ઉત્પાદ-વિનાશને ઈચ્છતો જ નથી, તે દ્રવ્યાસ્તિકનયની અપેક્ષા રાખ્યા સિવાય પ્રરૂપણા કરીએ તો તો એકાંતવાદ જ થાય. અને તે એકાંતવાદ ઘણા દોષોથી સંગત હોવાથી સામાન્ય નજરે જોવાવાળાના અભિપ્રાયની માફક અયોગ્ય લાગે.

ઉપર મુજબ દ્રવ્યાસ્તિકનયની અપેક્ષાએ દ્રવ્યોમાં નિત્યપણું પ્રતિપાદન થવું જોઈ એ.

શિષ્ય-શંકા કરે છે કે-એ પ્રમાણે એકનયની અપેક્ષાવાળી જે પ્રરૂપણા છે, તે જિનેશ્વર ભગવંતનું જે દર્શન છે, તેનું પ્રતિપાદન કરવામાં સમર્થ નથી.

ઉત્તર-ભાઈ! તારી વાત સાચી છે! પરંતુ દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિક એ બન્ને નયમાં ગૌણ-મુખ્ય ભાવ કહેવાની ઈચ્છા વડે શ્રી **મહાવીર પરમાત્માના** અનુયાયીઓ વસ્તુ-તત્વનો નિર્ણય કરે છે.

અર્થાત્ જે વખતે દ્રવ્યાદિકના નિર્ણયમાં દ્રવ્યાસ્તિકનયની અપેક્ષા રાખવામાં આવે છે, ત્યારે તે દ્રવ્યાસ્તિકની મુખ્યતા હોય છે અને પર્યાયા૦નું ગૌણપણું હોય છે, એ પ્રમાણે પર્યાયાદિના સ્વરૂપના નિરૂપણ માટે કરવું અતિ દુષ્કર બની જાય.

જે પ્રમાણે नरसिंह શબ્દના સ્થાને नरकेसरी **નર**શબ્દની ગૌણતા અને **સીંહને** સ્થાને **કેસરી** મુકવાથી **કેસરી** શબ્દની મુખ્યતા છે તે પ્રમાણે અભિન્ન અંશવાળી એટલે કે દ્રવ્ય પર્યાય વિગેરે અંશોનો તાત્વિક દૃષ્ટિએ જેમાં ભેદ નથી એવી વસ્તુની આ પ્રમાણે

જ પ્રજ્ઞાપના થઈ શકે છે. તેવા પ્રસંગે ઉપરના પ્રસંગમાં દ્રવ્યાસ્તિકના પ્રધાનપણાની અપેક્ષાએ અને પર્યાયાસ્તિકના ગૌણપણાની અપેક્ષાએ (દ્રવ્યોમાં) બંને નયનો સંગ્રહ છે, તે પ્રથમ અધ્યાયમાં કહ્યું છે અને આગળ ત્રીજા સૂત્રમાં ફરીથી કહેવાશે.

એ પ્રમાણે દ્રવ્યાસ્તિકનયથી જણાવવાલાયક જે ધ્રૌવ્યાંશ છે, તેનેજ નિત્ય શબ્દથી જણાવે છે. એટલે કે નિત્યશબ્દનો અર્થ જે ધ્રૌવ્ય કરેલો છે તે અર્થ ક્યાંથી આવ્યો! તે પ્રશ્નના સમાધાનમાં વ્યુત્પત્તિ દ્વારા તે અર્થની સિદ્ધિ કરે છે.

नेर्ध्रुवेत्यबूने એ સૂત્રથી ધ્રુવાર્થમાં त्यप् પ્રત્યય થાય છે. અને એથી ધ્રુવઅર્થમાં નિત્ય શબ્દ બને છે नित्यानि એટલે ધ્રુવ અર્થાત ઉત્પાદ–વિનાશ વિનાના દ્રવ્યો છે.

**ભાષ્યમાં** જે भवन्ति पद છે તેનો અર્થ કહે છે भू सत्तायां એવો ધાતુ છે, અહીં અર્થ સામાન્ય '**થાય છે**' એવો થાય. એટલે કે પ્રથમ ન હતું અને હવે થાય છે. એમ કહી શકાય અને એમ જો થાય તો જે દ્રવ્યોની ત્રૈકાલિક સત્તા ગણાવી છે, તે થઈ શકે નહિ, તો ત્યાં એવી રીતે સિદ્ધ કરવું કે–વર્ત્તમાન અર્થમાં વપરાતો ધાતુ વ્યાકરણના નિયમથી ત્રૈકાલિક સત્તા પણ પ્રદર્શિત કરે છે. જે માટે **સિદ્ધહેમ**માં ત્રણ અર્થમાં વર્તમાનપ્રયોગ થવાનું કહેલ છે. તેમાં नित्य प्रवृत्त અર્થમાં પણ કહેલા છે.

અહિં દ્રવ્યો નિત્ય હોવાથી भवन्ति નો અર્થ नित्यप्रवृत्त અર્થમાં કરવો, પરંતુ થાય છે અર્થાત્ પ્રથમ ન હતું અને હવે થાય છે એવા અર્થમાં કરવાનો નથી, भवन्ति એ પદથી ધર્માદિ દ્રવ્યોની કોઈપણ કાળે વિકાર ન પામવાવાળી સત્તા જણાવાય છે અને એ સત્તા નિત્ય સ્વરૂપે છે, નિત્યનું જે લક્ષણ આગળ કહેવાનું છે, તે અહિં ઉદ્ઘાટન કરે છે.

तद्भावाऽव्ययं नित्यम् એ વિદ્યમાન સ્વરૂપથી વિનાશ પામ્યું નથી, વિનાશ પામતું નથી અને વિનાશ પામશે નહિં. भवति એ આખ્યાતમાં

દ્રવ્ય એ કર્તા છે તે કર્તા (દ્રવ્ય) સ્વરૂપથી કોઈ વખતે ખસ્યું નથી ખસતું નથી અને ખસશે પણ નહિં એથી નિત્ય કહેવાય છે સ્વભાવ-પણું કોઈ દીવસ છોડતું નથી; તાત્પર્ય છે.

હવે अवस्थित શબ્દનો અર્થ કહે છે. અર્થાત્ નિત્ય અને અવસ્થિત એ બંને એક જ છે એવી જે ભ્રાન્તિ તેને દૂર કરે છે જો બંને નિત્ય અને અવસ્થિત જુદા લક્ષણવાળાં છે, તો બંને જુદા જુદા લક્ષણવાળાનો એક દ્રવ્યમાં સમાવેશ થતો (દ્રવ્યના બંને વિશે-ષણો) હોવાથી સાંકર્ય દોષનો પ્રસંગ આવશે अनित्य નું લક્ષણ જુદું છે અને અવસ્થિતનું લક્ષણ પણ જુદું છે.

अवस्थितानि च नहि कदाचित् पञ्चत्वं भूतार्थत्वं च व्यभिचरन्ति એ દ્રવ્યો પાંચની સંખ્યાપણું તેમજ જે વસ્તુ જે પ્રમાણે છે, તે કદી પણ છોડતા નથી च શબ્દનું ગ્રહણ નિત્યપણાને પણ સાથે જણાવ-નાર છે. એટલે ધર્માદિ દ્રવ્યો અવસ્થિત છે તે અવસ્થાન અન્ય વાક્ય વડે જણાવે છે.

જે કોઈ દીવસ પાંચની સંખ્યામાં ફેરફાર થતો નથી તત્સ-રૂપનું અવિનાશીપણું છતાં અવસ્થિતના ગ્રહણથી એ દ્રવ્યોની મર્યાદા સંખ્યાસંબંધી નક્કી કરે છે. અર્થાત્ પાંચ જ દ્રવ્યો છે, પરંતુ ન્યૂન કિંવા અધિક નથી એમ સંખ્યાનો નિયમ જણાવવાનો આશય છે. કારણ કે લોક હંમેશાં પંચાસ્તિકાયમય છે.

કોઈ કહે કે કાળ કેમ ગ્રહણ ન કર્યો! ભલે! અસ્તિકાય ન ગણો, પરંતુ દ્રવ્યોની સંખ્યામાં કેમ ન ગણ્યું ? તો ઉત્તર આપે છે–જે કાળ પર્યાય સ્વરૂપ હોવાથી ગ્રહણ કર્યો નથી, પોતાનો સ્વભાવ પણ વ્યભિચરિત થતો નથી એ જણાવવા માટે અવસ્થિતનું ગ્રહણ કરેલ છે. અન્યોન્ય પ્રવિષ્ટ છતાં એટલે જ્યાં ધર્માસ્તિકાય આકા. પુદ્ગલા. જીવ હોવા છતાં પણ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો સ્વતત્વથી ભ્રષ્ટ કોઈ કાળે થતા નથી. એટલે તે પોતાનું જે વિશિષ્ટ લક્ષણ છે. તેનું ઉલ્લંઘન કરતા નથી.

ધર્માદિ દ્રવ્યોનું પોતાનું શું સ્વતત્ત્વ છે? તે જણાવે છે. ધર્માસ્તિકાયનું ગત્યુકારકપણું, અધર્મા.નું સ્થિત્યુપકારકપણું, આકાશનું અવગાહ સંબંધી ઉપકારકપણું, જીવોનું સ્વ અને પરોપકાર કરવામાં કારણભૂત ચૈતન્ય પરિણામ અને પુદ્ગલોમાં શરીર વાણી મન-શ્વાસોશ્વાસ, સુખ-દુઃખ, જીવવું, મરવું વિગેરે ઉપકારપણું તેમજ મૂર્તપણું સ્વતત્ત્વ છે, અથવા ધર્મા૦ અધર્મા૦ જીવમાં અસંખ્ય પ્રદેશીપણું આકાશમાં અનંત-પ્રદેશીપણું અને પુદ્ગલમાં સંખ્ય અસંખ્ય અનંતપ્રદેશીપણું પાંચેમાં સ્વતત્વની અપેક્ષાએ અનાદિ પરિણામ અથવા જે વસ્તુ જે પ્રમાણે છે, તે પણું અથવા ચાર દ્રવ્યોનું અમૂર્તપણું અને એક પુદ્ગલ દ્રવ્યનું મૂર્તપણું વિગેરે જે સ્વતત્ત્વ છે, અનાદિ કાળથી પ્રસિદ્ધ એવી પૂર્વોક્ત તે તે મર્યાદાનું તે દ્રવ્યો કોઇ કાળે પણ ઉલ્લંઘન કરતા નથી.

પોતાના લક્ષણમાંથી ખસવું એ પદાર્થોના ભેદમાં હેતુ છે. એથી પોતાના જે ગુણો છે તેનો ત્યાગ કરીને અન્યના ગુણોને કદી પણ દ્રવ્યો ગ્રહણ કરતા નથી, માટે એ દ્રવ્યો અવસ્થિત છે.

હવે अरूपाणि च એ પદનો અર્થ કરે છે. એ ધર્માદિ દ્રવ્યોમાં રૂપ નથી એથી અરૂપી દ્રવ્યો છે 'अरूपाणि' એ સમુદાય ધર્માદિ પ્રત્યેક દ્રવ્યોનો જે સમુદાય-સમૂહનું વિશેષણ નથી, પરંતુ संभव-व्यभिचाराभ्यां स्यात् विशेषणमर्थवत् એ ન્યાયથી ધર્મા૦ અધર્મા૦ આકાશા. અને જીવાસ્તિ એ ચારમાં જે અરૂપી વિશેષણ સંભવે છે, પરંતુ પુદ્ગલોમાં એ અરૂપી વિશેષણનો સંભવ નથી, નિત્ય-અવસ્થિતની માફક અરૂપી એ વિશેષણ પણ દરેક દ્રવ્યોમાં લાગવું જોઈએ તો અહીં આ ચારમાં વિશેષણ લગાડો છો અને એક પુદ્ગલમાં નથી લગાડતા તેમાં શું કારણ છે? યદ્યપિ, અરૂપી વિશેષણનો સંબંધ પુદ્ગલ દ્રવ્યોમાં થવાનો પ્રસંગ તો છે, પરંતુ रूपिणः पुद्गलाः એ ઉત્તર સૂત્ર વડે એ પ્રાપ્ત થયેલ પ્રસંગનો નિષેધ થાય છે.

હવે અરૂપીનો અર્થ કરે છે. ચક્ષુથી ગ્રહણ થાય

તે રૂપી કહેવાય. તે જેમાં નથી તે દ્રવ્યો અરૂપી દ્રવ્યો કહેવાય. એથી શું થયું કે? દ્રવ્યો અરૂપી હોવાથી ચક્ષુ વડે ગ્રહણ થઈ જોઈ શકાતા નથી, પરંતુ ચક્ષુ વડે ગ્રહણ કરી શકાતા નથી, માટે અરૂપી છે. છે એમ ન સમજવું. એમ જો થશે તો રૂપીપણું છતાં પરમાણુ વિગેરે ચક્ષુથી જોઇ શકાતા કથી, તેથી પરમાણુમાં વ્યભિચાર આવશે, માટે અરૂપીનું ગ્રહણ દ્રવ્યનો સ્વભાવ જણાવવા માટે એટલે ચાર દ્રવ્યોમાં મૂર્તિમત્તાનો જે અભાવ તે પ્રગટ કરવા માટે છે,

શિષ્ય શંકા ઉઠાવે છે કે-ઘટાકાશ મઠાકાશ વિગેરે ઉત્પાદ-વિનાશ રૂપે પ્રસિદ્ધ છે, ઘટના સંબંધી ઘટાકાશની ઉત્પત્તિ અને ઘટના અભાવથી ઘટાકાશનો વિનાશ થાય છે, જ્યાર એ પ્રમાણે ઘટાકાશ-મઠાકાશની અપેક્ષાએ આકાશદ્રવ્ય ઉત્પાદ-વિનાશવાળું છે, તો જે દ્રવ્ય ઉત્પાદ-વિનાશવાળું હોય તેમાં પુદ્ગલ-દ્રવ્યની માફક અવશ્ય મૂર્તિમત્તા હોવી જાઈએ. તો અરૂપી આકાશમાં મૂર્તિમત્તાનો પ્રસંગ આવશે.

ઉત્તર-અન્ય વસ્તુના સંયોગથી-અન્ય ઉપાધિથી ઉત્પાદ-વિનાશવાળા દ્રવ્યોમાં અંગુલ્યાકાશની માફક ભજના છે, પરંતુ સ્વની અપેક્ષાએ એ દ્રવ્યોમાં રૂપાદિ નથી.

હવે રૂપ એટલું શું? તે જણાવે છે કે-રૂપ એટલે મૂર્તિ અર્થાત્ મૂર્તિ એ રૂપ વિગેરે શબ્દોથી કહેવા લાયક છે, તે મૂર્તિ રૂપ-રસ, ગંધ-સ્પર્શ અને સંસ્થાન (આકાર,)ના પરિણામરૂપ છે, પરંતુ નૈયાયિક જેમ વિભુ-દ્રવ્યને અમૂર્ત માને છે અને જે વિભુદ્રવ્યો નથી તેને મૂર્ત માને છે, કારણ કે સર્વ મૂર્તદ્રવ્ય-સંયોગીપણું જે દ્રવ્યોમાં નથી તે મૂર્ત દ્રવ્યો છે જેમ કે પૃથ્વી વિગેરે, તો તેવું અસર્વગત-દ્રવ્ય પરિણામ સ્વરૂપ મૂર્તપણું માનવાનું નથી. કારણ કે તેમ કરવા જતાં વ્યભિચાર-દોષનો પ્રસંગ આવે છે.

વૈશેષિકોને પણ લોકાદિના વિશિષ્ટ સંસ્થાનપણાએ કરીને આત્મા વિગેરે વિભુ દ્રવ્યોનું પરિમિતપણું તો સ્વીકારવું જ પડશે

કારણ કે જો પરિમિતપણું હોય તો વિશિષ્ટ આકારવત્તા આવી શકે, અન્યથી અપરિમિતપણામાં વિશિષ્ટ આકારવત્તા આવી શકતી નથી.

બીજા આચાર્યો કહે છે કે-રૂપ શબ્દ નીલ વગેરે વર્ણવાચક છે, અને લાંબુ, ચોરસ વિગેરે સંસ્થાનનું પ્રતિપાદન કરનાર પણ છે, તો અહિં સંસ્થાન-આકારનું પ્રતિપાદન કરનાર રુપ શબ્દનું ગ્રહણ કરનાર લેવો. તેથી જે રૂપ શબ્દ સંસ્થાનના સ્વીકારનો આવિર્ભાવ કરે છે, તે શબ્દનો સ્વીકાર કરીને આચાર્ય ભગવંતે કહ્યું કે રૂપં મૂર્તિઃ એવા પ્રકારની મૂર્તિના આધારે રહેલા સ્પર્શ વિગેરે કોઈ દીવસ સંસ્થાનવિનાના હોઈ શકતા નથી, જો સ્પર્શ વિગેરે સંસ્થાન વિનાના હોય તો વંધ્યાપુત્ર, આકાશ કુસુમ, મંડૂકશિખા વગેરે સરખા સ્પર્શ થાય.

આ પ્રમાણે રૂપ શબ્દનો આકાર અર્થ કરવાવાળા આચાર્યોના મતમાં પણ દોષ આવે છે તે કહે છે—

આ પક્ષમાં ધર્મા૦અધર્મા૦ વિગેરે દ્રવ્યોનો લોક પ્રમાણ આકાર હોવાથી તે અમૂર્ત દ્રવ્યોમાં પણ રૂપવત્તાનો પ્રસંગ પ્રાપ્ત થશે, માટે આકાર એ રૂપ શબ્દનો અર્થ યોગ્ય નથી, તેથી રૂપ એ જ મૂર્તિ હો ! પરંતુ આકાર મૂર્તિ નથી. જો એમ થાય તો ફક્ત ગુણો જ શબ્દનો વિષય થયો. માટે રૂપ જ મૂર્તિ નથી.

ઉત્તર કહે છે કે દ્રવ્યાસ્તિકનયની અપેક્ષાએ આ પ્રસંગે બધું નિરૂપણ થાય છે. જે પ્રથમ જણાવેલ છે, તે શું એટલીવારમાં ભૂલી જવાયું ? એ રૂપાદિ ગુણો મૂર્તિથી કાંઈ જુદા કરેલા નથી તે જ મૂર્તિ દ્રવ્ય સ્વભાવવાળી છતાં ચક્ષુની ગ્રહણતાને માનીને આ રૂપ છે એમ વ્યપદેશ પામે છે.

એક કાળી ડબ્બીને દેખીને કોઈ કહે કે-આ કાળાશ છે, તેમાં તે ડબ્બીથી કાળાશ જેમ જુદી નથી, પરંતુ ચક્ષુથી કાળાશનું ગ્રહણ થતું હોવાથી આ કાળાશ છે એવો વ્યપદેશ થાય છે, તે પ્રમાણે રૂપની ચક્ષુથી ગ્રહણતા હોવાથી મૂર્તિમાં આ રૂપ છે એવો વ્યપદેશ થાય છે. એથી જ મૂર્તિ અને રૂપાદિકનું નિકૃષ્ટસહચરપણું

(એટલે જ્યાં મૂર્તિ છે ત્યાં રૂપાદિ છે અને જ્યાં રૂપાદિ છે ત્યાં મૂર્તિ છે, એ) જણાવવા માટે ભાષ્યકાર કરીથી જણાવે છે કે.

मूर्त्याश्रयाश्च स्पर्शादयः इति સ્પર્શાદિગુણો મૂર્તિના આધારે રહેલા છે. સ્પર્શાદિગુણો મૂર્તિથી કોઈ દિવસ વ્યભિચરિત–રહિત નથી, કારણકે ઉભયનું સહચારીપણું છે. જ્યાં રૂપપરિણામ છે ત્યાં સ્પર્શ, રસ, ગન્ધ પણ અવશ્ય હોય છે, માટે એ રૂપ, રસ, ગન્ધ, સ્પર્શ એ ચારેનું સહપણું છે એથી પરમાણુમાં પણ એ ચારે છે. પરમાણુઓ એ ચારે ગુણોની જાતિથી ભેદવાળા નથી.

કારણકે સર્વ પરમાણુઓ પરમાણુત્વની અપેક્ષાએ એક રૂપ છે. ફક્ત આટલું વિશેષ છે. કોઈક દ્રવ્ય ઉત્કૃષ્ટ ગુણના પરિણામને પામીને પુન : તે પરિણામનો ત્યાગ કરે છે તે જ વસ્તુ દ્રષ્ટાંતથી સમજાવે છે.

મીઠું અથવા હીંગ જે વખતે સમુદાય એટલે ટુકડાના રૂપમાં હોય છે તે વખતે ચક્ષુરિન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિયથી જાણી શકાય છે એટલે ટુકડાના રૂપમાં રહેલ મીઠું હીંગમાં ચાક્ષુષ–સ્પાર્શન પરિણામ છે. પરંતુ પાણીમાં નાંખેલ તે જ મીઠું અને હીંગ ઓગળી ગયા બાદ રસનેન્દ્રિયથી જાણી શકાય છે. એટલે કે પ્રથમની અવસ્થામાં જે ચાક્ષુષ અને સ્પાર્શન પરિણામ હતો તેનો નાશ થવા સાથે રાસન અને ઘ્રાણ પરિણામ ઉત્પન્ન થાય છે સ્પર્શ અને વર્ણ તે ઓગળી ગયેલ મીઠું તથા હીંગમાં પરિણામ વિશેષ થવાથી ચક્ષુ તેમજ સ્પર્શનેન્દ્રિયથી ગ્રહણ થઈ શકતાં નથી.

એ પ્રમાણે પૃથ્વી, અપ, અગ્નિ અને વાયુ સંબંધી અણુઓ એક જાતિવાળા છતાં કોઈ વખતે કોઈ પરિણતિને ધારણ કરતાં છતા સર્વ ઇદ્રિયથી ગ્રહણ થઈ શકતા નથી. એથી રૂપ. રસ. ગંધ અને સ્પર્શ વિશિષ્ટ પરિણામ વડે ગ્રહણ કરાયા છતાં મૂર્તિપણે કહી શકાય છે.

બીજા આચાર્યો ભાષ્યને આ પ્રમાણે વર્ણવે છે. તેઓનો આશય આ છે કે द्रव्याणि जीवाश्च એ સૂત્રમાં द्रव्याणि એ અધિકાર સૂત્ર નથી ભલે આગળના સૂત્રોમાં તે द्रव्याणि પદની અનુવૃત્તિ લાવવી જોઈએ. એ ઈચ્છા ઉપર છે. પણ અધિકાર હોય તો द्रव्याणि અવશ્ય આવે જ છે.

# આગમજ્યોત

વીર નિ. સં. ૨૫૦૪ ✻ વિ. સં. ૨૦૩૪

विणए धम्ममूले पण्णत्ते

વિનય ધર્મનું મૂળ છે.

વર્ષ ૧૩ ★ પુસ્તક ૩

## વિનય કલ્પવૃક્ષની ફલ પરંપરા

જગત્માં અનેક દર્શનકારો સ્વર્ગ અને મોક્ષના કે ઉદય અને સિદ્ધિના કારણરૂપે ધર્મને માને છે, નાસ્તિક સિવાયના દર્શનકારોમાં જો કે પૂર્વમીમાંસક સરખા દર્શનકારો મોક્ષને માનનારા નથી હોતા. તોપણ **ધર્મને માનવાની બાબતમાં કોઈપણ આસ્તિક દર્શનકારનો મતભેદ નથી.**

જો કે નાસ્તિક દર્શનકારો પણ ધર્મને જગતના વ્યવહારથી કે આસ્તિકોને ફસાવવા માટે માનવાને તૈયાર રહે છે. પરન્તુ તે **નાસ્તિક દર્શનકારો** માત્ર ઐહિક સુખ કે જે **વર્ત્તમાન જીંદગીમાંજ અનુભવાય છે, તેને ધર્મ તરીકે માને છે.** કેમ કે પરભવ કે પરભવે જવાવાળો જીવ ન માનવાને લીધે કે સ્વર્ગાદિક સદ્ગતિ કે નરકાદિક દુર્ગતિ ન માનવાને લીધે તેઓ મોક્ષને પણ માનતા નથી એટલે નાસ્તિક દર્શનકારોની અપેક્ષાએ ઐહિક સુખને ધર્મ તરીકે જણાવવામાં પણ આવે. પરન્તુ સ્વર્ગ અને મોક્ષના કારણ

તરીકે ગણાતો એવો ધર્મ તો નાસ્તિક દર્શનકારો સ્વપ્નમાં પણ અને ભૂલે ચૂકે પણ કબુલ કરી શકે નહિં.

એટલે સાચી હકીકત તો એ છે કે નાસ્તિક દર્શનકાર શિવાયના સર્વ દર્શનકારો એટલે **સર્વ આસ્તિક દર્શનકારો જ ધર્મને વાસ્તવિક રીતિએ માનનારા ગણાય**

એવી રીતે સર્વ આસ્તિક દર્શનકારો ધર્મને માનવાવાળા છતાં કેટલાક આસ્તિક દર્શનકારો પોતપોતાના દર્શનશાસ્ત્રો દ્વારા કરાયેલા વિધાનો અને કરાયેલા નિષેધોને આદરવા અને છોડવામાં ધર્મ જણાવનારા છે. અને તેથી તેવા દર્શનકારોના કહેલા ધર્મની પરીક્ષા કરતી વખતે પહેલાં જ તેમના શાસ્ત્રના યુક્તાયુક્તપણાની પરીક્ષા કરવાની જરૂર રહે છે. અને તે પરીક્ષા થયા પછી ધર્મની સત્યતા અને અસત્યતાનો નિશ્ચય કરી શકાય છે. અને તે શાસ્ત્રની યુક્તાયુક્તની પરીક્ષા કરવા માટે પણ તેના શાસ્ત્રને અંગે **સર્વજ્ઞ કથિતપણું, હિતોપદેશકપણું અને મહાજનસ્વીકૃતપણું** જોવાની જરૂર ઉભી થાય છે. અર્થાત્ **જ્યાં આ ત્રણ વસ્તુઓ હોય તે જ શાસ્ત્રને વિચક્ષણો સમ્યક્ શાસ્ત્રતરીકે કહી શકે છે.** તે ત્રણ વસ્તુ જેમાં ન હોય એવા કોઈપણ વિદ્યમાન શાસ્ત્રને વિવેકી પુરૂષો શુદ્ધ-શાસ્ત્ર તરીકે કે સદ્શાસ્ત્ર તરીકે ગણી શકે નહિં, અર્થાત્ **ધર્મની પરીક્ષા માટે શાસ્ત્રની પરીક્ષા કરવી પડે, અને શાશની પરીક્ષા માટે તેના વકતાની પરીક્ષા કરવી પડે.**

આમ છતાં પણ કેટલીક વખતે કેટલાક શાસ્ત્રકારો પરીક્ષાને માટે ધર્મની વ્યાખ્યા કરતાં ધર્મના મૂલને જણાવે છે, તેમાં જૈન-દર્શન શિવાયના દર્શનકારો ધર્મના મૂલ તરીકે લક્ષણને જણાવતાં શૌચવાદને આગળ કરે છે. અને તેથી તેઓ '**શૌચમૂલ ધર્મ છે**' એમ મિરૂપણ કરવા તૈયાર થાય છે.

પરન્તુ જૈનદર્શનકારો જૈનધર્મની પરીક્ષાને માટે તે નિરૂપણ કરનાર શાસ્ત્રની સ્વયં પરીક્ષા તથા વક્તા દ્વારા જણાવી યોગ્યાયોગ્યપણાનો

વિભાગકરવા જેમ આગળ આવે છે, તેવી જ રીતે ધર્મનું મૂલ દેખાડવા દ્વારા પણ ધર્મની પરીક્ષા કરાવી ધર્મને ગ્રહણ કરાવવા માટે આગળ આવે છે. અને તેથી તેઓ જેમ ધર્મનું આજ્ઞા એટલે જૈનશાસનથી પ્રતિબદ્ધપણું સાબીત કરીને તેના વક્તા ભગવાન્ જિનેશ્વરમહારાજનું નિર્દોષપણું સાબીત કરવા પરીક્ષકોને પરીક્ષાનાં સાધનો અર્પણ કરે છે. તેમ **ધર્મનું સીધું મૂલ દ્વારા લક્ષણ જણાવતાં વિનય-મૂલ નિરૂપણ કરે છે,**

એટલે **"આત્મીય-ગુણોને પ્રાપ્ત કરી તેની પ્રતિક્ષણે વૃદ્ધિ કરનારા અને તે વૃદ્ધિની પરાકાષ્ઠાને પામેલા મહાનુભાવ પુરૂષોનો વિનય કરવો તે ધર્મનું મૂલ છે."** એમ સ્પષ્ટ શબ્દોમાં સ્થાને સ્થાને જાહેર કરે છે.

આ કારણથી **શ્રીજ્ઞાતાસૂત્ર** વગેરેમાં **"વિનય મૂલ ધર્મ છે."** એમ કહીને ધર્મનું મૂલ વિનય છે, એમ જણાવ્યા છતાં સાધુધર્મ અને ગૃહસ્થધર્મ એવા તે ધર્મના બે ભેદો જણાવી શકાયા છે.

આ વસ્તુ સમજનારો મનુષ્ય વિનયને કલ્પવૃક્ષ સમાન સર્વ ઈષ્ટ-વસ્તુઓને દેનારો ગણે તો તેમાં આશ્ચર્ય નથી.

જો કે મોક્ષને કરાવનાર એવા સમ્યગ્દર્શનાદિક સાધનોમાં વિનયને સાક્ષાત્ સ્થાન આપવામાં આવેલું નથી, પરન્તુ મોક્ષના કારણોમાં બન્ધનો અભાવ અને *નિર્જરા એ બે કારણો સર્વવ્યાપક* તરીકે જણાવેલા છે, તેમાં નિર્જરારૂપ તપસ્યાની અંદર તે વિનયને જરૂર સ્થાન આપવામાં આવેલું છે, પરંતુ તે તપસ્યામાં ગણાવેલો વિનય એ સામાન્ય વિનયના ફલની પરંપરાએ લેવાતા નિર્જરા નામના ફલનુંજ રૂપાંતર છે. એમ ગણવામાં કંઈ ખોટું નથી.

વાસ્તવિક રીતે વિનયને નિર્જરાને સ્થાને ગોઠવવા છતાં વૃક્ષને સ્થાને ગોઠવવામાં કોઈપણ જાતની યુક્તિથી બાધા આવતી નથી.

જગત્માં દેખી શકીએ છીએ કે જે વસ્તુ મૂલ તરીકે ગણાય

છે કે કામ લાગે છે, તેજ વસ્તુ ફલ તરીકે પણ હોય છે. જેમકે આંબાનું મૂલ પણ આંબો છે અને આંબાનું ફલ પણ આંબો જ છે. અને ને આખા વૃક્ષને પણ આંબો કહેવાય છે, તેવી રીતે અહિં પણ વિનયને વૃક્ષ તરીકે કહીએ અને તે વિનયનું જે લક્ષણ પૂજ્ય મહાત્માઓએ પ્રકરણોમાં જણાવેલું છે કે આદિ-મધ્ય અને અન્ત એ ત્રણે અવસ્થામાં જે કલ્યાણ કરે તેજ ધર્મ કહેવાય, અથવા ધર્મ તેવું કલ્યાણ કરનારો છે. એટલે આદિ, મધ્ય અને અન્ત એ ત્રણે અવસ્થામાં વિનયનો મહિમા જાગતો રહે અને ધર્મનું મૂલ પણ વિનય ગણાય અને સ્વરૂપ તથા ફલ પણ વિનય-નિર્જરા ગણાય તો તે યોગ્યજ છે.

આવી રીતે વિનયને વૃક્ષ તરીકે કે મૂલ તરીકે ઘટના કર્યા પછી તેની ફલપરંપરા સામાન્ય=શ્રોતાની અપેક્ષાએ **શ્રીઉમાસ્વાતિ-વાચકજી** મહારાજે જણાવી છે, અને આગમમાં શાસ્ત્રકારોએ સાધુ=મહાત્માની અપેક્ષાએ ફલ-પરંપરા જણાવી છે.

| સાધુ ભગવંતોની અપેક્ષાએ વિનય વૃક્ષના ફળો | સામાન્ય જીવોની અપેક્ષાએ વિનય વૃક્ષના ફળો |
|---|---|
| શ્રવણ | વિનય |
| જ્ઞાન | શુશ્રૂષા |
| વિજ્ઞાન | શ્રુત |
| પ્રત્યાખ્યાન | વિરતિ |
| સંયમ | આશ્રવનિરોધ |
| અનાશ્રવ | તપ |
| તપ | નિર્જરા |
| નિર્જરા | ભવસંતતિ ક્ષય |
| અંતક્રિયા | મોક્ષ |
| સિદ્ધિ | |

ઉપર જણાવેલ ફલની પરંપદા સમજનારો મનુષ્ય એવી શંકા તો નહિંજ કરે કે-કોઇપણ વૃક્ષન ફલ ભિન્ન ભિન્ન

જાતનાં હોતાં નથી, તો વિનયવૃક્ષનાં ભિન્ન-ભિન્ન ફ્લો કેમ ગણવાં? કેમકે જગતના સામાન્ય વૃક્ષો કરતાં કલ્પવૃક્ષની સ્થિતિ દિવ્ય હોય છે. અને તેથી **આ વિનયને કલ્પવૃક્ષની ઉપમા આપવામાં આવી છે.**

તેથી તેના જુદા જુદા પરંપરાગત ફ્લો માનવામાં કોઈપણ જાતની હરકત નથી.

આ વિનયના સ્વરૂપને સમજનારો મનુષ્ય સ્વપ્નમાં પણ તેની આચરણા ન ભૂલતાં ત્રિવિધ-ત્રિવિધ તેનું આરાધન કરનારો થશે અને તે દ્વારા બન્ને પરંપરામાં જણાવેલા સિદ્ધિ અગર મોક્ષપદને પ્રાપ્ત કરવાને ભાગ્યશાળી થશે.

## જિનશાસનની
## નય સાપેક્ષ વિચારણાની મહત્તા

ઉન્માર્ગની દેશના શરૂ થાય તો માર્ગ રહેવો મુશ્કેલ પડે, માર્ગનો નાશ થાય જ! આમ છતાં પણ શાસ્ત્રકારો નયગંભીર દેશનામાં જણાવે છે કે:-વિપરીત પદાર્થ માને! વિપરીત પદાર્થની પ્રરૂપણા કરે! સત્યપદાર્થ ન માને! સત્ય-પદાર્થનું ખંડન કરે! આટલી સ્થિતિ હોવા છતાં સમ્યક્ત્વ રહે! આ માટે જુઓ શ્રી ઉત્તરાધ્યયન સુત્ર નિર્યુક્તિ

ગા. ૧૬૬મી.'

આ ઉપરથી જિનશાસનની નય સાપેક્ષ વસ્તુ વિચા-રણાની મહત્તા સમજાશે.

પર્વ વ્યાખ્યાન સંગ્રહ પુ. ૧૧૭
પૂ. આગમોદ્ધારકશ્રી




પૂ. આગમ જ્યોતિર્ધર આગમિક ઐદંપર્ય બોધક, તાત્ત્વિક વ્યાખ્યાતા ધ્યાનસ્થ સ્વર્ગત આગમોદ્ધારક આચાર્યદેવશ્રીના વિવિધ માર્મિક પદાર્થોની છણાવટ રૂપના વ્યાખ્યાનો, લેખો, નિબંધ આદિના રસથાળ સમા "**આગમ જ્યોત**"ના ત્રીજા પુસ્તકમાં પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીના માર્મિક સચોટ લેખો, નિબંધો આદિનું સંકલન કરી વ્યવસ્થિ રજૂઆત કરવાનો ક્રમ રાખ્યો છે.

તે મુજબ અહીં પણ મહત્ત્વના વિચારપ્રેરક અર્થગંભીર તાત્ત્વિક લેખો જૂના સંગ્રહમાંથી તારવીને વ્યવસ્થિત રીતે કરાય છે.

વિવેકી વાચકોએ જ્ઞાની મહાનુભાવોના ગહન પદાર્થોને ચિંતનાત્મક દૃષ્ટિથી પારખવાની પદ્ધતિ સદ્ગુરુ ભગવંતના ચરણોમાં બેસી મેળવવા પ્રયત્ન કરી આ વિભાગના લેખોને અવધારવા પ્રયત્નશીલ થવું. સં.

## જિન શાસનની મહત્તા

જિનશાસનને સમજવા માટે ગુરૂ ચરણોમાં આત્મ-સમર્પણ સાથે નયગંભીર દેશનાના મર્મને સમજવાની ખાસ જરૂર છે

# સિદ્ધચક્રનો મહિમા

## ૧

[ પૂ૦ આગમોદ્ધારકશ્રીએ જિનશાસનના સારભૂત શ્રીનવ-પદમય શ્રી સિદ્ધચક્રજીનું અદ્ભુત રહસ્ય દર્શાવનાર જે નિબંધો લખેલ કે જે બાલજીવો અને તત્ત્વદૃષ્ટિ મુમુક્ષુઓને ખૂબ જ ઉપયોગી ધારી વ્યવસ્થિત રૂપમાં અહીં રજૂ કરવામાં આવે છે.

સં.]

આખા જગત્માં સામાન્યપણે કોઈપણ આસ્તિકવાદી મત એવો નથી કે જેઓ આત્મા અને કર્મ એ બેની માન્યતા ન ધરાવતા હોય, એટલું જ નહિં, પણ અમુક અપવાદને છોડી દઈને સર્વ આસ્તિકવાદીઓ આત્માના ચિદાનન્દસ્વરૂપને માનવાવાળા છે, અને તે ચિદાનન્દપણામાંથી ખસવું ન પડે તેવા પુનરાવર્ત્તન વગરના મહોદય કહો, નિર્વાણ કહો, ધ્રુવપદ કહો, શિવ કહો, સિદ્ધિ કહો અપુનર્ભવ કહો, અપવર્ગ કહો, કે એવા કોઈ પણ નામે કહો એવા પદને સર્વે માનનારા છે;

પરન્તુ એ વાત પણ જગત્માં સિદ્ધજ છે કે-સંસારમાં રખડંપટ્ટી કરવાવાળા દરેક આત્માઓ કર્મની જંજીરમાં ઝકડાયેલા છે, અને તેથી જેમ જીવમાત્રની ચક્ષુનો સ્વભાવ માત્ર બાહ્યદૃષ્ટિ તરીકે છે. એટલે કેવલ બીજા પદાર્થનેજ જોવાનો છે, પરન્તુ અંતર્મુખ જોવાનો સ્વભાવજ નથી, અને તેથી ચક્ષુના અંતર્ગત પડલોમાં કયા કયા ફેરફારો કયી કયી વખતે થાય છે? એ જાણવું તો દૂર રહ્યું, પરન્તુ બાહ્યભાગમાં પણ ચક્ષુમાં થતા વિકારોને ચક્ષુ જાણી શકતી નથી તેવી રીતે આ સંસારી આત્મા પણ કર્મથી ઝકડાયેલો હોવાને લીધે તે પોતે કેવલ બહિર્મુખજ દૃષ્ટિવાળો રહે છે.

સંસારમાં રાચેલો માચેલો જીવ બાલપણામાં માતાપિતાના

સંયોગનાજ વિચારમાં જ રહે છે. એનાથી વધારે ઉંમર થતાં ગોઠીયાઓના વિચારમાં રહે છે, અને ક્રીડાનેજ વધારે પ્રિય ગણે છે, બચપણમાં જે માતપિતાનો વિયોગ દુઃખમય લાગતો હતો તે અવસ્થા ભૂલી જાય છે. અને ગોઠીયાના વિયોગને અગર રમતના વિઘ્નને દુઃખમય ગણવા લાગે છે.

એનાથી અધિક ઉંમરમાં ઉપનયન થતાં માસ્તર અને વિદ્યાભ્યાસમાં જીવ લાગે છે. તે વખતે માતાપિતાથી છુટા રહેવાપણું ગોઠીયાથી છુટા રહેવાપણુ અને રમતનું છુટવું તે તેને દુઃખમય નથી લાગતું, પરન્તુ માસ્તર બરોબર શીખવવાવાળો ન હોય અથવા અભ્યાસમાં નાપાસ થાય અગર તો પરીક્ષામાં માર્ક ઓછા મળે કે કલાસમાં નંબર ઉતરી જાય એ વસ્તુ એને દુઃસહ થઈ પડે છે.

જગત્‌માં અભ્યાસની કંઈક દશા વધ્યા પછી પોતે જે અભ્યાસને કરે છે તેના ફલરૂપે પેટપૂજા અને દ્રવ્યોપાર્જનનું સાધ્ય રાખે છે. અભ્યાસ પૂરો થયા પછી માતા–પિતા, ગોઠીયા, રમત, વિદ્યાભ્યાસ વિગેરે વસ્તુની સર્વથા ઇચ્છા ગૌણ થઈ જાય છે. પરન્તુ દ્રવ્યોપાર્જન ઉપરજ એક સરખું ધ્યેય થઈ જાય છે.

તે ધ્યેય સાધતાં સાધતાં સ્ત્રી, પુત્ર, માતાપિતા, ભાઈબ્હેન વિગેરેનો સંબંધ ઘણોજ પ્રીતિમય અને રૂચિકર થાય છે, અને તેને લીધે સર્વસાધ્યને ગૌણ કરીને જે દ્રવ્યોપાર્જનનું સાધ્ય રાખ્યું હતું તે પણ ગૌણ થઈ જાય છે અને દ્રવ્યવ્યય કરીને અગ રદ્રવ્યઉપાર્જન અટકાવીને પણ કુટુંબપાલનની ફરજ અદા કરવી પડે છે.

આ દ્રવ્યોપાર્જન અને કુટુંબના પરિપાલનની ફરજનો પ્રવાહ ઘણોજ લાંબો ચાલે છે, અને એમ કહીયે તો ખોટું નહિં કે જૈનશાસ્ત્રની અપેક્ષાએ પ્રવ્રજ્યાનો અંગીકાર અગર અન્યમતની અપેક્ષાએ યત્યાશ્રમ અને વાનપ્રસ્થાશ્રમનો અંગીકાર ન કરે તો જીંદગીની છેલ્લી અવસ્થા સુધી તે દ્રવ્યચિંતા અને કુટુંબની ચિંતામાંથી મુક્ત થતો જ નથી.

## પરભવની થવી જોઈતી ચિંતા

હવે આ જગા પર વિચારવાનું એટલું જ છે કે-જન્મથી મરણસુધીમાં આ સંસારી-જીવે જે માતાપિતા, ગોઠીયા, ક્રીડા, વિદ્યાભ્યાસ, દ્રવ્ય અને કુટુંબની ચિન્તા કરીને સમગ્ર જીંદગી ગુજારી, તેમાંથી કઈ વસ્તુને આવતા ભવમાં સાથે લઈ જવાનો છે? એ વિચાર આ જીવને જ્યારે આવતો નથી તો એમ કહેવું જોઈએ કે ઘાંચીને ઘેરે જન્મેલો બળદ જેમ ગયા ભવનો કે આ ભવનો વિચાર કરે નહિ, અને તે ગયા ભવ કે આ ભવની વાત જાણે પણ નહિ, પરન્તુ માત્ર પોતાના માલિક ઘાંચીની ગુલામગીરીમાં આખો જન્મ ગુમાવે. તે બળદદ્વારા એ ઘાંચી જેમ પોતાના આખા કુટુંબનું પોષણ કરે, તેવી રીતે આ જીવ પણ જો પૂર્વભવ અને આગામી-ભવનો વિચાર ન કરે અને કેવલ ઉપર જણાવેલ પોતાના માતાપિતા વિગેરેના સંયોગને આધીન ચિન્તામય જીવન ગુજારે અને અહિંથી પરભવ-ગમન કરે તો તે ઘાંચીના બળદમાં અને આ ભવવાળા જંતુમાં કંઇ ફરક ગણાય ખરો?

## જીવને મૂલ ઈચ્છા કઇ? ને શાથી?

સુજ્ઞ-મનુષ્યને સ્હેજે સમજાય તેવું છે કે આ જીવ બાહ્ય દૃષ્ટિવાળો થઈ આખી જીંદગી માતા-પિતાદિકને માટે મથન કરે છે, મહેનત કરે છે, પરન્તુ તેવી કોઈપણ અવસ્થા આ જીવની નથી કે જેમાં આ જીવ પોતાના પૂર્વભવ અને અનન્તર આગામી-ભવનો વિચાર કરે.

ધ્યાન રાખવું કે જગત્‌માં જીવને માનો, કે ન માનો પુણ્ય-પાપને માનવા કે ન માનવા, ભવાન્તર અને મોક્ષને માનવા કે ન માનવા, એવા મત-મતાંતરો છે. પરન્તુ ઉપર જણાવેલા માતા-પિતાદિક પદાર્થો તો જીંદગીને અંતે છોડી દેવા પડશે એ વાતમાં કિંચિત્ પણ મત-મતાંતર નથી. હવે જો માતા-પિતાદિક

સર્વ પદાર્થોને છોડી દેવાના છે, તો પછી તેને અંગે ચિંતા અને પ્રયત્નો કરી આખી જીંદગી ગુમાવીએ તો અનન્તર-ભવને અંગે આ જીવે શું મેળવ્યું? એ ખરેખર વિચારણીય પ્રશ્ન છે.

સુજ્ઞ મનુષ્ય એ વાત તો સ્હેજે સમજી શકશે કે-કોઈપણ નાસ્તિકમતને ધારણ કરવાવાળો પણ એમ નહિં કહી શકે કે અનન્તર ભવ નથી, એવું હું જોઈ આવ્યો છું. કોઈપણ નાસ્તિકનો જીવ પરભવ નહિં હોવાથી પાછો આવેલો તો નથી! વળી જગતમાં અનેકસ્થાને જાતિસ્મરણનું કંઈક તત્વ પણ દેખાય છે અને તેથી પ્રત્યક્ષ-પ્રમાણથી પણ એમ કહી શકીએ કે જીવને માત્ર આ જીવનના નિર્વાહથી કૃતાર્થપણું થતું નથી, પરન્તુ જીવને ભવિષ્યની જીંદગી જરૂર ધારણ કરવાની છે, તો પછી આ જીવે તે પર-ભવની જીંદગીને માટે કેમ વિચાર નહિ કરવો?

ધ્યાન રાખવું કે થોડી મુદતને માટે બીજા શહેરમાં જવું હોય છે, તો પણ તેને લાયકની લાગવગ અને મૂંડી એકઠી કરીયે છીએ, તો પછી અહિંથી સર્વથા છોડીને નિકલવું છે અને આગલી જીંદગીમાં સર્વપ્રકારે દાખલ થવું છે, તો તેવી આગલી-જીંદગીનો સરંજામ કેમ તૈયાર કરવો નહિં? બીજી બાજુ વિચાર કરીયે તો આ જીવની મૂલ ઇચ્છા કેવલ આહાર લેવાની હતી, કેમકે જીવની સાથે તૈજસનામની ભઠ્ઠી હંમેશાં ખાઉં-ખાઉં કરતી લાગેલી છે.

## તૈજસની ભઠ્ઠી શું કરે છે?

જગત્માં જેમ અગ્નિ દાહ્યથી ઉત્પન્ન થાય છે, દાહ્યથી ટકે છે, અને દાહ્યને જ પોતાના રૂપે પરિણમાવે છે, તેવી રીતે આ જીવની સાથે લાગેલી તૈજસની ભઠ્ઠી પણ અનાદિકાળથી ઓલવાયા વગર ઔદારિક આદિ પુદ્ગલોદ્વારા ઉત્પન્ન થતી જાય છે વધતી જાય છે અને ઔદારિકઆદિ પુદ્ગલોને રૂપાન્તરમાં નાંખતી જાય છે.

અન્ય-શાસ્ત્રકારો જે લિંગ શરીર કહે છે, તેઓ કેવલ એકલા

કર્મનેજ લિંગ કહે છે પરન્તુ જૈનશાસ્ત્રને હિસાબે અને યુક્તિને અનુસારે કાર્મણુ અને તૈજસ બન્ને જાતનાં પુદ્ગલોને લિંગ શરીર તરીકે એટલે ભવાન્તરે જનારા જીવના ચિન્હરૂપ શરીર તરીકે માનવાં પડે છે.

અન્યમતની અપેક્ષાએ જેમ મોક્ષપદને નહિં પામેલો કોઈ-પણ જીવ લિંગ-શરીર વગરનો હોતો નથી, તેવી રીતે જૈનશાસ્ત્રને હિસાબે કોઈપણ જીવ તૈજસ અને કાર્મણ વગરનો હોતો નથી, તે તૈજસ અને કાર્મણમાં પણ સીધો પ્રભાવ તૈજસ શરીર દેખાડે છે. અને તે તૈજસશરીરના પ્રતાપે જીવ ગર્ભમાં આવે તેની સાથેજ બીજો કોઇપણ ખોરાક નહિં, પરન્તુ માતા-પિતાના રુધિરને અને પિતાના વીર્યને આહાર તરીકે ગ્રહણ કરે છે. અનુક્રમે તે રૂધિર અને વીર્યનાં પુદ્ગલો શરીરની જડરૂપ થાય છે.

ગર્ભમાં આવવાવાળા કોઈ પણ જીવે શરીર બાંધવાની ઇચ્છા કરી નહોતી અને તેટલા માટે શાસ્ત્રકારો પણ શરીર નામની સંજ્ઞા જણાવતા નથી, પરન્તુ ચારે સંજ્ઞાઓમાં પ્હેલવહેલી થવાવાળી અને પ્હેલે નંબરે ગણાવેલી એવી આહારસંજ્ઞા સર્વજીવોને પ્રથમથી હોય છે, તે આહાર-સંજ્ઞાને પ્રભાવે કરેલા આહારમાંથી કેટલોક ભાગ ખલરૂપ ચાલ્યા જતાં રસરૂપે થયેલો ભાગ જીવની સાથે શરીરરૂપે પરિણમે છે. અને તે શરીરપણે પરિણમેલા ભાગમાંથી પોતપોતાની જાતને લાયક ઈન્દ્રિયોનો આવિર્ભાવ થાય છે.

યાદ રાખવું કે આહાર વગર કોઈ દિવસ શરીર થતું નથી, વધતું નથી, ટકતું પણ નથી, અને એટલા માટે સમુદ્ઘાત અને અયોગીઅવસ્થાનો જે અમુક કાળ તે શિવાય સંસારી જીવ માત્રને આહારના દ્રવ્યોનો સંયોગ હોય ત્યાં સુધી આહારકપણું છે. પણ અણાહારકપણું એક અંશે પણ નથી.

એટલે સ્પષ્ટ થયું કે શરીરવાળા જીવને પ્હેલાં આહાર

કરવો પડે છે, એટલું નહિં પરન્તુ તે પછી પણ આહારમાંને આહારમાં પ્રવૃત્ત રહેવું પડે છે.

## કેવલીભગવંતને આહારની મનાઈ શી રીતે કરાય?

દિગમ્બરભાઈઓ જો કે કેવલિઓને આહાર નથી માનતા, તોપણ તેઓથી શરીર હોય ત્યાં સુધી રૂંવાટાદ્વારા આવતી આહારની શ્રેણિ તો રોકી શકાય તેમ નથી.

વિચાર કરવાની જરૂર છે કે દિગમ્બરભાઈઓ જગતના દુઃખને લીધે કેવલીઓને આહારની મનાઈ માને, તો પ્રથમ તો તે કેવલીઓને મહાદુઃખમય માનવા પડશે. કારણ કે ચર્મચક્ષુથી જોનારા મનુષ્ય બે-પાંચ દુઃખી જીવોને જોઈ અપૂર્વ-દુઃખને ધારણ કરે છે, તો પછી જે કેવલજ્ઞાનીઓ સર્વ નિગોદ વગેરે તિર્યંચગતિના જીવો અને સાતે નરકના નારકી જીવોને દુઃખમય અવસ્થામાં દેખનારા તેમના દુઃખનો પાર રહે નહિ, એટલે કહેવું જોઈએ કે દિગમ્બર ભાઈઓના મતની અપેક્ષાએ તો દુઃખમય અવસ્થા લેવી હોય તેજ કેવલજ્ઞાન મેળવવા માગે.

કદાચ દિગમ્બર ભાઈ એમ કહે કે-કેવલીમહારાજાઓ રાગ-દ્વેષરહિત હોવાથી તેમજ ઉદાસીનતારૂપી કેવલજ્ઞાનનું ફલ હોવાથી કેવલીમહારાજાઓ સમગ્ર-જગતના દુઃખોને દેખે તો પણ તે ઉદાસીન-ભાવનાના પ્રતાપે તેઓનો આત્મા દુઃખી થાયજ નહિં, તો પછી તિર્યંચ અને નરકના દુઃખો દેખવાથી કેવલી કવલાહાર નથી કરતા એવી માન્યતા જાહેર કરવી તે કેવલ જુઠી છે. એટલું નહિ પણ કેવલીમહારાજાઓને પણ કલંક દેનારી છે.

વળી દિગમ્બરભાઈઓ આહાર-સંજ્ઞાને અસાતાના ઉદયરૂપે ગણીને કાવલિક-આહારનો નિષેધ કરે છે, તો તેમાં પણ તેઓએ વિચારવું જોઈએ કે આહારસંજ્ઞાથી અશાતા વધી જાય કે જગતના જીવોને દુઃખી જોઈને કેવલીમહારાજા પણ દુઃખી થઈ જાય અને તેથી આહારના લાભનો અન્તરાય સર્વથા ત્રુટેલો છતાં અને આહારના

કારણભૂત તૈજસશરીરની હયાતી છતાં પણ આહાર ન કરી શકાવવો તે દુઃખની અશાતા વધી જાય?

વળી દિગમ્બરભાઈઓએ વિચાર કરવો જોઈએ કે છદ્મસ્થ-જીવોને તો રોમદ્વારા થયેલા આહારનો પ્રથમથી ખ્યાલ હોતો નથી, પરંતુ તેના પરિણામથી થયેલા મૂત્રાદિકની અધિકતાદ્વારાએ તે વસ્તુનો ખ્યાલ થાય છે, પણ કેવલીમહારાજને તો પ્રથમથી રોમદ્વારાએ આવતા પુદ્ગલોનો ખ્યાલ હોય છે, અને તે દ્વારા શરીરનું પુષ્ટ થવું પણ થઈ શકે છે, તો પછી કવલાહારદ્વારાએ જે શરીરની પુષ્ટિ થવાની હતી તે પુષ્ટિ રોમાહારદ્વારા પણ જ્યારે કેવલીમહારાજાઓને પણ રહી તો પછી જગત્‌ના જીવોના દુઃખથી દુઃખીપણાની વાત અને તેથી કવલાહાર નહીં કરવાની વાત કેવલ હુમ્બકરૂપ ગણાય.

કેટલાક દિગમ્બર ભાઈઓ તો એમ કહેવાને પણ પોતાની જીભ તૈયાર કરે છે કે છદ્મસ્થ પણ આહાર કરે અને કેવલી પણ આહાર કરે તો તે બેમાં ફરક શો? પરન્તુ આવું કહેનારાઓએ વિચાર કરવો જોઈયે કે પ્રથમ તો છદ્મસ્થને પણ વેદનીય વગેરે આયુષ્ય, નામ અને ગોત્ર કર્મ છે અને વેદનીય કર્મો કેવલી-મહારાજને પણ છે. તો શું તેટલા માત્રથી છદ્મસ્થનો જીવ અને કેવલી-મહારાજનો જીવ કંઈપણ ફરક વગરનો છે એમ કહી શકશો ખરા? અને જો એમ કહેવામાં આવે કે કેવલી-મહારાજને વેદનીય-આદિક કર્મો છતાં પણ જ્ઞાનાવરણીયાદિ ઘાતી-કર્મો નથી માટે તેમની અધિકતા છે, તો તે વાત અહિં આહારને અંગે પણ લેવામાં શી અડચણ છે?

વળી છદ્મસ્થ અને કેવલી બન્ને શરીરવાળા છે. દ્રવ્યઈન્દ્રિયવાળા છે. શ્વાસોશ્વાસવાળા છે, ભાષાવાળા છે, દ્રવ્યમનવાળા છે, ગમનાગમનવાળા છે. તો શું એ વિગેરેની સરખાવટથી કેવલી-મહારાજને છદ્મસ્થ સરખા ગણશો ખરા? કહેવું પડશે કે શરીરઆદિક સર્વ છતાં પણ કેવલી-મહારાજા ઘાતી-કર્મથી રહિત છે માટે ઉંચા જ છે.

તો પછી અહિં આહાર કરવાવાળા છદ્મસ્થ અને કેવલી હોય તો પણ કેવલજ્ઞાનીમહારાજ ઘાતિકર્મ રહિત હોવાથી આહાર કરવાવાળા છદ્મસ્થ કરતાં ઉચ્ચત્તમ ગણાય.

વળી કેટલાકોની માન્યતા છે કે આહારસંજ્ઞા અપ્રમત્તને પણ હોતી નથી તો પછી કેવલી સરખા મહાપુરૂષને તો તે આહારસંજ્ઞા હોય જ ક્યાંથી ?

## કેવલી-ભગવંતોને રસાદિકનો અનુભવ તો હોય છે.

આવું કહેવાવાળાએ આહારસંજ્ઞા અને આહાર કરવો એ એનો ભેદ વિચાર્યો નથી. દિગમ્બરભાઈઓએ ધ્યાન રાખવું કે કેવલી-મહારાજાઓને રસનાદિક ઇંદ્રિયોદ્વારા રસાદિકનો ઉપભોગ નથી. છતાં રસાદિકનો અનુભવ કેવલીઓને નથી હોતો તેમ કહેવાય નહિ તીર્થંકર મહારાજને કેવલજ્ઞાન થયા પછી ઘ્રાણેન્દ્રિય દ્વારા ગંધનો ઉપભોગ નથી, ચક્ષુરિન્દ્રિયદ્વારા રૂપનો ઉપભોગ નથી. શ્રોત્રેન્દ્રિય દ્વારા શબ્દનો ઉપભોગ નથી. છતાં તીર્થંકર કેવલી મહારાજા ગંધના, રૂપના કે શબ્દના અજ્ઞાનવાળા છે એમ તો કહી શકાય નહિ. તેવી રીતે મોહનીયના ઉદયદ્વારા થતી ઇચ્છાપૂર્વકવાળી આહારસંજ્ઞા ન હોય, તો પણ અનપવર્ત્તનીય અને નિરૂપક્રમ–આયુષ્યને લીધે શ્વાસોશ્વાસના પુદ્ગલોને લેવાની માફક આહારના પુદ્ગલો લે તેમાં પ્રમત્તદશાને સ્થાન કહેવાય નહિં, આ બધું કરે છે. અને તે આહાર પ્રમત્તદશા સુધીના જીવો આહારસંજ્ઞાથી કરે છે, એટલે કહેવું જોઈયે કે સંસારી જીવ માત્ર તૈજસના સહચારને લીધે માત્ર આહારની ઇચ્છાવાળો થયો, અને તે આહારની ઇચ્છાથી આહાર કરતાં શરીર અને ઈન્દ્રિયો તેમજ શ્વાસોશ્વાસ, ભાષા અને મન એ વગર ઇચ્છાએ પુદ્ગલોના પ્રબંધથી અને કર્મના ઉદયથી ગળે વળગ્યાં અને પછી જેમ થયેલા ગુમડાને પંપાળ્યા શિવાય છુટકો થતો નથી, તેવી રીતે તે ગળે પડેલા શરીરાદિને ટકાવવા માટે વિવિધ પ્રયત્નો કરવા પડે છે, છતાં પણ શરીર અને આહાર કરતાં ઈન્દ્રિયો

તો એટલી બધી જબરજસ્ત છે કે રૂપીયા કરતાં વ્યાજ વ્હાલું લાગે એવી દશા થાય છે. ઇન્દ્રિયોના પ્રભાવે તેના વિષયો તરફ અને તે વિષયોના સાધનો તરફ જીવ તનતોડ પ્રયત્નવાળો થાય છે, અને તેના માટે આખી જીંદગી ગુમાવે છે. એવી રીતે દરેક સંસારી જીવ દરેક ભવમાં અનેક પ્રકારના આહારો કરીને શરીર, ઈન્દ્રિય અને તેના વિષયના સાધનો એકઠાં કરે છે, પણ પોતાનાં હજાર યોજન સુધી કરેલાં શરીરો જો કે હજારો વર્ષો સુધી મ્હેનતનું પરિણામ હોય છે, છતાં તે શરીરો, તે ઈંદ્રિયો, તે વિષયો અને તેનાં સાધનોને એક સમય કે જેના બે હિસ્સા પણ કલ્પી શકાય પણ નહિ, તેવા બારીક વખતમાં છોડી દઈને પુનર્ભવમાં સિધાવવું પડે છે.

એટલે ટુંકાણમાં કહીયે તો આ જીવનો દરેક ભવમાં આ ધંધો મેળવવું અને મ્હેલવું. દરેકભવમાં નવા નવા શરીરાદિકો મેળવે અને દરેક ભવમાં મૂકી દે, આગલે ભવે તો ખાલીને ખાલી પ્રવાસ કરે. એટલે કહેવૂં જોઈએ કે અણઘડ બાઈને અંગે તો એમ કહેવાય છે કે, **"હાથમાં નહિં કોડી અને ઉભી બજારે દોડી"** પણ આ જીવ તો તેથી પણ નપાવટ છે, કેમ કે અનંતા-અનંત જન્મો સુધી મેળવી મેળવીને તેણે મેલ્યાં જ કર્યું તો પણ હજુ આ જીવને સમજણ પડતી નથી. અને ઉપર જણાવેલી ચક્ષુની દૃષ્ટિની રીતિએ બાહ્યદૃષ્ટિ થઈને તે માત-પિતાદિક અને આહારાદિકમાં જ લીન રહે છે, પરન્તુ જેમ આરિસો આગળ ધરનારો મનુષ્ય પોતાની ચક્ષુથી પોતાના નેત્રના વિકારને સ્પષ્ટપણે જોઈ શકે છે, તેવી રીતે આ જીવ અનાદિકાલથી બાહ્યદૃષ્ટિવાળો છતાં પણ કોઈક એવા મહાપુરૂષના વચન-રૂપી આગમના આરિસામાં પોતાના આત્માને જુએ તો તે ખરેખર બાહ્યદૃષ્ટિના સ્વભાવાવાળો છતાં પણ અંતર્દષ્ટિવાળો થઈ શકે છે.

આટલા વિચારથી આત્માને અંતર્દષ્ટિ થવા માટે તીર્થંકર-ભગવાન્‌ના વચનરૂપી આગમ આરિસાની જરૂર જરૂર છે એમ નક્કી થયું.

ધ્યાન રાખવું કે ચઉદ રાજલોકમાં દરેક ભવે બાહ્યપુદ્ગલો

મેળવીને મ્હેલવાવાળા અનંતાનંત જીવો ભ્રમણ કરી રહ્યા છે, પરન્તુ પ્હેલા ભવમાં મેળવેલ શુદ્ધબોધ અને સાચી માન્યતા લઈને આ જીંદગીમાં આવવાવાળા હોય તો તે યુગની આદિમાં તીર્થંકર-ભગવાનો હોય છે,

એટલે આ ઉપરથી નક્કી થયું કે મોક્ષના માર્ગને પ્હેલ વહેલા કોઈપણ યુગમાં જાણનારા, આદરનારા અને તેના કેવલજ્ઞાનરૂપી અનન્તરફલને મેળવીને જગત્‌ને મોક્ષમાર્ગનો પ્રકાશ કરનાર કોઈપણ હોય તો તે અરિહંતપરમાત્મા છે.

## મુમુક્ષુદશા સર્વ આસ્તિક-દર્શનો શ્રેષ્ઠ ગણે છે.

જેવી રીતે જૈન-શાસ્ત્રકારોના કથન મુજબ જૈનોને મોક્ષમાર્ગના પ્રકાશક અને આચરનાર તરીકે અરિહંતોને માનવાની જરૂર છે, તેવી જ રીતે દરેક આસ્તિકને પોતપોતાના મતને પ્રવર્ત્તાવનારાઓ મોક્ષને માટે જ જુદા જુદામતને પ્રવર્ત્તાવનારા હતા એમ માનીને માર્ગ-પ્રવર્ત્તક તરીકે આદ્યપુરૂષને માનવા પડે છે. અર્થાત્ આસ્તિક-માત્રનું મુખ્ય ધ્યેય મોક્ષ હોવાને લીધે દરેક આસ્તિકને તે મોક્ષમાર્ગના પ્રણેતાને ઈશ્વર તરીકે માનવાજ પડે છે.

જોકે જેઓ વાસ્તવિકરીતિએ મોક્ષને કથન કરી શકયા નથી. મોક્ષના સ્વરૂપને જાણી શકયા નથી. મોક્ષના માર્ગને આચરી શકયા નથી. અને બતાવી પણ શકયા નથી છતાં જેમ છોકરાઓ હીરાની પરીક્ષાને જાણુતા નથી જ, ચણોઠી વિગેરે દ્વારા હીરાનું તોલ વિગેરે કરી જાણુતા નથી, તેમજ હીરાની કિંમત પણ જાણુતા નથી છતાં ઝવેરીલોકોએ સાચા હીરાને માટે વાપરેલો હીરો એવો જે શબ્દ તેને તે બચ્ચાઓ પણ પકડી રાખે છે અને તે હીરા શબ્દનો વ્યવહાર કાચના કટકામાં પણ કરે છે, તેવી રીતે આ ઈતિરદર્શનકારો પોતાના આત્માને વીતરાગપણાને પ્રાપ્ત કરી કૈવલ્ય-સ્વરૂપ નહિં બનાવેલો હોવાથી મોક્ષના સ્વરૂપને યથાસ્થિત રીતે જાણુતા નથી, અને તે મોક્ષના સ્વરૂપને નહિં જાણુવાથી તેના કારણો તરીકે

સમ્યગ્દર્શનાદિ-રત્નત્રયીને પણ તેઓ જણાવી શકતા નથી, છતાં પણ જૈનદર્શનના અનુકરણથી છોકરાએ કાચમાં વાપરેલા હીરા શબ્દની માફક પોતપોતાના માર્ગના ફલમાં મોક્ષ શબ્દનો પ્રયોગ કરે છે.

અર્થાત્ દરેક આસ્તિક ધર્મવાલા વ્હાય તો કુદેવને દેવરૂપે માને, કુગુરૂને ગુરૂરૂપે માને, કુધર્મને ધર્મરૂપે માને, સુદેવને સુદેવરૂપે ન માને, સુગુરુને સુગુરૂરૂપે ન માને, અને સુધર્મને સુધર્મરૂપે પણ ન માને, તો પણ પોતાનું સાધ્ય તો મોક્ષજ છે એમ માને છે, અને તેથી દરેક મતવાળાએ મુમુક્ષુદશાને એકસરખી રીતિએ ઉત્તમ ગણેલી છે, એટલે ઝવેરીમાં અને બાલકોમાં જેમ હીરાશબ્દનો ઉચ્ચાર એક સરખી રીતે ઉત્તમપણે વપરાયેલો છે, તેવી રીતે મોક્ષરૂપ સાધ્યનો નિર્દેશ દરેક મતવાળાએ ઉત્તમોત્તમ રીતે કરેલો છે.

આ વાત જ્યારે ખ્યાલમાં લઈશું ત્યારે કોઈક કોઈક ગ્રંથકારે જે જણાવ્યું છે કે અભવ્યજીવો કે જેઓને મોક્ષની ઇચ્છા હોતી નથી, તેવા અભવ્યજીવોને આ આસ્તિકમતોનું મિથ્યાત્વીપણું હોવું સંભવિત નથી, તે ખરેખર દીર્ઘદૃષ્ટિથી થયેલું કથન છે. જો કે ભવગતદેવોને દેવ તરીકે માનવા તે પણ આભોગિક મિથ્યાત્વ છે, પરન્તુ તેવા ભવફલની અપેક્ષાએ ભવગત દેવોને માનવારૂપ મિથ્યાત્વ અગર નાસ્તિકાદિકના મતે દેવને ન માનતાં કુગુરૂઆદિને માનવારૂપ આભોગિક મિથ્યાત્વ અભવ્યજીવોને હોવું અસંભવિત નથી. પરન્તુ પૂર્વે જણાવેલ મોક્ષની સાધ્યતાવાળા આસ્તિકદર્શનોને અનુસરવાથી થતું આભોગિકમિથ્યાત્વ તો અભવ્યજીવોમાં હોય નહિં એ સ્વાભાવિક જ છે.

ધ્યાન રાખવું કે આવી રીતે મોક્ષબુદ્ધિથી જે જે મત-મતાંતરોમાં યથાભદ્રિકભાવે ક્રિયા કરવામાં આવે છે, તેવી ક્રિયાવાળા-ઓમાં વિનયીપણું, દાક્ષિણ્યતા પ્રિયભાષીપણું વિગેરે ગુણો મિથ્યાત્વીમાં છતાં પણ અનુમોદવા લાયક બને છે. કારણ કે મિથ્યાત્વની વૃદ્ધિ થવાનો પ્રસંગ તે મિથ્યાત્વીઓના ગુણોના વર્ણનથી આવે કે જેઓ

પોતાના વર્ણનદ્વારા કુમતમાં દૃઢ અભિનિવેશવાળા હોવાથી કુમતના વિસ્તારમાં તેના વર્ણનનું પર્યવસાન થાય, આ કારણને મુખ્ય રાખીને શાસ્ત્રકારો મિથ્યાદૃષ્ટિના ગુણની પ્રશંસાનો નિષેધ કરે એટલું નહિ, પણ જો મિથ્યાદૃષ્ટિના ગુણની પ્રશંસા થઈ જાય તો તેને સમ્યક્ત્વના દૂષણરૂપ ગણે છે. અને જો તે ગુણવાળો ભદ્રકભાવવાળો હોય, ત્હેના ગુણનું વર્ણન કુમતની વૃદ્ધિમાં પર્યવસાન ન પામતું હોય, ફલિતાર્થ તરીકે તે ગુણો માર્ગને અનુસરવાવાળા હોવા સાથે તે પ્રશંસાપાત્ર જીવને અને તેના ગુણોનું વર્ણન સાંભળનાર જીવોને મિથ્યાત્વનું દૃઢીકરણ કરનાર ન થાય, પણ માર્ગની સન્મુખતા કરનાર થાય, તો તેવા ગુણો અનુમોદવા–યોગ્ય છે.

તેથી કલિકાલસર્વજ્ઞભગવાન્ હેમચંદ્રસૂરિજી પણ સુકૃતની અનુમોદનામાં સ્પષ્ટપણે જણાવે છે કે "यत्कृतं सुकृतं किञ्चिद् रत्नत्रितयगोचरं । तत्सर्बमनुमन्येऽहं मार्गमात्रानुसार्यपि" ॥૧॥ એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપી રત્નત્રયીને અંગે જે કંઈ સુકૃત કર્યું હોય તેની હું અનુમોદના કરૂં છું, એટલું જ નહિં, પણ માર્ગમાત્રને અનુસરનારા સુકૃતની પણ અનુમોદના કરૂં છું.

## નમસ્કારમંત્રનો એક અક્ષર પામનાર પણ કેટલાં કર્મ ખપાવે ?

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે કુમતના આગ્રહી પુરૂષોએ કરાતા પંચાગ્નિતપો, ભૃગુપાતો, ઝંપાપાતો, માઘસ્નાન, કાશીકરવત એ વિગેરે કાર્યો અનુમોદવા–લાયક નથી, પરન્તુ તે કાર્યો જેટલાં ભયંકર છે તેના કરતાં પણ તેની અનુમોદના સેંકડોગુણી ભયંકર છે, અને તેથી તેવા મિથ્યાત્વને દૃઢ કરનાર કાર્યો અકથનીય–કષ્ટમય હોય તો પણ સુજ્ઞજનોથી એ કાર્યો પ્રશંસાપાત્ર છે એમ કહેવાય નહિં. આટલું છતાં પણ મોક્ષની બુદ્ધિએ મિથ્યાત્વની પણ પ્રાપ્તિ થવી તે ભવ્યજીવ શિવાય બીજાને હોયજ નહિં,

સુજ્ઞપુરૂષોએ વિચારવાનું છે કે મોક્ષની બુદ્ધિએ મિથ્યાત્વની

પ્રવૃત્તિ પણ જો ભવ્ય-પણાની છાપ દેનારી છે, તો પછી ત્રિલોક-નાથ તીર્થંકર-ભગવાને નિરૂપણ કરેલ યથાસ્થિત સ્વરૂપવાળા મોક્ષને માટે તે ત્રિલોકનાથ તીર્થંકરે તે મોક્ષના કારણ તરીકે જણાવેલ સમ્યગ્દર્શનાદિકની વ્યવહારથી થતી પ્રવૃત્તિ તો આત્માની ઉન્નત-દશાને કેમ સૂચવે નહિ ?

આ વાત વિચારવામાં આવશે તો શાસ્ત્રકારો જે જણાવે છે કે णमो अरिहंताणं ના આદ્ય અક્ષર ણકારને અગર करेमि मंते ! सामाइअं ના આદ્ય અક્ષર "કકારને" દ્રવ્ય થકી પામનારે પણ અગણોસિત્તેર-કોડાકોડીથી અધિક સ્થિતિ મોહનીયકર્મની તોડી નાખી છે, એવાં શાસ્ત્રોનાં વચનો સુજ્ઞઆત્મામાં ઓતપ્રોત થઈ જશે, જે મોક્ષમાર્ગની નીસરણીના પ્હેલે પગથીયે દ્રવ્યથકી આવનારને આટલી બધી ઉત્તમતા છે તે મોક્ષમાર્ગને પ્રગટ કરનાર જો કોઈ પણ હોય તો ફક્ત ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનો જ છે.

આ વાત સુજ્ઞપુરૂષો અંતઃકરણથી વિચારશે તો શ્રીસિદ્ધચક્રના આદ્યપદમાં પાંચે કલ્યાણકોમાં જગત્‌ને સુખ કરનાર, ત્રણે જ્ઞાન સહિત ગર્ભમાં આવનાર, દીક્ષાવખતે મનઃપર્યવ-જ્ઞાનને પ્રાપ્ત કરનાર, અઢારદોષોએ રહિત, અષ્ટમહાપ્રાતિહાર્યથી યુક્ત, ચોત્રીશ અતિશયને ધારણ કરનાર, વાણીના પાંત્રીસગુણોએ કરીને સહિત એવી દેશના દેનાર, દેવેન્દ્ર, નરેન્દ્ર અને યોગીન્દ્રોથી પૂજ્ય, એવા જિનેશ્વર ભગ-વાનને પ્રથમસ્થાન કેમ આપ્યું છે ? તે સારી રીતે સમજાઈ જાશે.

ધ્યાન રાખવું કે હીરાની કિંમત અમૂલ્ય છે, છતાં તેને દેખા-ડનારી ચક્ષુની કિંમત અગર ઉપયોગિતા તેથી પણ ઘણી જ ચઢીયાતી છે. તેવી રીતે મોક્ષમાર્ગની કિંમત જેટલી આંકીયે તેટલી ઓછી છતાં તે મોક્ષમાર્ગને બતાવનાર ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્ અરિહંત મહારાજની ઉચ્ચતા અનહદ છે. તેથી જ તેમના નમસ્કાર, ભક્તિ, જાપ અને ધ્યાનથી આત્માનું કૃતાર્થપણું કરી શકાય છે, વળી ચિન્તા-મણિરત્નની હાજરી છતાં પણ તે ચિન્તામણિરત્નથી ફલની પ્રાપ્તિ

તો તેવાઓને થાય કે જેઓ ચિન્તામણિરત્નની વિધિપૂર્વક આરાધના કરે ! જો કે ચિન્તામણિરત્નને ભક્તની આરાધનાથી કંઈ મેળવવાનું નથી, ભક્તિ કરનાર ઉપર કંઈ રાગ નથી, તેમજ ભક્તિ નહિં કરનાર ઉપર દ્વેષ નથી, તો પણ સ્વભાવથી ચિન્તામણિરત્ન આરાધકોને ભાગ્યશાલી બનાવે છે, અને ભક્તિ રહિત તથા વિરોધકોને નિર્ભાગીયા કહેવા દે છે. તેવી રીતે ભગવાન્ જિનેશ્વર મહારાજની હયાતી માત્ર જગતને તારનારી થતી નથી, પરન્તુ તે અરિહંત ભગવાનની પૂજા-ભક્તિ-ધ્યાન-જપ-નમસ્કાર કરવામાં, આવે તેમજ વીતરાગ મહારાજને ભક્તિની અભિલાષા નહિં છતાં, ભકિત કરનાર ઉપર રાગ નહિં કે અભક્તિ કરનાર ઉપર દ્વેષ નહિં છતાં, ભક્તિ કરનારને સમ્યગ્દર્શનાદિ રત્નત્રયીથી ભાગ્યશાળી બનાવે છે અને ભક્તિ નહિં કરનાર કે અભકિત કરનારને મિથ્યાત્વરૂપી નિર્ભાગ્ય દશામાં રહેવાનો જ વખત થાય છે.

## અરિહંત ભગવંત અને ચાર નિક્ષેપા.

આ વાત સમજવામાં આવશે ત્યારે શ્રી સિદ્ધચક્રમાં પ્હેલાપદે અરિહંત મહારાજ કરતાં પણ નમસ્કારનું णमो પદ પ્હેલાં કેમ મૂકયું છે ? એનું તત્ત્વ સમજી શકાશે. યાદ રાખવું કે સૂત્રકારોએ પણ अरिहंताणं णमो એમ નહિ કહેતાં णमो अरिहंताणं એમજ સ્થાને સ્થાને કહેલું છે, અને એ ઉપરથી અરિહંતમહારાજાથી ફલની પ્રાપ્તિ અરિહંતમહારાજની હયાતી માત્રથી નથી, પરન્તુ તેમની ભક્તિથી છે, આટલું જણાવી એ णमो अरिहंताणं માં ચારે નિક્ષેપા કેવી રીતે રહ્યા છે તે ઉપર વિચાર કરીશું.

णमो अरिहंताणं ને ગણનારો દરેક મનુષ્ય સારી રીતે સમજી શકે તેમ છે કે-અરિહંત એ શબ્દ અક્ષરના અનુક્રમવાળો છે, અને તેથી તે વાચ્ય નથી, પણ વાચક છે. અને એવા અનુક્રમે અક્ષર-વાળા વાચકને જ નામ કહેવામાં આવે છે. णमो अरिहंताणं પદને ગણનારો મનુષ્ય જે અરિહંત પદ દ્વારા નમસ્કાર કરે છે તે જો

અરિહંતનામને માનતો હોય તો અરિહંતપદથી નમસ્કાર કરી શકે નહિં, જગત્માં જે શબ્દ અનેક અર્થને કહેનારો હોય છે પછી તે કહેવાતા અર્થોમાં ભલે આકાશ–પાતાળ જેટલું આંતરૂ હોય, છાયા અને આતપ જેવો વિરોધ હોય, ઉદ્યોત અને અંધકાર જેવો નાશ્ય–નાશકભાવ હોય, છતાં તે અનેકાર્થનું વાચકપણું શબ્દ-માંથી ચાલ્યું જતું નથી, તેવી રીતે કોઈક ગોશાલા સરખો મનુષ્ય પોતાનામાં અરિહંતપદની વાચ્યતાનો આરોપ કરી પોતાને અરિહંત કહેવડાવે અને પોતે અરિહંતપદથી વાચ્ય બને તો તેટલામાત્રથી અરિહંતનામની મહત્તા ઘટતી નથી.

વળી અરિહંત એ નામ દરેક જૈનો ઉચ્ચારણ કરે છે તે સર્વના મુખમાં કંઈ ભાવ–અરિહંતોની હાજરી હોતી નથી. તેથી કહેવું જ જોઈયે કે અરિહંતપદને ઉચ્ચારણ કરનારો મનુષ્ય નામનિક્ષેપાને માનીને જ णमो अरिहंताणं એમ બોલે છે. જો કે અરિહંતભગવાન્નો આત્મા અરિહંતપદથી વાચ્ય છે. છતાં અરિહંત-પદનું વ્યાપકપણું છે, પણ અરિહંત મહારાજનું તેવું વ્યાપકપણું હંમેશાં હોતું નથી. તેથી ભાવની સાથે જોડાયેલા નામની જેટલી ઉત્તમતા છે, તેટલી જ ઉત્તમતા ભાવ–અરિહંતથી જુદા પડેલા એવા પણ આ અરિહંત નામની માનવી જોઈએ, કેમકે જો એમ ન મનાય તો સાક્ષાત્ અરિહંતને નમસ્કાર કરવાથી જે ફલ મળે તે ફલ णमो अरिहंताणं બોલવાથી મળેજ નહિં, એટલું નહિં, પણ નામમાં વાચ્યનો સંબંધ ન રાખવામાં આવે તો णमो अरिहंताणं કહેવાથી કંઈપણ ફલ થવું જોઈએ નહિ. કારણ કે ભાષાના પુદ્ગલો કેવલ અચેતન છે અને તેવા ભાષાપુદ્ગલોનો પરિણામ કરવાથી અરિહંત-મહારાજના નમસ્કારનું ફલ મળે જ કેમ? માટે એકલા અરિહંત-નામમાં પણ મહત્તા માનવી જોઈએ.

વળી વિશેષ ખ્યાલ કરવા જેવું એ છે કે–ભગવાન ઋષભદેવજી આદિ તીર્થંકરો કોઈ દિવસ પણ એક ક્ષેત્રમાં એકઠા થઈ શકતા

નથી, અને તેથી કોઈપણ જીવ એક ક્ષેત્રમાં એકીકાલે બે અરિહંતોના નમસ્કારનું ફલ મેળવી શકે પણ નહિં, णमो अरिहंताणंના ઉચ્ચારણથી અતીત કાલના અનંત અરિહંત ભગવંતો, વર્ત્તમાન કાલના કોઈ અરિહંત ભગવંતો, અને ભવિષ્યકાલના પણ અનંત અરિહંતોને વન્દન કરવાનું થાય છે. આ બધો મહિમા નામની સાથે કહેલો બહુવચનનો છે.

જો કે એ વાત તો ખરી છે કે એક રતી સોનાનું સ્વરૂપ જે હોય તેજ લાખો તોલા સોનાનું સ્વરૂપ હોય છે. અને જે લાખો તોલા સોનાનું સ્વરૂપ હોય છે તેજ સ્વરૂપ એક રતી જેટલા સોનામાં પણ હોય છે, તેવી રીતે એક પણ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનમાં જે ગુણોનો સમુદાય હોય છે, તે ગુણોનો સમુદાય અતીત અનાગત અને વર્ત્તમાનકાલના તીર્થંકરોમાં રહેલો છે અને અતીત, અનાગત અને વર્ત્તમાન એ ત્રણે કાલના અરિહંત-ભગવંતોમાં જે ગુણોનો સમુદાય છે, તે એક તીર્થંકરમાં રહેલો છે.

અને એ કારણથી ભગવાન્ હરિભદ્રસૂરિજી જણાવે છે કે एगंमि पूइयंमि सव्वे ते पूइया हुंति અર્થાત્ એક પણ તીર્થંકરની પૂજા કરવાથી સર્વ પણ તીર્થંકરોની પૂજા થઈ જાય છે. એવી રીતે એક પણ અરિહંતને નમસ્કાર કરવાથી સર્વ અરિહંતોને નમસ્કાર થઈ જાય છે, તો પછી णमो अरिहंताणंમાં બહુવચન કહેવાની જરૂર રહેતી નથી. આવા કથનના સમાધાનમાં એમ કહી શકાય કે સંઘના એક-પણ અવયવની, એકપણ સાધુની, એકપણ આચાર્યની ભક્તિ કરવાથી સર્વ સંઘ-મુનિ અને આચાર્યોની ભક્તિ થઈ જાય છે, છતાં પણ પૃથક્ પૃથક્ સંઘની વ્યક્તિઓની મુનિઓની અને આચાર્યોની ભક્તિ કરનારાઓને જે ઉલ્લાસ, જે ભાવના, અને તે દ્વારાએ જે તીવ્રકર્મનો ક્ષયોપશમ એટલે નિર્જરા થાય છે તે અનુભવ અને શાસ્ત્રથી સિદ્ધ છે. માટે જ णमो अरिहंतस्स એમ એકવચન ન કહેતાં णमो अरिहंताणं એમ બહુવચનથી નમસ્કાર કરેલો છે.

વળી પૂજ્યપુરુષોને અંગે એક હોય તો પણ બહુવચન વાસ્તવિક

નહિં હોવા છતાં રૂઢિથી ગણાય છે. પરન્તુ णमो अरिहंताणंમાં કહેલું બહુવચન માત્ર બહુમાનની રુઢિને અંગે નથી, પરન્તુ સર્વકાળના સર્વ અરિહંતો લેવાને માટે છે. કેમકે શાસ્ત્રોમાં અરિહંતમહારાજ અંગે બહુમાન છતાં પણ રૂઢિથી બહુવચન લેવા છતાં પણ णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स તથા समणे भगवं महावीरे તેમજ કલ્પસૂત્રમાં પણ સકલ-કાલના અરિહંતોને માટે णमोत्थु णं अरिहंताणं કહેવામાં આવ્યું છે, અને એક ભગવાન્ મહાવીર મહારાજરૂપી વર્ત્તમાન અરિહંતને અંગે आइगरस्स વિગેરે કહીને આખા णमोत्थु णं એકવચનથી સૂચના કરેલી છે.

એટલે સ્પષ્ટ થયું કે અરિહંત મહારાજ તરફ બહુમાન છતાં પણ વ્યક્તિને અંગે એક વચનનો પ્રયોગ શાસ્ત્રોમાં સ્થાને સ્થાને વાપર્યો છે. છતાં અહિં જે णमो अरिहंताणं એ પદથી આરાધન જણાવ્યું છે તે સર્વકાળના સર્વ અરિહંતોના નમસ્કારને માટે છે અને તેવી રીતે પદ બોલીને આરાધના કરી માનવાનું અગર નમસ્કારથી ફલ પ્રાપ્ત થવાનું તેઓ માની શકે કે જેઓ નામનિક્ષેપાને માનતા હોય,

## णमो अरिहंताणंમાં સ્થાપના

જેવી રીતે णमो अरिहंताणं જપનારને નામનિક્ષેપાની અગર નામ-અરિહંતની ઉત્તમતા માનવીજ પડે અને ધારવી પડે, તેવી રીતે णमो अरिहंताणंને બોલવાવાળો જો બાલ્યાદિ અવસ્થામાં ન હોય તો જરૂર અરિહંત મહારાજની આકૃતિને મગજમાં લાવીને णमो अरिहंताणं બોલી શકે,

યાદ રાખવું કે જગત્માં વાચકના ઉચ્ચારની સાથે જેમ વાચ્યની પ્રતીતિ થાય છે અથવા વાચ્યને દેખવાની સાથે તેનું વાચકપદ જરૂર યાદ આવે છે. તેવી રીતે વાચ્ય એવા પદનો ઉચ્ચાર કરવાની સાથે વાચ્યના આકારના અનુભવવાળાઓને તે વાચ્યના આકારનું સ્વરૂપ ધ્યાનમાં આવ્યા વિના રહેતું નથી. અગ્નિના

પાક-સ્વભાવને જાણવાવાળો મનુષ્ય અગ્નિશબ્દના ઉચ્ચારણની સાથે જેમ પાકગુણને સ્મરણ કરનારો થાય છે, અથવા અગ્નિના આકારને મગજમાં લાવનારો થાય છે, તેવી રીતે અરિહંતમહારાજના પ્રશમરસ-નિમગ્નાદિ આકારને જાણવાવાળો મનુષ્ય णमो अरिहंताणं પદ ઉચ્ચારણ કરવાની સાથે પ્રશમરસ-નિમગ્નાદિ આકારને મગજમાં લાવ્યા શિવાય રહી શકતો નથી.

વળી णमोअरिहंताणंમાં આદ્યમાં જણાવેલું णमो પદ હાથ અને મસ્તકને જોડીને નમાવવારૂપે હોવાથી નમસ્કાર કરવા પૂર્વક નમોપદ બોલવાવાળો સજ્જન પુરૂષ અરિહંત ભગવાનના પ્રશમરસ-આકારને મગજમાં લીધા શિવાય નમસ્કાર કરી શકે નહિં. આ વાત તો સર્વને કબુલ છે કે णमो अरिहंताणं કહેવાવાળો સમજુ હોય તો જરૂર નમસ્કારની ક્રિયા કરે, અને તે નમસ્કારની ક્રિયા કરવાવાળો જો મનમાં આવેલી અરિહંત ભગવાન્‌ની પ્રશમરસ નિમગ્નાદિ આકૃતિને ન માનતો હોય તો નમસ્કાર કોને કરે ? નમસ્કાર કરવાની સ્હામો ખાલી ભાગ હોય, ભીંત હોય, કે ઘટ-પટાદિ કંઈ પણ હોય, તેના આકારને ધારીને શું તે નમસ્કાર કરશે ?

## સ્થાપના નિક્ષેપની વ્યાપકતા.

ધ્યાન રાખવું કે જગત્‌માં દૃષ્ટિએ દેખાતા સર્વ-પદાર્થોની આકૃતિ ચક્ષુની અંદર પડે છે, કોઈપણ દેખનાર મનુષ્ય એવો નથી હોતો કે ચક્ષુમાં જે પદાર્થની આકૃતિ ન પડે તે પદાર્થની આકૃતિ તે દેખી શકે. એટલે ચોકૂખું થયું કે નિર્જીવ આકૃતિ જેણે ન માનવી હોય તે મનુષ્યે તો આંખ પણ ઉઘાડવી જોઈએ નહિ. કેમકે આંખ ઉઘાડીને દેખનારાની આંખમાં તો સ્થાપના આવ્યા વગર રહેવાની નથી. એટલે ચોકૂખું થયું કે મોંઢેથી સ્થાપના નથી માનતા એમ કહેનારાને પણ જો દેખનાર તરીકે રહેવું હશે તો તેને આંખમાં તો સ્થાપના લેવી પડશે. એટલે **મોંઢેથી સ્થાપના નકામી છે, સ્થાપના ફાયદો કરતી નથી** વિગેરે બોલવું તે ન્હાના

છોકરાઓ ખાતા જાય અને ઉપવાસ કર્યો કહે એના જેવી બાલચેષ્ટા જ કહેવાય. તેવી રીતે જ અરિહંતમહારાજને નમસ્કાર કરવા માટે णमो अरिहंताणं પદ બોલે તે વખત અરિહંતમહારાજનો આકાર જાણતો હોય તો મગજમાં તે આવ્યા શિવાય રહેતો નથી. અને તે આકારને ઉદ્દેશીને નમસ્કાર થવાનો અગર બોલાવાનો છે. માટે સ્થાપના મગજમાં જેને ન લાવવી હોય તેને अरिहंताणं બોલવાનું ય નથી અને णमो अरिहंताणं કહેવું એ વ્યર્થ જ છે.

## 'ણમો અરિહંતાણથી' દ્રવ્યસિદ્ધિ.

એવી રીતે णमो अरिहंताणं દ્વારા જેમ સર્વવ્યાપક એવા નામ અને સ્થાપના જણાવ્યાં તેવી રીતે णमो अरिहंताणं કહેનારો દ્રવ્યને કોઈપણ પ્રકારે દૂર કરી શકે તેમ નથી. કારણ કે णमो अरिहंताणं કહેનારો મનુષ્ય અરિહંતપણું આકાશમાં રહેલું છે એવું માનવાવાળો હોતો જ નથી, પરન્તુ સ્પષ્ટ રીતે જાણે છે અને માને છે કે અરિહંતપણું તીર્થંકર મહારાજાના જીવોમાં જ રહેલું છે. જીવદ્રવ્ય સિવાય અજીવમાં અરિહંત નામનું કર્મ હોતું જ નથી, કે જેથી અજીવને અરિહંતપણું મળવાનો વખત આવે. તો પછી અજીવ એવા દ્રવ્યને પણ અરિહંતપણું ધારણ કરવાનું થતું નથી જ. પરન્તુ પૂર્વભવમાં વીસ સ્થાનકની આરાધના કરનારા ભાગ્યશાલી એવા જીવદ્રવ્યમાં જ અરિહંતપણું આવેલું હોય છે તેથી અરિહંતને નમસ્કાર કરવા માટે नमो अरि० બોલવાવાળો જીવ અરિહંત ભગવાનના જીવદ્રવ્યને લક્ષ્યમાં ન લે એવું તો બને જ નહિં.

### દ્રવ્યનિક્ષેપો

જૈનશાસ્ત્રને માનનારા મનુષ્યો लोगस्स સૂત્રને તો સર્વપ્રકારે માનનારા હોય છે અને તે लोगस्सમાં ભગવાન્ ઋષભદેવજી વગેરે ચોવીસ તીર્થંકરોને अरिहंते कित्तइस्सं કહીને જે સ્તવન કરાય છે તે દ્રવ્યનિક્ષેપો નહિં માનનારની અપેક્ષાએ તો જુઠું જ છે. યાદ રાખવું

કે ભગવાન્ ઋષભદેવજીથી માંડીને મહાવીર ભગવાન્ સુધીના ચોવીસ તીર્થંકરોમાંથી કોઈપણ તીર્થંકરનો જીવ અત્યારે નથી તો શરીરને ધારણ કરનાર અને નથી તો અરિહંતનામ કર્મને ભોગવનાર અત્યારે તો તે ચોવીસે તીર્થંકરો સર્વથા કર્મથી રહિત થઇને સિદ્ધપદને પામેલા છે. તો તેવા સર્વથા કર્મથી રહિત એવા સિદ્ધને અરિહંત નામકર્મના ઉદયથી થતા અરિહંતપણાને અંગે નમસ્કાર કરવો એ ભૂત અરિહંતપણારૂપી દ્રવ્યનિક્ષેપાની ધારણા સિવાય બની શકે જ નહિં. જેઓ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્‌ની પ્રતિમાની પૂજા કરતાં ભોગીપણાનો આરોપ કરવાવાળા છે તેઓએ વિચારવું જોઈએ કે પ્રતિમાને પૂજવાવાળા તો તમારા મતની અપેક્ષાએ માત્ર અજીવ એવા પાષાણને ભોગી બનાવે છે. પરન્તુ તમે તો સિદ્ધ ભગવાન્ જેવા નિર્લેપ પરમાત્માને કર્મના કાદવથી ખરડો છો. કેમકે અરિહંત-પણું નામકર્મના ઉદયથી જ છે અને નામકર્મ વેદનીય ગોત્ર અને આયુષ્ય સિવાય હોતું જ નથી, માટે ચારકર્મથી સિદ્ધમહારાજને ખરડો ત્યારે જ लोगस्स બોલી શકો ? કદાચ એમ કહેવામાં આવે કે ભગવાન્ ઋષભદેવજી આદિ ચોવીસ તીર્થંકરો દ્વારા એ અમારા આત્માના ઉદ્ધારનો માર્ગ પ્રગટ કરાવાયો છે તેથી તે ચોવીસે તીર્થં-કરો મોક્ષે ગયા છે છતાં અમે તેઓને તીર્થંકરના રૂપે જ ભજીએ છીએ, તો પછી ત્રિલોકનાથ તીર્થંકરના ભગવાનની પ્રતિમાની પૂજા કરનારાઓ પોતાને થયેલ ઉપકારને અંગે અને વરબોધિલાભને અંગે ભગવાન્ તીર્થંકરની પ્રતિમાની આરાધના કરે છે તેની અનુ-મોદના કરવાનું તમારૂં નશીબ ન હોય તો જુદી વાત છે. પરન્તુ નિંદા કરીને દુર્ભાગ્યનું નોતરૂં કેમ દો છો ? વળી જો ભૂતકાળના તીર્થંકરોને દ્રવ્યનિક્ષેપા દ્વારા એ જ વન્દન કરાવાનું ઇષ્ટ ગણ્યું છે તો પછી ભાવિકાલના તીર્થંકરોના જીવરૂપી દ્રવ્ય તીર્થંકરોને ભાવિભાવના કારણ તરીકે નમસ્કાર કરવામાં શા માટે શ્રદ્ધા થતી નથી ? યાદ રાખવું કે ફલ સન્મુખ તીર્થંકરપણું તેરમે ગુણસ્થાનકે હોય છે. છતાં ભગવાન્ તીર્થંકર મહારાજના જન્મ વિગેરે કલ્યાણકોની વખતે

કુદરત પણ તેઓને તીર્થંકર માનીને સમસ્ત લોકોમાં પણ અજવાળું કરે છે. એથી સ્પષ્ટ થયું કે જેઓ ભવિષ્યના તીર્થંકરપણાને અંગે તીર્થંકરના જીવોને ન માને તેઓ પોતાને માથે કુદરતનો કોપ ઓઢી લે છે. વળી તીર્થંકર મહારાજ જન્મ પામે તે વખતે સિદ્ધ બુદ્ધ આદિ ગુણવાળા હોતા નથી. એ વાત સર્વને કબૂલ કરવી પડે તેમ છે છતાં એ વાત પણ સાથે કબૂલ જ કરવી પડે તેમ છે કે ચરમભવવાળા આરાધક સમ્યગ્દૃષ્ટિ અને ભવ્યપણાની છાપ ધરનારા શક્રાદિક ઇંદ્રમહારાજાઓ તે જ જન્મના અભિષેકની વખતે સિદ્ધ બુદ્ધ મુક્ત આદિ ગુણોથી સંબોધન કરવાપૂર્વક સ્તુતિ કરે છે એમ શ્રીજંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં સ્પષ્ટપણે જણાવે છે. એટલે સિદ્ધ થયું કે ભાવિભાવની અપેક્ષાએ પણ સમ્યગ્દૃષ્ટિઓને તો દ્રવ્યનિક્ષેપો વાંદવા લાયક છે.

## ભાવનિક્ષેપ

જેવી રીતે નામ સ્થાપના અને દ્રવ્યનિક્ષેપાને આશ્રીને નમો અહિંતાણંમાં વિચાર કર્યો, તેવી જ રીતે ભાવને અંગે પણ વિચાર કરવાની જરૂર છે. કેમકે જો તેનો વિચાર કરવામાં ન આવે તો વાસ્તવિક અરિહંતના નમસ્કારની સ્થિતિ ટકે નહિ. સુજ્ઞ વાચકોએ ધ્યાનમાં રાખવું કે જેઓ તીર્થંકર ભગવાનની પૂજામાં લાભ માનનારા છે. વળી તીર્થંકરનામકર્મ કે જે બંધે અને ઉદયે શુભ રૂપ જ છે, તેના ફલ મનુષ્યો શું ? પણ દેવતાઓ પણ જેની અષ્ટપ્રાતિહાર્યાદિકથી પૂજા કરે છે, તેઓ જ અરિહંત કહેવાય છે. ધ્યાનમાં રાખવું કે જગત્‌માં ગુરુમહારાજાઓ ધર્મકાર્યનો ઉપદેશ સતત કરે છે, છતાં પ્રાણીરક્ષા અને અભયદાન તથા અનુકંપાદિક કાર્યો સાધનસામગ્રીને ધરાવનારા ગૃહસ્થો જ અધિક રૂપમાં કરે છે. યાદ રાખવું કે સાધુઓ સુપાત્ર દાનનો ઉપદેશ કરે છે પરન્તુ સુપાત્ર દાન કરવાને માટે તો ભાગ્યશાળી શ્રાવકો જ બને છે તેવી રીતે સાધુ અને શ્રાવકો અરિહંત મહારાજ તરફ ભક્તિની દૃષ્ટિવાળા હોય છે છતાં પણ ત્રિલોકનાથ-

તીર્થંકર ભગવાનની પૂજા મહારાજા વાસુદેવ ચક્રવર્તી દેવતા અને ઇંદ્રની પૂજા કરે તે કરતાં પણ અધિક થવી જોઈતી પૂજા કરવાને માટે દેવતાઓ ભાગ્યશાળી બને છે. પ્રતિમાને નહિં માનનાર ઢુંઢક અને તેરાપંથીઓ પણ એ તો કબૂલ જ કરશે કે ભગવાન્ ઋષભદેવજી નિર્માણ પામ્યા ત્યારે ભગવાન્ ઋષભદેવજીના નિર્વાણ મહોત્સવને કોઈપણ સાધુ કે શ્રાવકે કર્યો નથી. પરન્તુ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર સ્પષ્ટપણે જણાવે છે કે તે નિર્વાણ મહોત્સવ ઇંદ્ર અને દેવતાઓએ જ કરેલો છે. કોઈપણ મનુષ્ય એમ તો નહિ કહી શકે કે ભગવાન ઋષભદેવજીના નિર્વાણની વખતે શ્રાવકો કે સાધુઓ ભક્તિવાળા ન્હોતા, પરન્તુ કહેવું તો પડશે જ કે દેવતાઓ જ ભક્તિના કાર્યમાં અગ્રપદને ભોગવે છે. તે વાત જે શ્રી જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર જણાવે છે તેવી જ રીતે શ્રી દશવૈકાલિકસૂત્ર પણ देवावि तं नमंसंति जस्स धम्मे सया मणो એ વાકયથી સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે. સુજ્ઞ વાચકે ધ્યાન રાખવું કે नमंसंति એ પ્રયોગ नमस्यन्ति ને જણાવનારો છે અને नमस्यंति એ પ્રયોગ પૂજાના અર્થમાં જ બને છે. नमस् અવ્યયથી પૂજા અર્થ લાવવો હોય તો જ क्यन् પ્રત્યય આવે અને તે क्यन् આવવાથી જ नमस्यंति એવું રૂપ બને છે. એટલે સ્પષ્ટ થયું કે જે મનુષ્યનું હંમેશાં ધર્મમાં મન છે તેને ધર્મના અવાન્તરફળ તરીકે દેવતાઈ પૂજા મળે છે. એટલે ટીકા અને નિર્યુક્તિકાર વિગેરે પણ એ વાકયના દૃષ્ટાન્તમાં પણ અરિહંત ભગવાન્ કે જેઓ હંમેશાં દેવતાઓથી પૂજાયેલા છે તેનું જ દૃષ્ટાન્ત દે છે. જો કે કેટલાક વ્યાખ્યાકારો नमंसंति નો અર્થ नमन्ति એવો કરે છે એમાં પણ णम् ધાતુ પ્રહ્વપણામાં હોવાથી એટલે ઝુકવામાં હોવાથી સર્વ નમસ્કાર આદિભક્તિનો તેમાં સમાવેશ થાય છે. આ બધું કહેવાની મતલબ એટલી જ કે नमो अरिहंताणं ને ઉચ્ચારનારો મનુષ્ય જો અરિહંત શબ્દના અર્થ તરફ ધ્યાન રાખે તો જરૂર સમજે કે અશોકાદિ આઠ પ્રતિહાર્યરૂપી પૂજાને જેઓ દેવતા દ્વારાએ પામે છે તેઓ જ અરિહંતો છે. અને તેવા અરિહંતોને હું નમસ્કાર કરૂં છું. જો કે કેટલીક જગો પર નિરૂક્તિથી કર્મશત્રુને હણનારા હોય તેને અરિહંત કહેવાય એમ

કહેવામાં આવે છે. પરન્તુ એ કર્મશત્રુને હણવાનો અર્થ જગત્‌ના જીવોને લાગેલા કર્મોના નાશની અપેક્ષાએ લેવો વધારે યોગ્ય થશે, કેમ કે જગત્‌ના જીવોને કર્મોના નાશનો રસ્તો બતાવનાર જગત્‌માં કોઈપણ હોય તો તે માત્ર ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનો જ છે. અને આ જ કારણથી અરિહંતના નમસ્કારનો હેતુ જણાવતાં શાસ્ત્રકારો માર્ગના પ્રકાશનને જ જણાવે છે. જો પોતાની અપેક્ષાએ સર્વકર્મનો નાશ લઈએ તો અરિહંતપણામાં તે સંભવતો જ નથી. કેમકે અરિહંતપણું હોય તો સર્વકર્મનો નાશ ન હોય, અને સર્વકર્મનો નાશ હોય ત્યાં અરિહંતપણું ન હોય, કદાચ ભવિષ્યમાં સર્વ-કર્મનો નાશ ભવને અંતે કરશે, કેમકે અરિહંત મહારાજાને તે ભવના અંતે મોક્ષે જ જવાનું હોતું જ નથી, માટે તેઓ જરૂર આઠે કર્મોનો નાશ ભવને અંતે કરવાના છે તેમ ધારીને અષ્ટકર્મ-રૂપી શત્રુને હણનારા અરિહંત છે એમ નિરૂક્તિ દ્વારાએ કહીએ તો તેમાં પણ ભાવિ-ભાવના કારણ તરીકે દ્રવ્યપણું માની દ્રવ્ય નિક્ષેપો માન્યા સિવાય છુટકો જ નથી. વળી જો સર્વકર્મના નાશને અંગે અરિહંતપણું કહીએ તો સિદ્ધ અને અરિહંતપણામાં ફરક જ રહે નહિ અને તેથી પંચપરમેષ્ટિને ન માનતાં ચાર જ પરમેષ્ઠી માનવા પડે. આ બધી અડચણ તેઓને નહિં આવે કે જેઓ અષ્ટ પ્રાતિહાર્યાદિક રૂપી પૂજાને જેઓ દેવતાઓથી યોગ્ય થાય છે તેઓ જ અરિહંત કહેવાય અને તે જ ભાવઅરિહંતપણું છે. અને તેના ભાવ-અરિહંતપણામાં વર્તવાવાળા સર્વકાલના સર્વ તીર્થંકરોને નમસ્કાર કરવા માટે જ णमो अरिहंताणं એ નવપદમાં શ્રી સિદ્ધચક્રના પહેલે પદે સ્થાપન કર-વામાં આવ્યું છે.

## સિદ્ધચક્રયંત્ર શાનું બનેલ છે ?

આવી રીતે અનેક પ્રકારે નમસ્કાર કરવા લાયક, સ્તુતિ કરવા લાયક, ધ્યાન કરવા લાયક, જપ કરવા લાયક, આરાધના કરવા લાયક એવા એવા અરિહંત સિદ્ધ આચાર્ય ઉપાધ્યાય સાધુ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર અને તપ એ નવ પદોનું બનેલું યંત્ર તે સિદ્ધચક્ર કહેવાય છે.

# જીવના ભવ્ય સ્વભાવની ઓળખાણ
## ૨

(પૂ. આગમોદ્ધારક બહુમુખી પ્રતિભાથી આચાર્યદેવશ્રીએ વિ. સં. ૧૯૮૯ જેઠ સુદ ૧૪ સુરત નેમુભાઈ શેઠની વાડી, ગોપીપુરાના ઉપાશ્રયમાં ભવ્ય જીવોના હિતાર્થે ભવ્યત્વ જેવા આગમિક ગહન પદાર્થને રોચક શૈલીમાં ખૂબ સુંદર છણાવટ સાથે વ્યાખ્યાન પ્રસંગે સમજાવેલ તેનો સંક્ષિપ્ત ઉતારો જિજ્ઞાસુ તત્ત્વરૂચિ જીવોના હિતાર્થે સિદ્ધચક્ર (વર્ષ ૧ માં, પાન ૪૫૨) માંથી યોગ્ય સુધારા વધારા સાથે પુનર્મુદ્રિત કરવામાં આવે છે. સં]

## ભવ્ય જીવ કોણ?

શાસ્ત્રકાર મહારાજા ભગવાન્થી હરિભદ્રસૂરીજી મહારાજ ભવ્યજીવોના શ્રી અષ્ટકજીપ્રકરણ રચતાં આગળ જણાવે છે, કે આ સંસારમાં આ જીવો અનાદિ કાળથી રખડે છે. એ જીવને મોક્ષ પ્રાપ્તિ કરાવવામાં મુખ્ય કારણ શું? ઉત્તર એ જ છે કે ભવ્યપણું! પ્રથમ ભવ્યપણું જોઈએ. મોક્ષ એ પણ ઉત્તમોત્તમ વસ્તુ છે. એ ઉત્તમોત્તમ પ્રાપ્ત કરવા માટે પોતાના આત્માને ભવ્યપણાની પ્રાપ્તિ થઈ ચૂકી છે, તેવું દર્શાવનારૂં શું કોઈ ચિન્હ છે? એ તે મોક્ષની અભિલાષા માટે જ શાસ્ત્રકારોએ નિયમ માન્યો છે કે :-

"જેને મોક્ષની અભિલાષા થાય, તે જીવ ખરેખર ભવ્ય જીવ છે!"

## ભવ્યત્વ નહિ તો મોક્ષ પણ નહિ જ?

બીજા દાર્શનિકો કહેતા કે મોક્ષને પામવા માટે દેવોને માનવા, તેમની સેવા-પૂજા કરવી, જ્ઞાન મેળવવું અને વ્રત વગેરે કરવા

જોઈએ. આ સઘળી ક્રિયાઓ શા માટે કરવાની છે? જવાબ એ છે કે મોક્ષને પામવા માટે પણ તે પહેલાં ભવ્ય જીવને જ મોક્ષ મળે છે-ભવ્યજીવ એકલો જ મોક્ષનો અધિકારી છે, તે વાત નક્કી થવાની જરૂર છે. એ નક્કી થવું જ જોઈએ કે ભવ્ય જીવને મોક્ષ મળે છે, બીજાને નહિ, જે જીવ ભવ્ય નથી, તેને મોક્ષ પણ નથી જ! જ્ઞાન મેળવવું, સર્વ વિરતિપદ ગ્રહણ કરવું, તપસ્યા, તપ, જપ, કરવા, વિનય વૈયાવચ્ચ વગેરે આદરપૂર્વક સેવવાં એ સઘળાંનું ફળ મોક્ષપણું છે. પણ તે સઘળાને પાળવા છતાં એ, તે સઘળાંનું ફળ મોક્ષપણું; તે મળે કયારે? જીવમાં ભવ્યપણું હોય તો જ! નહિ તો નહિ જ!! જ્ઞાન, જપ, તપ કરવાં, વિનય સર્વ વિરતિ એ સઘળી ચીજો એવી નથી કે જે આત્માને સ્વતંત્ર રીતે જ મોક્ષ આપી શકે. કોઈ એમ શંકા કરશે કે ભવ્યપણું જેમ મોક્ષ મેળવવામાં કારણભૂત છે, તે જ રીતે જ્ઞાન વગેરે પણ મોક્ષ મેળવવામાં કારણભૂત છે; તો પછી તે ચીજ-જેવાં કે જ્ઞાન, તપ વગેરે પણ-શા માટે મોક્ષ આપનારા છે, એમ ન ગણવું જોઈએ? આ પ્રશ્નનો ઉત્તર જરૂર સમજવા જેવો છે.

## અંકુરનું મુખ્ય કારણ કોણ? "બીજ."

એક ઉદાહરણ-દૃષ્ટાંત-દાખલો લ્યો. ખેડૂત જમીનમાં બીજ નાંખે છે, બીજમાંથી અંકુરો થાય છે. એ અંકુર ઉગવામાં કારણભૂત વસ્તુઓ કઈ કઈ છે? બીજ, માટી, પાણી, હવા એ સઘળી વસ્તુઓ કારણભૂત છે. પણ એ કારણોની સહાય વડે જે અંકુર ઊગે છે તે અંકુરને આપણે માટીઅંકુર, જલઅંકુર, હવાઅંકુર કહેતા નથી; પરંતુ ઘઉંનો અંકુર, બાજરીનો અંકુર, જુવારનો અંકુર તેમ જ કહીએ છીએ. ખ્યાલ કરજો:-બીજ એકલું ઊગી શકે જ નહિ. તે ઉગાડવામાં બીજ માટી, પાણી, હવા એ સઘળા કારણભૂત છે. પણ મુખ્ય કારણ શું છે? બીજ છે! બીજ પોતે જ અંકુરસ્વરૂપ છે અને તે અનુકૂળ કારણો મળતાં પોતાથી મેળે જ અંકુર રૂપ બને છે. માટે જ

અંકુરનું મુખ્ય કારણ તે બીજ છે અને માટી, પાણી, હવા–એ બધાં સહકારી કારણો છે અથવા ઉપકારણો છે.

## મોક્ષનું બીજ તે જ "ભવ્યત્વ"

એ જ ઉદાહરણ અહીં પણ આબાદ રીતે લાગુ પડે છે. ત્યાં જેમ બીજ મુખ્ય છે તેમ અહીં મોક્ષ માટેનું બીજ તે જ ભવ્યપણું મુખ્ય છે; અને ત્યાં જેમ માટી, પાણી, હવા ઈત્યાદિ છે, તેમ અહીં જ્ઞાન, ચારિત્ર, તપસ્યા, તપ, વિનય આદિ છે. એટલે આ સઘળા મોક્ષ મેળવી આપનારાં મદદનીશ કારણો અથવા સહકારી કારણો છે. મોક્ષ મેળવવા માટેનું મુખ્ય કારણ તો જીવનું ભવ્યપણું જ છે. ભવ્યપણારૂપી બીજ હોય; તો જ જ્ઞાન, ચારિત્ર, તપસ્યા, તપ આદિની સહાયતાથી તેનું ફળ મોક્ષ એ મળી શકે છે. જો બીજ ન હોય તો માટી, પાણી, હવા વગેરે મળ્યા છતાં અંકુરો ઉગતાં નથી, તે જ પ્રમાણે જો ભવ્યપણું ન હોય એવા આત્માને ૯ નવ પૂર્વજ્ઞાન લીધું હોય, પ્રતિમા વહન કરી હોય, શુકલ લેશ્યાના પરિણામવાળું અખંડ ચારિત્ર પાળ્યું હોય તો પણ તેને મોક્ષ મળી શકતો નથી એ સિદ્ધ છે. કારણ કે મોક્ષનું મુખ્ય કારણ ભવ્યપણું છે. તપસ્યામાં બે–ચાર છ મહિના ગાળે–મહિનાના મહિના તપ કરે, વિનય વૈયાવચ્ચ કરે, બધું કરે; પણ જ્યાં ભવ્યત્વરૂપી બીજ નથી, ત્યાં તે બીજનું ફળ મોક્ષ નહિ જ હોય એ ખુલ્લું છે. તાત્પર્ય એ છે કે મોક્ષ થવામાં મુખ્ય કારણ તો જીવનું ભવ્યત્વ જ છે, તે જ બીજ છે અને જ્ઞાન, તપ આદિ તો તેના મદદકર્તા છે.

## અંકુર પરથી બીજની પરીક્ષા.

હવે એ પ્રશ્ન આવીને ઊભો રહે છે કે આત્મામાં ભવ્યપણું છે એમ જાણવું કેવી રીતે? એવી કઈ નિશાની છે કે જે આત્મામાં ભવ્યપણું છે એ દર્શાવી આપે છે? સાંભળો: અંકુર ઊગે છે તેથી આપણે જાણીએ છીએ કે ફલાણો દાણો વાવ્યો હતો, તે જ પ્રમાણે

મોક્ષ થાય, ત્યારે જ આપણે જાણી શકીએ છીએ કે એ આત્મામાં ભવ્યપણું હતું. આત્માની અંદર જ્યારે ભવ્યપણું જણાય છે, ત્યારે તે આત્માનો મોક્ષ થવાનો જ છે; એવો નિશ્ચય થાય છે. આ નહિ થાય ત્યાં સુધી મોક્ષની આશાએ જે ઉદ્યમ કરીએ છીએ. તે બધો આંધળાની ઈંટ જેવો પરિણમે છે. આ પ્રમાણે જેઓ કહેતા હતા, તેમની મતલબ શી હતી? તેઓ કઇ મતલબથી આ પ્રમાણે કહી રહ્યા હતા? તે હવે તપાસો. જૈનશાસ્ત્ર એમ માને છે કે કેટલાક જીવો ભવ્ય છે અને કેટલાક અભવ્ય છે. જ્યારે બીજાઓ એમ માને છે કે સર્વ જીવો મોક્ષે જવાના છે. બીજો પક્ષ જેઓ માને છે, તેમની એ માન્યતા કેવી મિથ્યા છે તે જુઓ: તેઓ એમ કહે છે, કે સઘળા જીવો મોક્ષે જવાના છે; પણ તરત જ બીજી વાત રજૂ કરે છે કે મનુષ્ય શરીરમાંના જીવ સિવાય બીજા જીવો મોક્ષે જઇ શકવાના નથી! જો તેમની એ માન્યતા છે કે "**મનુષ્ય સિવાય બીજો જઈ ન શકે**" તો સહેજે સાબીત થાય છે કે તેમનો "**સઘળા જીવો મોક્ષે જવાના છે**" એ પૂર્વપક્ષ ખોટો છે અને તેથી તેઓ સીધી રીતે જ જુઠા છે.

## મનુષ્યની પરાધીનતા.

સર્વ જીવોને મોક્ષ માનો, પણ વળી મનુષ્યજીવ સિવાય બીજા જીવને મોક્ષ નહિ–એ બે પરસ્પર વિરોધી વસ્તુ બને શી રીતે? મનુષ્યનું જીવન તો હંમેશાં પરાવલંબી છે. પૃથ્વી! પાણી એ મનુષ્ય વગર જીવી શકે છે. મનુષ્ય હોય તો જ પૃથ્વીકાય-અપકાય જીવો જીવી શકે, અને નહિ તો મરી જાય એમ નથી. તેઉકાય-વાયુકાયને માટે પણ તેમજ મનુષ્ય ન હોય તો તેઉકાય અને વાયુકાયના જીવો પણ મરી જાય એમ નથી. આ બધા ઉપરથી એક વાત સાબીત થાય છે કે મનુષ્યની હયાતીનો સંબંધ બીજા જીવો સાથે છે. મનુષ્ય જરા વિચાર કરે કે, હું જગત્‌માં નહિ હોઉં તો નુકસાન કોને? **તારા (મનુષ્યના) નહિ હોવાથી**

**કોઈની પણ જીંદગીનું નુકસાન નથી.** પૃથ્વી, અપકાય, તેઉકાય વાયુકાય, વનસ્પતિ, બે, ત્રણ, કે ચાર ઇંદ્રિયોવાળા પ્રાણીઓમાં કોઇને પણ મનુષ્ય ન હોય તો કોઇપણ જાતનું નુકસાન નથી. ત્યારે મનુષ્યજીવન કઇ દશાનું ? જો આધારરૂપ પૃથ્વી ન મળે તો મનુષ્ય ગબડી પડે ! પાણી ન મળે તો મનુષ્ય મરી જાય ! તેજ-અગ્નિ ન હોય તો મનુષ્ય આંધળો બને ! વનસ્પતિ ન હોય તો મનુષ્ય ભૂખે મરે ! હવે વિચાર કરો કે મનુષ્યનું જીવન કેટલું બધું પરાધીન છે ! આજના જમાનામાં પોકળ સ્વતંત્રતાવાદી ઘણા મળશે, પણ કોઈ એવો સ્વતંત્રતાવાદી નીકળ્યો છે કે જેણે એમ કહ્યું હોય કે મારે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ કોઈને આધીન રહેવું નથી. હું એ બધા વિના ચલાવી લઈશ ! આજે તો ઉત્તમ ચીજની આધીનતામાં રહેવું નથી પણ અધમ ચીજની ગુલામગીરી કાલાવાલાપૂર્વક કબૂલ રાખવામાં આવે છે ! અગ્નિ મનુષ્યને તાબે નથી, વનસ્પતિ આદી અધમ ચીજ તેની ગુલામીમાં માણસ રહે છે,–અરે તેના વડે જ માણસનું જીવન ટકેલું છે, અને આ રીતે અધમ જીવોની ગુલામીમાં રહેનારા માણસને સ્વાતંત્ર્ય લેવું છે ! સ્વતંત્ર કોનાથી થવાનું હોય ? અધમ વસ્તુથી ! તેને બદલે આજે શું થાય છે ? પુન્યશાળી જીવોથી, ધર્મથી, માબાપથી, બુદ્ધિશાળી જીવોથી, આજે તો સ્વતંત્ર બનવાની વાતો થાય છે ! ! ! મનુષ્ય, પૃથ્વી આદિ અધમ સ્થિતિમાં રહેવાથી જ્યારે સ્વતંત્ર બની શકતો નથી ત્યારે તે મનુષ્ય જ મોક્ષે જઈ શકે અને બીજા જીવો મોક્ષે ન જઈ શકે એમ કહેવું તે મિથ્યા છે. મનુષ્ય સિવાય મોક્ષ નથી, અને મનુષ્ય તો પૂરેપૂરો પરાવલંબી છે તો પછી બધા જીવો મોક્ષે જવાના છે એમ બોલી જ કેમ શકાય ? મૂંગો કહે કે "હું મૂંગો છું !" તો તમે શું કહો ? વદતો વ્યાઘાત જ કે કાંઈ બીજું ! જો મૂંગો પોતાનું મૂંગાપણું બતાવવાને પણ કહે કે, "હું મૂંગો છું," તો ખલાસ ! ! તે પોતે જૂઠો છે એમ તેની બોલી જ સાબિત કરે છે. તે જ પ્રમાણે મનુષ્યનું જીવન પણ એકેન્દ્રિ-યાદિ વગર રહી શકે નહિ એ સ્પષ્ટ છે, તો પછી સઘળા જીવો

મોક્ષે જવાના છે એ વાત ત્યાં ને ત્યાં જ જૂઠી થાય છે.

### ભવ્યપણું પારખે કોણ ?

જૈન શાસ્ત્ર કહે છે કે કેટલાંક જીવો મોક્ષે જવાને લાયક છે, કેટલાક નાલાયક છે. જે લાયક છે તે ભવ્ય છે. નાલાયક છે તે અભવ્ય છે. એ ભવ્યાભવ્યના નિર્ણય વગર ધર્મ કરવો તે આંધળે બહેરું કુટાવા જેવું છે. ત્યારે હવે આગળ વધો; આ જીવે પહેલા નિર્ણય કરવાનો હતો કે હું ભવ્ય છું કે નહિ? જો હું ભવ્ય હોઉં તો જ્ઞાનાદિક માટે જે ઉદ્યમ કરું તે સફળ થશે, પણ કદાચ હું અભવ્ય હોઉં તો જ્ઞાનાદિક માટે કરેલો ઉદ્યમ નકામો જાય, આ શંકા એની ખસવાની નહિ, માટે જ્યારે પોતાના ભવ્યપણાની ખાતરી થાય ત્યારે જ જીવ ડગલું ભરે. ભવ્યપણાનો નિર્ણય થયા વિના જીવ જે ડગલું ભરે તે આંધળે બહેરું કુટાયા જેવું થાય. તમે કબૂલ કરો છો કે કયા જીવમાં ભવ્યપણું રહેલું છે અને કયા જીવમાં અભવ્યપણું રહેલ છે; તે માત્ર કેવળી જાણે છે, બીજો નહિ.

### કેવળી શી રીતે થયા ?

ભવ્યાભવ્યપણું એ પારણામિક ભાવ છે. અજીવપણું, ભવ્યપણું, એ પણ પારિણામિકભાવ છે. જે જીવને જાણે છે. તે જ માણસ જીવના પારિણામિક ભાવ ભવ્યપણું, અભવ્યપણું વગેરે પણ જાણી શકે છે જેમ જે માણસ ઘડિયાળને જ જોઈ શકતો નથી, તે ઘડિયાળમાં કેટલા વાગેલા છે તે કહી શકતો નથી. તે જ પ્રમાણે જે જીવને ઓળખી શકેલો નથી, તે જીવના પારિણામિક ભાવને પણ જાણી શકે જ નહિ એ સ્પષ્ટ છે.

જીવ-શુદ્ધ સ્વરૂપવાળા જીવને કેવળજ્ઞાની સિવાય બીજો કોઈ જાણી શકે નહિ તો પછી જીવના સ્વભાવને પણ બીજો કોણ જાણી શકે? કેવળી તમારા જીવને જુએ, તેમાં રહેલું ભવ્યપણું જુએ અને તમોને કહે કે તમો ભવ્ય છો; તો તમારે જ્ઞાનાદિક

માટે ઉદ્યમ કરવો, નહિ તો નહિ; એટલે પરિણામ શું આવશે તેનો ખ્યાલ કરો. કેવળી તમો ભવ્ય જીવ છો એમ ન કહે, ત્યાં સુધી શું તમારે જ્ઞાનાદિક માટે ઉદ્યમ ન કરવો? તમારા જીવને ભવ્ય અભવ્ય જાણી શકનાર કેવળી, કેવળી શી રીતે થયા? તો કહેશો કે જ્ઞાન, ચારિત્ર, તપ, વિનય, વૈયાવચ્ચ બધામાં ઉદ્યમ કરવાથી! તો એ કેવળીઓએ ઉદ્યમ શા આધારે કર્યો?

## તમારૂં ભવ્યપણું તમે જાણી શકો છો.

તેને તેના જીવનું ભવ્ય અભવ્યપણું કોણે કહ્યું? માનો કે તેને કોઈ બીજા કેવળીએ કેવળ જ્ઞાનપૂર્વે "તું ભવ્ય છે" એમ કહ્યું હોય. તો એ બીજા કેવળીને "તું ભવ્ય છે" એમ કોણે કહ્યું? અને આ વિચારશ્રેણી આગળ લંબાવી જુઓ; પરિણામ એ આવે છે કે તીર્થંકરનું થવું, તીર્થની શરૂઆત એ સઘળું જ ઊડી જાય છે. કેવળીપણું ધર્મપ્રવૃત્તિએ કેવળી વગર સંભવે નહિ. કેવળીની પાછળ કોઈ કેવળી હાજર હોવો જ જોઈએ. આ વસ્તુમાં વિચ્છેદવાળું કેવળીપણું ન ચાલે. કેવળીનો કોઈ કાળે વિચ્છેદ ન માનવો અને માન્યો તો ધર્મ ઊડી ગયો. કેવળજ્ઞાનીની સતત સત્તા માનવી પડે અને તે ન હોય તો ધર્મનો છેડો છે. આત્માના ભવ્ય અભવ્યપણાના વિભાગ પાડયા, પણ છતાં આ ભવ્ય અને આ અભવ્ય એવો કેવળી સિવાય નિર્ણય મળે નહિ અને નિર્ણય મળે નહિ ત્યાં સુધી ધર્મપ્રવૃત્તિ કરવી એ આંધળે બહેરૂં કુટાવા જેવું નકામું છે, એટલે ખલાસ! સઘળી ધર્મ-પ્રવૃત્તિ અને મોક્ષમાર્ગ જ બંધ થઈ જાય! ત્યારે હવે માર્ગ શો? અહીં જ સમજવાનું છે. જૈનદર્શન કહે છે કે જીવમાં રહેલું ભવ્યા-ભવ્યાપણું કેવળી સિવાય નહિ જાણી શકાય એ વાત તદ્દન સાચી, પરંતુ પરજીવોનું ભવ્યાભવ્યપણું માત્ર કેવળી જ જાણી શકે છે, પોતપોતાના આત્મામાં ભવ્યપણું છે કે નહિ એ તો દરેક માણસ પોતે સમજી જ શકે છે.

## જે મોક્ષ ઈચ્છે છે તે ભવ્ય.

જેને મોક્ષની ઈચ્છા છે તે સઘળા જીવો ભવ્ય છે પણ એ

મોક્ષ તે કયો? એકલો તમોએ માની લીધેલો અમે તે મોક્ષ ઈચ્છવો જોઈએ તેમ નહિ, અનંત કલ્યાણરૂપ અને સંસારની ઉપાધિ વિનાનો જે મોક્ષ–તે મોક્ષ જે ઇચ્છે છે, તે પણ ભવ્ય જીવ છે.

બનાવટી સોનૈયો હોય તોપણ તેની માંગણી કોણ કરે? અર્થી! અર્થી એની માંગણી કરે, પણ એ બિચારાનું આગળ નસીબ નથી, કારણ કે તે જે સોનૈયો માંગે છે તે બનાવટી છે. તે જ પ્રમાણે સાચો મોક્ષ જૈન શાસનમાંજ હોય તો પણ અન્ય દર્શનમાં રહેલો ખોટો મોક્ષ તેને પણ ઇચ્છે કોણ? અર્થી! અન્ય મતની અપેક્ષામાં પણ મોક્ષ માનનારા ભવ્યપણે નિશ્ચિત થવામાં અડચણ નથી. માર્ગાનુસારી જીવો દરેક પોતપોતાના મતમાં જુદા જુદા રૂપમાં, મોક્ષમાં માનનારા હોય છે અને જુદી જુદી ક્રિયાઓ કરે છે. ઉપદેશ–રત્નાકરમાં ખુલ્લું કહ્યું છે કે ચાહે જૈન મતમાં હો, ચાહે અજૈન મતમાં હો પણ જેઓ મોક્ષની ઈચ્છાવાળા છે તેઓ સઘળા જ ભવ્ય જીવો છે.

## "ચરમ-પુદ્ગલપરાવર્તી એટલે શું?"

જે કોઈ પણ મતમાં રહેલો જીવ સંસારને અસાર માને અને મોક્ષ પરમ કલ્યાણકારક ચીજ છે, એમ માને–અલબત્ત એ મોક્ષ કેવો છે, તેનું સ્વરૂપ કેવું છે, તેની ચર્ચામાં ન ઉતરે–તો તે જીવ જરૂર ભવ્ય છે. આ સ્થિતિને અંગે શાસ્ત્રકારોએ ભવ્ય કરતા ચઢિયાતો ઈલ્કાબ યોજ્યો છે. આ પુદ્ગલપરાવર્ત સંસાર કહીએ છીએ આ જીવે અનંતા પુદ્ગલપરાવર્ત કર્યા છે, પણ જેને હવે એક જ–એક જ પુદ્ગલપરાવર્તમાં મોક્ષે જવાનું છે, તે 'ચરમ-પુદ્ગલપરાવર્તી" છે. જેને મોક્ષની ઈચ્છા થઈ તેને એક પુદ્ગલપરાવર્તથી વધારે સંસાર હોય નહિ, ક્રિયાવાદી શુકલપક્ષી છે. તેને પણ અર્ધ પુદ્ગલપરાવર્તથી વધારે સંસાર નહિ જ હોય. જેમ સમ્યક્ત્વવાળાને અર્ધપુદ્ગલપરાવર્ત સંસાર છે. તેમ શુકલપક્ષીને પણ અર્ધપુદ્ગલપરાવર્ત બાકી રહ્યો છે, તે શુકલપક્ષી છે. તો હવે પ્રશ્ન એ ઉભો થાય છે કે સમ્યક્ત્વવાળો અને શુકલપક્ષી એ બેમાં ફેર શો? સમ્યક્ત્વવાળાને

કાંઈક ન્યૂન અર્ધપુદ્ગલપરાવર્ત સંસાર છે અને શુક્લપક્ષીને પણ તેમજ છે. પણ તે છતાં એ બેની વચ્ચે મોટો ફરક છે. સમ્યકત્વવાળાને જે અર્ધપુદ્ગલપરાવર્ત સંસાર કહ્યો તે હજારમાં લાખમાં અસંખ્યાત જીવોમાં એક બે જીવોને માટે છે! અર્ધપુદ્ગલ પરાવર્ત સંસાર કયા સમકિતીને હોય ?

જગતમાં તમો મોટામાં મોટી આશાતના કલ્પો અસંભવિત હોય તેવી પણ આશાતના તમારી કલ્પનામાં ખડી કરો. તેવી આશાતના ધ્યાનમાં આવે તેટલીવાર કલ્પો. તો આશાતના ભોગવતો ભોગવતો સમ્યકત્વધારી અર્ધપુદ્ગલ પરાવર્તથી વધારે કાળ સંસારમાં રખડે નહિ.

## પતિત અને પ્રત્યનિક

સમ્યકત્વને અંગે કહેલો અર્ધપુદ્ગલપરાવર્ત એ છેલ્લામાં છેલ્લી કોટી છે, જ્યારે શુકલપક્ષને અંગે કહેલો કાળ એ પહેલામાં પહેલી કોટી છે. ગમે તે જીવ પછી ચાહે તો તે એકેંદ્રિયમાં હોય, નિગોદમાં પડયો હોય કે શ્રી મરૂદેવો સરખા અનાદિ નિગોદ સ્થાનમાંથી નીકળી સીધા મોક્ષે જવાવાળા હોય, તો એ પણ તેમનો મોક્ષે જવા પહેલાનો અર્ધપુદ્ગલપરાવર્ત કાળ લઈએ ત્યારથી શુકલપક્ષ શરૂ થઈ ગયો. આવું જ્ઞાનીની દૃષ્ટિએ નક્કી થાય તો તે કાળ શુકલપક્ષ છે. અર્ધપુદ્ગલપરાવર્ત બાકી હોય ત્યારથી શુકલપક્ષ શરૂ થાય. હવે એક બીજું કારણ સમજો; સમ્યકત્વવાળાને અર્ધ-પુદ્ગલપરાવર્ત સુધી રખડવાનું કોઈકને જ થાય. તેનું કારણ ધ્યાનમાં લો. સમ્યકત્વની જઘન્ય આરાધના આઠ ભવમાં મોક્ષ આપનારી હોય. ઉત્કૃષ્ટ આરાધના તદ્ભવમાં મોક્ષ આપનારી હોય અને મધ્યમ આરાધના પાંચ ભવમાં મોક્ષ આપનારી હોય. તો પછી અર્ધ-પુદ્ગલપરાવર્ત કાળ કયાંથી ભરવો–કયાંથી પુરો કરવો ? આપણે આઠ ભવ કલ્પો. તો પણ ૩૩ ના ૮ (૩૩×૮=૨૬૪) ૨૬૪ સાગરોપમ જેટલો કાળ થયો, જ્યારે અર્ધપુદ્ગલપરાવર્ત કાળમાં તો અનંતી ઉત્સર્પિણી અને અવસર્પિણી, એક ઉત્સર્પિણી અવસર્પિણી

કાળમાં તો ૨૦ કોડાકોડ સાગરોપમ; એવી અનંત અવસર્પિણી ઉત્સર્પિણી કાળ! એ કાળ લાવવો ક્યાંથી? જઘન્ય આરાધના પછી પતિત થાય તે ઠીક, પણ પ્રત્યનિક થાય તો? હવે પતિત પ્રત્યનિકના અર્થ સમજો: એ ભાગીયાઓ હોય તે જુદા પડી ફાગરતી કરે તે પતિત. પણ જટિયા ઉખેડ લડે તે પ્રત્યનિક. જે પતિત થાય તે ભાગીદાર સાથે ભાગીદારી માનતો બંધ થાય પ્રત્યનિક થાય તે ભાગીદારીથી છુટો થઈ તેને તોડવા મથે. તોડવા ન ફરતો હોય તો આઠ ભવમાં મોક્ષ યા તો સમ્યકત્વ પામ્યા પછી તોડવા ફરે, મૂળ ઉત્પાદકની જીંદગી ઉપર હલ્લો કરવા તૈયાર થાય, બની શકે તેટલા હલ્લા કરે; આવું કરનારો અર્ધપુદ્ગલપરાવર્તથી વધારે સંસારમાં ફરે નહિ. કેટલાકના મુદ્દા પ્રમાણે છેલ્લા પુદ્ગલપરાવર્તવાળાને શુકલપાક્ષિક કહે છે. મોક્ષનો વિચાર થવો એટલે એક પુદ્ગલપરાવર્તથી વધારે સંસાર રખડવાનો નથી. જે માટે શ્રી હરિભદ્રસૂરીશ્વરજીએ ઉપદેશપદમાં જણાવ્યું છે કે:-

" मुक्खासओ विनन्नत्थ "

જૈનશાસન એવી જાતનું કલ્પવૃક્ષ છે કે મનમાં પૂરેલાં મોતીના ચોક સાચા કરવાની તેનામાં તાકાત છે. દુનિયાના વ્યવહારમાં મનથી મોતીના ચોક પૂરવાથી કંઈ ન વળે, અહીં મનમાં મોતીના ચોક પૂરો તે સાચા કરી દેવાની પૂરી તૈયારી છે. તમારો વિચાર થાય એટલે તમોને મોક્ષ દેવા તમારી સાથે આ શાસન બંધાય છે. હવે સાચા મોતીના ચોક મળી જાય, તો મનમાં મોતીના ચોક પૂરવામાં અડચણ શી? મનમાં મોતીના ચોક પૂરો તે પણ સાચા કરી આપવાની આ શાસનની પ્રતિજ્ઞા છે. પણ વાંધો ત્યાં છે કે હજી આ મન મોક્ષની માન્યતારૂપ મોતીના ચોક મનમાં પૂરતું નથી.

**આઠ ભવમાં જ મોક્ષ**

**પ્રશ્ન** :-આ જીવે અનંતી વખતે ચારિત્ર લીધા તે વખતે મોક્ષ માનેલો કે નહિ?

**ઉત્તરઃ**—મોક્ષની ધારણાએ ચારિત્ર લીધું જ નથી. શાસ્ત્રકારોએ કહ્યું કે અનંતી વખતે લેવાએલું ચારિત્ર તે દ્રવ્યચારિત્ર છે. ભાવચારિત્ર અનંતી વખતે આવવાનું શાસ્ત્રકારોએ કહ્યું જ નથી. ચારિત્રમાં વધારેમાં વધારે આઠ ભવ. ભાવચારિત્ર હોય તો તે આઠ ભવમાં તો મોક્ષ મેળવી જ દેવાનું. અનંતચારિત્ર થયા તે સઘળા દ્રવ્યચારિત્ર. તે ચારિત્ર દેવલોક મેળવવા માટે. માનપૂજા માટે, સત્કાર માટે, જે ચારિત્ર લેવાય છે; તે દ્રવ્યચારિત્ર છે. આવા અનંતાચારિત્ર મોક્ષ આપી શકે નહિ. જે ખીડમાં–જે ખેતરમાં દાણો વાવ્યો નથી, તે ખીડમાં સોએ વરસ ઘાસ જ થાય, ધાન્ય નહિ જ ઊગે. કારણ કે ધાન્યનો દાણો વાવ્યો નથી. તેમ અનંત ચારિત્ર કર્યા, વરસાદ આવ્યો, પણ બીજ–મોક્ષરૂપી બીજ ન વાવ્યું એટલે ધાન્ય નહિ ઉગ્યું. જે ચારિત્રમાં દેવલોકના, મનુષ્યલોકના સુખની ઈચ્છા નથી તેવું કેવળ કલ્યાણની ભાવનાવાળું એક જ ચારિત્ર બસ છે. કલ્યાણની ભાવના રહી હોય તો એ સંસાર નિર્વેદ થયો. ચારિત્ર બગડયું તે દેવલોકાદિકની ઈચ્છાએ. અનંતા ચારિત્રો જે બગડયા, તે દેવલોકાદિના સુખોને બગાડયા. કર્મક્ષય કે ફક્ત આત્મકલ્યાણની ભાવનાવાળું ચારિત્ર કંઈપણ બગાડતું નથી. એવા ચારિત્ર અનંતી વખત થઈ શકતા નથી. માર્ગાનુસારીપણું દરેક મતમાં માનીએ છીએ. માર્ગાનુસારીપણું તે તેમના મતના મોક્ષને અનુસરીને હોય. જુઠી મહોરની ઈચ્છા પણ મહોરના અર્થીને થાય. મોક્ષની ઈચ્છાએ ચારિત્ર થએલા જ નથી. જો મોક્ષની ઈચ્છા થાય તો તે દ્રવ્ય ચારિત્ર કહેવાય જ નહિ. સતીને નામે સ્ત્રીઓ બળી મરતી હતી, પણ તે શાને અંગે? મારા કુટુંબમાં હું સતી ગણાઈશ એ લોભથી, પછી તેનું જીવન ગમે તેવું હોય. તો પછી માનપૂજાને માટે ધર્મની ક્રિયાઓ તીવ્ર હોય તેમાં અસંભવીત શું છે? જે શાસ્ત્રકારો અનંતા ચારિત્ર કહે છે. તે જ શાસ્ત્રકારો જણાવે છે કે એ ચારિત્રો દેવલોકાદિકની ઈચ્છાએ ચારિત્ર લેવાય તે ચારિત્ર છે.

**ચારિત્રના ભેદ.**

અભવ્ય આત્માઓએ અનંતાચારિત્રો લીધા છે, તેને પણ

દ્રવ્ય-ચારિત્ર્ય કહે છે. આવા ચારિત્રવાળાના મનમાં સંસારથી જુદા સ્વભાવવાળો મોક્ષ છે, તે મને મળો એવી ઈચ્છા હોય જ નહિ. પાંચ પાંચ વરસના ગાળામાં રમતા છોકરા મારી આબરૂ વધે કે ઘટે એ જોતા નથી; તેજ પ્રમાણે અભવ્યોને સંસારથી જુદા રૂપનો મોક્ષ મને મળો એવી ઈચ્છા થતી નથી. ભાવચારિત્ર લીધા પછી વિરાધનામાં આવી જાય તો અથવા પ્રત્યનીકપણામાં જાય તો રસ્તો નથી. પ્રત્યનીકપણું થયું, તો ફરી ચારિત્ર મળવું મુશ્કેલ છે. મરિચીએ પહેલવહેલું ચારિત્ર લીધું તે આત્મકલ્યાણની ઈચ્છાએ. ચક્રવર્તીએ રાજગાદી છોડી દીધી અને સાધુપણું લીધું. પણ જે વખતે પ્રત્યનિક થયા તે વખતે શું ? પ્રત્યનિક થયા તે વખતે ભાવ ચારિત્રનું બીજ નાશ પામે છે.

## મનમાં મોતીના ચોક પૂરો તે પણ સાચા થાય છે.

હવે મૂળ વાતમાં આવો. જૈન શાસનરૂપી કલ્પવૃક્ષ તમારા મનમાં મોતીના ચોક પૂરો તેને સાચા કરી દે છે. પણ આ કલ્પવૃક્ષ તો એવું છે કે સાચા મોતી માંગો તો સાચા મોતી પણ આપે અને ખાસડા માંગો તો ખાસડા પણ આપે. ઉત્તમ ફળ કલ્પો તો ઉત્તમ ફળ પણ આપે, અધમ ફળ કલ્પો તો અધમ ફળ પણ આપે, ઉપાધિથી જુદો મોક્ષ નામનો પદાર્થ તમે માની લો તો સાચો મોક્ષ તમને મેળવી દેવો એ આ શાસનની ફરજ થઈ પડી છે. જેમ હૂંડીની જુદી જુદી મુદત હોય છે, તેમ મોક્ષની પણ જુદી જુદી મુદત છે. તમે તત્વની પ્રતીતિ કરી મોક્ષની ઈચ્છા રાખો તો અર્ધ-પુદ્ગલપરાવર્તમાં મોક્ષ. તમારા નિર્વાહને ચલાવી શકે, તે સિવાય બિન જરૂરી પાપો છે તે બધાંને વોસરાવો તો આઠ ભવની મુદત. એવા રૂપમાં આવો કે ભલે મારૂં જીવન અને મારા જીવનના સાધનો રહેવાના હોય તો રહે અને જવાનાં હોય તો જાય, પણ મારે તો મોક્ષ, મોક્ષ અને મોક્ષ જોઈએ જ, અને તેને અંગે પ્રવૃત્તિ કરવી જ જોઈએ. તે દૃષ્ટિએ સઘળા પાપોની પ્રવૃત્તિ બંધ

કરો : હિંસાદિક પાંચ હથિયારો ઉપર જોર રાખીને કર્મ રાજા રાજ્ય કરી રહ્યો છે, આ પાંચ હથિયારો બુઠ્ઠા કરે, તેને ત્રણ ચોકડી ઊડી ગઈ. એક ચોકડી બાકી રહી! તે એકાવતારી ગણાય, જો મનને પણ આંચકો ન આવવા દો, બીજા કશામાં (શબ્દાદિકમાં) મન ન જાય, એક જ પરિણતિમાં આવી જાય, કદાચ મોક્ષમાં ન રહે, પણ બીજા કશામાં મન ન જાય; તો તે જ ભવે મોક્ષ! મોક્ષની આવી તરત મુદતની હૂંડી નક્કી કરો, કે પછી વધારેમાં વધારે લાંબી મુદતની હૂંડી નક્કી કરો; તે તમારા પોતાના હાથમાં છે. માત્ર ઈચ્છા કરો તો એક પુદ્ગલપરાવર્તમાં જ મોક્ષ. એ લાંબામાં લાંબી મોક્ષ સંબંધી હૂંડી છે.

## મોક્ષની શંકા પણ મોક્ષ આપે છે.

હજી એથી આગળ વધો, શાસ્ત્રકારો તો એમ કહે છે કે મને મોક્ષ મળશે કે નહિ મળે? એવી શંકા કરે તો પણ આ શાસન તમોને મોક્ષ આપવા બંધાય છે, પણ તે મોક્ષ ક્યારે મળે એ નક્કી નહિ. શંકા કોને થાય? ચાંદીને જાણતો નથી, ચાંદી છે એમ માનતો નની, ચાંદી સારી ચીજ છે એમ માનતો નથી તેને એવી શંકા થાય કે આ તે ચાંદી છે કે છીપોલી છે? વસ્તુની સિદ્ધિ તો માનવી જ પડશે. "મોક્ષ" એ સત્ય છે અને એ જ કલ્યાણપ્રદ છે, એમ માનવું તો પડશે જ. પછી તેવું માન્યા પછી એ મોક્ષ મને મળશે કે નહિ મળે એવી જે શંકા કરે છે તેને આ શાસન મોક્ષ મેળવી આપવાની પ્રતિજ્ઞા કરે છે.

પણ આવી શંકાઓ કોને હોય? અભવ્ય જીવોને કે ભવ્ય જીવોને? હું મોક્ષ લાયક હોઈશ કે નહિ, એ શંકા અભવ્યને હોતી નથી. પ્રાપ્તિની શંકા કોને થાય? પદાર્થને જાણે, જાણ્યા પછી માને. માન્યા પછી ઇષ્ટ ગણે, ઈષ્ટ ગણ્યા પછી એ પદાર્થ ન મળે તો ઠીક નહિ, મળે તો જ ઠીક એવી ધારણા થાય. એ ધારણામાં આ સંજોગો ન મળવાના છે, મળવાના સંજોગો તો આવા હોય એમ જુએ; પોતાના ન મળવાના સંજોગો ઉપર મુખ્ય મદાર ન બાંધે,

મળવાના સંજોગો ઉપર નજર જાય, ત્યારે જ શંકા થાય કે મને મોક્ષ મળશે કે નહિ? આ શંકાના સ્થાનવાળાને શાસ્ત્રકારો મોક્ષે જવાને લાયક ભવ્ય જીવ ગણે છે.

કેવળી હોય તે ભવ્ય-અભવ્યપણું જાણે છે તેથી તે જીવનું ભવ્યપણું જણાવે તો જ મોક્ષ માટે પ્રવૃત્તિ કરવી અને તે પહેલાંની પ્રવૃત્તિ નિષ્ફળ છે એ શંકા આ રીતે ઊડી જાય છે. પરજીવમાં રહેલું ભવ્યાભવ્યપણું તો સાક્ષાત્ કેવળી જાણીને કહી શકે છે, બીજો તે જાણી શકે નહિ; પણ પોતાનો જીવ ભવ્ય છે કે નહિ તે વાત મોક્ષની ઈચ્છા દ્વારાએ જીવ પોતે નક્કી કરી શકે છે; અને એ માર્ગે પ્રવૃત્તિ કરી શકે છે, બીજાની અંદર પણ રહેલું ભવ્યપણું તીર્થંકરના કુળમાં ઉત્પત્તિ, શત્રુંજય તીર્થે જવું ઈત્યાદિક કારણોથી નિશ્ચિત થઈ શકે છે, પણ તેની અહીં વિશેષ ઉપયોગિતા નથી, ઉપયોગિતા તો માત્ર પોતાને મોક્ષની ઈચ્છા થવાથી પોતાનું ભવ્યપણું નિશ્ચિત કરે અને તેથી જ નિઃશંકપણે મોક્ષ સાધવા માટે મોક્ષના કારણોમાં યથાસ્થિત પ્રવૃત્તિ કરે તેની જ છે, સર્વમંગલ.

## ગુરુમૂર્તિ કે તેની પૂજા અંગે ધ્યાનમાં રાખવા જેવું

"કોઈપણ પ્રાચીન અને પ્રામાણિક ગ્રંથમાં આચાર્ય ભગવંતોનું સ્વતંત્રપણે સ્નાત્રાદિ, મુકુટાદિ, પ્રતિહાર્યો એ પૂજન કરવાનું વિધાન કે પ્રવૃત્તિ જણાવનારા કોઈપણ અક્ષરો હોય એમ જાહેર થયું નથી."

## દિગંબર મતનો પ્રવર્તન કાળ

## ૩

[ પૂ. આગમધર બહુશ્રુત સૂરિશેખર ધ્યાનસ્થ સ્વર્ગત આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ વિ. સં. ૧૯૯૦ રાજનગર મુનિ સંમેલનના જૈનશાસન પર આવતા વિરોધીઓના આક્રમણોને ખાળવા પાંચ આચાર્યોની સંમતિથી પ્રકટ થતા "શ્રી જૈનશાસન પ્રકાશ," (વર્ષ ૧, અંક ૪ થા)માં "**દિગંબરોની ઉત્પત્તિ**" નામથી લેખમાળા શરૂ કરેલ. તે ઘટિત ફેરફાર સાથે **આગમ જ્યોત**માં તે લેખમાળા સુરક્ષિત બને અને જિજ્ઞાસુઓને નવીન તત્ત્વાવબોધ થાય તે હેતુથી પુનર્મુદ્રિત કરાય છે.

ગહન બાબતો આ લેખમાળામાં છે. જ્ઞાનીના ચરણોમાં બેસી રહસ્ય સમજવા પ્રયત્ન કરવો. સં. ]

## દિગમ્બરોની ઉત્પત્તિ

### દિગંબરોની ઉત્પત્તિની સાલનો સ્ફોટ

લે. આચાર્ય મહારાજ શ્રીમત્ સાગરાનંદ સૂરિજી મહારાજ.

ત્રિલોકનાથ તીર્થંકર **ભગવાન મહાવીર મહારાજ**ના શાસનમાં **મહાવીર** ભગવાનના નિર્વાણ પછી છસેં નવ વર્ષે દિગમ્બરો શાસનના બારેં પ્રકારના સંભોગથી દૂર થયેલા છે.

જો કે દિગંબરોના '**દર્શનસાર**'ની અંદર તેના કર્ત્તા **દેવસેન વિક્રમ સંવત ૧૩૬માં** શ્વેતાંબરોનો મત ઉત્પન્ન થયો અને તે **વલ્લભીપુરમાં** ઉત્પન્ન થયો એમ જણાવે છે.

તો તે '**દર્શનસાર**'ની અપેક્ષાએ વિક્રમ સંવતની શરૂઆત વીર મહારાજાના નિર્વાણ પછી ૪૭૦ વર્ષ ગયા પછી થએલી હોવાથી

૪૭૦ + ૧૩૬ અર્થાત્ વિક્રમનું વીર મહારાજ વચ્ચેનું આંતરૂં અને દેવસેને કહેલા વર્ષની સંખ્યા બંને એકઠા કરવાથી ૬૦૬ વર્ષ થાય છે,

એટલે દિગંબર અને શ્વેતાંબરના જુદા પડવાપણામાં વર્ષની સંખ્યા લગભગ મળતીજ આવે છે, પણ બારીક દૃષ્ટિથી અવલોકન કરનારો જોઈ શકશે કે જો શ્વેતાંબરોએ દિગંબરોની ઉત્પત્તિ કલ્પિત રીતે કહી હોત તો તેઓ દિગંબરના કલ્પેલા ૬૦૬ વર્ષ કરતાં ઘણીજ પહેલાંની કે ઘણીજ પાછળની વર્ષ સંખ્યા બતાવત, પણ શ્વેતાંબરોએ દિગંબરોની ઉત્પત્તિ કલ્પિત રીતિએ નથી કહેલી, પણ વાસ્તવિક રીતે ૬૦૯ વીર વર્ષની જે સંખ્યા હતી તેજ જણાવેલી છે, અને તે ૬૦૯ ને દેખીને જ દિગંબરોએ વીર મહારાજના વર્ષની સંખ્યા પણ ન લીધી અને શ્વેતાંબરોએ કહેલી ભિન્નતા કરતાં ત્રણ વર્ષ પહેલાં ભિન્નતા જાહેર કરી.

બીજું એ પણ વિચારવાનું છે કે વીરશાસનમાં પડેલો ભેદ જણાવતાં વીરશાસનનો જ સંવત જણાવવો જોઈએ, છતાં તે વીર શાસનનો સંવત ન જણાવતાં વિક્રમ સંવતની સંખ્યા જે જણાવવામાં આવી તેજ જણાવે છે કે-તે દિગંબરોએ માત્ર વિક્રમની સંવત સંખ્યાને માનનારા લોકોના મગજને ભરમાવવા માટેજ તે વિક્રમની સંખ્યા મેલેલી છે.

વળી જૈનશાસનના ઇતિહાસને જાણનારાઓથી એ વાત અજાણી નથી કે **વીર મહારાજની સાતમી સદીમાં વીર મહારાજના શાસનનું કેન્દ્ર ઉજ્જૈની અને પાટલિપુત્રની વચ્ચે હતું.**

## દિગંબરોની ઉત્પતિનું સ્થાન

તેથી વીર મહારાજના ૬૦૯ વર્ષે દિગંબરોની જે ઉત્પત્તિ શ્વેતાંબરોએ તે મધ્ય-હિંદુસ્તાનમાં જણાવેલી છે તે વ્યાજબી ઠરી શકે.

ધ્યાન રાખવાની જરૂર છે કે **જૈનધર્મનું કેન્દ્ર કાઠિયાવાડમાં નવમી અને દશમી સદીમાં મલ્લવાદીજી પછી થએલું** છે.

## વલ્લભીપુરમાં શ્વેતાંબરોની ઉત્પતિ કહેવી તે અસત્ય કેમ ?

ઇતિહાસ સાફ સાફ જણાવે છે કે મલ્લવાદીજીના બાલ્યકાળમાં વલ્લભીપુર કે જે કાઠિયાવાડનું મુખ્ય સ્થાન હતું તેમાં કેવળ બૌદ્ધોનો પ્રચાર હતો.

મલ્લવાદીજીની માતા કેવળ મહારાજાની બહેન હોવાને લીધે જ જૈનધર્મને પાળી શકતી હતી અને તે માતાને એકલી જૈન ધર્મની ક્રિયા કરતી દેખીને જ મલ્લવાદીજીને સમગ્ર લોકોની ધર્મક્રિયાથી ભિન્ન ધર્મક્રિયા લાગતાં જ ધર્મક્રિયા સંબંધી પ્રશ્ન કરવાની જરૂર પડી, કે તું આ સર્વ લોકો કરતાં ભિન્ન ધર્મક્રિયા કેમ પાળે છે ? આ ઉપરથી મલ્લવાદીજીએ બૌદ્ધોને કાઠિયાવાડમાંથી કાઢવાની પ્રતિજ્ઞા કરી અને તે મહાપુરૂષ તે પ્રતિજ્ઞા પાળવામાં ફતેહમંદ થયા, અને તેથી બૌદ્ધોને કાઠિયાવાડ છોડી દેવું પડયું અને ત્યારપછી **સાતમા આઠમા શતકથી કાઠિયાવાડમાં જૈનધર્મની જાહોજલાલી ચાલવા માંડી.**

વળી એ પણ વાત ઇતિહાસ જણાવે છે કે **વજ્રસ્વામીજી મહારાજ** કે જેઓ વીર મહારાજની છઠ્ઠી શતાબ્દિમાં કાળ પામી ગયા તેઓ અને **આર્યરક્ષિતસૂરિજી** કે જેઓ અપૃથક્ત્વ–અનુયોગના પ્રવર્તક છે, અને ત્યાંજ ઘણું વિચરેલા છે, અને ભગવાન **વજ્રસ્વામીની** વખતે કાઠિયાવાડમાં લોકોનું આલંબન તો શું પણ સામાન્ય દેવતાઈ પ્રવાહ પણ જૈનોને માટે એટલો બધો પ્રતિકૂળ હશે કે જેથી **શાશ્વતગિરિ** તરીકે મનાએલા **શ્રીસિદ્ધાચલજી** કે જે **વલ્લભીપુર** એટલે **વળાની** ઘણી નજીકમાં છે, તેની ઉપર પ્રતિમાજી પધરાવવામાં પણ દેવતાઈ ઉપદ્રવનો પાર રહ્યો ન હતો.

વળી **વલ્લભીપુરની** જાહોજલાલીનો ઇતિહાસ વીર મહારાજની સાતમી સદી કરતાં ઘણો જ પાછળથી શરૂ થાય છે, આ વાત **વલ્લભીપુરના** સિક્કા વિગેરેથી શોધખોળ કરનારાઓએ સ્પષ્ટપણે જાહેર રીતે જણાવી દીધેલી છે.

માટે ભગવાન **મહાવીર મહારાજની** સાતમી સદીમાં

**વલ્લભીપુરમાં** શ્વેતાંબરોની ઉત્પત્તિ થઈ એ કથા વ્યાજબી ઠરી શકે તેમ નથી, પણ દિગંબરોની જે ઉત્પત્તિ **હિંદુસ્તાનના મધ્ય ભાગમાં** આવેલા **રથવીરપુર** નગરથી કહે છે તે દેશમાં તે વખતે જૈન ધર્મનું કેન્દ્ર હોવાથી ઠરી શકે છે.

## દિગંબરોએ શ્વેતાંબરમત પ્રવર્ત્તકનું નામ કેમ નથી જણાવ્યું ?

વળી શ્વેતાંબરો સાતમી સદીમાં **મધ્યહિંદુસ્તાનના રથવીરપુર** શહેરથી થએલી ઉત્પત્તિ જે જણાવે છે તે જેમ ઇતિહાસની અપેક્ષાએ ક્ષેત્રસંગત છે.

તેવી જ રીતે શ્વેતાંબરો દિગંબરોના આદ્યપ્રવર્તક પુરૂષનું નામ શિવભૂતિ અને તેના શૌર્યની અપેક્ષાએ સહસ્રમલ્લ કે જેઓ કૌડિન્ય (કુન્દકુન્દ)ના ગુરૂ હતા, તેમનાથી જાહેર રીતે જણાવે છે. જ્યારે **દેવસેન** પોતાના કરેલા **'દર્શનસાર'** શાસ્ત્રમાં **વલ્લભીપુરમાં શ્વેતાંબરોની** ઉત્પત્તિ **વિક્રમ સં. ૧૩૬** (વીર સંવત ૬૦૬)માં જણાવતાં કોઈ પણ આચાર્યનો કે જે શ્વેતાંબરમતને ઉત્પન્ન કરનારા હોય તેના નામનો ઉલ્લેખ કરતા નથી.

## દિગંબરોને શ્વેતાંબરોની કલ્પિત ઉત્પત્તિ કેમ કહેવી પડી !

હવે વિચાર કરવાની જરૂર છે કે-જેને શ્વેતાંબરોની ઉત્પત્તિનું સ્થાન અને સંવત માલમ પડે અને તેનો ઉલ્લેખ કરવાનો વખત આવ્યો ત્યારે તે મતના ઉત્પાદકનું નામ ન જાણે અને તેનો ઉલ્લેખ ન કરી શકે તેવા મનુષ્યને બીજાનું અનુકરણ કરીને કપોલ કલ્પિત કથન કરનારો કહેવો પડે કે નહિ ?

## દિગંબરોની પરંપરા ચલાવનાર

વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે-શ્વેતાંબરોએ એકલા દિગંબરમતના પ્રવર્તાવનારના નામનોજ ઉલ્લેખ કર્યો છે એમ નહિ, પણ તેમના આદ્ય બે શિષ્યોના નામનો પણ સ્પષ્ટપણે ઉલ્લેખ કર્યો છે;

એટલે કૌડિન્ય (કુન્દકુન્દ) અને કોટ્ટવીર દિગંબરોની પરંપરાને પ્રવર્તાવનારા છે, એમ ચોકખું જણાવ્યું છે, જ્યારે દિગંબરોએ શ્વેતાંબરમતને ઉત્પન્ન કરનાર આચાર્યનું નામ લખ્યું નથી, તેમજ તેની પરંપરા કયાંથી શરૂ થઈ, એ પરંપરા શરૂ કરનારનું નામનિશાન પણ આપ્યું નથી.

## કલ્પનાથી શ્વેતાંબરોને નવા કેમ કહેવા પડયા ?

આ ઉપરથી બારીક દૃષ્ટિએ જોનારને સહેજે માલમ પડશે કે સાતમી સદી પછી જ્યારે કાઠિયાવાડમાં જૈનોનું કેન્દ્ર થયું અને દિગંબરોનો પ્રચાર દક્ષિણ તરફ કે જ્યાં માત્ર **સંપ્રતિ મહારાજ**ની વખતે ધર્મનો પ્રચાર હતો, ત્યાં એક ભાગમાં જવાનું થયા પછી જ્યારે શ્વેતાંબરો તરફથી તેમના મતને જૈનશાસનથી બહાર હોવાનો પોકાર જાહેર થયો, ત્યારે જ તે દિગંબરોને તે સત્ય પોકારના પ્રત્યાઘાત તરીકે **વિક્રમની** બીજી સદીમાં **કાઠિયાવાડના વલ્લભીપુરમાં** શ્વેતાંબરોની ઉત્પત્તિ કહેવી પડી, પણ તેઓ ઘણે દૂર કાળે અને દૂર ક્ષેત્રે રહીને કલ્પિત રીતે શ્વેતાંબરની ઉત્પત્તિ કહેવાવાળા હોવાથી શ્વેતાંબર મતને ઉત્પન્ન કરનાર આચાર્યનું નામ કહી કે લખી શકયા નહિ.

## ઉપધિ-ઉપકરણનો નિષેધ કરનાર કુંદકુંદ

વળી એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે—

વર્તમાન કાળમાં વર્તતા દિગંબર સાહિત્યમાં સાધુને ઉપધિ નહિ રાખવાનો મૂળથી ઉપદેશ શરૂ થતો હોય તો તે **કુંદકુંદાચાર્ય**ના '**દર્શનપ્રાભૃત**' વિગેરે ગ્રંથોની પછીનોજ છે, અર્થાત્ કહેવું જોઇએ કે **કુંદકુંદાચાર્ય** કે જે **શિવભૂતિના** મુખ્ય અને **પ્રથમ શિષ્ય** હતા, તેમણેજ સંયમસાધન ઉપાધિનું ખંડન કરવાની શરૂઆત કરી, અને ત્યાંથી તે દિગંબરમતની જડ પેઠી.

## દિગંબરોએ જણાવેલ કારણની કલ્પિતતા

વળી દિગંબરો શ્વેતાંબરોની ઉત્પત્તિ માટે જે કારણ જણાવે છે તે કેવળ કલ્પિત અને બાળકોને પણ હસવા જેવું લાગે છે.

દિગંબરો જણાવે છે કે '**વિક્રમની ૧૩૬** એટલે વીર **મહારાજની ૬૦૬ ની સાલમાં વલ્લભીપુર** અર્થાત્ કાઠિયા-**વાડમાં** દુષ્કાળ પડયો, એટલે શ્વેતાંબરોથી નગ્નપણે ન રહેવાયું અને તે કારણથી શ્વેતાંબરોએ વસ્ત્ર ધારણ કર્યાં"

આ સ્થળે સામાન્ય મનુષ્ય પણ વિચાર કરી શકે તેમ છે કે—દુષ્કાળનું ભયંકરપણું હોય ત્યાં વસ્ત્રવાળાને વસ્ત્ર છોડીને નાગા થવાનો વખત આવે કે વસ્ત્ર ન ધારણ કરતા હોય તે વસ્ત્ર ધારણ કરતા થાય ?

બાળકો પણ સમજી શકે તેમ છે કે—અનાજ પ્રાપ્તિની દુર્લભતાને વખતે ભૂખે મરતા મનુષ્યો વસ્ત્ર ધારણ કરતા હોય તો પણ વસ્ત્ર વગરના થાય, પણ દુષ્કાળને લીધે વસ્ત્રોનું ધારણ કરવાનું કહેવું, એ તો કોઈ પણ અક્કલવાળાથી બની શકે નહિ.

मूलं नास्ति कुतः शाखा ?

વળી **વિક્રમ સંવત ૧૩૬ માં** એટલે કે **વીર સંવત** ૬૦૬ માં **કાઠિયાવાડમાં** એવો ભયંકર દુષ્કાળ પડયો હતો કે જેમાં નાગાઓને નાગા છતાં વસ્ત્ર ધારણ કરવાં પડયાં એવો કોઈ પણ ઇતિહાસ પુરાવો આપતો નથી.

અર્થાત્ આ બધા ઉપરથી દિગંબરોએ શ્વેતાંબરને માટે કહેલી ઉત્પત્તિ સર્વથા ઘડી કાઢેલી કલ્પિત છે એમ તેમણે જણાવેલા દુષ્કાળના કારણથી પણ સ્પષ્ટ થાય છે.

## દિગંબરની શાસન બાહ્યતા જણાવનાર શ્વેતાંબર શાસ્ત્રોનો સમૂહ અને તેની એકવાક્યતા

શ્વેતાંબરોએ દિગંબરોની જે ઉત્પત્તિનું કારણ જણાવ્યું છે, તે શ્વેતાંબરોએ જણાવેલા કાળ અને ક્ષેત્રની સત્યતાની માફક ખરેખર સત્ય ઠરી શકે છે, શ્વેતાંબરો પોતાના સર્વ શાસ્ત્રોમાં જ્યાં જ્યાં દિગંબરની ઉત્પત્તિ જણાવે છે ત્યાં ત્યાં એક સરખો ક્ષેત્ર, કાલ અને કારણનો સદ્ભાવ જણાવે છે.

દિગંબરોના **દેવસેનના** રચેલા '**દર્શનસાર**' સિવાયના કોઈ પણ શાસ્ત્રમાં **વિક્રમ સંવત ૧૩૬** માં દુષ્કાળ પડવાથી **વલ્લભીપુરમાં શ્વેતાંબરમત** ઉત્પન્ન થયો તેવો લેખ નથી, અને '**દર્શનસાર**'ના કર્તા **દેવસેન** સાતમી સદીમાં તો શું પણ **વીર મહારાજની** બારમી-તેરમી સદીથી પણ પછી થએલા છે, એટલે કહેવું જોઈએ કે શ્વેતાંબરના પોકારથી બળેલા **દેવસેનને** તે ખોટી ઉત્પત્તિ લખવાની ફરજ પડી.

શ્વેતાંબરોમાં **આવશ્યક નિર્યુક્તિ, ઉત્તરાધ્યયન નિર્યુક્તિ, વિશેષાવશ્યકભાષ્ય** અને તેની **ચૂર્ણિઓ, વૃત્તિઓ** વિગેરે કોટી સ્થાનોમાં દિગંબરોની ઉત્પત્તિ આપવામાં આવી છે, અને તે સર્વ સ્થાને ક્ષેત્ર, કાળ અને કારણો એક સરખાં આપવામાં આવેલાં છે, અને તે ગ્રન્થો **દેવસેન** કરતાં પણ ઘણા ઘણા પહેલાંના રચાયેલા તથા પુસ્તકારૂઢ થએલા છે, અને દેવસેનની અપેક્ષાએ જો પોતે નવી કલ્પના કરી હોય, પહેલાંના કોઈએ તે કલ્પના ન કરી હોય, તો તો એમ કહેવું જોઈએ કે બારમી-તેરમી સદી પછી અત્યંત અકળાઈને **દેવસેને** ગપ ચલાવી કે જે ગપ ઉપર જણાવેલા શ્વેતાંબરોના શાસ્ત્રોની રચના કરતાં ઘણી પાછળની ગણાય.

## દિગંબર મતને ઉત્પન્ન થવાનું કહેનારા મધ્યસ્થ તે સત્ય કેમ ?

શ્વેતાંબર શાસ્ત્રોમાં દિગંબરની ઉત્પત્તિનું જે કારણ જણાવવામાં આવે છે તે તત્વજ્ઞ પુરૂષોને "દિગંબરોને વસ્ત્ર છોડવામાં યોગ્ય કારણ છે" એમ માલમ પડયા સિવાય રહેશે નહિ.

પ્રથમ તો શ્વેતાંબરનાં સર્વ શાસ્ત્રો દિગંબરમતના આદ્ય પ્રવર્તકને ઘણો જ શૂરવીર યોદ્ધો હોય તેમ જણાવે છે, એટલું જ નહિ પણ તેને **રથવીરપુરના** રાજાનો ઘણો જ માનીતો સરદાર હતો એમ સ્પષ્ટ શબ્દોમાં રાગ જાહેર કરે છે.

જો શ્વેતાંબરોએ દિગંબરોની ઉત્પત્તિ કલ્પિત રીતે કહી હોત

તો પ્રથમ તેઓ આ ઈતિહાસ જણાવત નહિ, અને પરસ્પરની દ્વેષબુદ્ધિની લાગણી પ્રસર્યા પછી જો આ હકીકત કહેવામાં આવી હોત તો **દિગંબરમત**ના આદ્ય પ્રવર્તકને શૂરવીર યોદ્ધા અને રાજાના માનીતા સરદાર તરીકે જણાવત નહિ, જૈન શ્વેતાંબરશાસ્ત્રોમાં શૂરવીર યોદ્ધા તરીકે કે રાજાના માનીતા સરદાર તરીકે સર્વત્ર જે એક સરખી રીતે સ્થિતિ જણાવવામાં આવી છે તેજ જણાવે છે કે આ હકીકતનું લખાણ ઘણા કાળ પછી કે દ્વેષબુદ્ધિથી થએલું નથી.

વળી સર્વ શ્વેતાંબરશાસ્ત્રોમાં તે **સહસ્રમલ્લ(શિવભૂતિ)**નું નિરંકુશ વર્તન ગૃહસ્થાપણામાં જણાવવામાં આવ્યું છે, તે તેની યોદ્ધાપણાની પરિણુતિ અને રાજમાનીતાપણાને અંગે અણુઘટતું છે, એમ કોઈપણ મનુષ્યથી કહી શકાય તેમ નથી.

## શિવભૂતિ ઉપર રથવીરપુરના રાજાનો રાગ

વળી શ્વેતાંબર-શાસ્ત્રો સર્વ એકી અવાજે એમ કબુલ કરે છે કે-તે **રથવીરપુર**ના રાજાનો રાગ **શિવભૂતિ** ઉપર દીક્ષા લીધા પછી પણ ઘણો રહેલો છે.

જો દ્વેષબુદ્ધિથી આ કથા લખવામાં આવી હોત કે કલ્પનાથી ખડી કરીને એ ઉત્પત્તિની કથા લખવામાં આવી હોત તો **રથવીરપુર**ના રાજાને **શિવભૂતિ**ના ગુરુ મહારાજ ઉપર રાગવાળો ન ઠરાવ્યો કે જેઓ દિગંબરને શાસનથી બહાર કરવાવાળા હતા, પણ **શિવભૂતિ** કે જે ખુદ નવો મત કાઢનારો હતો તેના અંગત રાગી તરીકે **રથવીરપુર**ના રાજાને જણાવ્યો, તે જણાવત નહિ.

વળી શ્વેતાંબર સર્વશાસ્ત્રો **રથવીરપુરના** રાજાને **શિવભૂતિ**નો એટલો બધો રાગી જણાવે છે કે-જેને અંગે **રથવીરપુરના** રાજાએ રત્નકંબલ સરખી મોંઘી ચીજ તે **શિવભૂતિ**ને વહોરાવી.

## રથવીરપુરના રાજાનું જૈનધર્મ પ્રત્યે અજ્ઞાન

આ સ્થળે એટલી વાત તો સ્પષ્ટજ છે કે **રથવીર પુર**નો

રાજા જૈનધર્મને જાણનારો કે માનનારો હતો નહિ. પણ ફક્ત શિવભૂતિના પ્રેમનેજ જાણનારો હતો, અને તેથી સાધુઓને નહિ કલ્પતું રત્નકંબલ દેવાને તૈયાર થયો અને તે પણ શિવભૂતિને દેવા તૈયાર, નહિ કે તેમના ગુરુ મહારાજ કે જેઓ આચાર્ય હતા, તેમને આવી રીતે જૈન ધર્મનો અજાણ્યો અને કેવળ શિવભૂતિ ઉપર સ્નેહરાગ ધરનારો રાજા નિર્ગ્રંથોને નહિ ખપતું એવું રત્નકંબલ શિવભૂતિને આપે તેમાં કાંઈજ આશ્ચર્ય નથી.

## રત્નકંબલ ઉપર શિવભૂતિની મૂર્ચ્છા

વળી સર્વશાસ્ત્રોમાં એ પણ એક સરખી રીતે અને સત્યપણે લખાયું છે કે તે રત્નકંબલ ઉપર શિવભૂતિને ઘણીજ મૂર્ચ્છા થઈ.

સ્વાભાવિકરીતે એ સંભવિત છે કે જેવી વસ્તુ બીજા સાધુઓ વાપરતા ન હોય અને તે વસ્તુ પોતાને મળે અને તેમાં પણ રાજા તરફથી, રાજાએ ભક્તિ તરીકે અપૂર્વ ચીજ આપેલી હોય અને તે ગ્રહણ થઈ હોય તો તે ચીજ શિષ્યની વિનયવૃત્તિને છોડીને સ્વતંત્રપણે રાખવાનું મન થાય અને તેવી રીતે આવેલી તેવી અપૂર્વ ચીજમાં અવિહડપણે રાગ રહે.

આ સ્વભાવને જ્યારે વિચારીએ ત્યારે શ્વેતાંબરશાસ્ત્રમાં સર્વત્ર શિવભૂતિએ તે રત્નકંબલને વીંટીઆમાં રાખ્યું, એમ જે કહેવામાં આવે છે તે ઘણું જ સાચું અને યોગ્ય છે.

## શિવભૂતિની મમતાનું સ્થાન રત્નકંબલ ને તેનો નાશ

દીક્ષા લેનારો મનુષ્ય જો કે પોતાના આત્માને ભયંકર સંસાર–દાવાનળથી બચાવવા માટે તૈયાર થએલો હોય છે, અને તેથી પ્રથમ તો દીક્ષિત થનાર પોતેજ પોતાના પરિણામથી કર્મ–બંધના કારણોથી દૂર રહે છે, અને તેથી માયા–મમતાને કરતો નથી, પણ ક્ષાયોપશમિક ભાવમાં રહેલો આત્મા તે પરિણતિ સતત અંશે કર્મના ઉદયને લીધે ટકાવી શકે નહિ, અને જે વખતે તે

પરિણતિ ફરે તેવી વખત અશુભ આલંબનો કદાચિત્ જો મળી જાય છે તો જીવોનું પતન થઈ જાય છે, પણ તેવી વખતે ગુરુ-મહારાજા કે જેઓનું આલંબન તે ભવ્યજીવો સંસાર સમુદ્રથી તરવાને લે છે. તે ગુરુ મહારાજની ફરજ આવી પડે છે કે તે સંસાર સમુદ્રથી તરવાને શરણે આવેલા ભવ્ય જીવને જે અશુભ આલંબન મળેલું હોય તે દૂર કરાવે; અને તે ભવ્યાત્માના પરિણામને ઔદયિક ભાવથી હઠાવીને ક્ષાયોપશમિક ભાવમાં લાવે.

જો કે મુખ્યતાએ ગુરૂમહારાજનું ધ્યેય તે શિષ્યના પરિણામ સુધારવાનું હોય છે, પણ કર્મવશવર્તી સર્વ આત્માઓ આલંબનને આધીન હોવાથી ગુરુમહારાજની ફરજ પ્રથમ તે અશુભ આલંબન દૂર કરવાની રહે છે, અને આ વાત વિચારતાં ઘણી યુક્તિયુક્ત માલમ પડશે, કેમકે જિનેશ્વર ભગવાનોએ સાધુ મહાત્માઓને બ્રહ્મચર્ય પરિણતિનો ઉપદેશ આપતાં સ્ત્રી, પશુ, પંડકવાળી વસતિનો ત્યાગ વિગેરે નવ બ્રહ્મચર્યની ગુપ્તિઓ પાળવાનો ઉપદેશ ઘણાજ જોરથી આપેલો છે, તેવી રીતે અહીં પણ આચાર્ય મહારાજે **શિવભૂતિને** સંસારસમુદ્રથી તરવાને માટે હસ્તાવલંબ આપેલો હોવાથી તે **શિવભૂતિને** રત્નકંબલની થએલી મૂર્ચ્છા છોડાવવી અત્યંત વ્યાજબી હતી, અને રાજાએ આપેલા અને તેણે ગ્રહણ કરેલા સાધુને નહિ કલ્પતા એવા રત્નકંબલ કે જે તેની મૂર્ચ્છાનું આલંબન હતું, તેનો નાશ કર્યા સિવાય બીજો રસ્તો નહોતો અને તેથી તે **શિવભૂતિ** ઓશીકામાં બાંધેલી તે રત્નકંબલને વારંવાર જોતો હોવાથી મૂર્છિત થએલો જાણી તે **શિવભૂતિની** ગેરહાજરીમાં આચાર્ય મહારાજે તે રત્નકંબલના કટકા કર્યા. ને તે કટકાઓ સાધુસમુદાયને વહેંચી દીધા, અને તેના પાયપોંછણાં કરાવ્યાં.

## શિવભૂતિને પ્રગટેલો ક્રોધ દાવાનલ

આ બધું બન્યા પછી **શિવભૂતિનું** બહારથી ઉપાશ્રયમાં આવવું થયું, અને તે જ્યારે જ્યારે બહારથી આવતા હતા ત્યારે પોતાને અત્યંત વહાલી લાગેલ રત્નકંબલને જોતા હતા, અને આ

વખતે તે શિવભૂતિએ ઓશીકું છોડી રત્નકંબલ જોવા પ્રયત્ન કર્યો, તેમાં તે રત્નકંબલ ન મળવાથી મૂર્છિતોના હૃદયને મૂર્છાનો વિષયનાશ થવાથી જે આઘાત થવો સંભવિત છે તે આઘાત તેને થયો, પણ જ્યારે તે રત્નકંબલને ફાડીને આચાર્ય મહારાજે કડકાઓ સાધુઓને પાયપોછણ તરીકે આપ્યા છે, એમ માલમ પડયું ત્યારે તેનો તે હૃદયનો આઘાત ક્રોધ દાવાનળરૂપે પરિણમ્યો. પણ તે રત્નકંબલ જેવી સાધુને નહિ ખપતી વસ્તુ પોતે સ્વતંત્ર લીધેલી, રાખેલી અને મૂર્છાનો વિષય કરી દીધેલી હોવાથી તે વખતે તે બાબતમાં તે ક્રોધ–દાવાનળની જ્વાળાનો જથો જળહળતો એમને એમ રહ્યો. આ બધો ક્રોધ–દાવાનળ બીજા કોઈ ઉપર નહિ પણ રત્નકંબલને ફાડનાર આચાર્ય મહારાજ ઉપરજ હતો.

## જિન–કલ્પના વર્ણનનો પ્રસંગ મળ્યો.

હવે ક્રોધમાં જેમ સ્વાભાવિક રીતે દુનિયાંમાં બને છે તેમ તે શિવભૂતિ ક્રોધની જ્વાલા પ્રગટાવવા માટે એજ વખત જોઈ રહ્યો હતો, એવામાં આચાર્ય મહારાજ કલ્પ–સ્થિતિનું નિરૂપણ કરતાં જિનકલ્પીનું નિરૂપણ કરવા લાગ્યા, અને તે જિનકલ્પના નિરૂપણમાં સ્થવિરકલ્પીને લાયકનાં ઉપકરણો અને મુખ્યત્વે કંબલનો અભાવ સાંભળી તે શિવભૂતિને ક્રોધ–દાવાનળની જ્વાળા પ્રગટાવવાનો વખત મળ્યો.

**સામાન્ય રીતે ક્રોધમાં ચઢેલો મનુષ્ય હિતાહિતને જોઈ શકતો નથી અને રીસમાં ચઢેલો બાળક ખાવાની એક કુપથ્ય વસ્તુ ન મળતાં જેમ બીજી ઇષ્ટ વસ્તુઓ પણ લાત મારી ઢોળી નાખે છે,** તેવી રીતે શિવભૂતિ પણ રત્નકંબલના નાશને લીધે સર્વ ઉપકરણ ખસેડવા તૈયાર થયો, વસ્તુતાએ જિનકલ્પનું વર્ણન એ તો તેના ક્રોધને પ્રગટ થવાનું માત્ર આલંબન હતું, વાસ્તવિક રીતિએ તેને કાંઈ જિનકલ્પની મર્યાદા લેવી નહોતી, પણ ગચ્છવાસી તરીકે આચાર્યાદિકે આચરાતો સ્થવિરકલ્પ તોડવો હતો. (ક્રમશઃ)

## આચાર્યની પ્રતિમા દ્વારા આરાધના કેમ નહિં ?

વળી એ પણ વાત ધ્યાનમાં રાખવાની છે કે- અરિહંત ને સિદ્ધપદની આરાધનામાં પ્રતિમા ભરાવવી, પૂજા કરવી, વંદન કરવું એ વિધાન તરીકે જણાવ્યું છે ત્યારે આચાર્યપદની આરાધનામાં પ્રતિમા કરાવવી પૂજા કરવી કે ધ્યાન કરવું વિગેરે શુશ્રૂષાના વિધાનો લીધેલા નથી. તે જ સ્પષ્ટ કરે છે કે-

આચાર્યપદનું આરાધન કરનારાએ સાક્ષાત્ આચાર્યનું ભક્તિ-બહુમાન આદિ કરવું તે જ આરાધના ગણાય-અર્થાત્ અરિહંત અને સિદ્ધપદની આરાધનામાં જેવી પ્રતિમા દ્વારા આરાધના કરવામાં સાધનતા ગણી આશાતના વર્જન માન્યું છે, તેવી રીતે આચાર્યાદિક પદોમા નથી માન્યું.

તેમાં એ પણ તત્ત્વ હોય કે-એક ક્ષેત્રમાં જેમ સર્વકાળે તીર્થંકરો હોતા નથી તેમ અનેક તીર્થંકરો પણ એકીકાળે હોતા નથી. પણ આચાર્યો સર્વદા નિયમિત હોય છે અને એકેક ક્ષેત્રે અનેક ભાવાચાર્યો હોવાનો સંભવ છે. છતાં જો ઈતર ભાવાચાર્યોની અવજ્ઞા ન હોત તો કોઈપણ એક ભાવાચાર્યના ભક્તિ, બહુમાન આદિથી આચાર્યપદનું આરાધન થઈ શકે છે. એટલે કે આચાર્યના ગુણ દ્વારા એકપણ ભાવાચાર્યનું આરાધન અઢીદ્વીપમાં રહેલા સકલ ભાવાચાર્યના આરાધનરૂપ છે અને એકપણ ભાવાચાર્યની અવજ્ઞા અને અબહુમાન કરવા તે સકલ જગતના ભાવાચાર્યની અવજ્ઞા અને અબહુમાન કરવા જેવાં નુકસાનકારક છે.

તેથી શાસ્ત્રકારો કહે છે કે, 'एगम्मि पूइयम्मि सव्वे ते पूइया होंति' અર્થાત્ એક ભાવાચાર્યની પૂજા કરવાથી સકળ જગતના ભાવાચાર્યોનું પૂજન થાય છે. અર્થાત્ ભાવાચાર્યના વંદન, બહુમાન આદિ દ્વારા એ સાક્ષાત્ સર્વ ભાવાચાર્યોના ભક્તિ, બહુમાન આદિનું ફળ પ્રાપ્ત

કરી શકાય છે. ત્યારે આચાર્યની પ્રતિમા હોય તો તે પ્રતિમા દ્વારા તો તે પ્રતિષ્ઠિત કરવામાં આવેલા આચાર્યની મુખ્યતા એ આરાધના થાય છે, અને તેથી કોઈપણ ચૈત્યમાં મૂલનાયકજીરૂપ પ્રતિમાનું ચૈત્યવંદન કર્યા પછી જ, **જં કિંચિ.** કહીને બીજી પ્રતિમાઓનું વંદન કરવાનું જુદું સૂત્ર કહેવાનું રહે છે.

અર્થાત્ પ્રતિમા દ્વારા થતી આરાધનાથી કેવળ તેજ પ્રતિમા (નહિ કે તેમની બીજી પ્રતિમા) અને તેમાં પ્રતિષ્ઠિત થયેલો જ ભાવનિક્ષેપો માત્ર આરાધ્ય થાય છે. જયારે ભાવનિક્ષેપોના આરાધનથી સર્વ ભાવનિક્ષેપાનું આરાધન થઈ જાય છે.

આવા કારણથી શક્રેંદ્ર મહારાજે **વગ્ગુલિ** નામના શ્રાવકને ભગવાન **મલ્લીનાથજી**ની પ્રતિમાની પૂજા કરવા જતાં સાક્ષાત્ શ્રમણ ભગવાન **મહાવીર** મહારાજા જે છદ્મસ્થપણામાં કાઉસગ્ગ ધ્યાને રહેલા હતા. તેમની ભક્તિ, બહુમાન, પૂજા કરવા પ્રેરણા કરી.

આ ઉપરથી સમજી શકાશે કેવળજ્ઞાન પામી, તીર્થ પ્રવર્તાવી મોક્ષને પામેલ. એવા **મલ્લીનાથ** ભગવાનની પ્રતિમા કરતાં કેવળ જ્ઞાન નહિ પામેલા, હજુ તીર્થ જેણે પ્રવર્ત્તાવ્યું નથી, અને મોક્ષ મેળવ્યો નથી એવા શ્રમણ ભગવાન્ **મહાવીર** મહારાજની અધિકતા જણાવી, તો પછી ભાવાચાર્યની પ્રતિમા કરતાં ખુદ ભાવાચાર્યની આરાધના અત્યંત અધિક હોય છે એ સ્વાભાવિક છે.

શાસ્ત્રકાર મહારાજે આચાર્યપદના આરાધનાના વિધાનમાં વંદનનો વિધિ પ્રથમ નહીં જણાવતાં પ્રથમ ભક્તિ અને બહુમાન જણાવ્યાં તેથી એમ સૂચિત થઈ શકે છે કેઆરાધન કરનાર મનુષ્ય અરિહંત ભગવાન અને સિદ્ધ મહારાજની પૂજા આદિકની માફક આચાર્ય ભગવંતના ભક્તિ અને બહુમાન અત્યંત જરૂરી આદરવાં જોઈએ, અને એજ સૂચના જો વ્યાજબી ગણીએ તો એમ કહેવું જોઈએ કે ભક્તિ, બહુમાનનું કર્તવ્ય ભાવાચાર્ય દ્વારાએજ બજાવી શકાય.

પ. પૂ. આગમો. આચાર્યદેવશ્રીકૃત
"તપ અને ઉદ્યાપન" (નવી આવૃત્તિ) પા. ૧૩૦માંથી

# આગમ જ્યોત

વીર નિ. સં. ૨૫૦૫ ❊ વિ. સં. ૨૦૩૫

आरियखित्तंमि सासणं

વર્ષ ૧૩ ★ પુસ્તક ૪

## તીર્થોનું સ્થાન

## આર્યભૂમિમાં કે અનાર્ય ક્ષેત્રમાં ?

જૈન જનતામાં એ વાત તો જાહેર છે કે- "ભવ્ય-જીવોને સંસાર-સમુદ્રથી તરવાને માટે તીર્થની આવશ્યકતા અનિવાર્ય છે !"

અન્ય મતોમાં તીર્થસ્થાનો જો કે માનવામાં આવેલાં છે. પરન્તુ તે અન્ય-મતોએ માનેલાં તીર્થસ્થાનો મુખ્યતાએ પૂર્વ-પુરૂષોની સ્મૃતિને માટે હોય છે. જ્યારે જૈન જનતાએ માનેલા તીર્થો તો તેની સાથે આત્માને સમ્યગ્દર્શનાદિક ગુણો ઉત્પન્ન કરવા આદિ દ્વારા ઉપકારક મનાયેલા હોય છે.

તેથી જૈન-દર્શનકારો ભવ્યજીવને સંસાર-સમુદ્રથી તારનાર એવા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્-ચારિત્રના મુખ્ય કારણ રૂપે તીર્થોને માનવાનું ફરમાવે છે.

આ વાત ધ્યાનમાં રાખવાથી જૈન-દર્શનકારોએ તીર્થના જંગમ અને સ્થાવર એવા જે બે ભેદો પડેલા છે, તે કેટલા બધા વાસ્તવિક છે ? તે સમજાશે.

કારણ કે -સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રના ગુણોને પામેલ સાધુ-સાધ્વી શ્રાવક અને શ્રાવિકારૂપ શ્રી ચતુર્વિધ સંઘ ઠિઓ य ठावए परं એ ન્યાયે અન્ય ભવ્યજીવોને પણ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની અંદર સ્થાપન કરનાર હોઈ તીર્થરૂપ બને છે તેથી તે ચતુર્વિધ સંઘ જંગમ-તીર્થ રૂપ ગણાય છે.

આ ચાર પ્રકારના જંગમ તીર્થને અંગે વિચાર કરીએ તો સ્પષ્ટ સમજાશે કે સાધુ-સાધ્વીનું વિહારક્ષેત્ર મુખ્યતાએ આર્યક્ષેત્ર હોય છે. કો'ક **સંપ્રતિ મહારાજ** જેવા શાસન-પ્રભાવક જૈન રાજાના પ્રતાપે **અનાર્યક્ષેત્રો** પણ જ્ઞાન-દર્શન અને ચારિત્રની વૃદ્ધિના કારણ રૂપ બને.

આથી તે વખતે તેવા અનાર્ય-ક્ષેત્રોમાં પણ સાધુ-સાધ્વીરૂપ જંગમ તીર્થનો વિહાર હોઈ તીર્થનો અનાર્યમાં સદ્ભાવ હોય અને એને અંગે अहवा जत्थ णाण-दंसण-चरित्ताणि उस्सप्पंति એવો પક્ષા-ન્તરથી ગૌણ આદેશ શાસ્ત્રકારોને કરવો પડયો છે.

પરન્તુ મુખ્યપક્ષે વિચાર કરતાં સ્પષ્ટપણે માલમ પડશે કે-શાસ્ત્રકાર મહારાજે સાધુ-સાધ્વીના વિહારનું ક્ષેત્ર બતાવતાં આર્ય ક્ષેત્ર જ લાયકપણે ગણાવ્યું છે. અને તેથી વિહારની મર્યાદા જણાવતાં एतावं ताव आरिय-खित्ते એમ ફરમાવી સ્પષ્ટ કર્યું છે કે જેટલું આર્યક્ષેત્ર **અંગ-મગધાદિક** છે. તેટલા ક્ષેત્રમાંજ સાધુ-સાધ્વી રૂપ જંગમતીર્થનો વિહાર હોય.

ઉપર જણાવેલા પાઠથી સ્પષ્ટપણે માલમ પડશે કે આર્યક્ષેત્રથી બહાર જો કોઈપણ સાધુ કે સાધ્વી વિહાર કરે તો તે પ્રાયશ્ચિત્તનો ભાગી બને.

આ પ્રમાણે જ્યારે સાધુ-સાધ્વીનો વિહાર આર્યક્ષેત્ર સાથે નિયત કરવામાં આવેલ છે, ત્યારે શ્રમણોપાસક અને શ્રમણો-પાસિકારૂપ બે જંગમ તીર્થોને પણ રહેવાનું કે પર્યટન કરવાનું

મુખ્યતાએ આર્યક્ષેત્રની બહાર ન હોય તે સ્વાભાવિક છે, કારણ કે શ્રમણોપાસક અને શ્રમણોપાસિકા તેને કહેવાય કે જેઓ શ્રમણ ભગવંતોની ઉપાસનામાં જ પોતાનું જીવન સાર્થક ગણે.

એટલે સ્પષ્ટ થાય છે કે જ્યાં શ્રમણ ભગવંતોનો વિહાર ન હોય ત્યાં શ્રમણોપાસકોનું અસ્વથાન હોય નહિ.

જેવી રીતે શબ્દાર્થ દ્વારા આ અર્થ સમજાય છે તેવી જ રીતે શાસ્ત્રકારો વિધિદ્વારા પણ સ્પષ્ટ જણાવે છે કે तत्थ णिवसिज्ज सड्ढो साहूणं जत्थ होइ संपाओ અર્થાત્ શ્રાવકોએ તે ગામ કે નગરમાં રહેવું જોઈએ કે જે ગ્રામ-નગરાદિમાં સાધુઓનું વિહાર દ્વારાએ આવવું થતું હોય.

આ હકીકત જોનાર મનુષ્ય સ્પષ્ટપણે સમજી શકશે કે મુખ્યતાએ જંગમતીર્થોનું સ્થાન આર્યક્ષેત્ર હોઈ શકે, જો કે વિદ્યાધર સાધુ અને શ્રાવકો તેમજ જંઘાચારણ, વિદ્યાચારણ વિગેરે ચારણ-શ્રમણો આર્યક્ષેત્રની બહાર પણ ગમનાગમન કરે છે, પરંતુ તે વિદ્યાધર વિગેરેનું આર્યક્ષેત્રની બહાર અવસ્થાન હોય નહિ અને તેથી જંગમતીર્થનું આર્યક્ષેત્રની બહાર અવસ્થાન ન હોય એ માનવું કોઈપણ પ્રકારે ગેરવ્યાજબી નથી.

આવી રીતે જંગમતીર્થનો વિચાર કરતાં જૈન જનતા સ્પષ્ટપણે સમજશે કે ત્રણે લોકમાં વિમાનસ્થ ભવનો તથા પર્વતોમાં શાશ્વત જિનચૈત્યો હોવાને લીધે સ્થાવર જૈનતીર્થો સર્વત્ર ત્રણે લોકમાં છે. એમ માનવામાં કોઈપણ જાતની અડચણ નથી, પરંતુ અત્રે જે વિચાર કરવાનો છે તે વિમાનાદિ કે પર્વતની અપેક્ષાએ કરવાનો નથી, પરન્તુ આર્યક્ષેત્ર અને અનાર્યક્ષેત્રની અપેક્ષાએ વિચાર કરવાનો છે.

જૈન જનતામાં જે વર્ગ સૂત્રોના વાક્યોથી પરિચિત છે તે તો સારી રીતે સમજી શકે છે કે અકર્મભૂમિઓ અને મનુષ્યલોક જે અઢીદ્વીપ-તેની બહારના જે ક્ષેત્રો એને માટે આર્ય-અનાર્ય જેવો

વિભાગ શ્રી પન્નવણાસૂત્રકારે કે શ્રીજીવાભિગમ વિગેરે સૂત્રકારોએ માનેલો નથી, અર્થાત્ તે તે સૂત્રકારો એ મનુષ્યના કર્મભૂમિમાં થયેલા, અકર્મભૂમિમાં થયેલા અને અંતર્દ્વીપમાં થયેલા એમ ત્રણ ભેદો પ્રથમ પાડી દીધા છે, અને પછી કર્મભૂમિમાં થયેલા મનુષ્યોના આર્ય અને અનાર્ય એવા બે ભેદો પાડેલા છે.

આ ઉપરથી અકર્મભૂમિના ક્ષેત્રોની અંદર કે બીજે શાશ્વત ચૈત્યરૂપી તીર્થો હોવાને લીધે અનાર્ય ક્ષેત્રોમાં પણ તીર્થો હોય છે, એવું માનવા તરફ જેઓ લલચાય છે, તેઓ ઉપર જણાવેલા સૂત્રોના અર્થને બરાબર જાણતા કે સમજતા નથી, એમ કહેવું એ કોઈપણ પ્રકારે નિંદા-વાકય ગણી શકાય નહિ,

કદાચ એમ કહેવામાં આવે કે ભાષ્યકાર મહારાજ શ્રી ઉમાસ્વાતિવાચકજી મહારાજે શ્રી તત્ત્વાર્થ ભાષ્યમાં અંતર્દ્વીપને તથા તેમાં રહેલાં મનુષ્યોને અનાર્ય તરીકે ગણાવેલા હોવાથી એકલી કર્મભૂમિઓમાંજ આર્યાનાર્ય વિભાગ અને અંતરદ્વીપમાં આર્યાનાર્ય વિભાગો નથી, એમ કેમ કહી શકાય? આવા કથનના સમાધાનમાં સમજવું જરૂરી છે કે-

શ્રી પ્રજ્ઞાપના વિગેરે સૂત્રકારો જયારે મનુષ્યના સ્વતંત્રપણે કર્મભૂમિજ અકર્મભૂમિજ અને અંતર્દ્વીપજ એમ કહી ત્રણ ભેદો પાડે છે, ત્યારે તત્ત્વાર્થકાર મહારાજ શ્રી ઉમાસ્વાતિ-વાચકજી भरतै-रावतविदेहाः कर्मभूमयोऽन्यत्र देवकुरूत्तरकुरूभ्यः અર્થાત્ દેવકુરુ અને ઉત્તરકુરૂ સિવાયના ભરત-ઐરાવત અને વિદેહો એટલે પાંચ ભરત, પાંચ ઐરાવત અને પાંચ મહાવિદેહ કર્મ-ભૂમિ છે. એમ જણાવી ક્ષેત્ર અને મનુષ્ય માત્ર કર્મભૂમિજ અને અકર્મભૂમિજ એમ બે વિભાગ જણાવે છે.

આવી રીતે બે વિભાગો જણાવેલા હોવાથી ભરત અને ઐરવત ક્ષેત્રની મર્યાદામાં આવતા સમુદ્રમાં રહેલા અંતર્દ્વીપો જે જે છે, તે તે ભરત-ઐરવતને લીધે કર્મભૂમિ તરીકે ન ગણાઈ

જાય તે અપેક્ષાએ **ભાષ્યકાર-મહારાજને** છપ્પન અંતર્દ્વીપોને અનાર્ય તરીકે જણાવવાની જરૂર પડી છે, જો એમ ન હોય તો છપ્પન અંતર્દ્વીપો અને તેમાં રહેલા મનુષ્યોને અનાર્ય ગણાવવાની માફક **હિમવંતક્ષેત્ર** આદિ યુગલિક-ક્ષેત્રોને પણ **ભાષ્યકાર-મહારાજ** અનાર્યક્ષેત્ર તરીકે ગણાવત.

તત્ત્વદૃષ્ટિથી વિચારનારો મનુષ્ય સ્પષ્ટપણે જોઈ શકશે કે ભગવાન **શ્રી ઉમાસ્વાતિવાચકજી**, જો બધા કર્મભૂમિ-અકર્મભૂમિ અને અંતર્દ્વીપના ક્ષેત્રોનો અને તેમાં રહેલા મનુષ્યોનો આર્ય-અનાર્ય તરીકેનો વિભાગ કરવા માગ્યો હોત તો प्राग्मानुषोत्तरान्मनुष्याः અર્થાત્ માનુષોત્તર પર્વતની અંદરજ મનુષ્યો છે, એવી રીતે મનુષ્યની સ્થિતિ બતાવનારૂં સૂત્ર કહીને તરતજ आर्या म्लिशश्च એ સૂત્ર કહી મનુષ્ય માત્રના એ બધા ક્ષેત્રોના આર્ય-અનાર્ય તરીકે એ વિભાગ જણાવત, પરંતુ તેમ નહી કરતાં भरतैरावत-विदेहाः कर्मभूमयोन्यत्र देवकुरूत्तर-कुरूभ्यः એ સૂત્રથી કર્મભૂમિ અને અકર્મભૂમિનો વિભાગ કર્યો, પછી आर्या म्लिशश्च એમ કહી આર્ય-અનાર્યનો વિભાગ કર્યો છે.

તેથી સ્પષ્ટ ધ્વનિત થાય છે કે **ભગવાન ઉમાસ્વાતિ વાચકજી** માત્ર કર્મભૂમિમાંજ તાત્ત્વિક આર્ય-અનાર્ય વિભાગ માને છે.

વળી **ઉમાસ્વાતિ વાચકજી** અકર્મભૂમિ વિધાયક સૂત્ર ન કરતાં કર્મ-ભૂમિનું વિધાયક સૂત્ર કરે છે અને પછી આર્ય-અનાર્ય એવા મનુષ્યોના વિભાગ કરે છે. તેથી સ્પષ્ટ થાય છે કે **મહારાજ શ્રી ઉમાસ્વાતિ વાચકજી** કર્મભૂમિની અંદરજ આર્ય-અનાર્યના વિભાગ તત્ત્વથી માને છે.

વળી બીજી બાજુ વિચાર કરતાં સ્પષ્ટ માલમ પડશે કે અકર્મભૂમિ અને અંતર્દ્વીપોમાં દેશ-નગર આદિની વ્યવસ્થા હોય નહિં અને તેથી દેશાદિની અપેક્ષાએ મુખ્યતાએ કહેવાતું આર્ય અને અનાર્યપણું અકર્મભૂમિમાં હોવું સંભવિત નથી. એટલે

કર્મભૂમિ સિવાય બીજે કોઈપણ સ્થાને આર્ય-ક્ષેત્ર કે અનાર્યક્ષેત્ર તરીકે વ્યપદેશ કરવાનું શાસ્ત્રકારોએ ઈષ્ટ ગણ્યું નથી.

વળી કર્મભૂમિમાં પણ તીર્થોની ઉત્પત્તિ વિગેરે આર્યક્ષેત્રોમાં હોય એ સમજવું નવીન નથી. સામાન્ય રીતે જ્યારે તીર્થોની ઉત્પત્તિ વિગેરે આર્યક્ષેત્રોમાં હોય તો પછી ભગવાન તીર્થંકર મહારાજ ગણધર મહારાજ કે બીજા કેવલજ્ઞાનીઓના વિહાર કેવલજ્ઞાન કે મોક્ષને લીધે બનતાં તીર્થો તો અનાર્યમાં હોય ક્યાંથી ?

આ ઉપરથી સ્પષ્ટ થશે કે દેશ અનાર્ય હોવા છતાં તેમાં તીર્થો હોય એમ કહેવું ભૂલભરેલુંજ ગણાય. યાદ રાખવું કે ઉપર જણાવેલી આર્યાનાર્ય-વ્યવસ્થા શાત્રકારોએ જણાવેલા સાડા પચીસ આર્યદેશો અને સામાન્ય રીતે ગણાવેલી કર્મભૂમિના બત્રીશ હજાર દેશોની અપેક્ષાએ છે.

## વિચારવા જેવું ! ! !

*** " નિર્જરાની માત્રાનો આધાર ગુણ અને ગુણી ઉપર રખાતા પ્રશસ્ત રાગની માત્રા ઉપર કે અવગુણ ઉપર ધરાતા દ્વેષરૂપ પ્રશસ્ત દ્વેષની માત્રા પર રહેલો છે, અવગુણી પર દ્વેષ ઉચિત તો નથી જ ! તેઓનો કારૂણ્ય અને માધ્યસ્થ્ય ભાવના જ વિષય છે."

તપ અને ઉદ્યાપન પૃ. ૯
(નવી આવૃત્તિ) માંથી




[ આગમ-મર્મજ્ઞ, પ્રાવચનિક-ધુરંધર સૂક્ષ્મ-તત્ત્વવિવેચક, દેવ-સૂરતપાગચ્છ-સામાચારીસંરક્ષક, પૂ. આગમોદ્ધારક ધ્યાનસ્થ સ્વર્ગત આચાર્ય શ્રી આનંદસાગર સૂરીશ્વર ભગવંતે શાસનના અનેકવિધ કાર્યોમાંથી પણ ફાજલ પડતા સમયના સદુપયોગ રૂપે સર્વતોમુખી પ્રતિભાના ફળસ્વરૂપે અનેક સંસ્કૃત-પ્રાકૃત-ગૂર્જર કૃતિઓ બનાવી છે. તેમાંની થોડી વાનગી દર વર્ષના નિયમ મુજબ રજુ કરી છે. સં.]

## શ્રી સિદ્ધગિરિરાજ સ્તવન

(રાગ-ધનાશ્રી)

નમીએ તીરથરાજ ભગતે-નમીએ તીરથરાજ ।
તીરથ જગ ઉદ્ધાર ભવિજન માનું તીરથ જગ ઉદ્ધાર-માનું૦-૧॥

કર્મ કઠિન કંદ છેદ કુઠારો, જ્ઞાન રયણ ભંડાર ।
સમકિત શુદ્ધ દિવાકર સમ એ, મિથ્યાતમ હરતાર-માનું૦-૨॥

બાલકાલ ભવનો એ ટાલે, ધર્મ યૌવનનો કાલ ।
આગમ-વયણે પરિણતિ આપે, થાપે સ્પર્શ વિશાલ-માનું૦-૩॥

કાલ અનન્તો ભટકયો ભવનમાં, તુજ દેખ્યો ન લગાર ।
એ તીરથ-દર્શનથી નરભવ, સફલ થયો આવાર-માનું૦૪॥

સુરભવ રાજ્ય લહ્યો ભવનમાં, તુજ દર્શન નહિ એક ।
ભવસાયરમાં વાર અનંતી, દુઃખ લહ્યાં ન વિવેક–માનું૦–૫॥

ચિંતામણિ સુરવૃક્ષ મળે વળી, સુરધેનુ સુરસાઝ ।
દુર્લભ એક ન દર્શન ઢારું, પામ્યો ગુણગણ બાઝ –માનું૦–૬॥

ચઉદ ભુવનમાં નહિ કોઈ બીજું, તીરથ એ સમજોય ।
પુંડરીક રામ–પાંડવ–પમુહા, એ તીરથ સિદ્ધ હોય–માનું૦–૭॥

જીવ અનંતા એ ગિરિવરના, મહિમાથી શિવ સાધ ।
વિરામ સ્થાન ન દીસે ભુવને, એ સમ જિહાં શિવ લાધ–માનું૦–૮॥

શુચિ નિર્મલ–વસને શુભદ્રવ્યે, મનહર મુક્તાવૃંદ ।
પૂજાભવિ થિરયોગ કરીને લો આનન્દ અમંદ–માનું૦–૯॥

૬– ૭– ૯– ૧–
રસ–મુનિ–નંદ–નિશીશ્વર વરસે (૧૯૭૬), ચૈત્ર શુકલ તિથિ ત્રીજ ॥
ભેટ્યો ભાવ ભલે ગિરિરાયા, જીવણચંદ શિવબીજ–માનું૦–૧૦॥

## શ્રી સિદ્ધાચલજી સ્તવન

(રાગ–ગિરિવર દર્શન વિરલાપાવે)

એ ગિરિદર્શન ભવિ મનભાવે, કર્મકઠિન ક્ષયકરી શિવપાવે ।
એ તીરથ સમ આવે ન દાવે, જગતમાં જોઈલિયો શુભભાવે,
પાપી અભવ્ય ન નજરે લાવે, બહુ પુણ્યવંતા દર્શન પાવે
એ ગિરિ૦ ॥૧॥

જગ ઉદ્ધારણ બિરુદ ધરાવે, થાપના ક્રમ ઉદ્ધારના દાવે ।
શુષ્ક નદી જલ આપે ખણંતાં, દાન દીયે ગુણગણ મણિ ધરતાં
એ ગિરિ૦ ॥૨॥

ઉદ્ધરિયા ગિરિમહિમ અનંતા, તો મુજને કિમ નહિ વરસંતા ?
મોક્ષતણી છે મુજ મન ઈહા, તેથી હું છું ભવિગુણ ગણગેહા
એ ગિરિ૦ ॥૩॥

મોડું વહેલું પણ દેવું શિવપદ, તોકિમ ઢીલકરો ગુણુ-સંપદ ।
ગુણુગણુ લહી શિવપદ વરશું, તો તમને શા માટે ધરશું ?
એ ગિરિ૦ ॥૪॥

જો તુમ ધ્યાને લહીએ ગુણુગણુ, તો ઉપકાર તમારો એ શુભગણુ ।
ગુણુગણુ અર્પી આપો નિજપદ, તો થાયે આનન્દ અમંદ
એ ગિરિ૦ ॥૫॥

## શ્રી આદીશ્વર ભગવાનનું સ્તવન
### (રાગ–અબતો પાર ભયે હમ સાધુ)

ભવ જલધિ પર પાર લહ્યો મેં
આદીશ્વર જિન ચરણુ ગ્રહ્યો રે (એ આંકણી)

યુગલાધર્મ નિવારક સ્વામી, જ્ઞાનત્રયી ધારણુ જલધામી ।
રાજ્ય પટ્ટે થાપે સુરરામી, યુગલિક સર્વ મહોદય કામી
ભવ૦ ॥૧॥

લોક સંરક્ષણુ હેતુ બતાવી, જગતી કલા વિવિધાનન્દ ચાવી ।
નારીગુણુ ચઉસઠ્ઠ ઠસાવી, લોક ઉભય કર દીયા સુખભાવી
ભવ૦ ॥૨॥

પુરુષના સાધન લેખાદિક સહુ, શકુન રૂત પર્યંત ગુણુબહુ ।
નહીં તુમ વિણુ તે આવે કબહું, જિનવર ઉપકાર વલી કહું
ભવ૦ ॥૩॥

સબ સુતને નૃપતિ પદદીનો, નમિ વિનમિ વિધાધર કીનો ।
સંવચ્છર વસુ દીયે નગીનો, અતુલ અચલ વૈરાગે ભીનો
ભવ૦ ॥૪॥

ચાર સહસ્રસુ સંજમ સાધ્યો, મનઃ પર્યવ તબ રંગે વાધ્યો ।
સંવત્સર અનશન કરી લાધ્યો, શ્રી શ્રેયાંસે કરમનૃપ બાંધ્યો
ભવ૦ ॥૫॥

સહસ વરસ ભમી કેવલ કાન્તા, માયને અર્પણ કરતા શાંતા ।
સંઘ ચતુર્વિધ થાપે દાન્તા, નમતાં ભવિભય સવિ ઘાંતા
ભવ૦ ॥૬॥

પુંડરીક ગણિવરને આદેશ દીધો, પુંડરીકાચલ પાવન કીધો ।
તીર્થ અચલપદ સાધી સીધો, દૂર અભવ્યને નજરે ન કીધો
ભવ૦ ॥૭॥

નિજનિર્વાણ અષ્ટાપદ નગમાં, કરી શતમખ શ્રેણી સબ લગમાં ।
વધ્યો હર્ષ સુર અસુર ભુજગમાં, અબ મોએ કીજે નિજવરગમાં
ભવ૦ ॥૮॥

તુજ સરખો નહિ દેવ જગતમાં, શસ્ત્રાયુધ વનિતા વિન રતમાં ।
સતત મહોદય સબ ભવિ ઘટમાં, ભવોભવ હોજો મહાનંદ શતમાં
ભવ૦ ॥૯॥

## श्री वीतराग–परमात्म स्तुतिः

सर्वदा सत्वयुक् सार्व–सेवी सेवितसूकृतः ।
चेद् भवान् राजसूः कीर्त्तिः, किं दग्धाऽगाद् दिगन्तरं ॥ १ ॥

भीमकान्तगुणं दृष्ट्वा, भवन्तं निर्भयः कथम् ।
शत्रुर्मित्रं सदा तेऽभूत्, साम्राज्यं नान्यथा क्वचित् ॥ २॥

रामो रामालभेदी युवतिवसनहृच्चाच्युतोऽनन्तकायो,
ब्रह्मा प्रेप्सुः प्रजाया वृषभतनुगतः स्थास्नुराः पूर्वकाले ।
भूपालो भूपतुक्त्वं निखिलतनयः सर्वसत्वेष्टकारी,
सर्वाङ्गि–प्राणसाम्यो राजमतकरुणो यत्र कालः कलिः किम् ?॥ ३ ॥

नमतनाशित–मारं किसाधकं शमपदावलिदायकहं जिनम् ।
अममनाथ, तथाऽऽरविसाधनं क्षममुदापालिताऽऽनपदं घनं ॥ ४ ॥

# कूटार्थगर्भा चमत्कृतिगर्भा स्तुतिः

सदा सदा सदा सेरः सदासादसदोदसः ।
साददासस्रदा सीद–सदो दास सदोऽसदः ॥ १ ॥

दासदानक्षमो नेता, ताने मोक्षनदाः सदा ।
भवतापापहं शास्त्रं, त्रेशाहं पपातावभः ॥ २ ॥

सनाऽऽसनाऽऽसीनसानुः न सीनोऽसानसे नसे ।
नसो नसा ससा नासी, नासिन्नो नसनोऽनसः ॥ ३ ॥

गुरुगाऽऽगारसेगाग–गरगारो गगे गुरुः ।
रोगारिगिरगागार–गिरे गुरु गेरिगुरुः ॥ ४ ॥

# श्री सिद्धाचल–तीर्थस्तवनम्

सेवध्वं सिद्धाचलं रे...भविकाः ! भावरसेन ।
सिद्धा जीवाः संश्रिता रे...अमितास्तीर्थबलेन ॥
तीर्थाधीश ! पाहि भवाब्धेरतः
त्वत्तो न परो हृदन्तः ।
तीर्थं तारकमादिमं रे, ज्ञातं तव तरणेन ।
वाचंयमकोटियुतो रे, अनशनमात्मबलेन ॥ २ ॥

आदीश्वरनिर्देशतो रे...तीर्थ–महिमसारेण ।
स्थितः पृथक्त्वं कृतं सदा रे...अवियुक्तत्वं तेन ॥ ३ ॥

दुष्षमकाले दुर्लभो रे सेवाभावोऽपरेण ।
कर्मवल्लीहततेजसा रे, लब्धोऽसौ मे करेण ॥ ४ ॥

जनको जननी वल्लभा रे, भ्राता सुत अपि के न ? ।
भवचक्रे भ्रमता न हि रे, लब्धा स्तेन सेवेन ॥ ५ ॥

सकलागमवाचनकृते रे, घटिकाषट्कप्रयोगेन ।
निर्भेद समयामिनी रे, त्वत्पार्श्वयातेन ॥ ६ ॥

आयाविशुभमनिशं मुदा रे, लब्धत्वद्ध्यानेन ।
तत्प्रणतस्त्वत्पादयोः रे, आनन्दाब्धिमस्तेन ॥ ७ ॥

## श्री वर्त्तमान तीर्थ स्तवः

संमेतेऽवन्तिपुर्यां गजपुरिकंपिले स्तभने केशरीये,
चंपापापायुगेऽष्टापदि मगसिपुरे भंडुकेप्यन्तरीक्षे ।
सिद्धाद्रावर्बुदे चाचलगढ़सहिते मंडपे राणपुर्यां;
वन्दे तीर्थे जिनानां प्रतिकृतिमनिशं शाश्वतानन्ददात्रीम् ॥ १ ॥
घाणेरे रैवताद्रावुदयपुरि जिरापल्लीधाम्नि प्रतापे
नाणे बेडे फलोधौ चपलरगिरिगे ब्राह्मणे सत्यपुर्यां ।
भोपाले तारणेऽद्रौ जगडियपुरि वा खेट–शंखेश्वरे च;
वन्दे तीर्थे. ॥ २ ॥
सेरीसे मातरे वा करमदिवहिके पल्लिधारानगर्योः
चारूपे पत्तने श्रीनवपुरिनगरे भोयणी बीबडोदे ।
सत्यापुर्यां भरुचे सुरतपुरवरे कर्पटे जैनपुर्यां;
वन्दे तीर्थे. ॥ ३ ॥
दर्भावत्यां त्रसाल्यां सरखजनगरे आगरा दिल्लिधाम्नोः,
काश्यां गोपे च दुर्गे करहट–पुरे नागदे वा समीने ।
मंडोदे गोगपुर्यामजयगिरियुते सोजते योधपुर्यां,
वन्दे तीर्थे. ॥ ४ ॥
देवान्सिद्धाणहिल्लादनवरत–पुरे पत्तने झाल राख्ये,
सादयां रत्नपुर्यां नडुलविजुवरकूकाणनाडलाइपूर्षु ।
मुंबय्यां भावपुर्यां त्रिनयनकुधरे नाशिके गोधरे च;
वन्दे तीर्थे. ॥ ५ ॥
झालोरे पल्लिकायामिडर–वरनगरे भाकूखरे चोपरीए,
शेरीषे राजधान्यामहमदनगरे खेट–पंचासरेषु ।
शीरोह्यां जामपुर्यां वणथली नगरे मांगरोले च पोरे;
वन्दे तीर्थे. ॥ ६ ॥
हस्ते सानौ कदंके जनगिरिशिखरे पुण्यपूझांसी–पुर्योः;
श्रीपुर्यां शेरूजे चामहिमदपुरवरे आसपुर्यां बडोदे ।
सैलाने डुंगरादौ परसलीनगरे जावरे खाचरोदे,
वन्दे तीर्थे. ॥ ७ ॥
इत्येवं निजभावजाग्रतिकरं प्रातः समुत्थाय य–
स्तीर्थौघं प्रयतः स्तवीति भरते श्वेतांबरीयैर्मतं,
दृक्कर्णाध्वनि संश्रितं प्रतिदिनं शुद्धात्मना मोक्षदं,
स्यादानन्द–समुद्रमाप्य सुमतिर्नित्यामृताब्धौ रतः ॥ ८ ॥




પૂ. પુનિતનામધેય, આગમવાચનાદાતા બહુશ્રુત સૂરિ-પુરંદર સ્વનામધન્ય, સૂરિશેખર, ધ્યાનસ્થ સ્વર્ગત પૂ. **આગમોદ્ધારક** આચાર્યદેવશ્રીની બહુમુખી પ્રતિભાનાં દર્શન તાત્ત્વિક-વ્યાખ્યાનો, આગમિક ગૂઢતત્ત્વોની તલસ્પર્શી વ્યાખ્યાઓ અને વિવિધ પ્રશ્નોત્તરો દ્વારા જોવા મળે છે.

આગમજ્યોતમાં વિવિધલક્ષી-વિષયોનું ચયન પૂ. **આગમોદ્ધારકશ્રીની** સર્વતોમુખી વિદ્વત્તાના પરિચયાર્થે કરવામાં આવે છે.

તે રીતે ચોથા પુસ્તકમાં વિવિધ પ્રશ્નોત્તરો રજુ કરાય છે.

આ વખતે પૂ. **આગમોદ્ધારકશ્રી**ના ગુણાનુરાગી **જામનગરના શેઠ અમૃતલાલ કાળીદાસ દોશીએ** પોતાની આગવી શૈલિથી **સિદ્ધચક્ર**ની ફાઈલોમાંથી શ્રીનવકારમહામંત્ર અંગેના પ્રશ્નોત્તરો સંકલિત કરેલા, તે પ્રશ્નોત્તરો વ્યવસ્થિત રીતે તત્ત્વપ્રેમી-જિજ્ઞાસુઓના હિતાર્થે અહિં રજુ કર્યા છે.

ઊંડાણથી-ગંભીરતાથી આના પરમાર્થને સમજવા વિવેકી તત્ત્વપ્રેમીઓએ જ્ઞાની ગુરુ-ભગવંતના ચરણે બેસી યોગ્ય રીતે પ્રયત્ન કરવા વિજ્ઞપ્તિ છે. સં. ]

# શ્રી નમસ્કાર-મહામંત્ર અંગે
## પૂ. આગમોદ્ધારકશ્રીના
## ચિંતનાત્મક ખુલાસાઓ
### ( પ્રશ્નોત્તરરૂપે )

[ પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ 'શ્રી સિદ્ધચક્ર' (વર્ષ ૧) માં ચતુર્વિધ શ્રી સંઘના પ્રશ્નોના ખુલાસારૂપે જે પ્રશ્નોત્તરો પ્રગટ કરાવેલા, તેમાંથી પૂ. આગમોદ્ધારકશ્રીના વ્યાખ્યાનોમાંથી શ્રી નમ૦ મહામંત્રને લગતા ખુલાસાઓ વિવેકી વાચકોના હિતાર્થે સંકલિત કરી રજુ કર્યા છે.

આ સંકલન જામનગરના વિદ્વાન શ્રેષ્ઠી સ્વ૦ શ્રી અમૃતલાલ કાળીદાસ દોશીએ કરાવેલ તે પરથી સંકલિત કરી રજુ કરવામાં આવે છે. સં.]

**પ્ર.** ૬૮ અક્ષરમય શ્રી નવકાર મહામંત્ર ગણવા કરતાં ૐ નમઃ પાર્શ્વનાથાય જેવો ટૂંકો મંત્ર ગણીએ તો શું તેની (નવકાર મંત્રની) અવગણના થાય ખરીકે ?

વર્ષ ૧ પૃ. ૩૦૭ પ્રશ્ન ૩૪૭

ઉ. હા ! નવકાર મંત્રની અવગણના જરૂર થાય છે.

શ્રી નવકાર મંત્રના જો સારા સંસ્કાર પડી જાય તો ભવાંતરમાં જિનધર્મની સરળતાથી પ્રાપ્તિ થાય છે. તેથી આ મહામંત્રનો જપ કરવાને બદલે ૐ વાળા કોઈ પણ મંત્રનો જપ કરવા કહેવો, તેમાં શ્રી નવકારની અવગણના છે.

અહીં એક વાત ધ્યાનમાં લેવા જેવી છે કે **શ્રી સિદ્ધસેન દિવાકર સૂરિજીએ** તો ફક્ત શ્રી નવકાર મહામંત્રને સંસ્કૃતમાં ટૂંકાવી નાખવા વિચાર કર્યો તેમાં તેમને પારાંચિત નામનું પ્રાયશ્ચિત આપ્યું હતું.

પ્ર. તો પછી ભગવાન હેમચંદ્રસૂરિજીએ યોગશાસ્ત્રમાં ૐકારપૂર્વક જપ કરવાનું કેમ કહ્યું?

વર્ષ ૧-અંક ૨૧ પૃ. ૩૦૮ પ્ર. ૩૪૮

ઉ. હેમચંદ્રસૂરિજીએ યોગશાસ્ત્રમાં ૐકાર પૂર્વક જપ કરવાનું તેઓને જણાવ્યું છે કે જેઓને ઐહિક સુખની ઇચ્છા હોય!

પણ! જેઓ મોક્ષના અભિલાષી છે. તેમને ૐકાર પૂર્વકના જપની આવશ્યકતા નથી,

मन्त्रः प्रणवपूर्वोऽयं, फलमैहिकमिच्छुभिः ।
ध्येयः प्रणवहीनस्तु, निर्वाणपद–कांक्षिभिः

योगशास्त्र प्रश्न ४ श्लो. ७२

પ્ર. શ્રી નમસ્કાર-મહામંત્રમાં દેવ-ગુરૂ-ધર્મ એ ત્રણે તત્ત્વો નિહિત છે. તો તેને (નમસ્કારને) બદલે णमो देवाणं णमो गुरूणं णमो धम्मस्स એવું કહેવામાં શો વાંધો છે?

વર્ષ ૧ અંક ૧ પૃ. ૪-૫

દેવ-ગુરૂ અને ધર્મ એ ત્રણે શબ્દોના અર્થો વિશાળ થાય છે. દા. ત. દેવના બે ભેદો છે. સાકાર અને નિરાકાર!

હવે જો શરીર વગરના જ દેવ માનીએ અને સાથે શરીરવાળા દેવ હોય જ નહિં એમ માની લેવાય તો આખા જગતમાં અજ્ઞાનરૂપ અંધકાર વ્યાપી જાય! કારણકે-તેમને શરીર ન હોય તો મુખ ન હોય, તેથી વાંચન ન હોય અને પરિણામે શાસ્ત્ર પણ ન હોય.

એટલે કે નિરાકાર દેવ છે, એમ માનીએ તો એ દેવનું સ્વરૂપ કોણે કહ્યું? આ શંકા આપણને એ હદે પહોંચાડશે કે એ દેવ બધુંએ જાણે ખરા! પણ મુખ ન હોવાથી બોલી શકે નહી, આ વાત સિદ્ધ જ છે. તો બધાએ શાસ્ત્રો કલ્પિત જ ગણાશે.

માટે એકલા નિરંજન-નિરાકાર દેવને માનીએ તો ચાલે નહીં!

**દેવ તો બે પ્રકારના માનવાજ રહ્યા-નિરાકાર સિદ્ધ અને સાકાર અરિહંત !**

સાકાર-અરિહંત ધર્મની પ્રરૂપણા કરે છે. અને નિરાકાર સિદ્ધનો ખ્યાલ કરાવે છે.

હવે સમજાશે કે એકલું દેવ તત્ત્વ રાખવામાં આવે તો તેના બે સ્વરૂપોનો ખ્યાલ ન આવે.

દેવતત્ત્વના પ્રરૂપકો ગુરૂતત્ત્વમાં બિરાજે છે. જૈન શાસનરૂપ હાઈસ્કૂલમાં હેડમાસ્તર તરીકે આચાર્ય ભગવંત, શિક્ષક તરીકે ઉપાધ્યાય ભગવંત અને વિદ્યાર્થી તરીકે સાધુ ભગવંત હોય છે.

શ્રી અરિહંત પરમાત્માના તત્ત્વને અમલમાં મુકનારાઓ આચાર્ય-ઉપાધ્યાય અને સાધુ પરમેષ્ઠીપદોમાં શ્રી નવકાર મહામંત્રમાં સુશોભિત છે.

કપડા માત્ર પલટાવવાથી આચાર્ય. ઉપાધ્યાય અથવા સાધુ થઈ જતા નથી, તેમ સાધુવેષ વગરનાને પણ સાધુ કહી શકાતા નથી. એ તો ગુરૂપણાના ગુણ અને સાધુવેશની છાપ હોય ત્યારે ગુરૂપદના અધિકારી કહેવાય.

એકલો ગુરૂ શબ્દ આ બધો ખ્યાલ કરાવી શકતો નથી. તેવી જ રીતે ધર્મમાં સમજવું.

માટે દેવ-ગુરૂ-ધર્મને નમસ્કાર ન કરતાં અલગ અલગ પદોને નમસ્કાર કરવાના છે!

**પ્ર. એકલા નવકાર ગણવાથી શો ફાયદો ?**

વર્ષ-૧ પૃ. ૧૦૫

**દેવદત્ત** નામના મનુષ્યને **દેવદત્ત** કહીને દરરોજ કેટલીય વખત બોલાવાય છતાં તેને કંટાળો નથી આવતો, કારણ કે પોતાનું નામ **દેવદત્ત** જ હોવાથી લોકો તેને તે રીતે બોલાવે છે, જ્યારે આ સંસ્કાર બરાબર દૃઢ થાય છે ત્યારે ઉંઘમાંથી ઉઠીને પણ જવાબ અપાય છે.

આ જ રીતે શ્રી નવકાર વારંવાર ગણીને તેના સંસ્કાર આપણા આત્મા ઉપર દઢ બનાવવાથી અંત સમયે આપણું ચિત્ત શ્રી નવકારમય બનવાથી સદ્‌ગતિ થાય છે અને પરભવમાં જિનધર્મની પ્રાપ્તિ માટે આ સંસ્કારો બીજરૂપ-કારણભૂત બને છે.

પ્ર. કર્મક્ષીણ થઈ જાય, સર્વજ્ઞ બની જાય પછી શું આત્માને શ્રી નમસ્કાર મહામંત્રના આલંબનની જરૂર ખરી કે? જો જરૂર ન હોય તો શ્રી નમસ્કાર મહામંત્રની આરાધના ક્યાં સુધી કરવી?

વર્ષ-૧ પૃ. ૩૪

ઉ. કર્મ ક્ષીણ થઈ ગયા પછી શ્રી નમસ્કાર મહામંત્રની આરાધના કરવાની કંઈ જરૂર નથી, બાકી તો ભોજન ભૂખ ભાંગવાના ઉદ્દેશ્યથી જ કરાય છે. ભૂખ ભાંગ્યા પછી રસાદિકના સદ્‌ભાવે કદાચ જીભ હા કહે પણ મન અને મોઢું તો તુરત જ ના કહેશે.

જેઓ ઘાતીકર્મથી રહિત થયા હોય તેમને અરિહંત આદિ પરમેષ્ઠિઓનું પૂજન-જપ જરૂરી નથી. આત્મા એ જ અરિહંત છે. બીજાની આરાધના કરવાની જરૂર નથી, પરંતુ કર્મક્ષય ન થાય ત્યાં સુધી શ્રી નવકાર મહામંત્રની આરાધના અવશ્ય કરવાની છે.

પ્ર. અગિયાર અંગ, બાર ઉપાંગ, ચૌદપૂર્વ આદિ ને ધારણ કરનાર સાધુ-ભગવંતને છેલ્લી વખતે પણ શ્રી નમસ્કાર-મહામંત્ર ગણવાની જરૂર કેમ?

વર્ષ-૧ પૃ-૧૦૪

ઉ. અંગ-ઉપાંગાદિનું જ્ઞાન ધરાવનાર સાધુ ભગવંતોને તે જ્ઞાનના કારણે ચારિત્રમાં નિર્મળતા વધારે રહે, પણ તેથી શ્રી નમસ્કાર મહામંત્રની ઉપયોગિતા ઘટતી નથી, જીવનની છેલ્લી ઘડી આવે ત્યારે ન તો અગિયાર અંગ, કે ન તો બાર ઉપાંગ કે ન તો, ચૌદપૂર્વ કામ કરે! તે વખતે ચૌદપૂર્વનો સાર શ્રી નવકાર કામ કરે

કરોડપતિ ને પણ તેની ખરી મિલ્કત તો રોકડા કહેવાય કે જે આપત્તિના સમયમાં ઉપયોગમાં આવે, તેવી રીતે ચૌદપૂર્વ આદિ ચાલુ વહીવટની મિલ્કત સમજવી, મરણરૂપ ભીડ હોય તે વખતે શ્રી નવકાર જ ખરી મિલ્કત છે!

પ્ર. મંત્ર ઉત્તર સાધક વિના સાધી શકાતો નથી, પંચપરમેષ્ઠી નમસ્કાર એ મહામંત્ર છે તો તેની સિદ્ધિ માટે ઉત્તરસાધક કોણ?

વર્ષ ૧ પૃ. ૧૦૫

ઉ. નવકાર મંત્રમાં દેવ ગુરૂ અને ધર્મતત્ત્વનો સમાવેશ થાય છે, દેવતત્ત્વ પૂર્ણ છે. હવે દેવતત્ત્વના આધારે સંપૂર્ણ-દશા પ્રાપ્ત કરવી યોગ્ય હોવા છતાં સાધક-પ્રવર્ત્તકના અભાવે મંત્રની સિદ્ધિ નથી થતી.

કોઈ કહેશે કે આવતા વિઘ્નોને ઉત્તર-સાધકની અપેક્ષા રાખ્યા વિના આત્મશક્તિથી પોતે જ દૂર કરવા જોઇએ પણ આમાં આંતરિક વિઘ્નોનો જય થઈ શકે, પરંતુ બહારના વિઘ્નોને દૂર કરવા જ ઉત્તર સાધક જોઇએ દા.ત. મિથ્યાત્વ તરફથી થયેલા આક્ષેપો તેમના પરિચયથી શ્રદ્ધાનું ડોળાવું અને આરંભાદિક પ્રવૃત્તિથી થતી ચંચળતા.

આ બધા વિઘ્નોને દૂર કરનારા તો આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ઉત્તરસાધક છે. દુનિયામાં મિથ્યાત્વ, અવિરતિ, આરંભ આદિના આક્રમણો તો અહર્નિશ ચાલુ જ છે, એમાંથી આપણું વિધાન કરી બચાવ કરનારા તો આચાર્ય, ઉપાધ્યાય, સાધુ સ્વરૂપ ઉત્તરસાધક છે સાધુના સમાગમ વિના ઉત્કૃષ્ટ શ્રાવક પણ મિથ્યાત્વ પામે, નંદન મણિયાર સમક્તિયુકત બારવ્રતધારી શ્રાવક હતો. પરંતુ છેલ્લા કેટલાક સમયથી સાધુનો સમાગમ બંધ થવાના પરિણામે આખરે તે મિથ્યાત્વમાં ગયો.

પ્ર. જ્યાં સ્વેચ્છાએ ધર્મ હોય અથવા કુલાચારે ધર્મ હોય ત્યાં નવકાર મંત્ર કોણ આપે અને કેવી રીતે અપાય?

વર્ષ-૧ પૃ. ૧૦૮

ઉ. બુટ, કોલર, નેકટાઈ વિગેરે યુક્ત ભક્ષ્યાભક્ષ્ય અને રાત્રિ-ભોજન કરવામાં જીવનની સફળતાની માન્યતાથી યુકત સીગારેટના ગોટાઓમાં આનંદની માન્યતા યુક્ત પુરૂષ નવકાર આપે તેની અપેક્ષાએ સર્વસાવદ્યના ત્યાગવાળા મુનિ ભગવંત નવકાર ભણાવે તો અજબ ફેર પડે!

જે વસ્તુનું જે સ્વરૂપ હોય, જે સ્થિતિ હોય તે વસ્તુને આદર-નારાએ અને શીખવાડનારાઓએ તેટલો ટાઈમ તો તેવું જ રહેવું જોઈએ નવકાર શીખનારાઓએ પણ તેટલો ટાઈમ તો આરંભ-પરિગ્રહાદિકનો ત્યાગ જ રાખવો જોઈએ, આજ ઉપધાન કહેવાય. નવકાર આદિ સૂત્રો ત્યાગી મહાત્માઓ જ ભણાવે છે, જ્યાં સુધી સ્વેચ્છાએ ધર્મ હતો ત્યાં સુધી "ઉપધાન વગર નવકાર ગણે તે અનંતો સંસાર રખડે" આ મર્યાદા હતી.

ઐચ્છિક ધર્મ તો લાયક ઉંમરે લેવાનો હોય તો જ જીવનમાં ઉતારી શકાય, તેમ હોવાથી તુરન્ત ઉપધાન કરવામાં સખત તપસ્યા અને ક્રિયા કરવામાં કોઈપણ મનુષ્યને અડચણ ન હોય, આ પહેલાં તપશ્ચર્યા કર્યા પછી નવકારનો અધિકાર મળતો.

પણ કુલાચારે ધર્મ થયો પછી શ્રી કુલમંડન સૂરિજી તથા શ્રી રત્નશેખરસૂરિજી સ્વરચિત ગ્રંથોમાં સ્પષ્ટ જણાવે છે કે, કુલાચારને લીધે બાળકને નવકારાદિ શીખવવામાં અનંત સંસાર નથી, પરંતુ લાયક ઉંમર થાય ત્યારે તો તેણે ઉપધાન વહી લેવા જ જોઈએ આજે તો આપણી શાહુકારી ઉપર અપાય છે રોકડ રૂપી ઉપધાન પછી કરી લેવાના.

પૂ. આગમોદ્ધારક-આચાર્યદેવશ્રી
વિરચિત-ગહન

# तात्त्विक प्रश्नोत्तराणि

## ગ્રંથનો

## ગૂર્જર-અનુવાદ

(ક્રમશઃ)

વર્ષ ૧૨ પુ. ૪ પૃ. ૨૮ થી ચાલુ

(પૂજ્યપાદ-બહુશ્રુત, સૂરિશેખર પ્રાવચનિક-મૂર્ધન્ય, તાત્ત્વિક દેશના સુદક્ષ, ધ્યાનસ્થ સ્વર્ગત પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રી વિશિષ્ટ ક્ષયોપશમના બળે આપબળે ભગીરથ પુરુષાર્થ કરી મેળવેલ બહોળા શ્રુતજ્ઞાનના વારસાને તાત્ત્વિક રીતે છણાવટપૂર્વક યોગ્ય અધિકારી જીવો સમક્ષ રજુ કરવા સાથે તત્ત્વદૃષ્ટિવાળા જીવોને ક્ષયોપશમની મંદતાથી થનારી અનેક શંકાઓના ખુલાસા સમયે સમયે આપી તત્ત્વદૃષ્ટિના વિકાસમાં અપૂર્વ સહકાર આપતા હતા.

આવા પ્રશ્નોત્તરો "સાગર સમાધાન" (ભા. ૧૦-૨) નામથી પુસ્તકાકારે પ્રકટ થયા છે.

પણ કેટલીક મહત્ત્વની આગમિક ગહન બાબતોના શાસ્ત્રીય ખુલાસા સંસ્કૃત-ભાષામાં "तात्त्विक प्रश्नोत्तराणि" રૂપે ૭૦૦૦ શ્લોક પ્રમાણ રચનામાં આપ્યા છે.

"આગમજ્યોત"ના વાચકોની તત્ત્વદૃષ્ટિ ખીલવવા આવા વિવિધ પ્રશ્નોત્તરો ક્રમસર અપાઈ રહ્યા છે.

ગત વર્ષના ચોથા પુસ્તક (પા. ૨૩ થી ૨૮)માં ૯૭મા પ્રશ્ન સુધી આવેલ છે.

ત્યારપછીના પ્રશ્નોત્તરો અહીં ગુજરાતી અર્થ સાથે અપાયા છે.

સુજ્ઞ વિવેકી તત્ત્વપ્રેમી વાચકો યોગ્ય રીતે વાંચી-વિચારી નવ-નવીન ગૂઢાર્થભર્યા રહસ્યોને સમજી પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીની બહુમુખી પ્રતિભાનાં દર્શન કરે. સં.)

प्र. ३८–ननु भगवतामर्हतां नामादयो निक्षेपा भावार्हन्त्यमनुलक्ष्यैव क्रियन्ते तर्हि हिरण्याश्व वध–बन्धताडनादीनां द्रव्यार्हत्वमाक्रोशादीनां च भावार्हत्वं कथमुच्यते ? इति ।

उ. स्तुत्ये एवार्हतेरतृश्भावात्, तत एव, 'अर्हतस्तोऽन्त्चे' ति भावादार्हन्त्यवदर्हतां तथैव निक्षेपाः परं स्तुत्यर्थाभावे अच' विधाय त्वे विहिते जातेऽर्हत्व-शब्दे तन्निक्षेपे हिरण्याद्युदाहृतिर्नायोग्येति ॥

પ્ર. ૯૮. શ્રી અરિહંત પરમાત્માના નામાદિ નિક્ષેપાઓ ભાવનિક્ષેપાને આશ્રયી કરાય છે. નિર્યુક્તિકાર ભગવંતે એવું કહ્યું છે, તો સોનું અને ઘોડા વગેરેને વધ, બંધન–તાડનાદિ દ્રવ્ય ક્રિયાઓને અર્હત્વ–યોગ્યપણું જણાવી તેને द्रव्यार्ह–द्रव्य अरिहंत તથા આક્રોશ આદિને भावार्हत्व કેવી રીતે ઘટાવ્યું છે ?

ઉ. વ્યાકરણના નિયમ પ્રમાણે 'સ્તુતિ કરવા લાયક' એ અર્થમાં अर्ह्' ધાતુને 'अतृश्' પ્રત્યય થાય અને 'अर्हतस्तोऽन्त् च' સૂત્રથી 'अर्हन्त्' કે अरिहंत શબ્દ બને, તે રીતે ચાર નિક્ષેપા સંગત રીતે ઘટે.

પણ સ્તુતિ કરવા લાયક અર્થ ન હોય તો अच् પ્રત્યય લગાડી त्व પ્રત્યય કરી 'अर्हत्व' શબ્દ બનાવી તેના નિક્ષેપા કરવા. त्व થી સોના વગેરેને द्रव्य अर्हत्वना ઉદાહરણ તરીકે રજુઆત શાસ્ત્રકારોએ કરી તે સંગત લાગે છે.

प्र. ९९–ननु संवरभेदेषु परिषहाणां जया गण्यन्ते सहनं च क्षुदादीनां निर्जरार्थं कथ्यते तत्कथमिति ।

उ. अप्रासुकानेषणीयाद्यग्रहणरुपत्वादाश्रवरोधात् संवरत्वं क्षुदादिसहनात् तु निर्जरेति सुधीभिरुह्यम् । यो यस्तपोंऽशः स निर्जरारुपः स्यादेव, 'संवरफलं तपो बलमिति' 'तपसा निर्जरे' ति च वाचक–वचसी ॥

પ્ર. ૯૯ પરિષહોના જયને સંવરના ભેદ તરીકે ગણેલ છે. તો પછી ક્ષુધા આદિનું સહન નિર્જરા માટે કેમ કહેવાય છે ?

ઉ. ક્ષુધા આદિ પરિષહોના સહન કરવામાં અપ્રાસુક–સચિત્ત કે અનેષણીયાદિ અકલ્પ્ય પદાર્થોના ત્યાગ કરવા રૂપે આશ્રવનો રોધ રહેલ છે, માટે પરિષહોને સંવરમાં ગણ્યા છે, તેમ છતાં ક્ષુધા વગેરેને સહન કરવારૂપે ઉદયમાં આવેલ અસાતા વેદનીય આદિકર્મોની સમભાવે નિર્જરા પણ ગણી શકાય, આ પ્રમાણે બુદ્ધિમાન પુરુષોએ વિચારવું.

જે જે તપનો ભેદ છે, તે નિર્જરારૂપ કહેવાય જ! "સંવરનું ફળ તપનું બળ છે" અને "તપથી નિર્જરા થાય છે" આ પ્રમાણે પૂ. દશ પૂર્વધર વાચક પ્રવર શ્રી ઉમાસ્વાતિજી મહારાજનાં વચનો આ વાતના સમર્થનમાં વિચારવાં.

प्र. १००—ननु चतुर्विधाऽपि बुद्धिः किमित्यभिप्राय इत्युच्यते, येनाभिप्रायसिद्धे चतुर्विधा बुद्धिः सोदाहरणामिधीयते इति।

उ. तस्या अश्रुतनिश्रितत्वादभिप्रायमात्ररुपता, यतः किञ्चाभिप्रायचातुर्विध्यादेव बुद्धेश्चातुर्विध्यमिति कथ्यतेऽभिप्रायशब्देन सा॥

પ્ર. ૧૦૦ ચાર પ્રકારની બુદ્ધિને 'अभिप्राय' કેમ કહેવાય છે? કેમકે સિદ્ધ પદના નિક્ષેપામાં ચાર પ્રકારની બુદ્ધિ ઉદાહરણ સાથે જણાવાય છે.

ઉ. આ પ્રકારની બુદ્ધિ અશ્રુતનિશ્રિત–શાસ્ત્રના અભ્યાસાદિથી ઉપજેલ ન હોઈ ચારે બુદ્ધિને અભિપ્રાય રૂપે ગણેલ છે.

વળી અભિપ્રાય–માનસિક વિશિષ્ટ વિચારો રૂપે બુદ્ધિના ચાર ભેદ સંગત રીતે ઘટે છે તેથી अभिप्राय' શબ્દથી ચાર બુદ્ધિને કહેલ છે.

प्र. १०१—ननु पारिणामिक्याः बुद्धेर्वयःपरिपाकजन्यत्वमुच्यते, श्रीवज्रस्वाम्यादयश्च तत्रोदाह्रियमाणा न तद्वन्त इति कथमिति।

उ. परिणामशब्देन तत्र वयसो मनसश्च परिपाको ग्राह्य इति सुस्थिता॥

પ્ર. ૧૦૧ પારિણામિકી બુદ્ધિ વયના પરિપાકથી થાય છે. એમ કહેવાય છે તેમાં ઉદાહરણ તરીકે श्री वज्रस्वामिजी म. આદિનાં

નામ અપાય છે તો वज्रस्वामीजी મ. તો નાની વયના હતા, વયનો પરિપાક તો તેમને ન હતો; તો તેમને શી રીતે પારિણામિકી બુદ્ધિ ઘટે?

ઉ. પરિણામ શબ્દથી વયના પરિપાકની જેમ મનનો પણ પરિપાક જાણવો, તેથી શ્રી વજસ્વામિજી મ. ને મનના પરિપાકરૂપે પારિણામિકી બુદ્ધિ જાણવી.

प्र. १०२–ननु बद्धस्य श्लेषितस्य वाऽष्टविधकर्मणो ध्माते दीर्घकालं रजश्चेति विशेषणे किमर्थमिति ।

उ. अत्र रजः कर्मेति कथनेन वर्त्तमानकालीनं कर्म गृह्यते, न च कदाचनापि वध्यमानस्य कर्मणः क्षय इति तद्बन्धाभावचरीमयोगिदशां ध्वनयन् सयोगिकेवलि-दशोद्भवामेकसामयिकस्थितिं धारयित्वा क्षपकश्रेण्यादिक्रमं ज्ञापयति प्राक्ततोऽवश्य-मष्टविधमतीतकालीनं कर्मेति ॥

**પ્ર.** ૧૦૨ સિદ્ધ પદની વ્યાખ્યામાં सित–એટલે બાંધેલું કે ચોટેલું જે કર્મ તેને ध्मातम् બાળી નાખ્યું જેણે તે સિદ્ધ! આ વ્યાખ્યામાં નિર્યુક્તિકારે બાંધેલા કે ચોંટેલા કર્મના વિશેષણ તરીકે દીર્ઘકાલિક અને રજ એવાં બે વિશેષણો મૂકયાં છે તે કયા આશયથી છે?

**ઉ.** એકલા रजः શબ્દથી વર્ત્તમાનકાળે બંધાતું કર્મ લેવાય છે.

વળી બંધાતા કર્મનો કયારેય પણ ક્ષય ન થાય તેથી બંધાભાવવાળી અયોગી અવસ્થાને સૂચન કરતાં ગ્રંથકાર સયોગી-કેવલી (૧૩ મા ગુણ.) દશામાં એક સમયનું માત્ર કર્મ બંધાય છે, એમ ધારી ક્ષપકશ્રેણ્યાદિ ક્રમે જે ઘણા ઘણા કર્મોની નિર્જરા થાય છે. તેનું સૂચન સિદ્ધપદમાં કરવા **દીર્ઘકાલીન રજ** એ પદ મૂકયું છે.

એટલે કે ક્ષપકશ્રેણિ વખતે ભૂતકાળના બાંધેલા ઘણાં કર્મોની નિર્જરા જેમણે કરી છે તેવા સિદ્ધ ભગવંત! એવો અર્થ સમજવો.

(ક્રમશઃ)

# હાર્દિક ક્ષમાપના

પૂ. આગમ સમ્રાટ, આગમ જ્યોતિર્ધર, ધ્યાનસ્થસ્વ. પૂ. **આગમોદ્ધારક** આચાર્યદેવશ્રીએ છણાવટપૂર્વક સમજાવેલ તાત્ત્વિક આગમિક-પદાર્થોનો રસાસ્વાદ ચતુર્વિધ શ્રીસંઘને મળી રહે તે શુભાશયથી પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીના પટ્ટધર વાત્સલ્યસિંધુ પૂ. સ્વ. ગચ્છાધિપતિ આ. શ્રી માણિક્યસાગર સૂરિવર્યશ્રીના મંગળ આશીર્વાદબળે પૂ. પં. શ્રી સૂર્યોદયસાગરજી મ. ગણિવરની ધગશભરી પ્રેરણાથી વિ. સં. ૨૦૨૨ ના માહ સુદ ૫ થી આ "આગમજ્યોત" શરૂ થયેલ. આના સંપાદનમાં યથાશક્ય તકેદારી રાખી પૂ. આગમોદ્ધારક આચાર્યદેવના આશયથી વિરુદ્ધતા ન આવે તેનો ભરપૂર ખ્યાલ રાખવા છતાં છદ્મસ્થતાવશ કંઈ ક્ષતિ થઈ હોય તે અંગે તેમજ જિનશાસનની મર્યાદા વિરુદ્ધ પંચાંગી આગમો કે જીનકલ્પ વિરુદ્ધ કંઈ આ સંપાદનમાં થયું હોય તો સકળ સંઘ સમક્ષ ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડં દઉં છું.

જૈન ઉપાશ્રય
ખજુરી પોળ, ઉંઝા (ઉ.ગુ.)
૨૦૩૪ આસો સુદ ૮ સોમવાર

નિવેદક
**અભયસાગર**

# 卐 નમ્ર વિજ્ઞપ્તિ 卐

આ પ્રકાશન ચતુર્વિધ શ્રી સંઘના હિતાર્થે તાત્ત્વિક-દષ્ટિના લક્ષ્યથી કરવામાં આવ્યું છે. જે પુણ્યાત્માને સંજોગવશ આની ઉપયોગિતા ન જણાય તો આગમિક-વસ્તુથી ભરપુર આ પ્રકાશનની આશાતનાથી બચવા માટે યોગ્ય અધિકારી સાધુ-સાધ્વી કે વિવેકી ગૃહસ્થને અથવા યોગ્ય જિનાલય, ઉપાશ્રય. જ્ઞાનમંદિર કે પુસ્તક[illegible] ને આ પ્રકાશન ભેટ આપી સુરક્ષિતપણે જળવાઇ રહે તે[illegible] ય કરવો.

કોઇ સંજોગોમાં આ પુસ્તક કચરાપટ્ટી કે રદ્દી તરીકે પડી રહી અવહેલના ન પામે તેનું પુરતું ધ્યાન રાખવા નમ્ર વિજ્ઞપ્તિ છે.

આનું પ્રકાશન દર વર્ષની આસો સુદ પૂર્ણિમાએ થાય છે. ચતુર્વિધ શ્રીસંઘના હિતાર્થે આનું પ્રકાશન પૂ. સાધુ, સાધ્વીજી, જ્ઞાનભંડારો તથા તત્ત્વરૂચિ ગૃહસ્થ આદિને વિના મૂલ્યે મોકલાય છે.

ધર્મપ્રેમીઓને સ્થાઇ કોશમાં ૧૦૧ લખાવી શ્રી ગ્રાહક થવા ભલામણ છે.

આર્થિક લાભ લેવાનું સરનામું
શ્રી આગમો. ગ્રંથમાળા
રમણલાલ જેચંદભાઈ શાહ
કાપડ બજાર,
Po. કપડવંજ (જી. ખેડા)

પ્રાપ્તિસ્થાન:
'આગમ જ્યોત' કાર્યાલય
માસ્તર હરગોવનભાઇ
C/o મીઠાભાઇ ગુલાબચંદ જૈન
ઉપાશ્રય દલાલવાડા, કપડવંજ

# સાગરનાં મોતી



- સમ્યકત્વ એટલે જિનશાસનની ઊંડાણથી ઓળખાણ.
  તે થયા પછી ચક્રવર્તીના કે અનુત્તર વિમાનના પૌદ્‌ગલિક સુખો હલાહલ ઝેરથી વધુ ભયંકર લાગે જ.
- વિરતિ એટલે જ્ઞાનની મલાઈ.
  એટલે કે શબ્દજ્ઞાનથી થતા અર્થ-જ્ઞાન પછી જો રહસ્યની ભૂમિકાને પ્રાપ્ત કરવાનો સત્‌પુરુષાર્થ શરૂ થાય તો તાત્ત્વિક-દૃષ્ટિના વિકાસને કારણે આત્મવિકાસને અટકાવનાર આશ્રવદ્વારોની અટકાયત થઈ જ જાય!
  તેથી જ **ज्ञानस्य फलं विरतिः** કહ્યું છે.
- સંસાર એટલે વિષય-કષાયની વાસનાઓને પ્રસરવાની જગ્યા.
  વિવેકપૂર્વક સમજણ પૂર્વક વૈરાગ્યના બળે વિષયો અને કષાયોનો નિગ્રહ કરવાનો પ્રયત્ન થાય એટલે સંસારનો છેદ ઉડયો જાણવો.
- શ્રી વીતરાગની વાણી સાંભળવાના પરિણામે અંતરમાં વિવેક જાગે તો હેય-ઉપાદેયની સ્પષ્ટ વહેંચણી થવા માંડે.
  પરિણામે આશ્રવત્યાગ અને સંવરનો સ્વીકાર પણ સહજતાથી થવા પામે.
- સદ્‌ગુરુના ચરણે શાસ્ત્રજ્ઞાનની પ્રાપ્તિ કરવા વિનયપૂર્વક નિષ્ઠા સાથે જાતને સોંપી કે આપણી ઉપરનું આવરણ પાણીમાં ઓગળતા મીઠાની જેમ ઓગળી જઈ સમ્યક્‌જ્ઞાનનો ઝળહળાટ ભર્યો પ્રકાશ જીવનમાં પથરાવા માંડે-એમાં સંશય નથી.!!!

"श्रुतज्ञान पंचज्ञानमांहे वडु
जिणथी भवजळ तराय रे ॥"

આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ-૩૮૦૦૦૧